# નૈતિક શિક્ષણ

(ભાગ-૨)



શ્રીરામ શર્મા આચાર્ય

# નૈતિક શિક્ષણ

## (ભાગ બીજો)

લેખક
પં. શ્રીરામ શર્મા આચાર્ય

પ્રકાશક :
યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ
ગાયત્રી તપોભૂમિ, મથુરા.
ફોન (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯
મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯
ફેક્સ (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

પ્રાપ્તિ સ્થાન
શાખા અમદાવાદ
ગાયત્રી જ્ઞાનપીઠ, પાટીદાર સોસાયટી,
જૂના વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩
ફોન ૦૭૯-૨૭૫૫૭૨૫૨

સુધારેલી આવૃત્તિ-૨૦૧૧ કિંમત રૂા. ૪૨.૦૦

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# અનુક્રમણિકા


| અ.નં | પ્રકરણ | પા.નં |
| --- | --- | --- |
| ● | પૂર્વ નિવેદન | ૫ |
| (૧) | દેશભક્તો નવનિર્માણના કાર્યમાં જોડાઈ જાય | ૧૭ |
| (૨) | નાગરિક કર્તવ્ય પાળીએ અને સમાજમાં સ્વસ્થ પરંપરા ઊભી કરીએ | ૨૧ |
| (૩) | વ્યક્તિગત સ્વાર્થ પણ સામાજિક સુવ્યવસ્થા ઉપર નિર્ભર છે. | ૨૬ |
| (૪) | યુગની અનિવાર્ય માગ - પ્રૌઢોને સાક્ષર બનાવીએ | ૩૦ |
| (૫) | સમાજની એક મહત્ત્વની જરૂરિયાત: વ્યાયામ અને સ્વાસ્થ્ય | ૩૪ |
| (૬) | શિક્ષકો પોતાનું મહાન પદ, ગૌરવ અને જવાબદારી નિભાવે | ૩૮ |
| (૭) | વિદ્યાર્થીઓ પોતાના ભવિષ્યનું નિર્માણ પોતે જ કરે | ૪૨ |
| (૮) | નવયુવકો સજ્જનતા અને શાલીનતા શીખે | ૪૬ |
| (૯) | ઉદાર સહકારિતાથી આપણી મૂંઝવણોનો ઉકેલ આવશે | ૫૦ |
| (૧૦) | પ્રગતિને માટે શ્રમ-સન્માન અને ગૃહઉદ્યોગોની આવશ્યક્તા | ૫૪ |
| (૧૧) | અન્નસંકટના પડકારનો સામનો કેવી રીતે કરવો ? | ૫૯ |
| (૧૨) | શાક-આપણી અન્ન સમસ્યા ઉકેલશે | ૬૩ |
| (૧૩) | વૃક્ષારોપણ અને તેમનો ઉછેર એક અતિ આવશ્યક કાર્ય | ૬૭ |
| (૧૪) | તુલસી આપણા દરેક ઘરમાં શોભાયમાન રહે | ૭૧ |
| (૧૫) | ગૌરક્ષા-આપણી એક મહત્ત્વની જરૂરિયાત | ૭૪ |
| (૧૬) | અધિકારં ગૌણ અને કર્તવ્યને મુખ્ય માનવું જોઈએ | ૭૮ |


Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

(૧૭) મતદાતાની સતર્કતા ઉપર જ પ્રજાતંત્રનું ભવિષ્ય નિર્ભર છે. ૮૩
(૧૮) પ્રતિભાવાન નારી "મહિલા જાગૃતિ અભિયાન" ચલાવે ૮૬
(૧૯) નારીઉત્કર્ષને માટે કંઈક વિશેષ પ્રયત્ન કરવામાં આવે ૯૦
(૨૦) ઊંચનીચની માન્યતાઓ અન્યાયી છે ૯૫
(૨૧) અશ્લીલતાનું પૂર આપણને પડતી તરફ લઈ જઈ રહ્યું છે. ૯૯
(૨૨) ભિક્ષાવૃત્તિનો વ્યવસાય બંધ કરાવીએ ૧૦૩
(૨૩) મૃત્યુભોજન પણ અવિવેકપૂર્ણ ન હોવું જોઈએ ૧૦૭
(૨૪) ભૂતપલિત અને કાલ્પનિક દેવીદેવતાઓની જંજાળ ૧૧૨
(૨૫) પશુબલિ-ભારતીય ધર્મ પર એક કલંક ૧૧૬
(૨૬) પ્રાણીઓ પ્રત્યે અમાનવીય અને નિષ્ઠુર ન બનીએ ૧૨૦
(૨૭) વિવાહના આદર્શો ઊંચા રાખવામાં આવે ૧૨૫
(૨૮) બાળલગ્ન-એક અતિઘાતક કુરિવાજ ૧૨૯
(૨૯) ખર્ચાળ લગ્નો આપણને બેઈમાન અને દરિદ્ર બનાવે છે. ૧૩૩
(૩૦) છોકરાવાળા વ્યર્થ ખોટ અને બદનામી ન મેળવે ૧૩૭
(૩૧) ઉચ્ચ શિક્ષિત કન્યાની વિવાહસમસ્યા અને તેના નવા ઉકેલ ૧૪૧
(૩૨) વિધુર અને વિધવા સમાન ન્યાયનાં અધિકારી ૧૪૫
(૩૩) મનસ્વી શૂરવીરો વિવાહોન્માદના અસુર સામે ઝઝૂમે ૧૪૯
(૩૪) ખર્ચ વિનાનાં લગ્નોનું પ્રચંડ આંદોલન ચલાવો ૧૫૨
(૩૫) ત્રાસવાદી ઉદંડતાનો સખત મુકાબલો કરવામાં આવે ૧૫૭
(૩૬) ધર્મતંત્રને પ્રગતિશીલ બનવા દઈએ ૧૬૦
(૩૭) સાધુ-બ્રાહ્મણ સમાજ પોતાનું કર્તવ્ય અને જવાબદારી સમજે ૧૬૫
(૩૮) મંદિરો શ્રદ્ધા અને સત્પ્રવૃત્તિઓનાં જાગૃત કેન્દ્રો બને ૧૬૯
(૩૯) તહેવાર -અને સંસ્કાર પ્રેરણાપ્રદ પદ્ધતિથી મનાવીએ ૧૭૩

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

(૪૦) જન્મ દિવસ અને લગ્ન દિવસ ઉજવીએ ૧૭૮
(૪૧) ગાયત્રી અને યજ્ઞ ભારતીય ધર્મ-સંસ્કૃતિનાં માતાપિતા ૧૮૨
(૪૨) ગાયત્રી યજ્ઞ આંદોલન-એક મહાન રચનાત્મક અભિયાન ૧૮૬
(૪૩) શિખા (ચોટલી) ભારતીય સંસ્કૃતિની ધર્મધ્વજા ૧૯૦
(૪૪) યજ્ઞોપવીત ધારણનીતિ અને કર્તવ્ય અપનાવવાનું વચન પાલન ૧૯૫
(૪૫) જ્ઞાનયજ્ઞનો પ્રકાશ ઘેર ઘેર પહોંચાડવામાં આવે ૧૯૯
(૪૬) 'જ્ઞાનયજ્ઞ' નવનિર્માણનું મહાનતમ અભિયાન ૨૦૩
(૪૭) વ્યક્તિ અને સમાજનું સમગ્ર નિર્માણ કરી શકે તેવી શિક્ષણપદ્ધતિ ૨૦૭
(૪૮) કલા લોકરંજન જ નહીં, ભાવનાઓનું શુદ્ધિકરણ પણ કરે ૨૧૧
(૪૯) રચનાત્મક કાર્યક્રમો દ્વારા જ દેશ સમર્થ બનશે ૨૧૬
(૫૦) અનીતિ, અસુરતાની વિરુદ્ધ પ્રબળ સંઘર્ષ કરવામાં આવશે ૨૨૦

✿ ✿ ✿

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# પૂર્વ નિવેદન

વ્યક્તિનું નિર્માણ અને સમાજની પ્રગતિમાં શિક્ષણનું ઘણું જ મહત્ત્વપૂર્ણ યોગદાન હોય છે. પ્રાચીન કાળનું ભારતીય ગૌરવ ઋષિઓ દ્વારા સંચાલિત ગુરુકુળ પદ્ધતિને કારણે જ ઊંચે ઊઠી શક્યું હતું. ભૂતકાળમાં પણ જે દેશોએ પોતાનું સારું-ખરાબ નિર્માણ કર્યું છે, તેમાં શિક્ષણને જ પ્રધાન સાધન બનાવ્યું છે. જર્મની અને ઇટાલીનો નાઝીવાદ, રશિયા અને ચીનનો સામ્યવાદ, જાપાનનો ઉદ્યોગવાદ; યુગોસ્લાવિયા, સ્વિટ્ઝરલૅન્ડ, ક્યૂબા વગેરે દેશોએ પોતાનું વિશેષ નિર્માણ આ શતાબ્દીમાં જ કર્યું છે. આ બધું ત્યાંની શિક્ષણ-પ્રણાલીમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવાથી સંભવ બન્યું. વ્યક્તિનું બૌદ્ધિક અને ચારિત્ર્યિક નિર્માણ, ખાસ કરીને ઉપલબ્ધ શિક્ષણ પ્રણાલી ઉપર નિર્ભર રહે છે. વ્યક્તિઓનો સમૂહ જ સમાજ છે. જેવી વ્યક્તિઓ હશે તેવો સમાજ બનશે. કોઈ દેશની પ્રગતિ કે અવગતિ એ વાત પર નિર્ભર રહે છે કે તેના નાગરિક ક્યા સ્તરના છે અને એ સ્તર ઘણુંખરું ત્યાંની શિક્ષણપ્રણાલી ઉપર નિર્ભર રહે છે.

આપણા દેશની શિક્ષણ પ્રણાલી કંઈક વિચિત્ર છે. અહીં નોકરી કરવા સમર્થ 'બાબૂ લોગ' કારકુનનું ઉત્પાદન થાય છે. દર વર્ષે આવા લાખો તૈયાર થતા કારકુનોને નોકરી ક્યાં મળવાની હતી ? તેઓ બેકાર રખડે છે અને મોટી - ઊંચી મહત્ત્વાકાંક્ષાઓ બનાવી રાખી હોય છે. તેની પૂર્તિ ન થવાથી સમતુલા ખોઈ બેસે છે અને જાતજાતના ઉપદ્રવ કરે છે. અશિક્ષિતો કરતાં આપણો શિક્ષિત વર્ગ દેશને માટે શિરદર્દ બની રહ્યો છે. આમાં સૌથી મોટો દોષ શિક્ષણ પદ્ધતિનો છે; જેમાં ચારિત્ર્ય નિર્માણ, ભાવનાત્મક ઉત્કર્ષ, વિવેકની તીવ્રતા તથા આર્થિક સ્વાવલંબનની દૃષ્ટિએ આપણો તે વર્ગ પોકળ જ દેખાય છે.

સરકારની ફરજ છે, કે તેણે રાષ્ટ્રની જરૂરિયાત અને પરિસ્થિતિ અનુસાર શિક્ષણ પદ્ધતિમાં આમૂલ પરિવર્તન કરવું જોઈએ.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પણ આજની સ્થિતિને જોતાં નજીકના ભવિષ્યમાં તેમાં સુધારાની આશા ઓછી રાખી શકાય. તો શું બે હાથ જોડીને બેસી રહેવું અને જે કંઈ ચાલી રહ્યું છે તેને જ ચાલવા દેવું ? તે યોગ્ય નહીં કહેવાય. આપણે જનતાના સ્તરે જન-સહયોગથી એવી શિક્ષણ પ્રણાલી વિકસિત કરવી જોઈએ, કે જે ઉપયુક્ત પ્રયોજનને પૂર્ણ કરવા માટે કંઈક મહત્ત્વપૂર્ણ યોગદાન કરી શકે. 'યુગ નિર્માણ યોજના' એ આ જ કદમ ભર્યું છે.

ગાયત્રી તપોભૂમિ, મથુરામાં યુગ નિર્માણ યોજના હેઠળ ઘણાં વર્ષોથી એક 'યુગ નિર્માણ વિદ્યાલય' ચાલી રહ્યું છે. તેનો મુખ્ય ઉદ્દેશ જીવન જીવવાની કળા, ચારિત્ર્ય નિર્માણ, મનોબળ, વિવેક-જાગૃતિ, સમાજ નિર્માણ જેવાં તથ્યોનું સર્વાંગી શિક્ષણ આપવાનો છે. તેની સાથે જ ગૃહઉદ્યોગોનું શિક્ષણ પણ જોડી દેવામાં આવ્યું છે, જે પ્રાપ્ત કરીને કોઈ પણ સુશિક્ષિત વ્યક્તિ પોતાના નિર્વાહને યોગ્ય પૂરતી આજીવિકા પણ પ્રાપ્ત કરી શકે. મજૂરોને કઠોર પરિશ્રમ કરીને થોડા પૈસા કમાઈને પણ કામ ચલાવી લેવાની ટેવ પડી જાય છે, પણ જેમની રહેણીકરણી સભ્ય સમાજને લાયક બની ગઈ છે તેવા પ્રશિક્ષિતોથી તેઓના જેવો શ્રમ થઈ શકતો નથી; તેમજ ઓછાં નાણાંથી ગુજરાન પણ ચાલતું નથી. બેકારીનો ઉકેલ સાર્વજનિક પદ્ધતિથી જાપાને શોધી કાઢ્યો છે. ત્યાં ઘેર-ઘેર કુટિર ઉદ્યોગોનાં વિદ્યુત સંચાલિત નાનાં મશીનો લગાવ્યાં છે. હવે વીજળી બહુ સસ્તી છે અને તેની પ્રાપ્તિ પણ સરળ થઈ ગઈ છે. તેનો ઉપયોગ કરીને શારીરિક શ્રમ બચાવી શકાય છે અને ઉત્પાદન પણ વધુ થાય છે.

યુગ નિર્માણ વિદ્યાલયમાં એવા જ ઉદ્યોગોના પ્રશિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે. વીજળીનાં વિવિધ મશીનોની મરામત, રેડિયો-ટ્રાન્ઝીસ્ટરોનું નિર્માણ, સુગંધિત તેલ બનાવવું, પ્રેસ-વ્યવસાય અંતર્ગત કંપોઝ, છપાઈ, બાઈન્ડીંગ, રબ્બર સ્ટેમ્પ, મેનેજમેન્ટ વગેરેના પ્રશિક્ષણનો ક્રમ ઘણા સમયથી ચાલી રહ્યો છે. આ શિક્ષિતોને સ્વાવલંબન આપવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ કદમ છે. તે ઉપરાંત



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મુખ્ય વિષય તો જ છે, કે જેને આધારે જીવન જીવવાની કલા, વ્યક્તિત્વનો વિકાસ, પ્રતિભા, દૂરદર્શિતા, વિવેકશીલતા, ચારિત્ર્ય નિર્માણ, મનોબળ, દેશભક્તિ, લોકમંગળને માટે ઉમંગ વગેરે સદ્ગુણોને સુવિકસિત કરવામાં આવે છે.

મથુરાના યુગ નિર્માણ વિદ્યાલયમાં આ પ્રયોગ છેલ્લાં ૨૧ વર્ષથી ચાલે છે. દર વર્ષે માત્ર ૬૦ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવે, તેટલી જોગવાઈ છે, તેથી તેટલી જ ભરતી થતી રહી છે અને એક વર્ષીય પાઠ્યક્રમ હાથ ધરીને જરૂરી કાર્યક્રમ ચલાવવામાં આવે છે. તેનાથી જે ઉત્સાહજનક પરિણામો પ્રાપ્ત થયાં તેનાથી એવી પ્રેરણા મળી છે કે આ શિક્ષણ પ્રણાલીને વિશેષ પરિશુદ્ધ અને વ્યવસ્થિત રીતે ચલાવવામાં આવે તથા તેને મથુરાના નાના વિદ્યાલય સુધી સીમિત ન રાખતાં દેશવ્યાપી બનાવવામાં આવે.

આજની પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને સમાજ નિર્માણને માટે, એક પ્રશિક્ષણ વ્યવસ્થા કરવાનો વિચાર કરવામાં આવ્યો જે પ્રસ્તુત સમસ્યાઓનું સમાધાન કરવા સમર્થ હોય. આજના માણસનું વ્યક્તિત્વ અગણિત નિંદાઓ અને મૂર્ખાઈઓથી ઘેરાયેલું નિમ્નથી નિમ્ન સ્તર સુધી પતિત થયું છે. લોકોનું શિક્ષણ અને સંપત્તિ વધી રહ્યાં છે, પણ વ્યક્તિત્વની દૃષ્ટિએ ઊલટું વધુ અધઃપતન થતું રહે છે. સમાજમાં સહયોગ નહીં, પણ શોષણ વધી રહ્યું છે. દિવસે દિવસે અનૈતિક્તા, અનિચ્છનીયતા, ઉચ્છૃંખલતા, અદૂરદર્શિતા અને અસામાજિક્તા જેવી વિનાશકારક પ્રવૃત્તિઓ વધતી રહી છે અને આંતરિક રીતે પોતાની સંઘશક્તિ પોકળ બની રહી છે. આ સામાજિક સ્થિતિમાં વ્યક્તિને ઉત્સાહ નથી મળતો, કે કોઈ લોકો હળીમળીને સમાજનું સ્તર ઊંચું નથી ઊઠાવી શકતા. વિનાશ અને વિઘટન વધી રહ્યું છે અને ભવિષ્યની ક્ષિતિજ અંધકારથી ઘેરાઈ રહી છે. તેને રોકવા માટે એવી તીવ્ર વિચારપદ્ધતિનો વિકાસ જરૂરી છે, કે જે જનમાનસને જાગૃત કરી દે અને વિનાશ તરફ વધતાં કદમોને રોકીને તેને નિર્માણની દિશામાં ગતિમાન કરે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શિક્ષણ સંસ્થાઓમાં આવું શિક્ષણ ચાલવું જોઈએ. સરકારે પણ એવાં પગલાં ભરવાં જોઈએ, પણ વર્તમાન સ્થિતિમાં સરકાર જે કાદવ-કીચડમાં ફસાયેલી છે તેમાંથી નીકળવું જ તેને માટે મુશ્કેલ છે. આવા મૌલિક સૂઝ-બૂઝનાં સાહસિક કદમ ઉઠાવવાની હાલ તેની પાસેથી કોઈ આશા નથી. આ કાર્ય જન સ્તરે આરંભ કરવામાં આવે, તો તેમાં કંઈક પ્રગતિ થઈ શકે. આરંભ જો સાચી દિશામાં કરવામાં આવે અને તેનું સ્વરૂપ ભલે નાનું હોય, તો પણ પોતાની ઉપયોગિતાને કારણે તેને આગળ વધવાની સંભાવના ઘણી રહેશે. ''યુગ નિર્માણ યોજના'' દ્વારા એવું જ સાહસ થયું છે.

જ્ઞાનયજ્ઞ અભિયાન અંતર્ગત સમગ્ર દેશમાં એવી રાત્રિ પાઠશાળાઓ ચલાવવામાં આવે છે, જેમાં વ્યક્તિ, પરિવાર અને સમાજ નિર્માણની સમસ્ત સમસ્યાઓ ઉપર પ્રકાશ પાડવામાં આવે છે. આ માટે પ્રારંભિક પાઠ્યપુસ્તકના રૂપમાં આ 'યુગ નિર્માણ યોજનાના આદર્શ અને સિદ્ધાંત' પુસ્તક બે ભાગમાં છાપવામાં આવ્યું છે. આમાં પ્રસ્તુત વિષયના નાના-મોટા ૧૦૦ પાઠ છે. આમ તો, આ પાઠોને વિનંતિ સ્વરૂપે અલગ અલગ છાપી, વહેંચી, ભણાવી, સંભળાવી શકાય છે. પણ અહીં તો તેનો ઉપયોગ એક સમગ્ર શિક્ષણના સ્વરૂપે કરવામાં આવે છે.

લોકો દિવસભર પોતાનું કામ કરે છે. વિદ્યાર્થીઓ શાળાઓમાં ભણે છે. મોટેરાં વ્યવસાય, નોકરી, ખેતી વગેરેમાં જોડાયેલાં રહે છે. મહિલાઓને પણ ઘણું જ કામ રહે છે. તેથી સૌની સુવિધાનો સમય રાત્રિનો જ હોઈ શકે. દિવસ આથમતાં અને સૂતાં પહેલાં, જે પણ સ્થાનિક પરિસ્થિતિઓ અનુસાર સુવિધાજનક સમય હોય, તે પ્રમાણે સમય કાઢવો જોઈએ. ઓછામાં ઓછો એક કલાક અને વધુમાં વધુ બે અઢી કલાક સમય ફાળવવો જોઈએ. મહિલાઓ માટે ત્રીજા પ્રહરનો સમય સુવિધાજનક રહે છે. બપોર સુધી તેઓ પ્રથમ ભોજન બનાવવા જેવાં ગૃહકાર્યોમાંથી નિવૃત્ત થઈ જાય છે અને સાંજે સૂર્યાસ્ત સમયે પણ તેમને કામકાજ રહે છે. તેમની પાસે ત્રીજા પ્રહરમાં લગભગ ૨



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

થી ૫ વાગ્યા સુધીનો સમય બચે છે. તેમાંથી તેમની સ્થાનિક સુવિધાને લક્ષમાં રાખીને સમય નિર્ધારિત કરવો જોઈએ.

સૌથી પહેલું કામ આ શિક્ષણની ઉપયોગિતા, આવશ્યકતા જનસાધારણને સમજાવવાનું છે. વિકૃત વિચારધારાના ફળસ્વરૂપે ઉત્પન્ન થયેલી વિભીષિકાઓનું ચિત્રણ જો તેમની સામે સ્પષ્ટ કરી શકાય અને જણાવી શકાય, કે વિચારપદ્ધતિના શુદ્ધિકરણ દ્વારા ઉત્પન્ન થનારી સત્પ્રવૃત્તિઓનો લાભ, વ્યક્તિ અને સમાજને કેટલાં સુખશાંતિ પ્રદાન કરી શકે, તો લોકો નિશ્ચિત રૂપે આ શિક્ષણનો લાભ ઊઠાવવા તૈયાર થશે. મુશ્કેલી માત્ર એક જ છે, કે આપણા દેશમાં લોકો સંપત્તિનું મહત્ત્વ સમજી શક્યા છે અને સગવડો તથા ઉપભોગોને જ સુખસાધન માને છે, તેથી તેને જ મહત્ત્વ આપે છે અને તે પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. હજુ આપણા દેશવાસીઓને જાણ નથી, કે મનુષ્યની મૂળ શક્તિ તેની વિચારણા જ છે. તે જ આપણી ભૌતિક અને આત્મિક વ્યક્તિગત, પારિવારિક, સામાજિક સુખ શાંતિ અને પ્રગતિનો આધાર છે. આ તથ્ય સમજમાં આવ્યું હોત, તો નિશ્ચિત રૂપે 'વિચાર નિર્માણ'ની દિશામાં ક્યારેક પ્રયત્ન કર્યો હોત. આ ક્ષેત્રે શૂન્યાવકાશ પ્રવર્તે છે. તેથી સાબિત થાય છે કે આપણે બધા માનવીય સમર્થતા અને પ્રગતિના મૂળ આધારથી અપરિચિત છીએ. કંઈક આ પ્રકારનું કાર્ય થઈ રહ્યું છે, તો તે એટલું ઊલટું અને અનિચ્છનીય છે, કે તેનાથી લાભને બદલે હાનિ જ અધિક છે. કલમ અને વાણીની શક્તિ આજે જે વિચારોનું સર્જન કરવામાં લાગી છે, તેને રચનાત્મક નહીં, વિનાશાત્મક જ કહી શકાય. જે ક્ષેત્રમાં શૂન્યાવકાશ પ્રવર્તે છે ત્યાં સર્જનાત્મક પરિશુદ્ધ વિચારોની જરૂરિયાત છે.

આપણું પ્રશિક્ષણ અહીંથી જ શરૂ થશે. જનસંપર્ક માટે ઘેર-ઘેર જઈને મળવું અને ગોષ્ઠી, સંમેલન, ભાષણ, પ્રચાર વગેરે જે પણ પ્રયુક્તિઓ કામમાં લાવી શકાય, તેને અપનાવીને લોકોને ''પરિશુદ્ધ વિચાર ધારા''નું મહત્ત્વ અને લાભ સમજાવવાં પડશે. આપણી પાઠશાળાઓ આ પ્રયોજનને પૂર્ણ કરીને વિદ્યાર્થીની તથા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સમસ્ત સમાજની કેટલી મોટી સેવા કરી શકે છે તે બતાવવું પડશે. આ બધું જેટલું સારી રીતે, જેટલા વ્યાપક ક્ષેત્રમાં અને જેટલું ઊંડાણપૂર્વક સમજાવવામાં આવશે, તેટલા જ પ્રમાણમાં વધુ વિદ્યાર્થીઓ મળવા લાગશે.

આ પ્રશિક્ષણમાં શિક્ષિત - અશિક્ષિત બન્નેનું સમાન મહત્ત્વ છે, કેમકે વિવેકશીલતા અને દૂરદર્શિતાના ક્ષેત્રે બન્ને સમાન રૂપે પછાત છે. અશિક્ષિતોનું પછાતપણું એક દૃષ્ટિકોણમાં, તો શિક્ષિતોનું બીજા દૃષ્ટિકોણમાં હોઈ શકે, પણ એકંદરે પછાતપણાનો સરવાળો સમાનરૂપે થશે. તેથી આપણાં વિદ્યાલયોમાં બન્નેનો પ્રવેશ સમાન રૂપથી થઈ શકશે. નર-નારીનો ભેદ રાખવો નહીં. ૧૩-૧૪ વર્ષથી ઉપરનાં બાળકો, જે 'વિચાર-વિદ્યા'માં વ્યક્તિ અને સમાજનો સંદર્ભ સમજવા સમર્થ થઈ ગયાં છે, તેઓ પ્રસન્નતાપૂર્વક આ શિક્ષણમાં જોડાઈ શકે છે. શિક્ષિત લોકો પાઠ્યપુસ્તકો વાંચીને પોતાની જાણકારી વધુ સરળતાપૂર્વક વધારી શકે, જ્યારે અશિક્ષિતો તેને સાંભળીને સમજે. આટલી મુશ્કેલી સિવાય કોઈ વિશેષ અંતર નહીં પડે. જેની સમજણ કામ જ ન કરે, તેની વાત જુદી છે, બાકી તો આ શિક્ષણ દરેક પુખ્ત વ્યક્તિ માટે ગ્રહણ કરવા યોગ્ય અને ઉપયોગી થઈ શકે છે.

આ નવનિર્માણ શિક્ષણ પ્રણાલીને બે સત્રોમાં વહેંચી છે. એકને પૂર્વાર્ધ અને બીજાને ઉત્તરાર્ધ કહેવાય. ઉત્તરાર્ધનું પાઠ્યપુસ્તક તમારા હાથમાં જ છે, જે હાલ વાંચી રહ્યા છો. ''નૈતિક શિક્ષણ'' ના બે ભાગ છે. એકમાં વ્યક્તિ તથા પરિવાર નિર્માણ અને બીજા ભાગમાં સમાજ નિર્માણના પાઠ રાખવામાં આવ્યા છે. બન્નેમાં ૫૦-૫૦ પાઠ છે. એક દિવસમાં એક પાઠ ભણાવવો જોઈએ. આ પ્રમાણે ૧૦૦ પાઠ ભણાવવા માટે ૧૦૦ દિવસ જોઈએ. રવિવાર તથા તહેવારની રજાઓ રાખવામાં આવે, તો મહિનામાં ૨૫ દિવસ પાઠશાળા ચાલે. આ રીતે ઓછામાં ઓછા ચાર મહિના આ શિક્ષણમાં લાગે. બે મહિના પરીક્ષાની તૈયારી, પુનરાવર્તન; પછી પરીક્ષા, ત્યારબાદ પ્રમાણપત્ર વિતરણ સમારોહ, આરંભમાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રવેશ, શિક્ષણનું પ્રયોજન સમજાવવું, આ રીતે પૂરા છ મહિના લાગે અને પૂર્વાર્ધ પૂર્ણ થાય.

એ જ રીતે છ મહિનાનું શિક્ષણ ઉત્તરાર્ધમાં રાખવું. તેમાં વિદ્યાર્થીને અધ્યાપક સ્વરૂપે પરિવર્તિત કરાશે. જેથી તે પોતે પણ એવી જ પાઠશાળાઓ સ્વયં ચલાવી શકે. સાર્વજનિક તો પછી, પહેલાં ઘર-પરિવારમાં આ રીતની શિક્ષણ પ્રણાલીનો હરકોઈ અનુભવ કરશે. પોતાના પરિવારની વિચારણાનું શુદ્ધિકરણ થઈ શક્યું, તો પોતાને બહુ લાભ થશે અને કુટુંબીજનોની સેવા થશે. આટલી નાની પાઠશાળા તો પૂર્વાર્ધવાળા વિદ્યાર્થી પણ આજીવન પોતાના ઘર-પરિવારમાં ચલાવી શકે અને પોતાના પરિવારની સાચી સમૃદ્ધિ વધારવા માટે મહત્ત્વનું યોગદાન આપી શકે. એવી રીતે હર કોઈ પોતાના નજીકના ક્ષેત્રમાં, ગલી મહોલ્લામાં આવી રાત્રિ પાઠશાળાઓ સહેલાઈથી ચલાવી શકે અને આ શિક્ષણના સંપર્કમાં આવનાર, તેનાથી સંબંધ રાખનાર - બધા જ ભાવનાત્મક સમૃદ્ધિ પ્રાપ્ત કરશે, તેનો લાભ ઉઠાવશે, અને આ મહાન પુણ્ય ફળના ભાગીદાર બનશે. બે કલાક જો ''વિચાર-શુદ્ધિકરણ''ની પાઠશાળામાં લગાડવામાં આવશે તો બારીકાઈથી જોતાં તેનું કોઈપણ યોગ સાધના કે પરમાર્થ-પ્રયોજનથી ઓછું મૂલ્ય નહીં ગણાય. આ પ્રકારની સેવા-સાધનાને જો ઇશ્વરભક્તિનું સર્વોત્તમ અંગ ગણીએ, તો તેમાં જરા પણ અતિશયોક્તિ નહીં ગણાય. ભાવાત્મક દૃષ્ટિથી પરિશુદ્ધ વ્યક્તિ જ દેવતા કહેવાય છે. અંતઃકરણમાં ઉચ્ચ ભાવનાઓના હિલોળા શરૂ થાય, તે ઇશ્વરનો પ્રત્યક્ષ પ્રકાશ સમજવો જોઈએ. આદર્શવાદિતા, શ્રેષ્ઠતા, ઉમંગ નિષ્પન્ન થાય હૃદયમાં, તો તેને ઇશ્વરની અનુકંપાનું મૂર્તિમંત વરદાન અથવા પરમાત્માનો સાક્ષાત્કાર જ માનવો જોઈએ. મનુષ્યમાં ભગવાનનું અવતરણ કરવા નારદ ઋષિએ પ્રયત્ન કર્યો હતો. પતિતપાવની ગંગાનું અવતરણ કરવા માટે ભગીરથ ઋષિએ તપ-સાધના કરી હતી. આ જૂના જમાનાની વાત થઈ. આજે અજ્ઞાન રૂપી અંધકારમાં ભટકતી, પગ-પગ ઉપર ઠોકર ખાતી, માનવ જાતિનો ઉદ્ધાર કરવા માટે, જ્ઞાનગંગા લાવવાનો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જે કોઈ પ્રયત્ન કરશે તે નારદ-ભગીરથ જ નહીં; તેમનાં પદ્દ ચિહ્નો પર ચાલનાર અવશ્ય કહેવાશે. આ દૃષ્ટિએ આ નવ નિર્માણની રાત્રિ પાઠશાળાઓ, દેખીતી રીતે નાની લાગે; વસ્તુતઃ તે દારૂખાનાંની ફેકટરી છે, જે પોતાનાં આગ્નેય સાધનોથી ભારે વિસ્ફોટ કરીને, જે કંઈ સામે છે, તેનો નકશો જ બદલી નાંખશે.

પ્રથમ છ માસમાં પ્રામ શિક્ષણને આગળ વધારવા માટે, નવી રાત્રિશાળાઓ ચલાવવાનો અથવા અન્ય અગણિત રચનાત્મક કાર્ય આરંભ કરવા અને તેને ગતિશીલ રાખવાના હેતુઓ પરિપૂર્ણ થાય, તે વિશેનું સમગ્ર શિક્ષણ આગલા સત્રમાં ઉત્તરાર્ધના છ માસિક સત્રમાં સંપન્ન થશે. તેમાં પણ આ જ પ્રકારે બીજું પુસ્તક બે વિભાગનું હશે. તેને પણ ૧૦૦ દિવસમાં પૂર્ણ કરી, બાકીના દિવસોમાં અનુકાર્ય કરવાનો ક્રમ ચાલુ રહેશે અને પૂર્વાર્ધની જેમ જ તૈયારી, સ્વાધ્યાય, પ્રશ્નોત્તર, વ્યાવહારિક શિક્ષણ વગેરેમાં પૂરો સમય આપવાથી બાકીના છ માસ લાગશે. બન્ને મળીને એક વર્ષનો પાઠ્યક્રમ પૂરો કરીને આ શિક્ષણ દ્વારા આપણા વિદ્યાર્થીઓ પોતાનું વ્યક્તિત્વ સુવિકસિત બનાવી શકે તેવું ઘડતર કરશે. પરિવારને સુસંસ્કૃત અને સમાજને સમૃદ્ધ બનાવવા મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી શકશે.

શિક્ષક વિદ્યાર્થીઓને નિશ્ચિત સમયે આવવાનો આગ્રહ રાખશે અને ઠીક સમયે બંધ કરશે. તેથી સમયનું મૂલ્ય સમજવાની અને તેનો સદુપયોગ કરવાની શીખ મળશે. સ્થળની, સાધનોની અને ચીજ-વસ્તુઓની સ્વચ્છતા ઉપર ખાસ ધ્યાન દેવામાં આવે. પાઠશાળા કોઈ સાર્વજનિક સ્થાન, મંદિર, ધર્મશાળામાં ચલાવી શકાય અથવા કોઈ સજ્જનનું ઘર કે ઓરડો બે કલાક માટે આવા ઉપયોગ માટે માગી શકાય છે. સ્થળ સૌની સુવિધા રહે તેવું, હવા-ઉજાશ અને શુદ્ધ વાતાવરણવાળું હોવું જોઈએ. આમ તો વૃક્ષ નીચે કે ખુલ્લા આકાશ નીચે પણ પાઠશાળા ચલાવી શકાય છે.

શિક્ષણની શરૂઆત કરતા પહેલાં સદ્દબુદ્ધિની દેવી ગાયત્રીનો પાઠ કરવાનું અનુકૂળ રહેશે. યજ્ઞનું પ્રતિનિધિત્વ કરવા માટે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અગરબત્તી સળગાવી લેવી. ભારતીય ધર્મ, સંસ્કૃતિનું આટલું પ્રતીક આપણા વિદ્યાલયોની શરૂઆતના સમયે રાખવામાં આવે તો ઉત્તમ પરંપરા સર્જાશે.

અધ્યાપક પોતે જ એક પાઠ વાંચી સંભળાવે. છાત્રો તેને ધ્યાનપૂર્વક સાંભળે. શિક્ષિત વિદ્યાર્થી પહેલેથી પોતાના પાઠ્યપુસ્તકમાંથી તેનો સ્વાધ્યાય કરીને લાવે. અશિક્ષિતોને જો સગવડ હોય તો અગાઉથી તે પાઠ કોઈ પાસે વંચાવી, સાંભળીને પછી આવે. અન્યથા વર્ગમાં સાંભળીને પણ સમજી શકાય છે.

વિષયને બરોબર સમજવામાં આવ્યો કે નહીં તેને માટે પ્રશ્નોત્તર પદ્ધતિ ઘણી જ ઉત્તમ છે. તેનાથી એ ખબર પડી જાય છે, કે કોની સમજમાં કેટલા ઊંડાણપૂર્વક વાત પહોંચી ગઈ. કોઈએ ખોટું અર્થઘટન કર્યું હશે, તો પ્રશ્નોત્તર દરમિયાન સ્થિતિ સ્પષ્ટ થઈ જશે. અધ્યાપક પ્રશ્ન કરે, વિદ્યાર્થી ઉત્તર આપે. એક જ પ્રશ્ન બધાને પૂછી શકાય છે અને તેના ઉત્તર સાંભળી શકાય છે. તે ઉપરાંત તે પાઠના સંબંધમાં અનેક પ્રશ્નો ઉપસ્થિત કરી શકાય છે. આ બધું અધ્યાપકની સૂઝ-બૂઝ અને વિદ્યાર્થીઓની મનોદશા ઉપર આધારિત છે.

શિક્ષણની આ પ્રશ્નોત્તર પદ્ધતિને સોક્રેટિસ, એરિસ્ટોટલ અને અફલાતૂને પોતાના સમયમાં બહુ જ ઉત્સાહપૂર્વક ચલાવી હતી અને લગભગ સર્વ શિક્ષણ સંસ્થાઓએ તેનું સ્વાગત કર્યું હતું. ઉપનિષદો અને પુરાણો વાંચવાથી ખાતરી થાય છે, કે ભારતમાં કાયમ માટે પ્રશ્નોત્તર પદ્ધતિને શિક્ષણમાં સંપૂર્ણ મહત્ત્વ આપવામાં આવતું હતું. લાંબાં-પહોળાં પુસ્તકોમાં વ્યક્ત કરેલું, ગધેડાના ભારની જેમ બિનજરૂરી જ્ઞાન વિદ્યાર્થીઓના મગજમાં ભરવાથી, તેઓ તેને પચાવી શકતા નથી. પરીક્ષામાં પાસ થઈ શકે તે માટે જ્યાં ત્યાંથી કંઈ ભણીને લગભગ બધા વિદ્યાર્થી પોતાની ગાડી ગબડાવે છે અને પોતાની હોશિયારીનો પરિચય આપે છે. કોઈ પણ રીતે પાસ થઈ જાય છે, પણ તેને કંઈ જ પ્રાપ્ત થતું નથી. તેના કરતાં એ સારું છે, કે કોઈ મહત્ત્વપૂર્ણ પ્રસંગને ટૂંકમાં ભણાવવામાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આવે. પરંતુ તેનું વિસ્તૃત મનન, ચિંતન, વિચાર-વિશ્લેષણ કરીને તથ્યને સારી રીતે હૃદયંગમ કરવામાં આવે. આપણી શિક્ષણ-પ્રણાલી આવી જ શૈલી ઉપર નિર્ધારિત છે. પાઠ બે-બે પાનામાં નાના-નાના આપવામાં આવ્યા છે, પણ તે સર્વ બહુ જ મહત્ત્વપૂર્ણ અને સારગર્ભિત છે. પ્રશ્નોત્તરના આધારે તેની બહુ છણાવટ કરીને વૃદ્ધિ કરી શકાય અને તેને ત્યાં સુધી ચર્ચાનો વિષય બનાવી શકાય જ્યાં સુધી પ્રસંગ બરાબર સમજમાં ન આવી જાય.

આ સંદર્ભમાં અધ્યાપક નાના-નાના કથા-પ્રસંગ, સંસ્મરણ, ટુચકા, ઈતિહાસ, ઉપાખ્યાન પણ સંભળાવતા રહે, તો શિક્ષણ વિશેષ મનોરંજક પણ થઈ જશે અને સારી રીતે ગળે ઊતરી જશે. આ પ્રયોજન માટે અધ્યાપકોને માર્ગદર્શન આપવા અને શિક્ષણ વિધિ શીખવવા માટે જે અલગ પુસ્તક છાપ્યું છે, તેમાં લગભગ દરેક પાઠ સંબંધી કેટલાયે નવા કથા-પ્રસંગોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રશ્નોત્તરોની જેમ કથા-પ્રસંગો દ્વારા તથ્ય સમજાવવાની શૈલી પણ ભારે પ્રભાવશાળી છે. હિતોપદેશ, પંચતંત્ર જેવા અનેક મહત્ત્વપૂર્ણ ગ્રંથ આવા પ્રયોજન માટે લખાયા છે. ઈસપની નીતિ કથાઓ એવા જ પ્રકારની છે. શેખ સાદીએ ''ગુલિસ્તાં-બોસ્તાં''માં એ જ પ્રયાસ કર્યો છે. આપણાં ૧૮ મહાપુરાણ અને ૧૮ ઉપપુરાણોમાં - સંસ્કૃત સાહિત્યના લગભગ પોણા ભાગના ગ્રંથોમાં, લોક શિક્ષણ ઉપાખ્યાન શૈલીને જ આશ્રય આપવામાં આવ્યો છે. આ શૈલીની સહાયતા લઈને આપણે આપણી શિક્ષણ પદ્ધતિને આબાલ-વૃદ્ધ, નર-નારી, શિક્ષિત-અશિક્ષિત સર્વને માટે ઉપયોગી બનાવી શકીએ છીએ. સમાચાર, ઘટનાઓ, ઉદાહરણ વગેરે પણ વિષયની પ્રામાણિકતા માટે કહી શકાય છે. પ્રશ્નોત્તરીમાં કોઈ ઘટના સંદર્ભે સમસ્યા ઉપસ્થિત કરીને, છાત્રોને તેનો ઉકેલ પૂછી શકાય. જેમકે કજોડાનાં લગ્ન, વૃદ્ધ વિવાહ  અમુક પરિસ્થિતિમાં થઈ રહ્યા હોય, તો કોને, શું કરીને તેનો પ્રતિરોધ કરવો ઠીક પડશે વગેરે. અધ્યાપકની સૂઝ-બૂઝ, દૂરદર્શિતા, મૌલિકતા ઉપર જ બધું છોડી દેવામાં આવે છે. પ્રશ્ન અને કથા પ્રસંગોનાં કેટલાંક ઉદાહરણ,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અન્ય પુસ્તિકાઓ લખીને થોડોક અંગુલિનિર્દેશ માત્ર કરવામાં આવ્યો છે. દૈનિક શિક્ષણ સમાપ્ત કરીને શાંતિપાઠ શુભકામના યુગ નિર્માણ સત્ સંકલ્પ, "સર્વે ભવન્તુ સુખિનઃ" વાંચવાનું ઉત્તમ રહેશે.

રવિવાર અને તહેવાર બાદ કરતાં, આ શિક્ષણ ચાલતું રહે. પાઠશાળામાં એક પુસ્તકાલય પણ હોવું જોઈએ. જેમાંથી સહાયક પુસ્તકો ઘેર લઈ જઈને વિદ્યાર્થી પોતાના પ્રશિક્ષણને વધુ સારી રીતે સમજવાનો પ્રયત્ન કરતા રહે. આ પાઠ વસ્તુતઃ અમારી ૨૫-૨૫ પૈસાવાળી ટ્રેક્ટ માળાની પુસ્તિકાઓનો સારાંશ અથવા એક અંશ છે. છાત્ર તે મૂળ પુસ્તકોને પણ વાંચે. તે માટે પ્રયત્ન કરવો જોઈએ. જેઓ ખરીદી શકે તેઓ ખરીદતા રહે, અન્યથા પાઠશાળાના પુસ્તકાલય દ્વારા તેની જરૂરિયાત પૂર્ણ કરવામાં આવે. પાઠોવાળું પુસ્તક તો દરેક વિદ્યાર્થીએ પોતાનું જ રાખવું જોઈએ. જેથી સમય-સમય પર તેનું પુનરાવર્તન કરે, તથા પોતાના ઘર-પરિવારના લોકોને શીખવવા-સંભળાવવા માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવે.

રવિવારે વિદ્યાર્થીઓની વિચાર-ગોષ્ઠી, વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવે, જેથી તેઓ સપ્તાહમાં વાંચેલા વિચારોને રજૂ કરી શકે. બોલવાનું અને ભાષણ કરવાનું પણ શીખે. વિશેષ ચર્ચા માટે વિદ્વાનોનાં પ્રવચનો પણ તે દિવસે ઉત્તમ રહેશે. નિયમિત છાત્રો ઉપરાંત અન્ય લોકોને પણ તેનો લાભ લેવા માટે બોલાવવામાં આવે. આ પ્રકારે સાપ્તાહિક સત્સંગની એક ઉત્તમ શૃંખલા પણ તે શિક્ષણ સાથે જોડાઈ જશે. પર્વ-તહેવાર મનાવવાની આપણી એક વિશેષ પ્રેરણાદાયક પદ્ધતિ છે. આપણાં દસ પર્વ એવાં છે જેને સારી રીતે મનાવવામાં આવે, તો વ્યક્તિ અને સમાજના નિર્માણની પ્રેરણા અને દિશા નિરંતર મળતી રહે છે. સર્વ સાધારણ લોકોને મોટી સંખ્યામાં બોલાવીને સમારંભની સાથે પર્વ-તહેવારો ઊજવવાની પરંપરા જો ચાલતી રહે, તો આપણું વિદ્યાલય માત્ર વિદ્યાની જ વૃદ્ધિ નહીં કરે, પણ સમયાંતરે જનતાનું શિક્ષણ પણ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરતું રહેશે.

સાધારણ રીતે ૧ જાન્યુઆરીથી શિક્ષણની શરૂઆત કરીને ૩૧ મે પછી, તેની ત્રણ દિવસની પરીક્ષા ૧, ૨, ૩ જૂનના રોજ રાખવી. પ્રશ્નપત્ર કોઈ વિશ્વાસુ વ્યક્તિ પાસે તૈયાર કરાવવાં. વિદ્યાર્થીઓ ઉત્તરો લખે. ઉત્તરો લખવા માટે ત્રણ કલાકનો સમય પૂરતો છે. ઉત્તરપત્રો તપાસવા અને ગુણાંકન કરવા માટે પાઠશાળાઓ એક બીજાની સહાયતા કરે અને સહાયતા સ્વીકારે. પાઠશાળાઓના પ્રધાનાધ્યાપક કે વિશ્વાસુ વિદ્વાનોની પ્રશ્નપત્ર રચના અને તપાસણી માટે નિમણૂક કરી શકાય. ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર મથુરાથી મોકલવામાં આવશે, જેને જૂનના અંત સુધીમાં કોઈ તારીખે ઉપાધિ વિતરણ સમારંભનું આયોજન કરીને કોઈ વિશિષ્ટ વ્યક્તિના હસ્તે વિદ્યાર્થીઓને આપવાં જોઈએ.

બીજું ઉત્તરાર્ધ સત્ર આ જ રીતે ૧ જુલાઈથી શરૂ થાય. ઓક્ટોબર સુધીમાં ભણતર સમાપ્ત કરવામાં આવે. નવેમ્બર માસ ભણેલું સમજવા માટે અને વ્યાવહારિક શિક્ષણ માટે રાખવો. ૧, ૨, ૩, ડિસેમ્બરના દિવસે પરીક્ષાઓ લેવી. તે જ માસના અંતમાં ફરી ઉપાધિ વિતરણ ઉત્સવ યોજવામાં આવે. આ પ્રકારે છ - છ માસનાં બે સત્ર દરેક વર્ષે પૂર્ણ થતાં રહે.

અગાઉ કહેવાઈ ગયું છે કે, પૂર્વાર્ધમાં "યુગ નિર્માણ યોજનાના આદર્શ અને સિદ્ધાંત" (નૈતિક શિક્ષણ) પુસ્તકના બન્ને ખંડોમાં પ્રસ્તુત ૧૦૦ પાઠ નવા વિદ્યાર્થીઓ માટે રહેશે અને પછીના છ માસનું શિક્ષણ અધ્યાપનની દૃષ્ટિએ છે, જેમાં આવી પાઠશાળાઓ ઘરમાં તથા સમાજમાં ચલાવવાનું શિક્ષણ આપવામાં આવે. તેનાં પણ બે પુસ્તકો હશે. જે વિદ્યાર્થીઓએ પૂર્વાર્ધ ઉત્તીર્ણ કર્યો હશે તેઓ ઉત્તરાર્ધમાં જોડાઈ શકશે. એ રીતે એક જ જૂથ એક વર્ષમાં શિક્ષણના બે ભાગ પૂર્ણ કરશે. તેને એમ પણ કહી શકાય, કે પૂરું શિક્ષણ. એક વર્ષમાં સંપન્ન થશે.

જ્યાં અધ્યાપકો અને વિદ્યાર્થીઓની સગવડ હોય, ત્યાં બન્ને સ્તરના વર્ગો અલગ અલગ ચલાવી શકાય, પણ જુલાઈથી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઉત્તરાર્ધનું શિક્ષણ આપવું જોઈએ. પણ જો સગવડ હોય તો બીજો પૂર્વાર્ધનો વર્ગ તેની જ સાથોસાથ પણ ચલાવી શકાય અને બન્ને વર્ગો પોતાનું શિક્ષણ સાથોસાથ જ ચાલુ રાખી શકે. આ રીતે એક વર્ષમાં બે જૂથનું શિક્ષણ સંપન્ન થઈ શકે. ૧ જુલાઈથી શિક્ષણ પ્રાપ્ત કરનારા નવા વિદ્યાર્થીઓને જાન્યુઆરી સુધી રાહ નહીં જોવી પડે, અને દરેક છ-છ મહિના પછી, નવા-નવા વિદ્યાર્થીઓ પ્રશિક્ષણમાં જોડાવાનો લાભ ઊઠાવી શકશે. આ માટે અલગ અધ્યાપકો અને અલગ વર્ગખંડોની જરૂર પડશે. જ્યાં આમ સંભવ હોય ત્યાં ઉપરોક્ત બેવડી વ્યવસ્થા સારી રીતે ચાલી શકે છે.

શાખાઓએ સુયોગ્ય સેવાભાવી અધ્યાપક સ્વયં શોધવા પડશે. કામ માનદ્ સેવાર્થીઓ જ ચલાવશે. ગાયત્રી પરિવારમાં એવી સુયોગ્ય અને સુશિક્ષિત સેવાભાવી વ્યક્તિઓ ઓછી નથી. તેઓને વિનંતી કરવામાં આવે અને કાર્યનું મહત્ત્વ સમજાવવામાં આવે, તો દરેક શાખાઓમાં પોતાના પરિજનો દ્વારા જ અધ્યાપનની સેવા બે કલાક નિયમિત રૂપે આપવાવાળા સેવાભાવીઓ મળી જ રહેશે. એક-બે તેના સહાયક અધ્યાપક પણ હોવા જોઈએ, જે રજા ઉપર જનાર માટે બદલીમાં કામ કરે અને શિક્ષણમાં વિક્ષેપ ન પડે અને સામાન્ય સમયમાં પણ પ્રધાનાધ્યાપકની સહાયતા કરતા રહે. આ પાઠશાળાઓ કેટલી મહત્ત્વપૂર્ણ છે તે તો સમય જ બતાવશે.

## દેશભક્તો નવનિર્માણના કાર્યમાં જોડાઈ જાય

આપણો સમાજ છેલ્લાં બે હજાર વર્ષથી ખેદજનક સ્થિતિમાં છે. આંતરિક દોષ-દુર્ગુણ જેમ જેમ વધતા ગયા, તેમતેમ પરિસ્થિતિ પણ ગૂંચવાતી ગઈ અને ડગલે-પગલે મુશ્કેલીઓ વધી ગઈ. વ્યક્તિઓના દોષ-દુર્ગુણને કારણે સમાજ નબળો થઈ રહ્યો છે અને કમજોર સમાજનું શોષણ કરવા માટે કોઈને કોઈ આક્રમણકારી ગમે ત્યાંથી કૂદી આવે છે. આપણું પણ એમ જ થયું. ‘‘પડ્યા ઉપર પાટુ’’ મારવા માટે વિદેશી આક્રમણકારો અહીં આવતા રહ્યા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને પોત-પોતાની રીતે શોષણ કરતા રહ્યા. આ ગુલામીએ પેલા દોષ-દુર્ગુણોને પણ વધાર્યા,જેને કારણે અનેક પ્રકારની દુર્બળતાઓ અને વિપત્તિઓ પહેલેથી જ ઉત્પન્ન થઈ રહી હતી. સ્વાધીનતા મળી છે, પણ આપણા જાતિગત દોષ-દુર્ગુણ જેમના તેમ જ છે. ફળ સ્વરૂપે જગતનાં સ્વતંત્ર રાષ્ટ્રો જે પ્રમાણે ઉન્નતિ કરી શકે છે તેની તુલનામાં આપણા પછાતપણામાં નહીંવત્ જ સુધારો થયો છે.

સરકાર ગુનેગારોને શિક્ષા કરીને આર્થિક પ્રગિતિનાં થોડાં સાધનો એકત્ર કરી શકે. વ્યક્તિગત મૂર્ખતા અને દુષ્ટતાને, સામાજિક ભ્રષ્ટાચાર અને અવ્યવસ્થાને મિટાવવાની તેની કાર્યક્ષમતા નથી. ટોળાશાહીની વાત અલગ છે. પ્રજાતંત્રમાં આ વાત નથી. પ્રજાતંત્રમાં વ્યક્તિ અથવા સમાજ સુધારાનું કાર્ય લોકસેવકો ઉપર નિર્ભર છે. તેની જ સત્તા વ્યક્તિ કે સમાજનું સ્તર ઊંચે ઉઠાવવામાં સમર્થ બની શકે. પ્રાચીનકાળમાં દેશનું ગૌરવ ઉચ્ચ શિખરે પહોંચાડી દેવાનું શ્રેય અહીંના લોકસેવકોને છે. તેઓ પોતાનો સમગ્ર સમય બે કાર્યોમાં ફાળવતા હતા (૧) પોતાનું વ્યક્તિત્વ ઉચ્ચ કોટિનું નિર્માણ કરવું, જેથી જનતા ઉપર તેનો ઉચિત પ્રભાવ પડે; (૨) નિરંતર અથાક પરિશ્રમ તથા અત્યંત ઉત્સાહ સાથે જનમાનસમાં શ્રેષ્ઠતા લાવવા માટે સંલગ્ન રહેવું. સાધુ, બ્રાહ્મણ અને વાનપ્રસ્થોની આ જ પરંપરા અને કાર્યપદ્ધતિ હતી તેઓની સંખ્યા જેટલી વધતી હતી, તેટલા પ્રમાણમાં રાષ્ટ્રીય જીવનની દરેક દિશામાં સમૃદ્ધિનો વધારો થતો રહેતો. આપણા ગૌરવમય ઈતિહાસનું આ જ રહસ્ય હતું. આજે આ ત્રણે ય સંસ્થાઓ નષ્ટ થઈ ગઈ છે, તેને દુર્ભાગ્ય જ કહેવું જોઈએ. બ્રાહ્મણ, સાધુ અને વાનપ્રસ્થ આ ત્રણે ય જોવા મળતા નથી. તેમના ફોટાઓ અને મૂર્તિઓ ઘણી મોટી સંખ્યામાં હરતી ફરતી નજરે ચઢે છે, પણ તેમનું લક્ષ્ય , આદર્શ અને કર્તવ્ય સર્વથા વિપરીત થઈ ગયું. એવી દશામાં તેઓની ઉપયોગિતા પણ નાશ પામી.

દુર્ભાગ્યનાં રોદણાં રોવાથી કામ નહીં ચાલે. અભાવની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પૂર્તિ બીજી રીતે કરવી પડશે. આપણે ગૃહસ્થ લોકો જ થોડો થોડો સમય કાઢીને લોકમંગળની સત્પ્રવૃત્તિઓનો વિકાસ કરવાનું આપણું ધર્મ-કર્તવ્ય સમજીએ અને તેને માટે નિરંતર કંઈને કંઈ નિરંતર યોગદાન આપવા માટે તત્પરતા પ્રગટ કરવા લાગીએ, તો આ જરૂરિયાતની પૂર્તિ થઈ શકે કે જેના ઉપર પ્રગતિનો સર્વ આધાર છે. જો આપણા મનમાં રાષ્ટ્રીય પ્રગતિ અને સામાજિક ઉન્નતિ માટે વ્યક્તિગત લાભો જેવી જ આસક્તિ પેદા થઈ જાય; તો આપણે વ્યસ્ત દેખાતા લોકો પણ થોડું થોડું યોગદાન આપીને, એવું સામૂહિક અભિયાન ચલાવી શકીએ છીએ કે જેનાથી વર્તમાન દુર્દશાનો કાયાકલ્પ થવામાં વાર ન લાગે. જરૂરિયાત એવા લોકોની છે કે જેમના અંતઃકરણમાં દેશભક્તિ, સમાજસેવા, પરમાર્થ અને લોકમંગળ માટે કંઈક કરવાની ઉમંગભરી ભાવનાઓ લહેરાઈ રહી હોય. એવાં નરરત્નો જ પોતાનું જીવન ધન્ય કરે છે અને પોતાના સમયની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આમ જોઈએ તો રાજકીય પક્ષો પાસે આજે પણ ઘણા કાર્યકર્તાઓ છે, પણ તેઓ રાજકારણને જ સર્વસ્વ માની બેઠા છે. સત્તા સંઘર્ષમાં અને યશ-પદ મેળવવામાં જ મુખ્યત્વે તેઓને રસ છે. કૂટનીતિમાં જે રીતની આંટીઘૂંટીઓ ઉકેલવી પડતી હોય છે અને વિટંબણાઓ વેઠવી પડતી હોય છે તેને લીધે તેઓ આત્મબળ પણ ખોઈ બેસે છે. તેથી તેઓને રચનાત્મક કાર્યોમાં રસ પડતો નથી. તેમની ઘરેડ પણ સંત-મહંતોની જેમ પોતાની પૂજા, ગુણગાન અને ગાદી ટકાવી રાખવાની દિશામાં ચાલ્યા કરે છે. રૂઢિગત ઢાંચામાં ઢળાઈ જવાથી તેમને બદલવા પણ મુશ્કેલ થઈ પડે છે. આથી રાજકીય ક્ષેત્રમાં પડેલા લોકોની મનોભૂમિ જોતાં, તેઓની આશા રાખવી વ્યર્થ છે કે તેઓ દ્વારા દેશની પ્રગતિ માટે ખૂબ જ જરૂરી જનમાનસ શુદ્ધિકરણનું અને રચનાત્મક અભિવર્ધન દ્વારા વ્યક્તિ અને સમાજની દિશા બદલવાનું અભિયાન ચલાવવું સંભવ બની શકશે. આ નવું કાર્ય એક નવા વર્ગ દ્વારા થવું જોઈએ. ધાર્મિકતાને સહારે ભાવનાત્મક નવ નિર્માણની દિશામાં જોડાઈ જાય,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સાધુ-બ્રાહ્મણની પરંપરાને ગૃહસ્થમાં રહીને પણ નિભાવી શકે એવી વ્યક્તિઓની આજે ખૂબ જ જરૂરિયાત છે. આ જરૂરિયાતની પૂર્તિને માટે સૌથી પહેલાં આપણે આગળ આવવું જોઈએ કે જેથી બીજાને પણ આજ માર્ગે અનુગમન કરવાની પ્રેરણા મળે.

ભાવનાત્મક નવ નિર્માણની જરૂરિયાતનું મહત્ત્વ સમજનારા અને તેને માટે કંઈક ત્યાગ-બલિદાન કરવાની હિંમત કરનારા લોકોને દરેક જગાએથી શોધી કાઢવા જોઈએ. તેમને સંગઠિત કરવા જોઈએ, કેમકે એકાકી પ્રયત્નોનું પરિણામ બહુ મોટું નથી હોતું. સંગઠિત શક્તિ દ્વારા કરેલા સામૂહિક પ્રયત્નોનો ચમત્કાર હંમેશાં થતો રહ્યો છે. તેની જરૂરિયાત આજે પણ છે. લોકમંગળ માટે કરેલા સામૂહિક સત્પ્રયત્ન જો સજ્જનો દ્વારા શરૂ કરવામાં આવે, તો તેનાથી જનમાનસના શુદ્ધિકરણમાં અને ભાવનાત્મક નવ નિર્માણમાં ભારે સહાયતા મળે અને પ્રગતિના પથ ઉપરના સૌથી મોટા અવરોધો સહેજે દૂર થઈ જાય.

એવાં કેટલાંય કામ છે જે આવાં સત્પ્રયોજનો દ્વારા સંપન્ન થઈ શકે છે - (૧) પ્રેરક વિચારધારા પ્રસ્તુત કરનાર જ્ઞાન મંદિરોની - પ્રેરક પુસ્તકાલયોની વ્યાપક શૃંખલાનું નિર્માણ આ દિશામાં સૌથી પહેલું કામ છે. જો વ્યવસ્થિત રૂપે આ પ્રક્રિયા પૂરી કરવામાં આવે તો વિચાર ક્રાંતિનો મહાયજ્ઞ ભારે સફળતા સાથે સંપન્ન થશે અને તેનાથી જ્ઞાની પેઢી વિનિર્મિત થતી અને તેઓના કર્મથી જ વર્તમાન દુર્દશા સમાપ્ત થતી આપણે આપણી આંખોથી જોઈ શકીશું. (૨) નિરક્ષરતા દૂર કરવા ૫૦ ટકા નિરક્ષર લોકોને સાક્ષર બનાવવાનું કામ ઘણું મહત્ત્વપૂર્ણ છે. આ માટે સરકારી અને બિન સરકારી સ્તરે વિવિધ પ્રકારના શિક્ષણ પ્રયત્નોની વૃદ્ધિ થવી જોઈએ. પ્રૌઢશિક્ષણ શાળાઓ અને રાત્રિ પાઠશાળાઓની આ સંદર્ભમાં મહત્ત્વપૂર્ણ જરૂરિયાત છે. (૩) વ્યાયામ શાળાઓ, ખેલકૂદ, શસ્ત્ર સંચાલન અને શરીર બળ પ્રદર્શનની, પ્રતિસ્પર્ધાઓ, (૪) ગ્રામ્ય પ્રદેશમાં સ્વચ્છતાનું આંદોલન ચલાવવું. તે માટે નવી રીતનાં સંડાસ-મૂતરડી, શોષખાડા, મળ-છાણનો સદ્ ઉપયોગ, થાપેલાં છાણાં ન



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બાળવાં, હળીમળીને ગામની સફાઈ કરવી. આ પ્રકારની પ્રવૃત્તિઓ હાથ ધરીને ગ્રામીણ જીવનમાં ફેલાયેલી ગંદકીને દૂર કરવાનું અભિયાન ચલાવવું (૫) ખર્ચાળ વિવાહ,લગ્નોને સ્થાને ખર્ચ વિનાનાં આદર્શ લગ્નોનો પ્રચાર-પ્રસાર કરવો. મૃત્યુભોજન, ભૂત-પલિત, ભિક્ષાવૃત્તિ, પર્દાપ્રથા-ઘૂંઘટ, ઊંચ-નીચના ભેદભાવ, બાળલગ્ન જેવા અગણિત સામાજિક કુરિવાજો દૂર કરવા માટે વિભિન્ન સ્તરે પ્રચાર કરવો અને પ્રતિરોધાત્મક આંદોલન ચલાવવા નેતૃત્વ કરવું. (૬) ભાવનાત્મક નવનિર્માણને માટે સાહિત્ય, સંગીત, કલા, અભિનય, ચિત્ર-પ્રદર્શન, પ્રવચન, સંમેલન વગેરે સમસ્ત પ્રચાર માધ્યમોનો ઉપયોગ અને અભિવૃદ્ધિ કરવી. (૭) શાક, ફળ, ફૂલ, વૃક્ષ વગેરે ઉગાડવાં, અન્ન બચાવવું, એંઠવાડ ન કરવો, મિજબાનીઓ ઉપર નિયંત્રણ, સુધારેલી રીતની ખેતી, રાંધવાની અને ખાવાની જાણકારી, ઓછા બળતણથી સળગતા ચૂલા વગેરે દ્વારા ખાદ્ય સમસ્યાઓનું સમાધાન કરવું. (૮) ધાર્મિક, નૈતિક, સામાજિક અને આધ્યાત્મિક શિક્ષણને માટે વ્યાપક અને પ્રખર પ્રશિક્ષણની વ્યવસ્થા કરવી. વ્યક્તિગત જીવનમાં સત્પ્રવૃત્તિઓના સમાવેશને પ્રોત્સાહન આપવું, સત્કાર્યોની પ્રશંસા કરવી. (૯) જીવદયા માટે પશુપક્ષીઓ સાથે સદ્‌વ્યવહાર આચરવો. (૧૦) ગૃહ ઉદ્યોગો દ્વારા બેકારીનું નિવારણ કરવું. ફેશન, ખોટા ખર્ચ અને દુર્વ્યયને નિરુત્સાહિત કરવો.

આ દસ સૂત્રી કાર્યક્રમોનું અમલીકરણ કરવા આપણે આપણી પરિસ્થિતિ અને સગવડને અનુરૂપ યોજનાઓ બનાવીને સંબંધિત કાર્ય હાથ ધરવું જોઈએ. આ દિશામાં કરેલા પ્રયત્નો જ રાષ્ટ્રીય પ્રગતિના આધારસ્તંભ બનશે.

## નાગરિક કર્તવ્ય પાળીએ અને સમાજમાં સ્વસ્થ પરંપરા ઊભી કરીએ

સમાજમાં સ્વસ્થ પરંપરાઓ કાયમ ચાલુ રહે, તેમાં જ આપણી અને સૌની સગવડ જળવાશે. આ ધ્યાનમાં રાખીને આપણામાંથી દરેકે પોતાનાં નાગરિક કર્તવ્યોનું પાલન કરવામાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભાવનાપૂર્વક તન્મય થવું જોઈએ. સમાજ સૌનો છે. બધા મળીને થોડો થોડો બગાડ કરે, તો બગાડની માત્રા બહુ વધી જશે, પરંતુ જો થોડા થોડા પ્રયત્નો સુધારા માટે ચાલુ રહે, તો છેવટે સુધારાનું પ્રમાણ પણ વધી જાય. યોગ્ય એ છે કે આપણે બધા મળીને આપણા સમાજને સુધારવા, સંચાલિત કરવા અને સ્વસ્થ પરંપરાઓ પ્રચલિત કરવાનો પ્રયત્ન કરીએ. આ પ્રમાણે સભ્ય અને સુવિકસિત લોકોની જેમ ભૌતિક અને આત્મિક પ્રગતિથી સુખ-સંતોષ પ્રાપ્ત કરી શકીએ.

સભ્ય દેશના નાગરિકનું કર્તવ્ય છે કે તે બીજાની સગવડોને ધ્યાનમાં રાખીને, પોતાની સગવડો અને સ્વતંત્રતાને સ્વેચ્છાપૂર્વક સીમિત બનાવે. સ્વચ્છતાને જ ધ્યાનમાં રાખીને ગમે ત્યાં નાક સાફ કરવું નહીં અને પાન-તમાકુની પિચકારી મારવી નહીં. આ કામ માટે સ્વયંને ભલે દૂર જવાનું કષ્ટ ઉઠાવવું પડે, પણ તેમ કરવાથી બીજાને અસુવિધા કે નફરત પેદા થશે નહીં અને સ્વયંને કોઈ રોગ હશે તો તેનું આક્રમણ તે ગંદકીમાં આવ-જા કરનાર પર થશે નહીં. આપણું નાગરિક કર્તવ્ય છે કે બીજાની સગવડને ધ્યાનમાં રાખીને સ્વયં ગંદકી ફેંકવા માટે યોગ્ય સ્થાને જવું. જો બીડી-સીગારેટ પીતા હોઈએ તો ધ્યાનમાં રાખવું કે આપણો અસ્વચ્છ ધુમાડો છોડવાથી પાસે બેઠેલાની તબિયત ખરાબ ન થાય. આપણી તે ટેવથી કોઈને અસુવિધા તો થતી નથી ને તેનું ધ્યાન રાખવું. જો આપણી આ ક્રિયાથી અન્યને તકલીફ થતી હોય તો સભ્યતાનો તકાજો એ છે, કે ક્યાંય બીજે જઈને બીડી પીવી અને ધુમાડો કાઢવો.

ઘરોની ગંદકી લોકો લગભગ મહોલ્લામાં કે સડક ઉપર ફેંકે છે. તેથી રસ્તે નીકળનારને અગવડ થાય છે અને સાર્વજનિક સ્થાનોની સ્વચ્છતા બગડે છે. યોગ્ય એ જ છે કે ઘરમાં કચરા પેટી રાખવી અને જ્યારે સફાઈ કામદાર આવે ત્યારે તેની પાસે ખાલી કરાવવી. નાનાં બાળકોને પોતાના ઘરમાં જ સંડાસ કરાવવાની વ્યવસ્થા કરવી. ગલીની ગટરમાં તેને બેસાડવાં યોગ્ય નથી. તેથી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ગંદકી, દુર્ગન્ધ અને ઘૃણાસ્પદ અસ્વચ્છતાથી તે ગલીમાં રહેવાનારા તથા ત્યાંથી નીકળનારને કષ્ટ પડે છે. ઉપરના માળ પરથી ફૂટેલો ઘડો ફેંકવાથી એક વાર તે રસ્તેથી નીકળતા બાળકનું માથું ફૂટી ગયું અને તેનું મૃત્યું થયું. સાર્વજનિક સ્થાનોની સ્વચ્છતા અને વ્યવસ્થા બગાડવી એક પ્રકારનું નિમ્ન પ્રકારનું કાર્ય છે. માનવતાની ફરજો પ્રત્યે આપણા અજ્ઞાનનું તે દ્યોતક છે.

રેલવે સ્ટેશન, ધર્મશાળા, બગીચા, નદી કિનારો, સિનેમા ઘર વગેરે સાર્વજનિક સ્થાનો ઉપર લોકો જ્યાં ત્યાં નકામા કાગળો, એંઠાં પતરાળાં, સીગારેટનાં ખોખાં, મગફળીનાં છોતરાં વગેરે ફેંક્યા કરે છે અને જોત-જોતામાં તે સ્થાનો ગંદકીથી ભરાઈ જાય છે. રેલગાડીના ડબ્બામાં કે જ્યાં દરેક મુસાફરને ખીચોખીચ બેસવું પડે છે ત્યાં એવી ગંદકી બહુ જ ખટકે છે. સંડાસોમાં મળમૂત્રનું વિસર્જન ખોટી જગાએ કરીને ત્યાંની સ્થિતિ એવી કરી નાખે છે, કે બીજાને તેનો ઉપયોગ કરવો મુશ્કેલ થઈ પડે છે. રેલવેમાં જ્યારે કેટલાયે મુસાફરો ઊભાઊભા મુસાફરી કરતા હોય છે ત્યારે કેટલાક લોકો બિસ્તરો પાથરી અને લાંબા પગ કરી સૂતા રહે છે અને ઊભા કરવા જતાં ઝઘડો કરે છે. આ લોકોએ માનવતાનું પ્રાથમિક શિક્ષણ શીખવું જ જોઈએ કે સાર્વજનિક ઉપયોગનાં સ્થાનો કે વસ્તુઓનો એટલો જ ઉપયોગ કરવો કે જેટલો આપણો હક્ક હોય. બિન આરક્ષિત ડબ્બા માત્ર બેસવા માટે જ હોય છે. ખાલી હોય તો જ સૂઈ શકાય, પણ જ્યારે અનેક મુસાફરો ઊભા હોય અને લટકતા હોય ત્યારે થોડાક લોકો સૂવાનો આનંદ ઉઠાવે તે બાબત અન્યના હક્ક પ્રત્યેનો અનાદાર છે અને તેને પશુતા કહેવી જોઈએ.

પ્રસિદ્ધ ભારતભક્ત અંગ્રેજ સી.એફ. એન્ડ્રુઝે પોતાનું જીવન આપણા દેશની સેવા માટે સમર્પિત કર્યું. તેના વયોવૃદ્ધ પિતાનો પગ સડક ઉપર પડેલી કેળાની છાલ ઉપરથી લપસ્યો. તેઓ નાળામાં પડયા અને પગ ભાંગ્યો, જેથી હૉસ્પિટલમાં દાખલ થવું પડ્યું. તેમના મૃત્યુ માટે જવાબદાર તે વ્યક્તિ હતી, જેણે કેળાં ખાવાની ધૂનમાં છાલ ક્યાં ફેંકવી જોઈએ તેનું ધ્યાન ન રાખ્યું. એમ જ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બેદરકારીમાં તેને સડક ઉપર ફેંકીને ચાલી ગઇ. જો તેણે કેળાં ખાતાં અને છાલ ઉતારતાં એમ વિચાર્યું હોત, કે આ રીતે સડક ઉપર છાલ ફેંકવાથી બીજાનો પગ લપસી શકે છે અને તેને ઘાતક ચોટ લાગી શકે, તો જરૂર તેને છાલ ફેંકતાં, ધૈર્યયુક્ત થઈ યોગ્ય સ્થાન શોધવાનું યાદ આવત, પણ જ્યાં બીજાની સગવડનું ધ્યાન રાખવાની વાત મગજમાં આવતી જ નથી ત્યાં એવો વિચાર કરવાનું કષ્ટ કોણ ઉઠાવે ? નારંગી વગેરેની છાલ લોકો એમ જ જ્યાં ત્યાં ફેંક્યા કરે છે અને તેથી દુર્ઘટનાઓ થતી રહે છે.

કેટલાયે લોકો ગાયને પાળે છે અને દૂધ દોહીને રખડતી છોડી દે છે. તેઓ એમ સમજે છે કે કોઈની ચીજો ખાઈને પોતાનું પેટ ભરી લેશે અને આપણને દૂધ આપશે. ગૌમાતા પ્રત્યેની પ્રચલિત શ્રદ્ધાને આધારે કોઈ તેને મારશે નહીં અને પોતાનું કામ ચાલશે. આ રીતે તે ગાય, લોકોની વસ્તુઓ ખાઈને, ગંદકી ફેલાવીને બીજાનું રોજ નુકસાન કરે છે અને માર ખાતી રહે છે. આ રીતે બીજાને કષ્ટ આપી પોતે લાભ ઉઠાવવો, તેને શું કહેવું જોઈએ ? પોતાને કીર્તન કરવાનું મન હોય તો પોતાના ઘરમાં પૂજાખંડમાં મંદ અવાજે પ્રસન્નતાપૂર્વક ગાવું. પણ લાઉડ સ્પીકર લગાવી, રાતભર ધમાલ મચાવી અને પાડોશી, બીમાર, પરીક્ષાર્થીઓ તથા અન્ય લોકોની ઊંઘ હરામ કરનાર ઈશ્વરભક્તિ કરતાં પહેલાં આપણે નાગરિક ધર્મ, મર્યાદા અને જવાબદારીને સમજવી જોઈએ. જેનો અર્થ છે - બીજાની સગવડને ધ્યાનમાં રાખીને પોતાની ઈચ્છાને સ્વેચ્છાપૂર્વક અંકુશમાં રાખવી.

મનુષ્યની પ્રાથમિક અને નૈતિક ફરજ છે કે તે વચનપાલન કરે અને પ્રામાણિક વ્યવહાર કરે. જે સમયે કોઈ વસ્તુ આપવાનું કે કામ પૂર્ણ કરી દેવાનું વચન આપ્યું હોય, તે વચનને પૂર્ણ કરવાનું બરાબર ધ્યાન રાખવું જોઈએ, જેથી બીજાને અગવડોનો સામનો ન કરવો પડે. જો આપણે દરજી કે મોચી હોઈએ, તો યોગ્ય એ છે કે વાયદો આપેલા સમયે તે કામ કરી આપવાનો પૂરી નિષ્ઠાથી પ્રયત્ન કરીએ. વારંવાર ઉઘરાણી કરવી અને નિરાશ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

થઈને પાછા ફરવામાં જે સમયનો વ્યય થાય છે, અગવડ પેદા થાય છે તે જોઈને, એવા દરજી કે ધોબી પોતાને પ્રાપ્ત મજૂરી કરતાં ગ્રાહકને ચારગણું કે દસગણું નુકસાન કરે છે. ભાષણ કરવું હોય તો આપણે ઠીક સમયે પહોંચી જવું જોઈએ અને નિયત સમયમાં પૂરું કરી દેવું જોઈએ. સમયનું ધ્યાન ન રાખવું એ શ્રોતાઓ સાથેનો અન્યાય છે. મિજબાની જે સમયે રાખી હોય તે સમયે જ શરૂ કરી દેવી જોઈએ. મહેમાનોને કલાકો સુધી પ્રતીક્ષામાં બેસાડી રાખવા તે એક રીતે સમયની બરબાદી જ છે. જેને ધનની બરબાદી સમાન જ હાનિકારક સમજવું જોઈએ.

વસ્તુનું મૂલ્ય અને સ્વરૂપ જે બતાવવામાં આવ્યું હોય, વસ્તુતઃ તે જ હોવું જોઈએ. અસલીમાં નકલીની મિલાવટ કરવી, કિંમતમાં વધઘટ કરવી વેપારીઓ માટે સર્વથા અશોભનીય છે અને નાગરિક કર્તવ્યની અવગણના છે. પહેલાં ભાવ વધુ કહેવો અને પછી કસી કસીને ઓછો કરવો, એ પોતાની વિશ્વસનીયતા અને પ્રામાણિક્તા ઉપર કલંક લગાવવા સમાન છે. અસલી અને નકલી ચીજો બન્ને અલગઅલગ વેચવી અને તેમની કિંમત પણ વત્તી ઓછી સ્પષ્ટ દર્શાવવી. તેમ કરવાથી વેપારીની આબરૂ વધશે અને ગ્રાહકોને સંતોષ થશે તથા સમય બચશે. એક દુકાનદાર અસલી લાલ મરચું વેચતો હતો અને વાજબી ભાવ લેતો હતો, જે બજારભાવ કરતાં મોંઘું પડતું હતું. ગ્રાહકો પ્રશ્ન કરતા ત્યારે બાજુમાં રાખેલો લાલ ગેરૂ બત્તાવીને કહેતો, ‘‘આપ કહો તેટલો ગેરૂ ભેળવી, સસ્તું કરી દઉં.’’ બીજી દુકાનો ઉપર વેચાતા ‘મરચા’નો નમૂનો તેઓ પાણીમાં ભેળવીને જ્યારે ગેરૂ નીચે બેસતું જોતાં ત્યારે કહેતા કે સસ્તું મરચું ભેળસેળવાળું જ હોય. ગ્રાહકો વસ્તુસ્થિતિ સમજી જતા, પછી હંમેશાં તેની જ દુકાનેથી મોંઘી કિંમતની શુદ્ધ ચીજો ખરીદતા. પ્રામાણિક્તા એ ખોટનો ધંધો નથી. તે પ્રામાણિક્તાની અને વિશ્વસનીયતાની પરીક્ષા જ ઈચ્છે છે. આ કસોટી ઉપર ખરા ઊતરવું દરેક વેપારીનું, નાગરિકનું કર્તવ્ય છે. આ કર્તવ્યાપાલનથી વ્યક્તિનું સન્માન અને વ્યવસાય બન્નેમાં વૃદ્ધિ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

થાય છે.

બીજાની અગવડોને ધ્યાનમાં રાખીને પોતાની સગવડોને સીમાબદ્ધ કરવી, શિષ્ટ અને સભ્યતાભર્યો મધુર વ્યવહાર કરવો, મીઠાં વચન બોલવાં, વચનનું પાલન કરવું, પ્રામાણિક્તા અને વિશ્વાસની નીતિરીતિ અપનાવવી, સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી સારી રીતે નિભાવવી વગેરે નાગરિક કર્તવ્યોનો શુભ આરંભ છે. આટલું તો આપણે સૌએ શીખવું અને કરવું જોઈએ. આપણા આચરણથી સમાજમાં સ્વસ્થ પરંપરાઓનો પ્રચાર-પ્રસાર કરી, આપણે એવી સ્થિતિ ઉત્પન્ન કરી શકીએ કે જેથી સભ્ય સમાજમાં શિષ્ટ નાગરિકોની જેમ સારી રીતે આપણે જીવી શકીએ અને બીજાને જીવવા દઈએ.

## વ્યક્તિગત સ્વાર્થ પણ સામાજિક સુવ્યવસ્થા ઉપર નિર્ભર છે.

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. તેની પ્રક્રિયાનો ઈતિહાસ આ જ પ્રતિપાદન કરે છે. પારસ્પરિક સહકારિતા અને ઉદારતાના ભાવનાત્મક સદ્‌ગુણોએ તે સ્થિતિ પેદા કરી કે જેથી લોકો એક બીજાને પોતાનો બૌદ્ધિક અને ક્રિયાત્મક સહયોગ આપી શકે અને આ વિનિમયથી જ્ઞાન, અનુભવ, સાધન, ઉત્પાદન, ચિંતન અને વિકાસનાં અનેક દ્વાર ખૂલ્યાં. આ જ રસ્તે ચાલતો દુર્બળ માનવ વર્તમાન સ્થિતિ સુધી પહોંચવામાં સમર્થ થયો. જો તે એકાકી, પોતાનામાં જ સીમિત, સ્વાર્થી, સહયોગમાં રુચિ વિનાનો, અનુદાર રહ્યો હોત તો પ્રકૃતિના ઝંઝાવાતોમાં, સંભવ છે કે તેનું અસ્તિત્વ જ અનેક પ્રાગ્ ઐતિહાસિક પ્રાણીઓની જેમ લુપ્ત થઈ ગયું હોત. એવું ન હોત તો પણ, સહયોગ-સાધના વિના, તેની વર્તમાન સ્થિતિ સુધી પહોંચવું અસંભવ હતું. બુદ્ધિની મહત્તા ઘણી માનવામાં આવે છે. શ્રેય પણ બુદ્ધિને જ આપવામાં આવે છે પણ હકીક્ત એ છે કે બુદ્ધિનો વિકાસ પણ સામાજિક અને પરસ્પરના સહયોગની મૂળ માનવીય પ્રવૃત્તિ દ્વારા જ સંભવ બન્યો. આ પ્રવૃત્તિને ઈચ્છો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તો માનવધર્મનો મૂળ આધાર પણ કહી શકો.

આજે મનુષ્યની આત્મનિર્ભરતાનો અધિકાંશ ભાગ સમાજના સ્વરૂપ, સ્તર અને સંગઠન પર નિર્ભર છે. તે ઢાંચો જ્યાં સુધી મજબૂત, સુવ્યવસ્થિત અને સુસંસ્કૃત છે, ત્યાં સુધી વ્યક્તિને વિકસિત થવાની સગવડ વિશેષ મળી શકશે અને તેટલું જ આનંદ અને ઉત્સાહનું વાતાવરણ બની જાય છે. જ્યાં આ વ્યવસ્થા જેટલી નબળી અને વિસંગતિઓથી ભરેલી છે, ત્યાં એટલી જ અસુવિધાઓ અને પીડાઓ નાગરિકોને સહન કરવી પડે છે. આ વાતોને ધ્યાનમાં રાખીને આધુનિક દર્શનશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, એક જ પ્રતિપાદન કરે છે, કે વ્યક્તિ પોતાની સુખ - સુવિધાનું જેટલું ધ્યાન રાખે છે અને પ્રયત્ન કરે છે, તેનાથી ઓછો નહીં, પરંતુ વધુ સમાજની સુવ્યવસ્થા અને ઉજ્જવળ પરંપરા ટકાવી રાખવામાં પણ સક્રિય રહેવો જોઈએ. આ મનોવૃત્તિને દેશ-ભક્તિ, નાગરિકતા, કર્તવ્યનિષ્ઠા, લોકસેવાપરાયણતા, સજ્જનતા વગેરે નામથી ઓળખવામાં આવે છે.

કોઈ જમાનામાં માણસ ભલે વન્ય પશુઓની જેમ એકાકી અને આત્મનિર્ભર રહ્યો હશે, પણ આજે તો તેની સ્થિરતા, સુવિધા, વ્યસ્તતા, પ્રગતિ અને પ્રસન્નતા - સર્વ કંઈ સમાજ વ્યવસ્થા ઉપર નિર્ભર થઈ ગયું છે. અન્ન બીજા ઉગાડે છે ત્યારે આપણને ખાવાનું મળી શકે છે. રસોઈનાં ઉપયોગી વાસણ, ઉપકરણ બીજાએ બનાવ્યાં છે. વસ્ત્ર, સાબુ, બૂટ, દાંતિયો, તેલ - જે ઉપલબ્ધ છે, અન્યત્ર બનેલાં છે. તે વસ્તુઓ આપણા સુધી પહોંચવામાં જે યંત્રો, વાહનો, સાધનોનો પ્રયોગ થયો છે, તે બીજાએ બનાવેલાં છે. દૈનિક જીવનમાં ઉપયોગી વસ્તુઓ માટે આપણને પૂર્ણતયા બીજા ઉપર નિર્ભર રહેવું પડે છે. જો આ સુવિધાઓ ન મળી શકી હોય, તો કહેવાતું એકાકી અને અતિસીમિત જીવન પણ જીવી શકવાની આજે કલ્પના પણ કરવી મુશ્કેલ છે.

પોસ્ટ ઓફિસ, તાર, રેલ, મોટર, વહાણ, રેડિયો, સડક, પુલ, સ્કૂલ, પ્રેસ, પુસ્તકો, હૉસ્પિટલ, કારખાનાં, વીજળી વગેરે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સગવડો વિના આપણે કઈ સ્થિતિમાં હોત, તેની કલ્પના કરવાથી ખ્યાલ આવશે, કે તેના વિના આપણે કેવી દશામાં હોત. સરકારી સ્તરે પોલીસ, કોર્ટ, જેલ, ફાંસી, સૈન્ય, કાનૂન, નિયંત્રણ, નિરીક્ષણ, શિક્ષણ, વ્યવસ્થા વગેરે કાર્યો ચાલે છે. જો તે બધાં ન ચાલે, તો સુરક્ષા અને વ્યવસ્થાનો સમગ્ર ઢાંચો હચમચી જાય અને સર્વત્ર અનિશ્ચિતતા, આશંકા અને અશાંતિની કાળી ઘટાઓ જ છવાયેલી દેખાત. કવિ, કલાકાર, ગાયક, સાહિત્યકાર, ચિત્રકાર, સંત, સુધારક, લોકસેવી પ્રતિભાઓ વગેરે પોતાનું અનુદાન દેવાનું બંધ કરી દે, તો સર્વત્ર નીરસતા અને કર્કશતા જ દેખાય. ગંભીરતાથી વિચાર કરીએ તો ખાતરી થશે કે આપણું અને આપણા પરિવારનું વર્તમાન અને ભવિષ્ય ઘણું કરીને સમાજ ઉપર જ નિર્ભર છે. ચોર, ગુંડા, દુષ્ટ, દુરાચારીઓનો જ અનાચાર ચાલે અને આપણે તેના ચક્કરમાં ઘેરાયેલા રહીએ, તો વ્યક્તિગત રૂપે સજ્જન અને ધાર્મિક હોવા છતાં વિષમ પરિસ્થિતિઓનો સામનો કરવો પડશે અને ભાવિમાં અનિચ્છનીય અને આક્રમક દુષ્ટતાનો સામનો કરવો પડશે. આ સ્થિતિમાં આપણી સુરક્ષા, શાંતિ, વ્યવસ્થા અને ભવિષ્યની આશા સર્વ કંઈ ધૂંધળું અને અંધકારમય બની જશે.

એક વસ્તુ સારી રીતે સમજી લેવી જોઈએ કે સમાજની સ્થિતિ સારી રહેવી એ વ્યક્તિની પ્રગતિ અને શાંતિની ગેરેન્ટી છે. જો તે બગડી જાય તો કોઈ પણ ચેનથી નહીં બેસી શકે. આપણા દેશમાં આજે વધી ગયેલી નિરક્ષરતા, મૂર્ખતા, અનૈતિક્તા અને અસામાજિક્તાએ પ્રગતિનો માર્ગ કેટલો કાંટાળો બનાવ્યો છે તથા પગલે-પગલે કેટલા કાંટા વિખેરી નાંખ્યા છે, તેનો પ્રભાવ આપણે આપણા વ્યક્તિગત અને પારિવારિક જીવન પર પડતો પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ. ભેળસેળવાળા અને નકલી ખાદ્ય પદાર્થ જ લાચાર થઈને ખરીદવા પડે છે. તેને લીધે સ્વાસ્થ્ય બગડી રહ્યું છે. નકલી દવા-દારૂ અને અણઘડ ડૉક્ટરોએ આપણું સ્વાસ્થ્ય બરબાદ કરી નાખ્યું છે. કુસંસ્કારી બાળકોની સાથે હળવા-ભળવાથી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આપણાં બાળકો વિના કારણ આવારા થઈ ગયાં છે. પક્ષપાતી અને અનાચારી અધિકારીની નીચે રહેવાથી પ્રગતિનાં દ્વાર બંધ થઈ ગયાં. ગંદું સાહિત્ય, ચિત્ર, ફિલ્મ અને ગાયનોએ ઘરની નવી પેઢીને કુમાર્ગગામી કરી દીધી. ચોરોએ શ્રમસંચિત મૂડી ચોરીને દીનહીન બનાવી દીધા. ગુંડા તત્ત્વોએ આપણી ઊંઘ હરામ કરી. લાંચિયા કર્મચારીને કારણે આપણું ઉચિત કામ થઈ જ ન શક્યું. જ્યારે બીજાનું કામ અનુચિત હોવા છતાં લાલચ આપી અને ફોસલાવીને કરાવી લેવામાં આવે છે.

આ એક ઝલક છે, જે દર્શાવે છે કે સામાજિક અવ્યવસ્થાની પરિસ્થિતિમાં વ્યક્તિની પ્રગતિ, શાંતિ, સુરક્ષા શક્ય છે. તેથી વ્યક્તિગત સુખ-સુવિધા વધારવાની જેમ જ આપણે સામાજિક સુવ્યવસ્થાની વાત, પરમાર્થ - દેશભક્તિના આધારે જ નહીં, પરંતુ વ્યક્તિગત સુવિધાની દૃષ્ટિએ પણ વિચારવી જોઈએ. સરહદો ઉપર લશ્કર નિયુક્ત કરીને જ આપણે નગરમાં શત્રુદેશોના આક્રમણથી બચીને રહીએ છીએ. અન્યથા લોકો અલગ અલગ રીતે, પોત-પોતાની સુરક્ષાનો પ્રબંધ કરે, તો આક્રમણકારીઓ સામંતયુગની જેમ કત્લેઆમ કરે અને સમગ્ર શહેર લૂંટી, સમર્થ નરનારીઓને ગુલામ બનાવી ઘસડી જવાનાં કુકૃત્યો આજે પણ બનતાં હોત. દરેક સરહદ પર સૈન્ય નિયુક્ત કરીને આપણે આપણું ઘર અને નગરોની સુરક્ષાનો પ્રબંધ પણ કર્યો છે. એ જ રીતે આપણે સમાજનિર્માણ અને સમાજસુધારાનાં કામોમાં રસ લઈએ અને યોગદાન દઈએ, તો માત્ર પોતાની જ નહીં, આપણાં સ્વજનો તથા સંબંધીઓનાં સુખ- સુવિધા પણ વધારીએ છીએ. સ્વાર્થ અને પરમાર્થનો સુંદર સમન્વય તેમાં જ છે, કે વ્યક્તિ માત્ર પોતાની જ નહીં, સમગ્ર સમાજની પ્રગતિ અને વ્યવસ્થા ઉપર પૂરેપૂરું ધ્યાન આપે.

સુવિકસિત સમાજોમાં વ્યક્તિની સુરક્ષા અને પ્રગતિ સુનિશ્ચિત રહે છે. વૃદ્ધાવસ્થા માટે 'ઘરડા-ઘર', અશક્તો માટે પેન્શન, રોગીઓને ચિકિત્સા તથા બાળકોને શિક્ષણનો સારામાં સારો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રયત્ન સામાજિક સ્તરે ઘણી સુંદર રીતે થઈ શકે. પ્રગતિશીલ દેશોમાં એવું જ થઈ રહ્યું છે. વૃદ્ધાવસ્થા અને અશક્તિ માટે ચિંતા કરવામાં એટલો સાર નથી, જેટલો સમાજને સુવ્યવસ્થિત તથા સુવિકસિત બનાવવામાં યોગદાન આપવામાં છે. બીજાનો બોજો ઉઠાવી શકે તેવો સશક્ત સમાજ બનાવવો જોઈએ. બાળકો માટે ધન છોડી જવામાં પણ કોઈ નિશ્ચિંતતા નથી, પણ જો સમાજ દરેક વ્યક્તિને કામ આપવામાં સમર્થ થઈ જાય તો બાળકો માટે વારસામાં ધન છોડી જવા કરતાં પણ વિશેષ નિશ્ચિંતતા રહેશે કે તેને રોટી કમાવાનાં અને સુખશાંતિથી રહેવાનાં સાધનો પણ મળી શકશે.

વ્યક્તિગત સ્વાર્થ કે જેમાં મનુષ્ય પોતાનું અને પોતાના બાળકોનું જ હિત વિચારે છે તે વસ્તુતઃ એક માનસિક ક્ષતિ અને બૌદ્ધિક સંકીર્ણતા ગણાશે. આપણે ધ્યાન રાખવું પડશે કે મનુષ્ય ઝડપથી એક કઠોર સામાજિક્તાના બંધનમાં બંધાઈ રહ્યો છે.

વિજ્ઞાને સમગ્ર દુનિયાને એક કરી દીધી છે અને દૂરતાને નજીકતામાં બદલી નાંખી છે. આવી સ્થિતિમાં સમગ્ર માનવસમાજ એક કુટુંબ જેવો બની ગયો છે. કુટુંબમાં એક આદમી મીઠાઈ ખાય અને બીજા ભૂખે મરે, તો મીઠાઈ ખાવાવાળાને સંકટમાં ફસાવું પડશે. તે જ રીતે સમાજનું પછાતપણું રહેવાથી વ્યક્તિગત ઉન્નતિ, સમૃદ્ધિ, મોજશોખનાં સ્વપ્ન જોવાં એ સર્વથા અદૂરદર્શિતા છે. આપણામાંથી પ્રત્યેકે શ્રમ, સમય, મન અને ધન સમાજને સમુન્નત બનાવવામાં વ્યક્તિગત સ્વાર્થની સુરક્ષાની દૃષ્ટિએ પણ સમર્પિત કરવાં જોઈએ, કેમકે સુવ્યવસ્થિત સમાજરચના ઉપર જ વ્યક્તિગત સુવિધાઓની સ્થિરતા પૂર્ણતયા નિર્ભર રહે છે.

## (૪) યુગની અનિવાર્ય માગ - પ્રૌઢોને સાક્ષર બનાવીએ

શિક્ષણ વિનાનો માણસ એક રીતે આંધળો છે. જીવન



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઉપયોગી માહિતી માત્ર આંખ-કાનથી જ પ્રાપ્ત કરી શકાતી નથી. તેને માટે વાસ્તવિક આધાર સાહિત્ય છે. જેને આધારે કોઈના પ્રત્યક્ષ શિક્ષણ આપ્યા વિના, વ્યક્તિ પોતાની મેળે જ લોક-પરલોકની, દેશવિદેશની અગણિત સત્ પ્રવૃત્તિઓની ઉપલબ્ધિ અને દુષ્પ્રવૃત્તિઓની વિભીષિકાઓથી પરિચિત થઈ શકે છે. જ્ઞાન, વિજ્ઞાન, કલા, શિલ્પ, ચિકિત્સા, અર્થવ્યવસ્થા, શાસન, ધર્મ અધ્યાત્મ એવી કેટલીયે જ્ઞાનધારાઓ આપણને સાહિત્ય દ્વારા મળે છે અને તે જ ઉપલબ્ધિઓના આધારે કેટલીયે પ્રતિભા અને ક્ષમતાઓ વિકસિત થાય છે. એ કહેવાની જરૂર નથી, કે સત્સાહિત્યના માધ્યમથી પ્રાપ્ત થઈ શકતું જ્ઞાન, માત્ર તેઓ જ પ્રાપ્ત કરી શકે છે, જેઓ શિક્ષિત છે. અશિક્ષિત તો બિચારા એટલું જ જાણી શકે છે, જે તેમને આંખોથી દેખાય તથા કાનોથી સંભળાય. તેના આધારે જ્ઞાનપ્રાપ્તિની સંભાવના બહુ ઓછી રહે છે. તેથી અભણ માણસોની જ્ઞાન ક્ષિતિજો બહુ નાની રહેવાથી તેમનો માનસિક વિકાસ નહીંવત્ બની શકે છે. તેથી અભણને અર્ધ-અંધ, અર્ધ-વિકસિત, અર્ધ-મનુષ્ય કહે છે. કોઈ વ્યક્તિ શિક્ષિત હોવા છતાંય મહત્ત્વપૂર્ણ પ્રગતિ ન કરી શકે એવું પણ બની શકે. પણ જેમણે કંઈ કહેવાલાયક ભૌતિક યા આધ્યાત્મિક ઉન્નતિ કરી છે, તેઓ શિક્ષણ વિના પ્રગતિ કરી શક્યા છે એવું નહીં કહી શકાય. શિક્ષણ નિઃસંદેહ મનુષ્યની એક મહત્ત્વની આવશ્યક્તા છે અને તેને પૂર્ણ કરવી જ જોઈએ.

નિરક્ષરતા એક અભિશાપ છે, જેને દૂર કર્યા વિના કોઈ સમાજ પ્રગતિના પંથે એક પગલું પણ આગળ ન વધી શકે. આપણે આપણી પ્રગતિની ઇચ્છાની સાથે જ સર્વ પ્રથમ સાક્ષરતા-વૃદ્ધિ અભિયાન હાથ ઉપર લેવું જોઈએ. તેને દુર્ભાગ્ય જ કહેવું જોઈએ, કે ભારતમાં લગભગ ૫૦ ટકા લોકો નિરક્ષર છે. જો સરકારી પ્રયત્ન આ દિશામાં સઘન અને ગંભીર રીતે થતા હોત, તો સ્વાતંત્ર્ય મળ્યા પછી આજે ૪૯ વર્ષે આ સમસ્યા બહુ સરળતાથી હલ થઈ ગઈ હોત. પોતાના દુર્ભાગ્યનો જ આ દોષ છે, જેને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આપણે 'ક્યૂબા' જેવી ચેતના ન આપી. ક્યૂબા અમેરિકન મહાદ્વીપમાં એક નાનો દેશ છે. ત્યાં પણ દસ વર્ષ પહેલાં નિરક્ષરતાની એવી જ સમસ્યા હતી. સરકારે ગ્રેજ્યુએટ યુવકોને ડીગ્રી આપતા પહેલાં એવો પ્રતિબંધ લગાવ્યો, કે તેણે પાંચ નિરક્ષર વ્યક્તિને સાક્ષર બનાવી પોતાની સમાજસેવાનો પરિચય આપવો જોઈએ. તેવી જ રીતે સરકારી નોકરિયાત ઉપર, પદોન્નતિ પ્રાપ્ત કરવાની યોગ્યતા સિદ્ધ કરવા, લોકસેવા પ્રવૃત્તિનો પરિચય આપવા માટે, ચાર નિરક્ષરોને સાક્ષર બનાવી દેવાનો નિયમ બનાવ્યો. ફળ સ્વરૂપે સુશિક્ષિત અને સરકારી વર્ગના લોકો નિરક્ષરતા નિવારણના પ્રયત્નોમાં જોડાઈ ગયા અને જોતજોતામાં નિરક્ષરતાની સમસ્યા હલ થઈ ગઈ. આપણા દેશમાં એવું ક્યારે થઈ શકશે તેની તો પ્રતીક્ષા જ કરવી રહી.

જે સરકારી પ્રયત્નો શિક્ષણ પ્રસાર માટે થઈ રહ્યા છે તે બહુ જ અધૂરા અને અપૂરતા છે. જે ગતિથી વસતી વધી રહી છે તે ગતિથી સ્કૂલોની અભિવૃદ્ધિ સંભવ નથી. ફળ સ્વરૂપે શિક્ષણ-પ્રસારમાં વધારવામાં આવતી ધનરાશિમાં દરેક વર્ષે વૃદ્ધિ કરવા છતાં, નિરક્ષરતાની ટકાવારી બહુ જ ધીમી ગતિથી સુધરી રહી છે. આ પ્રગતિ કીડી વેગે થઈ ગણાય અને તેના ઉપર નિર્ભર રહીએ, તો સાક્ષરતા પ્રસારની સમસ્યા જે રાષ્ટ્રીય પ્રગતિ માટે નિતાંત આવશ્યક છે, તે બહુ જ લાંબી અનિશ્ચિત અવધિમાં પૂર્ણ થશે.

તેને આપણે બિનસરકારી સ્તરે સંભાળવું પડશે અને જનસહયોગથી લોકસેવાની પ્રવત્તિ જાગૃત કરીને દેશભક્ત અને ઉદાર મનોવૃત્તિના સજ્જનોનો સહયોગ લઈને પૂર્ણ કરવું પડશે. બાળકોની સમસ્યા અને વ્યવસ્થા તો સરકારી સ્કૂલ પણ હાથમાં લઈ શકે છે, પણ પ્રૌઢોની ત્રણ ચતુર્થાંશ જનતા એવી છે, જેમની નિરક્ષરતા અસહ્ય છે. જે પેઢીના હાથમાં વર્તમાનની લગામ છે, તેઓ પ્રૌઢ થવા છતાં પણ અશિક્ષિત છે. ભારત ૮૦ ટકા ગામડામાં વસે છે. ત્યાં શિક્ષણનાં સાધન કે ઉત્સાહ નથી. થોડા દિવસથી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જ્યાં-ત્યાં નિશાળો શરૂ થઈ છે અને તેમાં બહુ ઓછાં છોકરાં ભણવા જાય છે અને તે પણ સવર્ણોનાં જ. પછાત જાતિમાં ભણાવવાનો ઉત્સાહ નથી. છોકરીઓ શહેરોમાં તો ભણે છે, પણ ગામડામાં તે જરૂરી માનવામાં આવતું નથી. બે ચાર મહિલાઓ માંડ ભણેલી હશે. સવર્ણોમાં અર્ધા અને અસવર્ણોમાં ૯૯ ટકા અશિક્ષિત છે. ગ્રામ્ય પ્રદેશોની સવર્ણોની સ્ત્રીઓ પણ અભણ જ જોવા મળે છે. એ માટે રાહ જોવી નકામી છે, કે આગલી પેઢી જ્યારે શિક્ષિત થઈને આવશે, ત્યારે રાષ્ટ્રીય પ્રગતિની લગામ હાથમાં સંભાળશે. દુનિયા એટલી તેજ ગતિથી વધી રહી છે કે જે લોકો આજે સામે છે, તેમને જ સુયોગ્ય અને સમર્થ બનાવ્યા વિના કામ ચાલશે નહીં. નિરક્ષરતા નિવારણની સમસ્યા આગળ માટે ટાળી નહીં શકીએ. તે આજે જ હાથમાં લેવી પડશે અને સરકારની રાહ જોયા વિના તેને જનસહયોગ સ્તરે હલ કરવી પડશે.

ઉપાય એક જ છે, કે દરેક શિક્ષિત વ્યક્તિ પોતાની ઉપર આ ''જ્ઞાન-ઋણ'' છે એમ સમજીને, તેમણે સાક્ષરતા માટે કંઈને કંઈ યોગદાન આપવું જ જોઈએ. પ્રૌઢશાળાઓની સ્થાપના અને તેમનું સંચાલન કરવું તેને દરેક શિક્ષિત પોતાનું ધર્મકર્તવ્ય સમજે. થોડા ઉત્સાહી શિક્ષિત લોકો એવી રાત્રિશાળાઓ ગલીગલી અને મહોલ્લામાં ચલાવે, જેમાં નિરક્ષરને સાક્ષર બનાવવાની સુવિધા મળી શકે. મહિલાઓ માટે રાત્રિનો નહીં, ત્રીજા પ્રહરનો સમય અનુકૂળ રહેશે. બે થી ત્રણ કલાક આ પાઠશાળાઓ ચાલુ રહે, તો એક વર્ષમાં જ કોઈપણ વ્યક્તિને પ્રાથમિક શિક્ષણ જેટલી યોગ્ય બનાવીને સાક્ષરોની પંક્તિમાં બેસાડી શકાય.

શિક્ષણની ઉપયોગિતા, મહત્ત્વ, જરૂરિયાત કેટલી છે તેનાથી આપણા દેશવાસીઓ પૂરા અજાણ છે. તેથી આ સંદર્ભમાં બીજું કામ પણ સાથેસાથે ઉપાડવું પડશે, કે સામાન્ય જનતાને નિરક્ષરતાનાં ખરાબ પરિણામો દર્શાવવામાં આવે. તેને માટે ઘેર-ઘેર જઈને જનસંપર્ક, ગોષ્ઠિઓ, પંચાયતો, ચિત્રપ્રદર્શનો, ગીત, સંમેલન, નાટક, અભિનય વગેરે જે પણ પ્રસારનાં માધ્યમો દ્વારા પ્રચાર



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

થઈ શકે તે કરવો. શિક્ષિતોમાં પુસ્તક પત્રિકાઓ દ્વારા પ્રચાર કરી શકાય, પણ અશિક્ષિતોમાં તો દશ્યશ્રાવ્ય માધ્યમો દ્વારા જ કંઈક પ્રભાવ પડશે. જો શિક્ષણનું મહત્ત્વ સમજાવનાર ટોળીઓ નીકળી પડે, તો નિઃસંદેહ સાક્ષરતા પ્રત્યે રુચિ જાગૃત કરી શકાશે. જો ગામેગામ, ગલીએ ગલીએ તથા મહોલ્લાઓમાં પ્રૌઢશાળાઓ રાત્રે તથા ત્રીજા પહોરે ચાલુ કરવાનો ઉપક્રમ હાથ ધરવામાં આવે તો અનેકગણો ઉત્સાહ વધી જશે. આવા ઉમંગભર્યા પ્રવાહમાં દેશના માથે નિરક્ષરતાનું કલંક લાગેલું છે તે સુગમતાથી ધોઈ શકાશે.

વિચારશીલોએ આ નાના પણ ઉપયોગી કામ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને તે હાથ ધરવું જરૂરી છે. આ રચનાત્મક કાર્ય છે. વિદ્યાદાનના આ પુનિત યજ્ઞમાં, દરેક વ્યક્તિ પોતાની રીતે સમય, શ્રમ કે મનોયોગ દઈને સહયોગ આપવા લાગે, તો પણ થોડા દિવસમાં જ આપણો દેશ સાક્ષરતાનો લાભ પ્રાપ્ત કરીને તેજ ગતિથી પ્રગતિને પંથે અગ્રેસર થઈ શકશે.

## (૫) સમાજની એક મહત્ત્વની જરૂરિયાત- વ્યાયામ અને સ્વાસ્થ્ય

શરીરને સ્વસ્થ રાખવા માટે ખોરાક, સ્વચ્છતા, સ્નાન, ઊંઘ વગેરેની જેમ શ્રમની પણ અનિવાર્ય જરૂરિયાત છે. શરીરના અવયવોને સારી રીતે ગતિશીલ અને તંદુરસ્ત રાખવા માટે દરેક પ્રાણીએ યોગ્ય શ્રમ કરવો પડે છે. ખોરાકની શોધમાં પશુપક્ષીઓ લાંબી યાત્રા કરીને અને શરીરને શ્રમથી થકવીને સ્વાસ્થ્યને અખંડ રાખે છે. માણસે જ્યારથી આરામપ્રિયતાની ટેવ પાડી ત્યારથી તેને ટૂંકું આયુષ્ય અને અસ્વસ્થતાનો શ્રાપ ભોગવવા માટે લાચાર થવું પડયું.

આજે પણ જે પ્રકૃતિ પુત્રો ખેડૂતો, મજૂરો અથવા વનવાસીઓના રૂપમાં કઠોર શ્રમ કરે છે તેઓ લૂખું - સૂકું ખાઈને, તંગીયુક્ત જીવન જીવવા છતાંય અપેક્ષા કરતાં વધુ દીર્ઘજીવી અને નીરોગી હોય છે. શ્રમની ઉપેક્ષા અને આરામપ્રિયતાની આદત



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આજની જેમ આપણા સ્વભાવનું જો અંગ બની જશે, તો દેશની અર્થવ્યવસ્થા, સમૃદ્ધિ અને પ્રગતિ ઉપર અસર પડશે. સ્વાસ્થ્યની સમસ્યા પણ દિવસે દિવસે અધિક વિકટ થતી જશે. અમીર લોકો, ફેશનેબલ 'બાબુ' અને કોમલાંગી મહિલાઓ આરામપ્રિયતાનો જેટલો આનંદ લેવા ઈચ્છશે, તેનાથી હજારગણું વધુ દુઃખ અસ્વસ્થતાજન્ય સંકટોની સાથે ભોગવવું પડશે. આ તથ્યને જેટલું જલદી, જેટલા ઊંડાણથી, જનમાનસમાં ઉતારવામાં આવે, તેટલી જ ભલાઈ છે.

કઠોર શ્રમની ઉપયોગિતા અને આવશ્યક્તાથી દરેક મનુષ્યે પરિચિત થવું જોઈએ. સંપત્તિઓ અને વિભૂતિઓ કઠોર શ્રમથી જ પ્રાપ્ત થાય છે. હરામખોરી ઉપર દરિદ્રતાના લાંછનની વર્ષા થાય છે. એટલું જ નહીં, જે કામચોરી કરશે, હરામીપણું અપનાવશે, તેને પ્રકૃતિનો ક્રોધ તથા કોપ, ડગલે ને પગલે દુર્બળતા અને બીમારીના સ્વરૂપે ભોગવવો પડશે. આ તથ્ય સર્વ સાધારણ જનતાને જણાવવા માટે, આપણે શ્રમનું મહત્ત્વ સાબિત કરવા આંદોલન ચલાવવું જોઈએ. શ્રમની પ્રતિષ્ઠાનાં ગીત ગાવાં જોઈએ અને પુરુષાર્થી શ્રમિકોને અભિનંદન આપવાં જોઈએ. એવા "નોકરીવાંછુ" શિક્ષિતોની હાંસી ઊડાવવી જોઈએ કે જેઓ શ્રમથી દૂર ભાગીને, ગામડું છોડી, શહેરોના ગંદા વાતાવરણમાં જાય છે અને સફેદ કપડાં પહેરનાર 'બાબુ'નું ખોખલું અને ગંદું જીવન જીવવાનું પસંદ કરતા જોવા મળે છે.

આપણા દેશની સમૃદ્ધિ અને સ્વચ્છતાની દૃષ્ટિએ શ્રમની પ્રતિષ્ઠા ખાસ જરૂરી છે. આપણે શ્રમિકોને અછૂત બનાવી, તિરસ્કારપાત્ર બનાવીને વિધર્મી બનવા માટે લાચાર કરી દીધા છે. હિન્દુજાતિ ઓછી થવાનું અને અન્ય ધર્મોનો અંગીકાર કરવાનું જે રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક સંકટ પેદા થઈ રહ્યું છે, તેના મૂળમાં આ શ્રમનો તિરસ્કાર રહેલો છે. સામૂહિક શ્રમદાનનું મહત્ત્વ આપણે જો સમજ્યા હોત, તો ગપ્પાંબાજીમાં વેડફાતા સમયનો સદુપયોગ કરીને આપણે એવાં અનેક રચનાત્મક કાર્યો કરી શક્યા હોત કે જેનાથી રાષ્ટ્રની સુવ્યવસ્થા અને પ્રગતિમાં ભારે સહાયતા મળી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શકી હોત.

શ્રમનું મહત્ત્વ સમજાવવા આપણે વ્યાયામ આંદોલનને પ્રોત્સાહન આપવું જોઈએ. દરેક જગાએ વ્યાયામશાળા ખોલવી જોઈએ અને ખેલકૂદથી લઈને આસન - પ્રાણાયામ સુધીનું,સામાન્ય પરેડથી લઈને શસ્ત્ર સંચાલન સુધીનું, શિક્ષણ આપવું જોઈએ. આ રચનાત્મક પ્રક્રિયા દ્વારા રાષ્ટ્રના શારીરિક અને માનસિક બળમાં આશાજનક અભિવૃદ્ધિ થશે.

નિયમિત વ્યાયામ એક બહુ જ સારી ટેવ છે, જેનાથી શારીરિક જ નહીં, માનસિક બળ પણ વધે છે. પરિશ્રમશીલ બનીને આખો દિવસ થકવી નાંખનાર સખત મહેનત કરવાથી સારી ઊંઘ આવે છે અને કકડીને ભૂખ લાગે છે. તેનાથી સસ્તી દવા આ માટે કોઈ બીજી નથી. તેમાં કંઈ ખર્ચ કરવો પડતો નથી, છતાં આવક વધવાની સંભાવના રહે છે. પણ વ્યાયામનો ચમત્કાર બીજો જ છે. તેનો પ્રભાવ માત્ર શરીર સુધી સીમિત નથી. તેનાથી સ્વભાવ અને મનોબળ પણ પરિશુદ્ધ બને છે. દિવસભર લોઢું ટીપનાર લુહાર કરતાં અખાડામાં બે કલાક કસરત કરનાર પહેલવાન અધિક તંદુરસ્ત હોય છે. તેનું કારણ છે વ્યાયામની સાથે જોડાયેલી ઉત્સાહવર્ધક ભાવના. કસરત કરતી વખતે એવી માન્યતા રહે છે કે ''હું સ્વાસ્થ્ય સાધના કરી રહ્યો છું.'' આ શ્રદ્ધાની મનોવૈજ્ઞાનિક અસર એવી ચમત્કારી હોય છે કે માત્ર દેહ તંદુરસ્ત જ નથી થતો, મનની હિંમત તથા સશક્તતા પણ ઘણી વધી જાય છે.

વ્યાયામની સાથે જોડાયેલી ખેલકૂદ ઉત્તમ પ્રકારનો પ્રત્યક્ષ ઉલ્લાસ પ્રદાન કરે છે અને મનોરંજન આપે છે. શરીરની ઉપેક્ષાથી જ શરીર બગડે છે. વ્યાયામ આપણું ધ્યાન સ્વાસ્થ્ય તરફ આકર્ષિત કરે છે અને તનની સુરક્ષા તથા પુષ્ટિ માટે ઉમંગ પણ પેદા કરે છે. આળસનો ત્યાગ અને શ્રમમાં અભિરુચિ ઉત્પન્ન કરનાર મનસ્થિતિ બને છે. ખેલકૂદની સાથે જોડાયેલી સ્પર્ધાઓ મનમાં મહત્ત્વાકાંક્ષા ઉત્પન્ન કરે છે કે આપણે સાથીદારોની જેમ સશક્ત



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

થવું જોઈએ અને તેમનાથી આગળ વધવું જોઈએ. શારીરિક સ્વસ્થતાની સાથે મનોબળ વધે તે વાત સર્વવિદિત છે. કમજોરી અને બીમારી શરીર સુધી જ સીમિત નથી રહેતી, પરંતુ તે મનને પણ દુર્બળ બનાવી દે છે. માનસિક બીમારી દેહની અસ્વસ્થતા કરતાં વધુ અહિતકર છે. વ્યાયામ આ વિપત્તિઓ અને રોગોથી બચાવે છે. લશ્કરી પરેડ પ્રકારનો વ્યાયામ, શિસ્ત અને ક્રમબદ્ધતા, જેવા સદ્ગુણોને વિકસિત કરે છે. શસ્ત્ર સંચાલનને જો વ્યાયામની સાથે જોડી દેવામાં આવે તો વ્યક્તિ સાહસિક, શૂરવીર, ધૈર્યવાન, અનીતિનો વિરોધ કરનાર, બલિદાની, સત્પ્રવૃત્તિઓ આચરનાર તથા કર્મવીર બને છે. આતંકવાદી તથા દુષ્ટ આત્માઓને ડરાવવા અને નિયંત્રણમાં રાખવા માટે આપણી સમર્થતા અને તેજસ્વિતા ઘણી ઉપયોગી નીવડે છે. આ સમર્થતા માત્રથી દુષ્ટ દુરાત્માઓ, તથા આક્રમણકારીઓનો અડધો જુસ્સો તો આપોઆપ જ સમાપ્ત થઈ જાય છે.

સર્વાંગી સમર્થતામાં વધારો કરવા માટે આપણા દેશમાં વ્યાયામશિક્ષણને, વ્યાયામશાળાઓ સ્થાપિત કરવાની પ્રવૃત્તિને અને વ્યાયામની સ્પર્ધાઓને પૂરતું પ્રોત્સાહન મળવું જોઈએ. આપણે એક વ્યાયામ આંદોલન ચલાવવું જોઈએ, જેમાં માત્ર શારીરિક તંદુરસ્તીનું જ અભિવર્ધન તથા સ્વાસ્થ્યની રક્ષાનું શિક્ષણ આપવામાં આવે અને સાથે સાથે એ પણ શીખવવામાં આવે, કે બ્રહ્મચર્યની શારીરિક, માનસિક અને સામાજિક સ્વાસ્થ્ય પર કેવી જાદુઈ અસર થાય છે. ચિંતા, નિરાશા, ભય, કાયરતા, લોભ, કંજૂસાઈ, છળકપટ અને દુષ્ટતા વગેરે મનોવિકારોના કારણે સ્વાસ્થ્ય ઉપર કેવો ખરાબ પ્રભાવ પડે છે તેનાથી જન સાધારણને સારી રીતે પરિચિત કરવા જોઈએ. આમ કરવાથી લોકો બીમારીથી બચવા માટે સદાચરણની નીતિરીતિ અપનાવીને સુવિકસિત સમાજની રચનામાં યોગદાન આપશે.

સ્વાસ્થ્ય સંબંધી યોગ્ય જાણકારી ન હોવાથી સ્ત્રી, પુરુષ, બાળક, વૃદ્ધ, સર્વને ટૂંકુ આયુષ્ય અને બીમારીનું કષ્ટ સહન કરવું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પડે છે. સ્વાસ્થ્ય સંરક્ષણના સર્વાંગી શિક્ષણની સાથે જોડાયેલું વ્યાયામ આંદોલન ચલાવવા માટે લોકસેવી કાર્યકર્તાઓ જો આગળ આવે અને તેની સુવ્યવસ્થિત યોજના બનાવે, તો ચોક્કસ તેઓ માનવજાતિની ખૂબ મહત્ત્વની સેવા કરવામાં સમર્થ બની શકશે.

## શિક્ષકો પોતાનું મહાન પદ, ગૌરવ અને જવાબદારી નિભાવે

શિક્ષકનું પદ, ગૌરવ અને જવાબદારી આજીવિકા માટે નોકરી કરતા સમાન્ય કર્મચારીઓ કરતાં વધુ ઊંચાં છે. તેને નિર્વાહ માટે ભલે વેતન લેવું પડતું હોય, પણ જે પ્રકારે અન્ય વેતનભોગી કર્મચારીઓ પોતાના કામને પતાવીને દિવસ પૂરો કરે છે તેવું કામ શિક્ષકનું નથી. શિક્ષકે પોતાના પદની સાથે જોડાયેલી જવાબદારીને સમજવી જોઈએ. તેણે બાળકોનો માનસિક વિકાસ થાય, તેમનું ચરિત્ર નિર્માણ થાય તે જોવું જોઈશે. બાળકોના ચરિત્રનિર્માણ દ્વારા રાષ્ટ્રના ભવિષ્યનું નિર્માણ કરવાનું છે.

માતાપિતા અને બીજા વડીલોની જેમ અધ્યાપકનું પણ બાળકોના નિર્માણમાં ઘણું જ યોગદાન છે. વડીલો સામાન્ય રીતે બાળકોને જન્મ આપે છે, ભરણ પોષણની વ્યવસ્થા કરે છે તથા લાડપ્યાર કરી શકે છે. બાળકોના લગ્ન અને ભરણપોષણ માટે વ્યવસ્થા કરે છે. આવાં કામો સુધી તેઓ મર્યાદિત રહે છે. ઘણાખરા વડીલો તે જ્ઞાન અને વિધાનથી અપરિચિત હોય છે કે જેના આધારે બાળકોની મનોભૂમિ તથા પ્રવૃત્તિઓનો વિકાસ સુસંસ્કારિતાની દિશામાં કરી શકાય. આ ક્ષતિની પૂર્તિ કરવાની જવાબદારી શિક્ષકના માથે આવે છે. વિદ્યાર્થી સ્વરૂપે વિદ્યાલયમાં પ્રવેશ કરતું બાળક, પોતાની સાથે જિજ્ઞાસાઓની એક નવી ભૂખ લઈને જાય છે. ત્યાં તેને સહાધ્યાયી રૂપે એક નવો સમાજ મળે છે. શિક્ષકના સ્વરૂપે એક નવો માર્ગદર્શક મળે છે. આ વાતાવરણનો તેના ગુણ, કર્મ તથા સ્વભાવ ઉપર એટલો ભારે પ્રભાવ પડે છે, જેટલો ઘર, પરિવારનો પણ નથી પડતો. આમ જોઈએ તો પારિવારિક સંસ્કારોનું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મહત્ત્વ પણ ઓછું નથી, પણ એ સ્વીકારવું જોઈએ કે વિદ્યાલય, શિક્ષણપદ્ધતિ અને શિક્ષકની રીતિનીતિનું મહત્ત્વ તેનાથી અધિક છે.

બાળકોનું વ્યક્તિત્વ ઘડવામાં, શિક્ષકોના વ્યક્તિત્વનો પ્રભાવ અને પ્રયત્નોનું ભારે યોગદાન રહે છે. પ્રાચીનકાળનું ભારત તેથી જ દેવોપમ વ્યક્તિઓ અને સ્વર્ગોપમ પરિસ્થિતિઓથી ભરેલું હતું, કેમકે અહીંની કેળવણી અને શિક્ષણવ્યવસ્થા ઋષિઓના હાથમાં હતી. રાષ્ટ્રનું નિર્માણ શિક્ષણ દ્વારા જ સંભવિત છે. આજનાં બાળકો આવતી કાલના નાગરિક, વ્યવસ્થાપક અને નેતા હોય છે. તેમને જે ઢાંચામાં ઢાળવામાં આવશે એવું જ થોડા દિવસોમાં રાષ્ટ્રનું સ્વરૂપ બની જશે. વ્યક્તિનો સમૂહ જ રાષ્ટ્ર છે. તેમાં શિક્ષકોનું મહત્ત્વ વિશેષ છે. શિક્ષિતોની વિચારણા અને નીતિરીતિ અનુસાર રાષ્ટ્ર બને છે કે બગડે છે. હિટલરે જર્મનીને ફાસીસ્ટ બનાવવા શિક્ષણપદ્ધતિને મુખ્ય માધ્યમ બનાવ્યું હતું. ઈટાલીમાં પણ મુસોલિનીએ આવું જ કર્યું હતું. રશિયા અને ચીનના નાગરિકોમાં સામ્યવાદ પ્રત્યે જે અતૂટ નિષ્ઠા જોવામાં આવે છે, તેનું કારણ તેની શિક્ષણપ્રણાલીમાં જ જોઈ શકાય છે. જાપાનની સમૃદ્ધિ અને સુવ્યવસ્થાનું શ્રેય ત્યાંના સુશિક્ષતોને જ આપવું જોઈએ.

એક હજાર વર્ષની રાજનૈતિક ગુલામીમાંથી આપણો દેશ હમણાં જ મુક્ત થઈને બેઠો થયો છે. ગુલામી એક શ્રાપ છે, જે ગુલામ જાતિઓનું નૈતિક, બૌદ્ધિક અને સામાજિક સ્તરે ખરાબ રીતે અધઃપતન કરે છે. આપણા દેશને આ જ દુર્ભાગ્યમાં લાંબા સમયથી પીસાવું પડ્યું છે. તેથી વ્યક્તિગત અને સામાજિક જીવનમાં દોષદુર્ગુણોનો ખરાબ રીતે સમાવેશ થઈ ગયો. તેને જેમનો તેમ પડી રહેવા દેવામાં આવે, તો રાજનૈતિક સ્વતંત્રતાનો કોઈ લાભ નહીં મળે. દુર્ગુણી સમાજ પોતાના જ અનાચારથી ત્રાસ પામી પતનની ખાઈમાં પડે છે અને ભવિષ્યમાં વિવિધ શોકસંતાપ ભોગવે છે. આ ત્રાસમાંથી બચવા માટે કેવળ સુશિક્ષણ જ એક ઉપાય છે અને તે શરૂઆતથી અંત સુધી શિક્ષકોના ઉપર જ નિર્ભર



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રહે છે. તેથી શિક્ષકોનું સ્થાન, ગૌરવ અને મહત્ત્વની દષ્ટિએ ખૂબ ઊંચું માનવામાં આવે છે. તેને 'ગુરુ'ની પદવી આપવામાં આવી છે, જેને લોક-સન્માનની દષ્ટિએ સર્વોત્તમ જ કહી શકાય.

આ તથ્યોને શિક્ષક વર્ગ સ્વીકારે ત્યારે કામ ચાલશે. તેને નોકરીની દષ્ટિથી સોંપવામાં આવેલા કાર્યભાર ઉપરાંત પોતાના પદના ગૌરવને અનુરૂપ પોતાના વ્યક્તિત્વને ઘડવા, જીવનશૈલી અપનાવવા, તથા વિદ્યાર્થીઓની પ્રેમની તૃષા તથા જિજ્ઞાસાઓની ભૂખ પૂરી કરવા માટે પોતાને એક સાધકની જેમ વિનિર્મિત કરવા પડશે. તેનાથી ઓછામાં તે પોતાનું પદ અને ગૌરવ અખંડિત નહીં રાખી શકે. માત્ર વેતનને માટે શ્રમ કરનાર કમજોર અને બિનજવાબદાર મજૂરોની પંક્તિમાં જો તેઓ જઈ બેસે, તો સમજવું જોઈએ કે રાષ્ટ્રનું ભાવિ અંધકારમય જ બની જશે અને જો તેઓ પોતાનામાં અનિચ્છનીય દોષદુર્ગુણોની માત્રા વધારી દે, તો સમજવું જોઈએ કે નવી પેઢીનો સર્વનાશ થઈને જ રહેશે.

દુર્ભાગ્યે આપણા દેશમાં શિક્ષણના માધ્યમથી રાષ્ટ્રીય ચારિત્ર્યનું નિર્માણ કરવાના તથ્યને સમજવામાં આવ્યું નથી અને અંગ્રેજોએ 'કાળા સાહેબ' અને કારકુનો ઘડવાની જે શિક્ષણપદ્ધતિ અપનાવી હતી, તેને જ છાતીએ વળગાડી રાખી છે. વ્યક્તિ અને સમાજના નવનિર્માણ માટે, જે પ્રખર ચેતનાસંપન્ન શિક્ષણપદ્ધતિની જરૂર હતી અને તેને યોગ્ય જે શિક્ષકો તૈયાર કરવા જોઈએ તેને માટે કોઈ નક્કર કામ ન થયું. ભણતરનો લૂલો-લંગડો ચીલો ચાલુ રહ્યો છે. વિદ્યાલયોમાંથી નીકળનાર છાત્રો, કોઈ ઉમંગ કે દિશા લઈને બહાર નથી નીકળતા, પરંતુ નિરાશા અને આક્રોશની સાથે જ શિક્ષણની નિરર્થક્તા અને ભવિષ્યની અનિશ્ચિતતા આંકે છે. આ તેની મૂંઝવણ વિવિધ પ્રકારે, ઉદ્દંડતાના રૂપમાં ફૂટી નીકળતી આપણે ડગલેને પગલે જોઈએ છીએ અને કડવામીઠા શબ્દોમાં તેનો તિરસ્કાર કરીએ છીએ, પણ આ પારસ્પરિક વિવાદ-વિષાદની ચર્ચા ચાલુ રાખવાથી કોઈ કામ નહીં બને. સમસ્યાનો ઉકેલ તો પ્રયત્નોથી આવે છે. સરકાર પોતાનું કર્તવ્યપાલન ન કરે, તો તેને અર્થ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એ નથી કે લોકોએ હાથ જોડીને બેસી રહેવું.

આ સંદર્ભમાં સૌથી મુખ્ય અને પવિત્ર કર્તવ્ય શિક્ષક વર્ગનું છે. તેણે પોતાના પદ અને ઉત્તરદાયિત્વને નિભાવવા માટે સ્વેચ્છાપૂર્વક આગળ આવવું જોઈએ. જો ઇચ્છે, તો તેઓ વ્યક્તિગત રૂપથી પણ આ કાર્ય કરી શકે છે, જે રાષ્ટ્રનિર્માણના મહત્ત્વપૂર્ણ યોગદાનની જેમ વખાણી શકાય છે. જો તેઓ સાચા મનથી ભાવિ નાગરિકોની મનોદશાને ચરિત્રનિષ્ઠા અને લોકસેવા જેવી સત્પ્રવૃત્તિઓ તરફ વાળવાનો સંકલ્પ કરે અને તેને અનુરૂપ પ્રવૃત્તિઓ અપનાવે, તો શિક્ષણપદ્ધતિ ભલે ગમે તેવી હોય, અસુવિધાઓ ભલે ગમે તેટલી હોય, એમ છતાં પોતાની અંતઃપ્રેરણા અને કર્મનિષ્ઠાના બળે એટલું કાર્ય કરી શકે છે કે જેનાથી અંધકારમાં પ્રકાશનાં કિરણો ફૂટતાં જોઈ શકાય.

અધ્યાપકના મહાન પદની માગ છે કે પ્રત્યેક શિક્ષકે ચારિત્ર્યવાન અને શ્રેષ્ઠ વ્યક્તિત્વવાળા બનવું જોઈએ. તેમનું વ્યક્તિગત જીવન પવિત્ર, નિર્દોષ અને દુર્ગુણોથી મુક્ત હોવું જોઈએ. તેના વિના વિદ્યાર્થીઓ ઉપર કે બીજા ઉપર તેમની કોઈ છાપ નહીં પડે અને સન્માન નહીં મળે. બીબામાં રમકડાં ઢાળવામાં આવે છે એ જ રીતે ચરિત્રવાન શિક્ષક જ સચ્ચરિત્ર વિદ્યાર્થીઓનું નિર્માણ કરી શકે છે. વ્યક્તિગત દોષદુર્ગુણ બધાએ દૂર કરવા જોઈએ, પણ શિક્ષકોએ તે બાબતમાં વિશેષ ધ્યાન આપવું જોઈએ, કેમકે તેમનું આચરણ, રહેણીકરણી, વેશભૂષા વગેરેની સીધી છાપ વિદ્યાર્થીઓ ઉપર પડે છે. તેમણે એવો પહેરવેશ ન પહેરવો જોઈએ, એવી રહેણીકરણી ન અપનાવવી જોઈએ, જે તેના પદના ગૌરવને ઘટાડે અને બાળકોને પણ ઉદ્ધત અનુકરણ કરવાની પ્રેરણા આપે.

મીઠાશ, શિષ્ટાચાર, આત્મીયતા, સજ્જનતા, ઉદારતા અને પ્રેમભર્યો વ્યવહાર કરવાનો અભ્યાસ તેણે કરવો જોઈએ. બાળકો નાનાં છે માટે તેમની સાથે અશિષ્ટ અથવા કર્કશ વ્યવહાર ન કરવો જોઈએ. સદ્‌વ્યવહારની છાપ બધા ઉપર પડે છે. બાળકોના કોમળ મન ઉપર તો તેની છાપ વધુ ઘેરી પડે છે. તેનું પૂરેપૂરું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ધ્યાન રાખવું જોઈએ. બાળકોનું નિર્માણ કરવા માટે પહેલાં પોતાને જ ઘડવા પડશે. ઉપદેશ નહીં, ચારિત્ર્ય જ પ્રભાવ પાડે છે. તેથી શિક્ષકોએ આત્મચિંતન, આત્મસુધાર અને આત્મનિર્માણ માટે પૂરો પ્રયત્ન કરવો જોઈએ.

પાઠ્યપુસ્તકોમાં જે લખ્યું છે તેની યોગ્ય, બુદ્ધિસંગત અને ભાવનાપૂર્ણ વ્યાખ્યા કરીને એવા નિષ્કર્ષ સાથે સમજાવવું જોઈએ, કે વિદ્યાર્થી ઉપર ચારિત્ર્યવાન, ઉદાર, શિષ્ટ, સજ્જન અને સેવાભાવી બનવાની છાપ પડે. આમ તો, આ પ્રકારનું શિક્ષણ પણ એક કલા છે, જે દરેક ભાવનાશીલ શિક્ષક થોડા જ દિવસોમાં સ્વયં પોતાની અંદર જ વિકસિત કરી શકે છે.

## (૭) વિદ્યાર્થીઓ પોતાના ભવિષ્યનું નિર્માણ પોતે જ કરે

દરેક વિદ્યાર્થીએ એ અનુભવ કરવો જોઈએ, કે પોતે એક એવી અવધિમાંથી પસાર થઈ રહ્યો છે, જે તેના ભાગ્ય અને ભવિષ્યનું નિર્માણ કરવાની નિર્ણાયક ભૂમિકા અદા કરશે. મનુષ્યના શરીરનું કોઈ મહત્ત્વ નથી. તે તો પશુપક્ષીઓ કરતાં પણ અનેક રીતે પછાત રહી ગયો છે. વ્યક્તિનું સર્વ ગૌરવ તેના ગુણ, કર્મ તથા સ્વભાવ ઉપર આધારિત છે. બાહ્ય તથા આંતરિક - બન્ને ક્ષેત્રોની પ્રગતિ એક જ વાત ઉપર નિર્ભર છે, કે કોનું વ્યક્તિત્વ કયા સ્તરનું છે ? ધન, વિદ્યા, સન્માન, પદ, સ્વાસ્થ્ય, મિત્રતા જેવી સંપત્તિઓ કોઈને અનાયાસ જ મળતી નથી. તેને માટે ઉપયુક્ત સાધન અને પ્રયુક્તિ નિયોજિત કરવી પડે છે અને આ કરી શકવું તેને જ માટે સંભવ છે, જેણે પોતાનું વ્યક્તિત્વ, ગુણ, કર્મ તથા સ્વભાવને યોગ્ય રીતે ઢાળીને વિનિર્મિત કર્યાં છે. સફળતાઓની ઈચ્છા બધા લોકો કરે છે, પણ તેને મેળવી શકવી દરેકને માટે નહીં, કેવળ ગુણવાન માટે જ સંભવતિ થઈ શકે છે.

વ્યક્તિત્વ નિર્માણનો સૌથી યોગ્ય અને સાચો સમય છે વિદ્યાર્થી કાળ. કિશોરાવસ્થા અને ઊગતી જુવાનીમાં જુસ્સો રહે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. તે વેળા શરીરમાં સામર્થ્ય અને મગજમાં ધારણા શક્તિનું પ્રમાણ વધુ હોય છે. બીજી પણ કેટલીક પ્રકૃતિ પ્રદત્ત એવી વિશેષતાઓ રહે છે, જેને કારણે વ્યક્તિત્વને જેવું ઇચ્છીએ તેવું આ અવધિમાં બનાવી શકાય છે. જેમ આયુષ્ય વધે છે, તેમ સ્વભાવ અને સંસ્કાર પરિપક્વ થવા લાગે છે. પછી તેમને બદલવા મુશ્કેલ છે. લીલું લાકડું ગમે તેમ વાળી શકાય, સુકાયેલું નહીં. ભીની માટીમાંથી રમકડાં બનાવવાં સહેલાં છે, સુકાયેલીમાંથી નહીં. ઊગતી જુવાનીનો ઉપયોગ ભીની માટી કે લીલાં લાકડાંની જેમ વ્યક્તિત્વ નિર્માણમાં એવી રીતે કરવો જોઈએ કે જેનાથી ભવિષ્યને ઉજ્જવળ બનાવવાની સંભાવના સ્પષ્ટ થવા લાગે.

જુસ્સો અધિક અને જવાબદારી ઓછી રહેવાને કારણે ઊગતી જુવાનીમાં કોઈ પણ આકર્ષણ તરફ ખેંચાઈ જવું સરળ હોય છે. એ કહેવાની જરૂર નથી કે અનિચ્છનીય પ્રવૃત્તિઓમાં આકર્ષણ અને મનોરંજન અધિક છે. પાણીનો સ્વભાવ નીચે તરફ વહેવાનો છે. મનોવૃત્તિઓ પણ પાણીની જેમ અધોગામી બનવા માટે સહેજે તૈયાર થઈ જાય છે અને પછી જીવનભર પીછો છોડતી નથી. કહેવાની જરૂર નથી કે દુર્ગુણી વ્યક્તિ પોતાના માટે અને સંબંધિત લોકોને માટે શોકસંતાપભરી પરિસ્થિતિઓ ઉત્પન્ન કરીને શ્રાપ જેવું નારકીય જીવન જ જીવી શકે છે. આ દિવસોમાં જો શ્રેષ્ઠ વાતાવરણનો સંપર્ક રહે અને સદ્ભાવનાઓ તેમજ સત્પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવામાં આવે, તો તેનો પ્રભાવ સમગ્ર જીવન સુધી રહેશે અને ફળ સ્વરૂપે સુખ શાંતિની સંભાવનાઓ સદૈવ સાકાર થતી રહેશે.

મિત્રોનું આકર્ષણ આમ તો સદાયે રહે છે, પણ કિશોરાવસ્થામાં તેઓ પ્રત્યેનું ખેંચાણ ચરમ સીમાએ પહોંચે છે. મિત્રતા ખરાબ નથી. સારા સાથી મળે તો વિકાસ અને પ્રસન્નતામાં વધારો થાય છે તથા સહાયતા મળે છે, પણ દુર્ભાગ્યે આજે આવારા અને દુર્ગુણી છોકરાઓ જ મિત્રતાની જાળમાં ફસાવીને સારા છોકરાઓને પોતાના જેવા બનાવવાની કોશિશ કરે છે. જેઓ સ્વયં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભણતા-ગણતા નથી અને બગીચામાં ફર્યા કરે છે, તેમને પોતાની આવારાવૃત્તિને માટે સાથીદારોની જરૂર પડે છે.

આવા ચાલાક છોકરાઓ મીઠી વાતો કરી ભલા છોકરાઓને ફસાવે છે અને ધીરે ધીરે તેમને આવારા વૃત્તિની અનેક તરકીબો શિખવાડીને પોતાના જેવા બનાવી દે છે. જેથી તેઓ શિક્ષણથી વંચિત રહી જાય છે, સ્વાસ્થ્ય ગુમાવે છે, સ્વભાવ બગાડે છે અને વિશ્વાસ તથા સન્માન ગુમાવી બેસે છે. કોઈનું ભવિષ્ય અંધકારમય બનાવવા માટે આટલી વાત પૂરતી છે. તેથી દરેક સમજદાર વિદ્યાર્થીનું કર્તવ્ય છે કે મિત્રતા બાંધતાં અને દોસ્તોની સાથે ફરતાં પહેલાં હજાર વાર વિચારે, કે પોતાને ક્યાંય આવારાવૃત્તિ તરફ તો ઘસડી જવામાં આવતો નથી ને ? આમ તો આજની પરિસ્થિતિમાં વધુ યોગ્ય તો એ છે, કે ગાઢ દોસ્તી વિના જ કામ ચલાવી લેવામાં આવે અને દરેક સાથી સાથે સામાન્ય શિષ્ટાચાર અને એટલી હદ સુધી જ સંબંધ રાખવો જોઈએ કે જેથી સમયની બરબાદી અને કોઈ જોખમની શંકા ન રહે.

સ્વાસ્થ્ય સંરક્ષણ માટે આ જ સમય સૌથી યોગ્ય છે. આહારવિહારનું, સૂવા-જાગવાનું જો યોગ્ય રીતે ધ્યાન રાખવામાં આવે તો તંદુરસ્તી એવી બની જશે, કે જીવનભર સાથ આપશે. આ સંદર્ભમાં વાસનાના જોખમ પર પૂરું ધ્યાન રાખવું જોઈએ. ગંદી ફિલ્મ, ગંદાં ગીતો, ગંદી નવલકથાઓ, ગંદા મિત્રો તથા ગંદા વિચારો ચિત્તને એવી રીતે ઉદ્વિગ્ન કરી દે છે અને એવાં હલકાં કાર્યોની પ્રેરણા આપે છે કે જેનાથી શરીર અને મગજ ખોખલું થઈ જાય અને ભરજુવાનીમાં અકાળે વૃદ્ધત્વ આવી જાય. અપરિપક્વ ઉંમરમાં આ જાતની ધૂન લાગી જવાથી, શરીર જિંદગીભરને માટે રોગોનો શિકાર થઈ જાય છે અને ગૃહસ્થ જીવન ભારરૂપ બની જાય છે. તેથી આ દિવસોમાં બ્રહ્મચર્ય અને સદ્‌વિચારો વિષે પૂરી સતર્કતા રાખવી જોઈએ અને અશ્લિલ પરિસ્થિતિથી એવી રીતે બચવું કે જેવી રીતે સર્પ, વીંછી, આગ કે ઝેરથી બચીને રહીએ છીએ.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અવજ્ઞા, ઉદ્દંડતા, અશિષ્ટતા અને અશિસ્ત જેવા દુર્ગુણો કે સાહસિકતાની ભયંકર વિકૃતિઓ, કે જેને કારણે બીજાને આઘાત જ નથી લાગતો, પરંતુ પોતાનો સ્વભાવ પણ એવો કનિષ્ઠ બની જાય છે કે જેનાથી કોઈ સર્જનાત્મક કાર્ય નથી થતું. સાહસ સારો ગુણ છે. અનીતિનો વિરોધ કરવાની હિંમત પણ હોવી જોઈએ. આ સાહસિકતા યોગ્ય મર્યાદાઓ અને નાગરિક કર્તવ્યોના ઉલ્લંઘનમાં લાગી જાય, તો આ અશિષ્ટ, અસજ્જન, અશાલીન આતંકવાદી આચરણ આપણા સંપર્કમાં આવનારનું કંઈ જ ભલું નહીં કરે. સર્જનાત્મક અને સજ્જનોચિત સત્પ્રવૃત્તિઓ અપનાવવામાં ભલાઈ છે. સજ્જનોચિત પ્રવૃત્તિઓમાં જ વિકાસની શક્યતાઓ સમાયેલી છે. ઉદ્દંડ મનુષ્ય કોઈને પણ ડરાવી શકે છે. પ્રેમમય સહયોગ મેળવવાથી તેને તો વંચિત જ રહેવું પડે છે અને અંત સુધી આ કમજોરી તેને સદાયે અસફળ અને અધૂરો માણસ જ બનાવી દે છે. પ્રગતિનાં સ્વપ્ન જોનાર દરેક દૂરદર્શી યુવકે શાલીનતાની સજ્જનોચિત ટેવો જ પોતાનામાં પાડવી જોઈએ અને તેમની વૃદ્ધિ થાય તે માટે સતર્ક રહેવું જોઈએ.

આજે શિક્ષણનું ઉચ્ચસ્તર જ વ્યક્તિની ભૌતિક પ્રગતિનો મુખ્ય પાયો છે. અશિક્ષિત કે અલ્પશિક્ષિત વ્યક્તિ શારીરિક શ્રમ વડે થોડી આજીવિકા કમાઈ શકે છે. ઉચ્ચપદ અને કાર્ય કરવાની યોગ્યતા તો ઉચ્ચ શિક્ષણના આધારે જ મળે છે. વ્યક્તિગત ધનલાભ, કે સન્માનપ્રાપ્તિને માટે અથવા લોકમંગળને માટે, કંઈ મહત્ત્વપૂર્ણ કાર્ય કરી શકવા માટે ઊંચી કેળવણી આવશ્યક છે. વિચારશક્તિ અને વ્યક્તિત્વના પ્રગટીકરણ અર્થે પણ શિક્ષણનું મહત્ત્વ સારી રીતે સમજવામાં આવશે તો તેને માટે અધિક તત્પરતા, મહેનત અને એકાગ્રતા રાખવી કંઈ મુશ્કેલ કાર્ય નથી. એ હકીકત છે કે પરિશ્રમી અને કાર્યરત મંદબુદ્ધિવાળા છોકરાઓ અસ્તવ્યસ્ત તીવ્ર બુદ્ધિવાળા છોકરાઓ કરતાં આગળ વધી જાય છે.

ઘરનાં કામોમાં મોટાઓને સહાય કરવી, આત્મનિર્ભરતા વિકસિત કરવા માટે પોતાનાં કામ જાતે કરવાં. થોડા ખર્ચમાં ચલાવી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લેવું, સમયનું વિભાજન કરીને નિયત દિનચર્યાને અનુરૂપ ચાલવું, થોડો પણ સમય બરબાદ ન થવા દેવો, આવેશ અને ચીડિયાપણાથી બચીને મગજને શાંત તથા સમતોલ રાખવું, સદ્સાહિત્યના સ્વાધ્યાયની ટેવ પાડવી, કઠોર પરિશ્રમની ટેવ પાડવી અને હસમુખા, શિષ્ટ તથા વિનમ્ર રહેવું વગેરે યુવાવસ્થાને શોભાયમાન કરનારા સદ્ગુણો છે. આ સ્તરની શાલીનતા અને સજ્જનતાને પ્રાપ્ત કરવાનો અભ્યાસ નવયુવકો કરવા લાગે, તો તેઓની અંદર અનેક એવી વિશેષતાઓ પેદા થવા માંડશે, કે જેના દ્વારા તેમનું ભવિષ્ય સુવર્ણમય અને શાનદાર બની જશે.

## (૮) નવયુવકો સજ્જનતા અને શાલીનતા શીખે

જીવનનિર્માણની મહત્ત્વપૂર્ણ અવસ્થા ૧૨ થી ૨૦ વર્ષ સુધીની છે. તેને કિશોર અવસ્થા કહે છે. આ અવસ્થામાં મનુષ્ય ભીની માટી અને લીલા લાકડા જેવી ઊછરતી ઉંમર જેવો બની જાય છે તેવો જ લગભગ અંત સુધી રહે છે. જે વૃદ્ધ થઈ ગયા હોય તેમની ઢળતી ઉંમરના દિવસોમાં તેમના દોષદુર્ગુણોને સહન પણ કરી શકાય અને ઉપેક્ષા પણ કરી શકાય, પણ નવી પેઢીનાં વિકાસવાન બાળકોની ઉપેક્ષા ન કરી શકાય. ભવિષ્યમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકાઓ તેમણે જ ભજવવાની છે. નેતૃત્વ તેમના જ ખભે આવવાનું છે. તેઓ જેવા ભલાબૂરા હશે, તેને જ અનુરૂપ સમાજની ભાવિ સંભાવનાઓ બનશે. જો આપણે નજીકના ભવિષ્યમાં સમાજને સમુચિત તથા સુસંસ્કૃત જોવા ઈચ્છતા હોઈએ, તો સમગ્ર ધ્યાન આપણી આશાસ્પદ ઊછરતી નવી પેઢી ઉપર કેન્દ્રિત કરવું પડશે.

એ કહેવાની જરૂર નથી કે સમસ્ત શ્રી, સમૃદ્ધિ, પ્રગતિ અને શાંતિ તથા સદ્ભાવનો આધાર મનુષ્યના સદ્ગુણો ઉપર છે. દુર્ગુણી વ્યક્તિ હાથમાં આવેલી સંપત્તિ અને વારસામાં મળેલી સમૃદ્ધિને પણ ગુમાવી બેસે છે અને સદ્ગુણી વ્યક્તિ ગઈગુજરી પરિસ્થિતિમાં રહેવા છતાં, પ્રગતિના હજાર માર્ગ પ્રાપ્ત કરી લે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સદ્‌ગુણોની વિભૂતિઓ જ વ્યક્તિત્વને પ્રતિભાવાન બનાવે છે અને પ્રખર વ્યક્તત્વ જ દરેક ક્ષેત્રમાં સફળતાઓ પ્રાપ્ત કરતું જાય છે. વિદ્યા, ધન અને સ્વાસ્થ્યના આધારે ઉન્નતિ કરી શકાય એવું કહેવાય છે, પણ તેનાથી યે વધારે શ્રેષ્ઠ પ્રગતિનો આધાર સદ્‌ગુણ છે. દુર્ગુણી વ્યક્તિ પોતાના કૌશલના આધારે કોઈ ઉપલબ્ધિ પ્રાપ્ત તો કરી લે છે, પણ તે ઘમંડમાં ઉદ્ધત આચરણ કરીને પોતાની તથા બીજાની શાંતિ નષ્ટ કરે છે, પોતાને અને પોતાની નજીકના સમાજને સંકટમાં નાંખી દે છે.

ઊગતી જુવાનીમાં સૌથી વધુ સદ્‌ગુણ કેળવવા વિદ્યા ભણવી તે ઠીક છે. ખેલકૂદ તથા વ્યાયામ દ્વારા સ્વાસ્થ્ય વધારવામાં આવે, તે પણ સારી વાત છે. વિભિન્ન કલા-કૌશલ અને ચાતુર્ય શીખવામાં આવે તે પણ સંતોષની વાત છે, પણ સૌથી વધુ આવશ્યક્તા એ વાતની છે, કે આ ઉંમરે જેટલી વધારે સતર્કતા અને તત્પરતાપૂર્વક સદ્‌ગુણોનો અભ્યાસ કરવામાં આવે, તેટલો કરવો જોઈએ. ત્રાજવાના એક પલ્લામાં વિદ્યા, બળ, બુદ્ધિ, ધન વગેરે સંપત્તિઓ રાખવામાં આવે અને બીજા પલ્લામાં સદ્‌ગુણ મૂકીએ, તો ચોક્કસ સદ્‌ગુણનું પલ્લું અધિક ભારે અને અધિક શ્રેયસ્કર સિદ્ધ થશે. દુર્ગુણી વ્યક્તિ સાક્ષાત્‌ સંકટસ્વરૂપ છે. તે પોતાને માટે ડગલેને પગલે કાંટા ઊભા કરશે. પોતાના પરિવારને ત્રાસ આપશે અને સમાજમાં અનેક મુઝવણો ઊભી કરશે. તેની કમાણી ચાહે ગમે તેટલી વધુ હોય, પણ તે કુકર્મ વધારવામાં અને વિક્ષોભ ઉત્પન્ન કરનાર માર્ગે જ ખર્ચાશે. આવો મનુષ્ય અપયશ, નિંદા, ઘૃણા, દ્વેષ અને તિરસ્કાર પામીને છેવટે નારકીય તકલીફો સહન કરે છે.

વડીલોએ માત્ર એટલું જ ન વિચારવું જોઈએ કે તેમનાં બાળકો કમાઉ, ચતુર અને કોઈ અધિકારી બની જાય, પરંતુ વધારે ધ્યાન એ વાતનું રાખવું જોઈએ, કે બાળકો સચ્ચરિત્ર, સદ્‌ગુણી, સજ્જન અને સંસ્કારવાન બને. એ જ તેમના જીવનની સૌથી મોટી લાભદાયક સંપત્તિ સિદ્ધ થશે. તેના આધારે તેઓ પોતાનું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જીવન સુખી, સમૃદ્ધ અને સમુન્નત બનાવી શકશે. સાચો પ્યાર આને જ કહે છે. તે જ વડીલો પોતાના કર્તવ્યપાલનમાં સફળ થયા કહેવાશે, જેમણે પોતાનાં બાળકોને સદ્ગુણી બનાવવા માટે કંઈ બાકી ન રાખ્યું હોય.

સાચા શિક્ષક તે છે જે ખેલકૂદ, ગણિત, ઇતિહાસ વગેરેનું પુસ્તકિયું જ્ઞાન આપીને જ સંતુષ્ટ નથી થતા, પરંતુ વિદ્યાર્થીઓના જીવનમાં સદ્ગુણોની માત્રા વધારવામાં પ્રવૃત્ત રહે છે.

આજે કંઈક એવી ગંદી હવા ચાલે છે કે જેને લીધે નવી પેઢીમાં ઉદ્ધતાઈ અને ઉદંડતાનું પ્રમાણ વધી ગયું છે. આપણા હોશિયાર બાળકોમાંથી અધિકાંશ બાળકોમાં ઉદ્ધતાઈ, ઉદંડતા તથા અનુશાસન-હીનતાની માત્રા બહુ વધી ગઈ છે. આ ચિંતાની વાત છે. તેમાં દેશના દુર્ભાગ્યનો ખતરો રહેલો છે. પરસ્પર છરાબાજી, શિક્ષકોની ઉપેક્ષા, પરીક્ષામાં નકલ કરવી, ટિકિટ વિના મુસાફરી, છોકરીઓની છેડતી, સિનેમાનો શોખ, શૃંગાર, સજાવટનો ખોટો ખર્ચ, ઉદ્ધત આચરણ અને વાતચીતમાં અવિનય, અશિષ્ટતા વગેરે કેટલાયે દુર્ગુણો આપણાં હોશિયાર બાળકોમાં જોઈએ છીએ તો ભારે ચિંતા થાય છે, કે આવા અડબંગ વ્યક્તિત્વને લઈને ભવિષ્ય ઉજ્જવળ કેવી રીતે બનાવશે અને ભવિષ્યમાં જેમના ખભે જવાબદારી આવવાની છે તેને કેવી રીતે નિભાવશે ?

જે નવયુવકો પોતાનું ભલું કે ખરાબ સમજવાની સ્થિતિમાં છે તેમણે ગાંઠ વાળી લેવી જોઈએ, કે સભ્ય સમાજના જવાબદાર નાગરિક હંમેશાં પોતાના વ્યક્તિત્વને તેજસ્વી બનાવવા માટે સદ્ગુણોનો પોતાના સ્વભાવમાં નિરંતર સમાવેશ કરતા રહે છે. શિષ્ટતા જ લોકપ્રિય બનાવે છે. શિસ્તપ્રિય વ્યક્તિના શિસ્તમાં જ બીજા લોકો રહે છે. સજ્જનોને જ શ્રદ્ધા મળે છે. સદ્ગુણી બીજાનું હૃદય જીતે છે અને દસેય દિશામાંથી તેમની ઉપર સ્નેહ, સહયોગ વરસે છે. આ રાજમાર્ગને જે અપનાવે છે તેને જ મનસ્વી, તેજસ્વી તથા યશસ્વી બનવાનો અવસર મળે છે અને જે દુષ્ટતાના દુર્ગુણોમાં ફસાઈ ગયા, તે થોડા જ સમયમાં બીજાને આતંકિત કરીને, ક્ષણિક



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રોફ, દાબ જમાવી શકે છે અને ડરાવી, ધમકાવીને, કંઈક ઊલટુંસીધું કર્યા કરે છે, પણ આ નાની એવી સફળતા છેવટે બહુ જ મોંઘી અને ભારે પડે છે. લોકોની નજરમાં જ્યારે વ્યક્તિત્વ નીચે ઊતરી જાય અને આપણને ગુંડા કે ઉપદ્રવી માનવા લાગે, તો સમજવું જોઈએ કે સન્માન અને સહયોગની સ્થિતિ સમાપ્ત થઈ ગઈ. જીવનમાં પ્રગતિ અને શાંતિ માટે બીજાની સદ્ભાવના અને સહાયતાની જરૂર પડે છે પણ આ બન્ને અનુદાન કેવળ સજ્જનોને જ મળે છે. આતંકવાદી અને ઉદ્ધત વ્યક્તિ કોઈના હૃદયમાં પોતાનું સ્થાન નહીં બનાવી શકે. તેને માટે સૌની અંદર ઘૃણા અને અવિશ્વાસ ભરેલો રહે છે. એવી વ્યક્તિ જીવનમાં કોઈ ઊંચું સ્થાન પ્રાપ્ત નહીં કરી શકે. તેને કોઈ મોટી સફળતા નહીં મળે.

આપણા નવયુવકોએ સમજવું જોઈએ કે વિનાશાત્મક દુષ્પ્રવૃત્તિઓને, અશિષ્ટતા અને ઉદ્દંડતાને અપનાવી લેવી અતિ સરળ છે. છીછરા સાથી અથવા ઉદ્ધત આગેવાનો, ઊગતી જુવાનીવાળા યુવકોને આસાનીથી ગુમરાહ કરી શકે છે, પણ તેમનામાં શાલીનતા અને સજ્જનતાના ગુણોનો વિકાસ કરવો તેમની ત્રેવડ બહારની વાત છે. તેથી નીચ વ્યક્તિત્વવાળા જોશીલા અને ઉદ્ધત લોકોને આપણા ઉપર સવાર થવા દેવા ન જોઈએ. તેમના પ્રભાવ અને સાન્નિધ્યથી દૂર રહેવું જોઈએ. નહીંતર તેમની મૈત્રી આપણને ઉદ્ધત બનાવી દેશે અને એવી સ્થિતિ પેદા કરી દેશે, જેને લીધે આપણી પોતાની અને બીજાની દૃષ્ટિએ આપણું વ્યક્તિત્વ નીચું, અધૂરું અને કનિષ્ઠ સ્તરનું બની જશે. આ સ્થિતિમાં જેઓ પડી ગયા તેમના સૌભાગ્યનો અને ઉજ્જવળ ભવિષ્યનો સૂરજ અસ્ત થઈ ગયો સમજવો.

સભ્ય અને સમુન્નત દેશોના નવયુવકો પોતાનાં રાષ્ટ્રોની સ્થિરતા અને પ્રગતિમાં ભારે યોગદાન આપી રહ્યા છે. તેમની પ્રવૃત્તિઓ રચનાત્મક દિશામાં વળેલી છે, અધ્યયનમાં ગંભીર રુચિ લઈને તેઓ પોતાની યોગ્યતા વધારે છે, જેથી અવસર આવે ત્યારે પોતાની પ્રતિભાને કોઈ પણ કસોટી ઉપર સાચી સિદ્ધ કરી શકે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એક આપણે જ એવા છીએ કે જેમનાં બાળકો જ્યાં જાય ત્યાં માથાનો દુઃખાવો સિદ્ધ થાય છે. વડીલો રિસાયેલા, શિક્ષકો દુઃખી, સાથીઓ ક્ષુબ્ધ, સ્વયં ઉદ્વિગ્ન આ સર્વનું એક જ કારણ છે- દુર્ગુણોની માત્રાનું વધી જવું. તાવ વધે તેવી રીતે મર્યાદાઓનું ઉલ્લંઘન કરવાની પ્રવૃત્તિનું વધવું પણ ખતરનાક છે. આપણાં બાળકોનું ઉદ્ધત આચરણ જોઈને આપણે દુઃખ, પશ્ચાત્તાપ અને દુર્ભાગ્યની કલ્પના કરતા રહ્યા એ સ્થિતિ આપણા બધા માટે શરમજનક છે.

જે હોય તે, આપણે બાળકોને સમજાવવા શીખવવા માટે દરેક પ્રકારના કડવા મીઠા ઉપાયો યોજવા જોઈએ કે જેથી તેઓ સજ્જન, ચારિત્ર્યવાન, પરિશ્રમી અને સન્માર્ગગામી બને. તેમાં જ તેઓનું અને આપણું બધાનું કલ્યાણ છે.

## (૯) ઉદાર સહકારિતાથી આપણી મૂંઝવણોનો ઉકેલ આવશે

એકલો માણસ ગમે તેટલો પ્રતિભાવાન હોય, છતાં પણ પોતાની શક્તિને આધારે વિશેષ કામ કરી શકતો નથી. હાથી, સિંહ, ઘોડા, ગોરીલા વગેરે બળવાન જાનવરો પણ પોતાની શક્તિથી માત્ર પોતાનો જ નિર્વાહ કરી શકે છે. સમગ્ર પ્રગતિ તો સંયુક્ત પ્રયાસો વડે જ થાય. અન્ય જીવની તુલનામાં માનવીએ જે અસાધારણ પ્રગતિ કરી છે, તેનું મુખ્ય કારણ તેની બુદ્ધિમત્તા જ નહીં, દૂરદર્શિતા પણ છે કે જેને આધારે તેણે સહકારિતાની શક્તિને ઓળખી અને હળીમળીને કામ કરવા તે તૈયાર થઈ ગયો. જો એકાકી જીવન ઉપર જ તેનો વિશ્વાસ રહ્યો હોત અને સંયુક્ત પ્રયાસોની દિશામાં તેની પ્રગતિ ન થઈ હોત, તો સૃષ્ટિનાં અનેક પ્રાણીઓની જેમ મનુષ્યમાં પણ કેવળ પોતાના શરીર નિર્વાહની સમસ્યાઓ હલ કરવામાં જ તેની શક્તિ સીમિત રહી ગઈ હોત.

સહકારિતાની પ્રવૃત્તિમાં આધ્યાત્મિક આદર્શો જોડાયેલા છે. હળીમળીને કમાવું, હળીમળીને ખાવું, હળીમળીને રહેવું, પારસ્પરિક



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સમસ્યાઓને હલ કરવી અને હળીમળીને સુખદુ:ખના ભારને વહેંચી લેવો એ ઉદાર હૃદયવાળા, પોતાને વ્યાપક બનાવનાર તથા સદ્ભાવ સંપન્ન મનુષ્યોને માટે જ સંભવ છે. આધ્યાત્મિક આદર્શ આપણને તે દિશામાં આગળ વધવા માટે પ્રકાશ આપે છે અને પ્રોત્સાહિત કરે છે. પોતાની જ સમસ્યાઓમાં ગૂંચવાયેલો, પોતાની જ પ્રગતિ અને સુખસુવિધામાં રચ્યોપચ્યો રહેનાર, પોતે કમાઈને પોતે જ ખાનાર, પોતાની જ ચિંતામાં ડૂબેલો માણસ સંસ્કૃત ભાષામાં 'કૃપણ' અને લૌકિક ભાષામાં 'સ્વાર્થી' કહેવાય છે. સ્વાર્થી વ્યક્તિ કેટલીયે સંપન્ન કેમ ન હોય, પરંતુ લોકોની દૃષ્ટિમાં તે ધૃણાસ્પદ જ બનશે.

એકત્રિત શક્તિનું મહત્ત્વ આપણે બધા જાણીએ છીએ. એકલી સળી કમજોર હોય છે. જરાક જેટલો ઝટકો લાગતાં તે તૂટી જાય છે, પણ તે સળીઓ એકત્ર કરીને બનાવેલી સાવરણી સફાઈ કરવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય કરે છે. સૂતરના કાચા દોરા શું શક્તિશાળી હોય છે ? પણ જ્યારે તે એકત્ર થાય છે, ત્યારે એટલું મજબૂત દોરડું બને છે; જે હાથીને પણ બાંધી શકે. બિંદુઓ એકત્ર થઈને સમુદ્ર બને છે. અણુઓનું પારસ્પરિક સંગઠન વિશાળકાય પર્વતોના રૂપમાં દૃષ્ટિગોચર થાય છે. એક જ દિશામાં ઊડતાં તીડ ગજબની કરામત દેખાડે છે. મધમાખીઓની સહકારિતા મધનો ભંડાર જમા કરવામાં સફળ થાય છે. શિસ્તયુક્ત અને સંઘબદ્ધ સૈનિકો આક્રમણકારી શત્રુઓના દાંત ખાટા કરી શકે છે, પરંતુ જો ઉપરોક્ત તત્ત્વો એકાકી વિખરાયેલાં પડયાં હોય, કોઈ કોઈને સહયોગ ન આપે તો પોતાની ડુગડુગી બેસૂરા રાગમાં વગાડ્યા કરશે. "આઠ કનોજિયા અને નવ ચૂલા" ની કહેવત જેવો ઉપહાસ થાય. દોઢ ચોખાની અલગ ખીચડી રાંધવાનો પ્રયત્ન કરવાથી ગમે તેને અસફળતા જ મળશે.

થોડાક જ ડાકુઓ સંગઠિત થઈને એક વિશાળ ક્ષેત્રની જનતાને આતંકિત કરી શકે છે, તો પછી સજ્જનોનો સાચો સહયોગ જો એકત્ર કરીએ તો તે પોતાનો ચમત્કાર કેમ ન દેખાડે ? સજ્જનોનો નાશ એટલા માટે થાય છે કે તેઓ પોતાની વ્યક્તિગત



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શ્રેષ્ઠતા માત્રથી સંતુષ્ટ થઈ જાય છે અને એ ભૂલી જાય છે કે સંમિલિત શક્તિનું કેટલું મહત્ત્વ છે. તે વિના સજ્જનતા પણ અધૂરી જ રહે છે. સજ્જનતાની પરિભાષામાં સત્પ્રવૃત્તિઓવાળી વ્યક્તિઓએ સંઘબદ્ધ થવાનું પણ આવી જાય છે. એકાકી જીવનથી જે પણ સંતુષ્ટ થઈ જશે અને પોતાની વિચારણા અને કાર્યોને પોતાના મર્યાદિત વર્તુળમાં જ ભલેને રુંધી રાખશે તો તે ગમે તે માણસ કેમ ન હોય, છતાં પણ તેને અસફળતા અને અભાવનું કષ્ટ સહન કરવા માટે વિવશ થવું પડશે.

મનુષ્યની આજ સુધીની વૈજ્ઞાનિક, આધ્યાત્મિક, શૈક્ષણિક, આર્થિક તથા પારિવારિક પ્રગતિનું સમગ્ર શ્રેય પારસ્પરિક સહયોગને આપી શકાય છે. જો એક વ્યક્તિએ પોતાની યોગ્યતાનો લાભ બીજાને ન આપ્યો હોત અને સહયોગનો ક્રમ અપનાવ્યો ન હોત, તો આપણે હજુ પણ પ્રાચીન યુગની જંગલી દશામાં વિચરણ કરી રહ્યા હોત. આ તથ્ય આપણે જાણીએ તો છીએ, પણ માનતા નથી. સમય આવી ગયો છે કે આપણે સંઘબદ્ધતાની શક્તિને સમજીએ અને વ્યક્તિગત તથા સામાજિક પ્રગતિને માટે તેનો ઉપયોગ કરીએ. આ પ્રજાતંત્ર યુગમાં તો આ જ શક્તિ સર્વોપરી છે. જનસમૂહની સેનાએ અંગ્રેજોને ભગાડી દીધા અને સમર્થનના આધારે કોંગ્રેસ પાર્ટી રાજસિંહાસન ઉપર જઈ બેઠી. શાસ્ત્રકારે ''સંઘે શક્તિ કલૌયુગે''નું સૂત્ર આપ્યું છે. તેમાં શક્તિના સંગઠનને ઘોષિત કરીને સામયિક તથ્યને જ છતું કર્યું છે.

સહકારિતાની પ્રવૃત્તિ દરેક ક્ષેત્રમાં વિકસિત થવી જોઈએ. કૃષિ, વ્યવસાય, ઉદ્યોગ, ઉત્પાદન, જે સરળતા અને સફળતા સાથે સામૂહિક પ્રયત્નોથી વધી શકે છે, તે સ્તરની સંભાવના એકાકી પ્રયત્નોથી કદાપિ શક્ય નહીં થઈ શકે. વિદેશોમાં જ્યાં શ્રમ બહુ જ મોંઘો છે અને વ્યવસાયને માટે મોટી પૂંજીની જરૂર પડે છે, ત્યાં સહકારિતાના આધારે જ ઉદ્યોગધંધા ચાલે છે. મોટી મોટી પેઢીઓ, ઉદ્યોગધંધા અને મિલો ચાલે છે, તે શેરના આધારે જ ચાલે છે. નાના પાયા ઉપર ઉદ્યોગધંધા ચાલે, તે જમાનો હવે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ગયો. હરીફાઈના અનેક અંતરાયો હવે એવા પેદા થયા છે કે જેને કારણે એકાકી પ્રયત્નોથી કરવામાં આવતા છૂટક પ્રયત્નો મોંઘા પડે છે અને તેની નિકાસ સ્વલ્પ પ્રયાસોથી નાના ક્ષેત્રે સંભવ નથી. ફળ સ્વરૂપે ખોટ જાય છે. એના બદલે જો થોડીથોડી પૂંજી અને થોડાથોડા શ્રમનું એકીકરણ કરવામાં આવે, તો ક્ષમતા એવા સ્તરની થઈ જાય, જેનાથી પૂંજીપતિઓના એકાધિકારની સામે પડકાર ફેંકી શકાય. લાભ એક વ્યક્તિને ન મળતાં, સમૂહને મળી શકે. આ પ્રયોજનની પૂર્તિ કેવળ સહકારિતા જ કરી શકે. ભારતને જો સમૃદ્ધ તથા સંપન્ન બનાવવું હોય તો, તેના મૂળમાં સહકારિતાની તેજોમય શક્તિ જ કામે લગાડવી પડશે.

સામાજિક ક્ષેત્રની અગણિત સમસ્યાઓ ગૂંચવાયેલી પડી છે. તેને ઉકેલવામાં કેવળ સહયોગ જ બ્રહ્માસ્ત્ર સિદ્ધ થશે. ગ્રામીણ જીવનમાં સ્વચ્છતાની સમસ્યા ભારે વિકટ છે. ગંદકીએ તે પ્રાકૃતિક વાતાવરણમાં વસવાટ કરતા લોકો તથા ગામડાંને દુર્ગન્ધ, ઘૃણા અને માંદગીનું ઘર બનાવી દીધાં છે. ખેલકૂદ અને વ્યાયામશાળાની અભિરુચિ ઘટી જવાને કારણે, શારીરિક અને માનસિક સ્તર નીચું ઊતરી ગયું છે. નિરક્ષરતાએ માણસને પશુ જેવો બનાવી દીધો છે. ઉદ્દંડતા અને અપરાધોની વૃદ્ધિથી સુરક્ષા ભયમાં મૂકાઈ ગઈ છે. પૂંજીપતિઓનું શોષણ પોતાની રીતે ચાલતું રહે છે. કષ્ટો માટેની ફરિયાદ કોઈ સાંભળતું નથી. સામાજિક કુરિવાજો સમાજને જર્જરિત બનાવી રહ્યા છે અને અનૈતિક દુષ્પ્રવૃત્તિઓ તેના વિરોધના અભાવમાં તીવ્ર થઈ રહી છે. આ સર્વ સમસ્યાઓના ઉકેલનો આધાર તે વાત ઉપર છે કે લોકમંગલનો ઉદ્દેશ્ય સામે રાખીને સજ્જન પ્રકૃતિના લોકો સંગઠિત થાય છે કે નહીં ? જો તેઓ સહકારિતા અને સેવાપ્રવૃત્તિ માટે જાગૃત થાય અને થોડો થોડો સમય, શ્રમ, તથા ધન લોક કલ્યાણને માટે નિયોજિત કરવા લાગે, તો તે સ્વયંસેવકોની સેના ચમત્કાર પેદા કરી શકે. ઉપરોક્ત સ્તરની સર્વ મુશ્કેલી સામે આ સંગઠન સહજ રીતે પહોંચી શકે. શક્તિનું પ્રદર્શન કરવાથી જ લોકો ઝૂકી જાય છે. લગભગ તો શક્તિનો પ્રયોગ કરવાની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આવશ્યક્તા ઓછી પડે છે. આવશ્યક્તા શક્તિના ઉદ્‌ભવની છે અને તે આ યુગમાં ઘણું કરીને સંગઠન ઉપર જ આધાર રાખે છે.

આપણે એક હજાર વર્ષની લાંબી ગુલામીમાંથી બેઠા થયા છીએ. આ અંધકારયુગે આપણને અનેક બૌદ્ધિક અને સામાજિક દુષ્પ્રવૃત્તિઓના દાસ બનાવી દીધા છે. ઈતિહાસ ગૌરવપૂર્ણ તો છે, પણ આજે એટલા જ પ્રમાણમાં આપણે દુર્દશાગ્રસ્ત થઈ ગયા છીએ. જો કોઈને સુધારા માટે દર્દ અને પરિવર્તન માટે ઉત્સાહ જાગે તો સૌથી પહેલું કામ એ હાથમાં લેવું જોઈએ, કે સેવાભાવી સજ્જનોને સંગઠિત કરવા અને તેમને સામૂહિક સત્પ્રયત્નોથી દરેક ક્ષેત્રમાં જોડાવા માટે પ્રેરિત કરવા. યુગનિર્માણ યોજનાનો આ જ પ્રયત્ન છે. જો આ પ્રયત્નને યોગ્ય સહયોગ મળી શકશે, તો સંગઠન અને સહકારિતાની સંમિલિત શક્તિથી દરેક દિશામાં પ્રગતિ અને સમૃદ્ધિનું સત્પરિણામ રજૂ કરી શકાશે. ઉચિત એ છે કે ઉદાર સહકારિતાનો સ્વીકાર કરીએ અને સમસ્ત માનવજાતિનું ભલું કરીએ.

## (૧૦) પ્રગતિને માટે શ્રમ-સન્માન અને ગૃહઉદ્યોગોની આવશ્યક્તા

તે જમાનો વીતી ગયો જ્યારે એક જણ કમાતો હતો અને સમગ્ર પરિવારનું આનંદથી ભરણપોષણ થતું હતું. આસમાનને સ્પર્શતી જરૂરિયાતોએ આપણું સમગ્ર આર્થિક સમતોલન બગાડી નાખ્યું છે. હવે કોઈ વીરલાઓ જ પોતાનો ખર્ચ સરળતાથી ચલાવી શકે છે. કેટલાય લોકોની તો સ્થિતિ એવી છે, કે જો બેઈમાનીનો ધંધો છોડી દે તો તેમને પેટ ભરવું મુશ્કેલ થઈ પડે. આ પરિસ્થિતિમાં આપણું આર્થિક માળખું વ્યવસ્થિત કરવા માટે, નવેસરથી નવી રીતે વિચારવું પડશે. કચવાટ કરવાથી કંઈ નહીં, વળે પરંતુ શાંત મગજથી ઉપાયો શોધવા પડશે, જેનાથી આ અભાવ અને અશાંતિભરી પરિસ્થિતિનો ઉકેલ શોધી શકાય.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હવે મોંઘવારી ઘટી શકે તેમ નથી અને ભોજનવ્યવસ્થા, નિવાસ, શિક્ષણ, ચિકિત્સા, આતિથ્ય વગેરેના જરૂરી ખર્ચા ઘટાડી શકાય તેમ નથી. બેઈમાનીનો ક્રમ વ્યાપક થઈ જશે તો ઠગારાને પણ ઠગ લોકો ખરાબ રીતે હેરાન કરશે અને જે વધારાની કમાણી થશે તે વધારાના ખર્ચમાં જ ચાલી જશે. દેશમાં એટલાં સાધનો પણ નથી, કે જેથી વેતન, ઉત્પાદન કે વ્યવસાયમાં બહુ લાભ થઈ શકે.

થોડાક ભાગ્યના સિકંદરોની વાત જુદી છે. સર્વ સાધારણ માટે આ જ પરિસ્થિતિ છે. આવી દશામાં આર્થિક પરિસ્થિતિને સુધારવા માટે એક જ ઉકેલ નીકળી શકે છે. ઘરનો દરેક સમર્થ અને પુખ્ત માણસ કંઈક કમાણી કરવાની વાત વિચારે અને તેનો રસ્તો શોધે. હવે તે સમય આવી ગયો છે, કે જ્યારે બધા જ કમાશે ત્યારે બધાનું પેટ ભરાશે. એકની કમાણી એટલી વધુ નથી હોતી, જેથી બધી જ જરૂરિયાતો સારી રીતે પૂર્ણ થઈ શકે.

જાપાન ઘણો જ નાનો દેશ છે, પણ તેની સમૃદ્ધિ જગતના સર્વોચ્ચ દેશોની તુલનામાં વિશેષ છે. સમુદ્રની વચ્ચે નાનો એવો ટાપુ છે, જ્યાં કુદરતી સાધનો બહુ ઓછાં છે. વારંવાર ભૂકંપ આવ્યા કરે છે. આંચકાને લક્ષમાં રાખીને લાકડાનાં ઘર બનાવીને રહે છે. એવી વિષમ પરિસ્થિતિમાં પણ જાપાન સમૃદ્ધિની ટોચ ઉપર પહોંચી ગયો તેનું એક જ કારણ છે  દરેક ઘરમાં ગૃહ ઉદ્યોગોનો પ્રસાર. જાપાનમાં એક પણ ઘર એવું નથી, જ્યાં કોઈ વ્યક્તિ નવરો બેસી રહેતો હોય. પુખ્ત પુરુષો કારખાનામાં કામ કરવા જાય છે અને ઘેર રહેનાર અન્ય વ્યક્તિ ચાહે તે સ્ત્રીઓ હોય કે બાળક કે વૃદ્ધ, છતાં પણ તે કંઈક ગૃહઉદ્યોગ ચલાવ્યા કરે છે. ત્યાં નાનાં-નાનાં મશીનો ગોઠવેલાં છે, જેમની સહાયથી ઘરે રહેનારા લોકો પોતાના સામર્થ્ય અને સગવડ અનુસાર કંઈને કંઈ કમાતા રહે છે. આ કમાણી એકંદરે એટલી થઈ જાય છે, કે કારખાનામાં કામ કરનાર પુખ્તોની તુલનામાં તે કંઈક વધુ થાય છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેનાથી કેટલાયે લાભ થાય છે. બેકારીના સમયમાં નિરર્થક વિચાર અને અનીચ્છનીય કાર્ય કરવાની જે દુષ્પ્રવૃત્તિ ફેલાય છે, તેને માટે કોઈ અવસર રહેતો નથી. દરેક વ્યક્તિની કુશળતા અને ક્ષમતા વધે છે, આર્થિક સ્થિતિ સુધરે છે અને ઉત્પાદનની વૃદ્ધિથી રાષ્ટ્રીય સમૃદ્ધિમાં યોગદાન મળે છે. એ કહેવાની જરૂર નથી કે પૈસાની સગવડ રહેવાથી સ્વાસ્થ્ય, શિક્ષણ, વિનોદ, પુણ્યપરમાર્થ વગેરે અનેક દિશાઓમાં પ્રગતિ કરી શકાય છે. ગરીબ વ્યક્તિને તો ડગલે ને પગલે મન મારીને બેસવું પડે છે અને તેની પ્રગતિનાં બધાં જ દ્વાર બંધ થઈ જાય છે.

આપણા દેશનું દુર્ભાગ્ય છે કે, અહીં કામ કરવું તે ખરાબ અને આરામથી બેસી રહેવું સારું એમ માનવામાં આવે છે. જેને કામ નથી કરવું પડતું તેઓ પોતાની જાતને ભાગ્યશાળી માને છે. પુરુષો પોતાના ઘરની સ્ત્રીઓને કામ કરવા દેતા નથી. કામ કરે, તેને પોતાની બેઈજ્જતી સમજે છે. તેઓ મોટા માણસ કહેવાય છે. શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી દરેક યુવક, પોતાના બાપદાદાના ધંધાથી છૂટવા પ્રેરાય છે. કૃષિમાં પરિશ્રમ કરવો ગમતો નથી. ક્લાર્ક બનીને કોઈ કચેરીમાં ટેબલખુરશીનો આરામપ્રિય વ્યવસાય શોધે છે. ગામડામાં શ્રમના અભાવે ખેતી કરમાઈ રહી છે અને શહેરોમાં કારકુનની નોકરી માટે પોસ્ટ ગ્રેજ્યુએટોની લાંબી કતાર લાગી છે અને તેવા લોકો આમતેમ ધિક્કાર મેળવી ભટકે છે. શ્રમ પ્રત્યે અરુચિ એ આપણા દેશનું દુર્ભાગ્ય અને દારિદ્રનું મુખ્ય કારણ છે. સમૃદ્ધ દેશના નાગરિકોએ ખૂબ જ મહેનતથી સંપત્તિ મેળવી છે. એક આપણે જ એવા છીએ કે જેઓ લોટરી, સટ્ટો, વ્યાજ તથા ચોરી અને કાળાંધોળાં કરી માલદાર થવાનાં સ્વપ્ન જોઈએ છીએ. એ સમય આવી ગયો છે કે આપણે આપણી જીવનપદ્ધતિ બદલીએ અને વિચારવાનું શરુ કરીએ, કે શ્રમશીલતા મનુષ્યનું ગૌરવ છે.

''આરામ હરામ હૈ'' ની કહેવત આજની આર્થિક દુર્દશામાંથી ઊગરવા માટે હલેસાંનુ કામ કરી શકે તેમ છે. દરિદ્રતા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને અભાવગ્રસ્તતાને દૂર કરવા માટે કઠોર અને ઉત્પાદક શ્રમમાં અધિક તત્પરતા રાખવી એ એક જ માત્ર ઉપાય છે, જેનાથી સભ્યતા અને સમૃદ્ધિની સાથે સાથે સદ્‌ગુણોની અભિવૃદ્ધિ પણ શક્ય બને. જે મહેનતથી કમાય છે તે જ તેનો સદુપયોગ કરી શકે છે. હરામની કમાણી તો એમ જ વ્યસન અને વ્યભિચારમાં તથા રોગશોકની પરિસ્થિતિ ઉત્પન્ન કરવામાં ખર્ચાઈ જાય છે. શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની સ્થિરતા નો આધાર પણ ઉત્પાદક શ્રમ ઉપર જ રહેલો છે.

શિક્ષિત નારી પોતાના શિક્ષણનો લાભ સમાજને આપવા ઉપરાંત સમય બચાવીને કમાણી પણ કરી શકે છે. શિક્ષિકા જેવી નોકરી કરી લેવામાં જરાયે વાંધો નહીં. બાળશિક્ષણ, મહિલા-શિક્ષણની પાઠશાળાઓ પણ તે સહેલાઈથી ચલાવી શકે છે. ભોજન તથા ઘરકામમાંથી પરવારીને ઘણો સમય કમાણીના કામમાં લગાવી શકાય છે. ઘરની બીજી મહિલાઓ થોડો સમય તેનાં બાળકોને સંભાળી લે, તો બાળકોવાળી શિક્ષિત મહિલા, એ સમયમાં કેટલીયે જાતનાં કામ કરી શકે છે. સિલાઈ કે ટાઇપ રાઇટિંગ જો આવડતું હોય તો ઘેર બેઠાં પણ તે થઈ શકે છે.

ગૃહઉદ્યોગ શિક્ષિત અને અશિક્ષિત બધા માટે ઉપયોગી થઈ શકે છે. કાંતવું, વણાટ, જરીકામ, માળા બનાવવી, કપડાં સીવવાં, વગેરે ઘરગથ્થુ ઉદ્યોગોની જેમ ઘણાં કામ કરી શકાય, જેમાંથી મહિલાઓ કમાણી કરી શકે. ગાંધીજીએ ભારતની સ્થિતિ અનુસાર રેંટિયો કાંતવાનો ગૃહઉદ્યોગ શરૂ કર્યો હતો. જો તેને અપનાવી લીધો હોત, તો ગ્રામ્યક્ષેત્રોની કમાણી અને બચતનો સુંદર સમન્વય ઘણો ઉપયોગી સિદ્ધ થયો હોત.

શિક્ષણની વૃદ્ધિ સાથે શિક્ષિત બેકારીનો પ્રશ્ન પણ ગૂંચવાઈ ગયો છે. હવે દરેક શિક્ષિતને નોકરી મળવી મુશ્કેલ છે. વડીલોના વ્યવસાયમાં બધાં બાળકોની સારસંભાળ કે નિર્વાહ કરવો મુશ્કેલ છે. એવી દશામાં ગૃહઉદ્યોગો ઉપર જ ધ્યાન કેન્દ્રિત થાય છે. જાપાનની જેમ આપણો ગરીબ દેશ પણ વારસાગત કલા-કૌશલ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અપનાવીને આજીવિકાનાં નવાં સાધનો ઊભાં કરી શકે છે. આ સંદર્ભમાં વિચારકોએ વિશેષ ધ્યાન દેવું જોઈએ અને ઓછી મૂડી અને અલ્પ સાધનોથી ચાલી શકે તેવા કુટિર ઉદ્યોગોને સંગઠિત કરવા જોઈએ અને ઉત્પાદનને યોગ્ય ભાવે વેચવા માટેનું તંત્ર ઊભું કરવું જોઈએ.

મથુરામાં યુગનિર્માણ વિદ્યાલય એવી જ એક શુભ શરૂઆત છે. અહીં રેડિયો - ટ્રાન્ઝિસ્ટર બનાવવા અને રિપેર કરવા, લાઈટ ફિટિંગ, વાયરિંગ, પંખા, હીટર, લાઉડ સ્પિકર વગેરેની મરામત, સાબુ, ફિનાઈલ, શાહી, સુગંધી તેલ વગેરેનું ઉત્પાદન પ્રેસનું સંપૂર્ણ શિક્ષણ, રબ્બર સ્ટેમ્પ, બુકબાઈન્ડિંગ જેવા અનેક ઉદ્યોગો શીખવવામાં આવે છે. એક વર્ષમાં કોઈ પણ એક ઉદ્યોગ ફી આપ્યા વિના મફત શીખવવામાં આવે છે.

વિદ્યાલયના વિદ્યાર્થીઓને જીવન જીવવાની કળા તથા નવનિર્માણ માટે કંઈક મહત્ત્વપૂર્ણ રચનાત્મક કાર્ય કરવાની કળા પણ શીખવવામાં આવે છે. જેવી રીતે ઉપરોક્ત વિદ્યાલય મથુરામાં ખોલવામાં આવ્યું છે, તેવી જ રીતે અનેક વિદ્યાલય ગામે ગામ ખોલવાં જોઈએ. સામાન તૈયાર થાય એટલે વેચાણ માટે સમિતિ બનાવવી કે કોઈ વ્યક્તિવિશેષ આ કાર્યને પોતાને માથે લઈલે, તો બેકારીની સમસ્યાનું સમાધાન થાય. આર્થિક પ્રગતિ થાય અને કરમાયેલા ચહેરાને તાજગીનો એક નવો આધાર મળે.

આપણા દેશમાં અત્યારે ગૃહઉદ્યોગોના શિક્ષણ, સંગઠન અને વેચાણકેન્દ્રોના સંચાલનની આવશ્યકતા છે. સાથે સાથે એ વાત પણ જરૂરી છે કે જનસાધારણના મનમાં શ્રમ પ્રત્યે શ્રદ્ધા ઉત્પન્ન કરવામાં આવે. ગરીબાઈ દૂર કરવા અને માણસોનું જીવન-ધોરણ ઊંચું લાવવા અને સદ્ગુણો વધારવાની દૃષ્ટિએ આ એક ઉપયોગી અને આવશ્યક કાર્ય છે. જો જનસાધારણને શ્રમની ઉપયોગિતા સમજાઈ જાય, તો ગરીબ કે અમીર બધા જ હરામખોરીથી બચવાનો રસ્તો શોધી લેશે. સરકાર લઘુ ઉદ્યોગોને સંરક્ષણ આપે, જનતા શ્રમમાં રુચિ લે અને ઉત્પાદનનું વેચાણ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરવા માટે તંત્ર ઊભું થઈ જાય, તો આપણી આર્થિક સ્થિતિ સુધરે તથા આપણી પ્રગતિની દિશાનું નવું દ્વાર ખૂલી જાય.

## (૧૧) અન્નસંકટના પડકારનો સામનો કેવી રીતે કરવો ?

વસ્તી વધારો અને તમાકુ જેવા નુકસાનકારક પાક વડે ઘણી જમીન રોકાઈ ગઈ છે. આપણો અનાજની વિપુલતાવાળો ખેતીપ્રધાન દેશ બીજા પાસેથી ઉધાર લઈને, દેવું કરીને કે ખરીદીને પેટ ભરનાર પછાત દેશોની હરોળમાં આવી ઊભો છે. કારણ જે હોય તે, પણ આ એક રાષ્ટ્રીય દુર્ભાગ્ય છે કે જેના ભયસ્થાનની ગંભીરતા આપણે બધાએ સમજવી જોઈએ અને જેટલું જલદી બની શકે તેટલું પછાતપણાનું કલંક આપણા મુખ ઉપરથી હઠાવવું જોઈએ. અન્નને માટે પરાવલંબી દેશ સદાયે પોતાના અન્નદાતાની પાસે માગણી કરવા લાચાર બની જાય છે. જે દેશ સહાયતા કરશે, તે કંઈક તો પોતાના સ્વાર્થની સિદ્ધિ ઇચ્છશે જ. સમય આવ્યે તેની પ્રત્યક્ષ કે પરોક્ષ ગુલામીનો પણ સ્વીકાર કરવો પડશે. ''બુભૂક્ષિતં કિમ્ ન કરોતિ પાપમ્'' એ કહેવત અનુસાર, ભૂખ્યાને જે કોઈ પણ કામ કરવું પડે, તે ઓછું છે.

ખાદ્યપદાર્થોના ઉત્પાદનની વૃદ્ધિને માટે દેશમાં યુદ્ધના ધોરણે ઉત્સાહ અને સ્વસ્થ હરીફાઈ પેદા કરવાની જરૂર છે. દરેક ખેડૂત પોતાના અથાગ પરિશ્રમ અને ક્રિયાકૌશલ્ય દ્વારા પોતાના પાડોશી સાથે શરત લગાવે કે પોતે વધુ ઉત્પાદન કરીને પોતાની દેશભક્તિનું સવિશેષ પ્રમાણ રજૂ કરી શકે છે. બીજા દેશોની તુલનામાં આપણી જમીનમાં લગભગ અર્ધો જ પાક ઊગે છે. અધિક ઉત્પાદનની યુક્તિઓ સહેલાઈથી શોધી અને શીખી શકાય છે. ઉમંગ હોય તો ઘણું બધું થઈ શકે છે. આમ તો સરકાર પણ ઘણું વિચારે છે અને યોજનાઓ પણ ઘણી બનાવે છે, પણ કર્મચારીઓની કઢંગી રીતને કારણે બધી મહેનત નકામી જાય છે. તેમ છતાં થોડો ઘણો લાભ તો અવશ્ય મેળવી શકાય.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઓછી જમીનમાં વધુ શાકભાજી પેદા થાય છે. જો આપણે ખોરાકમાં શાકભાજીને કંઈક વધુ સ્થાન આપીએ, તો અનાજની ખોટ તેનાથી પૂરી થઈ શકે, ઉત્પાદનનો લાભ અધિક મળે અને શાકભાજીનું જીવનતત્ત્વ સ્વાસ્થ્યને પણ જાળવી શકે.

આ સમસ્યાની બીજી બાજુ છે અન્નના બગાડને રોકવો. આપણા દેશમાં મોટી મિજબાનીઓ આપવાનો, તેમાં ઘણા પ્રકારની વાનગીઓ પીરસવાનો અને જરૂર કરતાં વધુ ખાવાનો વિશેષ રિવાજ છે. નાનાનાના પ્રસંગે મોટા મોટા ભોજન સમારંભો કરવામાં આવે છે. બાળકનો જન્મ, મુંડન, જનોઈ, લગ્ન વગેરેમાં મિજબાની બહુ અપાય છે. એટલું જ નહીં, કોઈ મરી જાય તો પણ લાડવા ખવડાવવામાં અચકાતા નથી. આજકાલ મિજબાનીનો ઘણો પ્રસાર થઈ ગયો છે. વિદેશોમાં જલપાન, ચા-પાર્ટી જેવા અલ્પાહારોનો સીમિત મિત્રમંડળી સુધી રિવાજ છે. પણ આખા ગામનાં,આખી જાતિનાં સ્ત્રીપુરુષોને જમાડવાની પ્રણાલી હવે રહી નથી. અહીં તો જમણવારે ધર્મ -પુણ્યનું સ્થાન ગ્રહણ કરી લીધું છે. પુણ્ય કોને, કયા પ્રયોજન માટે, શું આપવાથી મળે છે તેનો વિચાર કરવાને બદલે લોકો મોટી મોટી પાર્ટીઓ કરે છે અને પોતાને ધર્માત્મા, પુણ્યાત્મા માનીને, સ્વર્ગમાં તેનું લાખોગણું ફળ મેળવવાની રાહ જુએ છે. અન્નદાન અભાવગ્રસ્તોની આપત્તિના નિવારણ માટે ઉપયોગી થઈ શકે છે અને તેને દાનપુણ્યની ગણતરીમાં લઈ શકાય છે, પણ જેનું પેટ ભરેલું છે, જે ખાતાપીતા માણસો છે, તેમને મિજબાની આપવાથી પુણ્ય મળે તે કોઈ સુસંગત બાબત નથી અને વધુમાં તે ગેરસમજ છે.

જે હોય તે, પણ મોટી મિજબાનીઓમાં અનાજની બરબાદી થાય છે. લોકો દોઢું-બમણું ખાઈને પેટ પણ ખરાબ કરે છે અને અનાજ બગાડે છે. તેની સાથે સાથે એક ખરાબ પ્રથા એ પણ જોડી દેવામાં આવી છે, કે મિજબાનીની શાન પતરાળામાં છોડવામાં આવેલી એંઠી વાનગીને આધારે કરવામાં આવે છે. ખાવાવાળાની અમીરી અને ખવડાવનારની દિલેરી તેનાથી આંકવામાં આવે છે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કે એંઠી વાનગી કેટલી છોડવામાં આવી ? આ અન્નદેવતાના અપમાનનું સૌથી મોટું પાસું છે. એક બાજુથી આપણે અન્નને દેવતા કહીએ છીએ અને બીજી બાજુ તેને એવી તિરસ્કૃત સ્થિતિમાં ફેંકી દઈએ, તે કેટલી ખરાબ વાત છે ?

એંઠી વાનગીઓ ફેંકી દેવામાં આવે છે. ગરીબ લોકો તેને એકત્ર કરીને લઈ જાય છે. પોતાનાં ઢોરને તે ખવડાવી દે છે. લોભવશ પોતે પણ કંઈક ખાઈ લે છે. આ સૌથી વધુ દુઃખદાયી દશ્ય છે. ગરીબોને માનવીય સ્વાભિમાનનો લાભ લેવા દેવો જોઈએ. તેમનામાં પણ આત્મગૌરવની એટલી અનુભૂતિ રહેવા દેવી જોઈએ, કે કોઈનું ફેંકેલું, એંઠું-જૂઠું અન્ન ખાઈને પોતાનું સ્વાભિમાન અને સ્વાસ્થ્ય ગુમાવે નહીં. મીઠાઈ ભલે હોય, પણ એંઠું ખાવું એ હીનતાનું ચિહ્ન છે. તેથી એકની બીમારી બીજાને લાગી શકે છે. એંઠું આપવાથી ગરીબો સાથે ઉદારતા દર્શાવી છે તેમ ન માનવું. જો તેમની પ્રત્યે સહાનુભૂતિ હોય, તો સ્વચ્છ, તાજું ભોજન તેમને સન્માનપૂર્વક આપવું જોઈએ. કોઈના સ્વાભિમાનને ઠેસ લગાડીને તેને બીમારીઓની જાળમાં ફસાઈ જવા એંઠુંજૂઠું આપવામાં આવ્યું હોય, તો સમજવું જોઈએ કે, એ દાન આપનાર અને લેનાર બંને માટે અધર્મ જ કહેવાશે. અનાજની બરબાદીની આ બહુ ખોટી રીત છે. તેનો કુરુચિ વિરોધી આંદોલન સ્વરૂપે સામૂહિક નિશ્ચયની સાથે વિરોધ કરવો જોઈએ.

વર્તમાન અનાજની તંગીના દિવસોમાં કે જ્યારે આપણે આપણું બહુમૂલ્ય વિદેશી હુંડિયામણ તથા રાષ્ટ્રીય સ્વાભિમાનને વેચીને અમેરિકા વગેરે દેશોમાંથી અનાજ મંગાવીએ છીએ ત્યારે મોટી મિજબાની દ્વારા થતી અનાજની બરબાદી ઉપર, આપણે રાષ્ટ્રીય કર્તવ્યનું ધ્યાન રાખીને સ્વયં પ્રતિબંધ મૂકવો જોઈએ. એંઠું છોડવાની પ્રથા તો એકદમ બંધ કરી દેવી જોઈએ. ખાવાવાળા એટલો ખ્યાલ રાખે, કે જેને ત્યાં ભોજન કરવા આવ્યા છીએ, તે તેમના શત્રુ નથી, મિત્ર છે. જેટલું ખાવું હોય તેટલું ખાઈ લે, પણ બરબાદીનો ભાર તો તેની ઉપર ન નાંખે. આ સજ્જનતા અને ભલમનસાઈનું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રમાણ છે, જેનું સ્મરણ દરેક બરાબર રાખે. એ જ રીતે ભોજન પીરસતી વખતે ધ્યાન રાખવું જોઈએ, કે આગ્રહ ભલે ગમે તેટલો કરવામાં આવે, પણ પીરસવું એટલું જ જોઈએ જેની ખાનારે સ્પષ્ટ સ્વીકૃતિ આપી હોય. માગ્યા વિના અને પૂછ્યા વિના પતરાળાંમાં એમ જ મૂક્યા કરવું તે પ્રેમ, આદર કે આગ્રહનું ચિહ્ન નથી, પણ વિશુદ્ધ રૂપથી ગમારપણું છે, જેનાથી ખાનારને મુઝવણ થાય છે અને અનાજ જેવા આજના બહુમૂલ્ય પદાર્થની બરબાદી થાય છે.

આપણા દેશમાં ઉપવાસને ધાર્મિક મહત્ત્વ આપવામાં આવ્યું છે. કર્મચારીઓની જેમ પેટને પણ અઠવાડિયે એક દિવસ છુટ્ટી મળી જવાથી, નવી શક્તિ મેળવીને વધુ ઉત્સાહથી કામ કરવાનો અવસર મળે છે અને પેટના રોગોથી બચી જવાય. સાથોસાથ સ્વાસ્થ્ય સંવર્ધનનો લાભ પણ પ્રાપ્ત થાય. અઠવાડિયામાં એક દિવસ અથવા ઓછામાં ઓછું એક ટંક તો હરકોઈ સરળતાપૂર્વક ઉપવાસ રાખી શકે છે. નિરાહાર રહેવાનું મુશ્કેલ લાગે તો અન્ન સિવાય શાક, ફળ, દૂધ વગેરે લઈને પણ એવો ઉપવાસ થઈ શકે છે. આપણે બધા ધાર્મિક અથવા રાષ્ટ્રીય દૃષ્ટિએ એવા ઉપવાસનો નિયમ બનાવી લઈએ, તો દેશને આજે અનાજની જેટલી ખોટ પડે છે, તેની પૂર્તિ સહજ રીતે જ થઈ શકે છે. જેનામાં દેશભક્તિ કે સમાજનિષ્ઠાનું તત્ત્વ મોજૂદ છે, તેણે થોડી અસુવિધા કે કષ્ટ સહી લેવામાં કોઈ મુશ્કેલી અનુભવવી ન જોઈએ. વધુમાં વધુમાં તેમ કરવાથી આર્થિક બચત અને સ્વાસ્થ્ય રક્ષણનો લાભ પણ મળે છે.

ઊંદર, જીવજંતુ વગેરેથી અનાજને બચાવવા દરેક ગૃહસ્થે સાવધાની રાખવી જોઈએ. અનાજના ભંડારો સાચવનાર ભંડારીએ પણ સાવધાની રાખવી જોઈએ. વસતીવધારાથી વધતા અન્નસંકટ પ્રત્યે પણ આપણું ધ્યાન રહે, તો આ સમસ્યાનો ઘણો મોટો સામનો કરી શકાય તેમ છે, કે જે આપણા રાષ્ટ્રીય સ્વાભિમાન અને ભવિષ્યને અંધકારમય બનાવવા તત્પર થઈને બેઠી છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## (૧૨) શાક-આપણી અન્ન સમસ્યા ઉકેલશે

આપણા દેશમાં આજે અન્નની અછત છે. વસ્તી બહુ વધી જવાથી અને ઉપયોગી જમીન ઉપર તમાકુ, અફીણ વગેરે ખરાબ પાક ઉગાડવાથી તથા શ્રમની દૃષ્ટિએ આળસુ થતા જવાથી, આજે અનાજ એટલું પેદા નથી થતું, જેટલી આવશ્યક્તા છે. તેથી વિદેશોમાંથી રોકડેથી ખરીદી, ઉધાર લઈ, દાન માગી, આપણે પોતાનું સ્વાભિમાન વેચવું પડે છે અને રાજનૈતિક પ્રભાવ ગીરે મૂકવો પડે છે. આ ખરાબ અને ચિંતાજનક વાત છે.

સરકાર શું કરી રહી છે અને નેતાઓ શું વિચારે છે, તેની પરીક્ષા કર્યા વિના, આપણે આપણી શક્તિ અનુસાર, કામ કરવાની શરૂઆત કરી દેવી જોઈએ. આ દિશામાં આપણે બે કાર્ય કરી શકીએ (૧) શાકભાજીને ભોજનમાં વધુ સ્થાન આપવું, (૨) શાકભાજી ઊગાડવાં. આ બન્ને કાર્યોથી ભોજનની સમસ્યા હલ થઈ શકે તથા અન્ન પણ બચે. આ બચત આપણને અન્નની દૃષ્ટિએ સ્વાવલંબી બનાવી શકે છે.

શાકભાજી દરેક દૃષ્ટિએ આપણું યોગ્ય ભોજન છે. તેમાં અન્નથી અધિક જીવનતત્ત્વ, ક્ષાર, વિટામીન વગેરે સમાયેલાં છે. તે સુપાચ્ય હોય છે અને અન્ન ન પચવાથી જે વિકૃત્તિઓ અને બીમારીઓની સંભાવના રહે છે, તેમાંથી શાકભાજી ખાવાથી બચી શકાય છે. સૂકા અનાજમાં લીલાં શાકભાજી અને ફળો કરતાં ઓછા ગુણ હોય છે. વસ્તુતઃ લીલાં શાકભાજી પણ એક પ્રકારનાં ફળ જ છે. સસ્તાં હોવાથી તેમને હલકાં માનવામાં આવે છે, પણ કેટલીકવાર તો કિંમતી ફળો કરતાં પણ મૂલ્યવાન હોય છે, ઉપયોગી હોય છે. ગાજર અને ટામેટામાં બહુમૂલ્ય વિટામિનોની ભારે માત્રા હોય છે. દરેક શાકની પોતાની વિશેષતા અને ઉપયોગિતા છે. બટેટા અન્નની જેમ જ એક પરિપુષ્ટ અને સંપૂર્ણ ખોરાક છે. સાકરટેટી, તડબૂચ, કાકડી જેવાં શાકની જેમ ઊગનારાં ફળ સસ્તાં છે. સાથે જ લાભની દૃષ્ટિએ પણ કિંમતી ફળોનો મુકાબલો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરી શકે છે. આહારમાં તેમનો અધિક સમાવેશ કરવો એ સ્વાસ્થ્યની દૃષ્ટિએ પણ અધિક લાભદાયી સિદ્ધ થશે.

જે ખેડૂતો પાસે જમીન હોય તેઓ થોડાં વીઘાં જમીન શાકભાજી ઉગાડવા માટે સુરક્ષિત રાખે. બટેટા, રતાળુ, ડુંગળી, શક્કરિયાં, ગાજર, આદુ વગેરે કેટલાંયે એવાં કંદમૂળ છે, જેની માંગ પણ રહે છે અને પૈસા પણ સારા ઊપજે છે. કારેલાં, તૂરિયાં, રીંગણાં, ભીંડા, પરવળ, ટામેટાં, કોબી, ફલાવર જેવાં શાક ઉગાડવા અતિ સરળ છે. પાલક, ચોળી, મેથી, ફુદીનો, કોથમીર, સરસવ, તાંદળજો જેવાં પાંદડાંયુક્ત શાકભાજી ક્યાંય પણ ઉગાડી શકાય છે. સાકટરટેટી, તડબૂચ, કાકડી, કોળું વગેરે પાક ઉગાડનારને માલામાલ કરી દે છે. ખેડૂતો સમય પ્રમાણે વાવવા માંડે, તો બજારમાં પણ ખૂબ ખપે છે અને ઘરમાં ઉપયોગ કરી, આર્થિક લાભ, સ્વાસ્થ્ય રક્ષા અને અન્ન-બચતમાં યોગદાન આપી શકે છે. ખેડૂતનું ધ્યાન આ તરફ વળી જાય અને પોતાની જમીન આ માટે નિશ્ચિત કરી, સુરક્ષિત રાખે, તો શાક માટે આજે જે રાહ જોવી પડે છે અને અનાજના પણ વધુ ભાવ આપવા પડે છે, તે પરિસ્થિતિ ન રહે. જીવંત ભોજનથી આપણું શરીર નીરોગી અને સ્ફૂર્તિવાન બને અને આર્થિક લાભ પણ પ્રત્યક્ષ જોવા મળે.

આ દિશામાં ખેડૂત સિવાયના લોકો પણ કંઈક કામ કરી શકે અને એક ઉત્સાહવર્ધક આંદોલન ઊભું થઈ શકે. બહુ જ ગીચ શહેરોમાં, જ્યાં અંધારી કોટડીમાં, કીડિયારાની જેમ લોકોને ભાડૂતી ઘરમાં રહેવું પડે છે, ત્યાંની વાત છોડીને અન્યત્ર, ગામડાં, કસબામાં લોકોનાં ઘર એવાં હોય છે, જેનાં આંગણાં, છત, ઓસરી તથા આસપાસની જગ્યા ખુલ્લી હોય. ગામડામાં તો લગભગ એવી ગુંજાઈશ રહે જ. આ ખાલી જગ્યામાં થોડું ખોદીને, ખાતર નાંખીને, શાકભાજી ઊગાડી શકાય છે. કૂંડામાં, ફૂટેલા ઘડામાં, લાકડાની રદ્દી પેટીઓમાં માટી ભરીને, આંગણા કે છતમાં રાખી શકાય છે. તેમાં કંઇને કંઈ ઉગાડી શકાય છે. આદુ, કોથમીર, ફુદીનો, મરચાં જેવી ચીજો તો ગમે ત્યાં ઊગી શકે છે. તે ચટણીનું કામ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આપશે. ભીંડા, તૂરિયાં, ટામેટાં, મેથી, પાલક જેવી ચીજો ઉગાડવી વર્ષાઋતુમાં તો અતિ સુગમ પડે. થોડી મહેનતથી ઘરની આજુબાજુ એટલું ઉત્પાદન થઈ શકે છે, કે શાકભાજીની જરૂરિયાત તો એક હદ સુધી પૂરી થઈ જાય.

આ શોખ બહુ જ લાભદાયક છે. વ્યાયામ અને પરિશ્રમ પણ થાય છે. સમયનો સદુપયોગ થાય છે, ઉત્પાદન અને નિર્માણની પ્રવૃત્તિ વધે છે, હરિયાળી શોભા વધારે છે, છોડવામાંથી ઑક્સિજન મળે છે અને તાજાં શાકભાજી ખાવા મળે છે તથા પૈસા બચાવી શકીએ તેટલી સુવિધા મળે છે. આ શોખ જો આપણા સ્વભાવમાં સામેલ કરી દઈએ, એકની દેખાદેખીથી બીજા અનુકરણ કરવા લાગે, તો તેનાં બહુ જ સારાં પરિણામ સામે આવી શકે.

સૌંદર્ય, શોભા, સુગંધ, વાયુશુદ્ધિ અને ચિત્તમાં પ્રસન્નતા થવાની દૃષ્ટિએ ફૂલોનું પણ પોતાનું મહત્ત્વ છે. શાકની જેમ જ્યાં-ત્યાં ફૂલો પણ ઉગાડી શકીએ છીએ. ભગવાનની પૂજા, મિત્રોને ઉપહાર, ટેબલ ઉપર ફૂલના ગજરા, મહિલાઓ અને બાલિકાઓ માટે વાળનો શૃંગાર - વેણી, ગજરા દ્વારા ઘરેણાંની પૂર્તિ, બાળકોના કોટ ઉપર લગાડવાનાં નહેરુ માર્કાનાં ગુલાબ વગેરે અનેક ઉપયોગ ફૂલોના છે. તેનાથી ઘરઆંગણાની શોભા અનેકગણી વધી જાય છે. ફૂલોની ખેતી વ્યાવસાયિક ધોરણે પણ કરી શકાય છે. મોટાં શહેરો અને કસબાની આસપાસ તો તેનું દૈનિક વેચાણ બહુ જ થાય છે. નાના ગામડામાં ગુલાબની ખેતી થઈ શકે છે. તેમાં સર્વ પાક કરતાં અધિક લાભ થાય છે. દવાઓ માટે, ઠંડક માટે, સૂકાં ગુલાબનાં ફૂલની ભારે માંગ રહે છે. અત્તર અને ગુલાબજળ બનાવવાનો ઉદ્યોગ પણ, થોડા જ પ્રશિક્ષણથી શરૂ થઈ શકે છે. અલીગઢ જિલ્લાના વરમાના ગામમાં અધિકાંશ ખેડૂતો ગુલાબની ખેતી મોટે પાયે કરે છે અને બીજા ખેડૂતો કરતાં કેટલાય ગણો અધિક લાભ કમાય છે. પુષ્પવાટિકા આપણા શોખનો વિષય બની જાય તો પણ એક સારી પ્રવૃત્તિ વિકસે.

શાકભાજીનો ઉદ્યોગ અનેક બેકારોને આજીવિકા આપી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શકે. તેનાથી બજારમાં એક વેચાણ વિભાગ શરૂ થઈ શકે. શહેરોમાં તેને લઇ જવા માટે વાહનોને કામ મળી શકે. ફેરીવાળા ધંધો મેળવી શકે છે. બીજ અને છોડ વેચવાનો ધંધો પણ શરૂ કરી શકાય. આ સંબંધી જરૂરી માહિતી મેળવવા નાની પુસ્તિકાઓ છપાવી શકાય. તેના વેચાણનું કામ વધી શકે. આમ, આ ઉદ્યોગમાં કેટલીયે વ્યક્તિ ઉપયોગમાં આવી જાય.

એક વીઘા જમીનમાં જો અન્ન પાંચ મણ ઉત્પન્ન થઈ શકે, તો બટેટા સહેજમાં તેમાં ૧૦ ગણા, અર્થાત્ ૫૦ મણ પાકે. ઘઉંનો પાક, લગભગ પૂરું એક વર્ષ લે છે. એટલા સમયમાં શાકભાજીના ત્રણ પાક સહેલાઈથી લઇ શકાય. કોઈની પાસે થોડી જમીન હોય, તો તેટલામાં જ પોતાના કુટુંબનો નિર્વાહ થઈ શકે. વિસ્તાર ઓછો હોવાથી રખેવાળી, સિંચાઈ, ખોદકામ વગેરે સરળતાથી થઈ શકે છે. તેને ઘરના થોડાક માણસો જ, બહારના મજૂરો સિવાય, કોઈની ખુશામદ કર્યા વિના પોતાની જાતે સંભાળી શકે છે. તેનો નાસ્તો ગમે ત્યારે થઇ છે. કોઈ મહેમાન આવી જાય, તો કંઈને કંઈ આપી શકાય. લીલોતરીથી આંખોનું તેજ સારું રહે. રોજ ભોજનની સાથે શાકભાજીની ખાઇ શકાય. ગાય-ભેંસ જેવાં પશુઓને ઉપયોગી ઘાસ મળે, પાંદડાનો મફત ચારો મળે વગેરે કેટલાયે લાભ થાય છે. ઘેર ઘેર તુલસીના છોડ ઉગાડવાનું એક આંદોલન ચલાવી શકાય. તુલસીનાં બીજ અને છોડ રોપીને દરેક ઘરમાં આરોગ્યવર્ધક અને ધાર્મિક વાતાવરણ બનાવી શકાય છે. આ લાભ બધાની સમજમાં આવી જાય તેવો છે, પણ મુશ્કેલી એ છે, કે એક બાજુ લોકોમાં ઉપેક્ષા તથા શૂન્યમનસ્કતા ઘૂસી ગઈ છે, તેને કાઢવી જોઈએ. લોકોને સમજાવવા જોઈએ. હરિયાળી ક્રાંતિ માટે એક વેગીલું આંદોલન ચલાવીએ. સમજદાર લોકો આનું લોકશિક્ષણ આપવા ટોળીઓ બનાવે અને બહાર નીકળી પડે. ઘેરઘેર જઈને હરીયાળીનો સંદેશ સંભળાવે. વર્ષાઋતુમાં તો તેને દરેક જગાએ ઉગાડી કરી શકાય. થોડાં બીજ અને છોડ ઉપહાર સ્વરૂપે આપીને, તેને વાવવા ઊછેરવા સક્રિય બનાવીને, આ સંદર્ભમાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આવશ્યક ઉત્સાહ ગમે તે સ્થળે પેદા કરી શકાય છે.

## (૧૩) વૃક્ષારોપણ અને તેમનો ઉછેર એક અતિ આવશ્યક કાર્ય

મનુષ્યના જીવનના અસ્તિત્વ અને તેના ઉત્કર્ષમાં જે જીવધારીઓનો મુખ્ય સહયોગ છે, તેમાં પશુ અને વૃક્ષની ગણના મુખ્ય છે. ગૌમાતાના ગુણ ગાતાં આપણે થાકતા નથી, કેમકે તેના દ્વારા પ્રાપ્ત થતું, દૂધ, છાણ, બળદ, ચામડું વગેરે સર્વ માધ્યમો દ્વારા પૌષ્ટિક આહાર તથા અન્ય સગવડો પ્રાપ્ત થાય છે. ઠીક એવી જ સહાય વૃક્ષો દ્વારા પ્રાપ્ત થાય છે. તેના દ્વારા થતા લાભો અનેક છે. તેઓ બોલતાં નથી. જીવ તો તેમાં પણ છે અને તે જીવ એવો છે કે જે સંતો જેવી ગરિમા રોમેરોમમાં ભરી બેઠાં છે. વૃક્ષ જો જગતમાં ન હોત, તો સંભવતઃ આપણા માટે જીવવું અશક્ય બની જાત. ઘાસ-પાણી અને વનસ્પતિનો મહિમા તો લોકો પશુઓના આહાર, ઔષધિ, અન્ન, દોરડાં સૂકું ઘાસ વગેરેના રૂપમાં જાણે છે, પણ વૃક્ષોની ઉપયોગિતાની બહુ ઓછી માહિતી લોકોના ધ્યાનમાં આવી છે.

સામાન્ય રીતે લોકો એટલું જ જાણે છે કે વૃક્ષોની છાયા તથા ફળફૂલ કામમાં આવે છે. આપણે તે પણ જાણવું જોઈએ, કે મનુષ્યના શ્વાસ દ્વારા બહાર નીકળેલો ઝેરી ગૅસ કાર્બન ડાયોક્સાઈડ શોષીને દિવસભર નિરંતર વાયુને શુદ્ધ કરતાં રહેવાનું શ્રેય વૃક્ષોને જ છે. રાત્રે થોડો કાર્બન બહાર કાઢે ખરાં, પણ તે માણસના ફેફસાંમાંથી બહાર નીકળતા કાર્બન જેવો હાનિકારક નથી. દિવસભર વૃક્ષો ઑક્સિજન નામે પ્રાણવાયુ બહાર કાઢે છે. માણસ માટે આ જ જીવનનો આધાર છે. ઑક્સિજનની ઊણપથી મનુષ્યનું જીવન સંકટમાં પડી જાય છે. તે અન્નજળ કરતાં પણ વધુ ઉપયોગી છે. આવો અમૂલ્ય આહાર, જેની ક્ષણેક્ષણે બહુ જરૂર પડે છે અને જે લોહીમાં લાલીમાથી લઈને, જીવનધારક એવાં અનેક સાધન આપે છે, વૃક્ષ ન હોય, તો સમગ્ર જગતમાં ઑક્સિજનની તંગી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વર્તાય અને શરીરમાંથી અને આગ દ્વારા નીકળતો કાર્બન ડાયોક્સાઈડ (ઝેરી વાયુ) સમગ્ર આકાશમાં ફેલાઈને તેને પ્રદૂષિત કરી એવી મૂંઝવણ પેદા કરે, કે પ્રાણીઓનું જીવવું જ શક્ય ન રહે. તે દૃષ્ટિએ વૃક્ષને જીવન-દાતા કહીએ તો અતિશયોક્તિ નહીં ગણાય.

વૃક્ષોમાં એવું એક વિશિષ્ટ આકર્ષણ છે, જે વાદળાંને ખેંચી લાવે છે અને વર્ષાની પરિસ્થિતિ પેદા કરે છે. જ્યાં વૃક્ષો અધિક હોય ત્યાં વર્ષા પણ અધિક પડે છે. વૃક્ષરહિત પ્રદેશમાં વર્ષાની અછત રહે છે. વૃક્ષોની અભિવૃદ્ધિ કરવી એટલે આપણાં જ સુખસુવિધા વધારવા બરાબર છે. તેમાં ઓટ આવે, એટલે આપણને લાગે. પ્રાણવાયુ ઓછો મળે, વરસાદ ઓછો પડે અને વનસ્પતિ ઓછી ઊગે, તો આપણે કેટલા ખોટમાં રહીએ તેનો હિસાબકિતાબ કરવો મુશ્કેલ છે.

આંખો ઉપર હરીયાળીનો બહુ શાંતિદાયક પ્રભાવ પડે છે. તેનાથી સહેજે જીવ પ્રસન્ન થઈ જાય છે. ઘાસ તો વર્ષા ઋતુમાં જ શોભા આપે છે, પણ વૃક્ષ તો આખું વરસ પોતાની શીતળતા આપતું રહે છે. તેની છાયામાં કેટલાં મનુષ્ય અને પશુ-પક્ષી વિશ્રામ મેળવે છે, તેમને એક ખુલ્લી ધર્મશાળા કહેવી જોઈએ. ફૂલોની શોભા જોવા જેવી હોય છે. તેમની સુગંધ મગજમાં પ્રફુલ્લતા અને શક્તિનો સંચાર કરે છે.

ફળોમાં પણ એવાં જીવનતત્ત્વો છે, જે મનુષ્યને નીરોગી અને દીર્ઘજીવી બનાવી શકે છે. અન્ન-આહાર તો મજબૂરી અને અભાવની પરિસ્થિતિમાં સ્વીકારવો પડ્યો છે. અન્યથા મનુષ્યની શરીર રચના વાંદરા જેવા ફળાહારી વર્ગમાં જ આવે છે. તેનું પ્રાકૃતિક અને સ્વાભાવિક ભોજન ફળ છે. શરીરમાં જે જે જીવનતત્ત્વો જોવા મળે છે અને જેની નિરંતર આવશ્યક્તા રહે છે, તે અધિક્તર ફળોમાં જ ભરેલાં છે. તેથી પૂર્ણ સમર્થ, પૌષ્ટિક, સાત્ત્વિક અને સ્વાસ્થ્યરક્ષક આહારમાં ફળોની જ ગણના કરવામાં આવે છે. તેમાં શરીર જ નહીં, મગજ અને સ્વભાવને પણ ઉચ્ચ સ્તરીય પોષણ પ્રદાન કરતા રહેવાની ક્ષમતા છે. તેથી ધાર્મિક દૃષ્ટિએ ફળોને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બહુ જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. દેવતાઓને ફળ ધરવામાં આવે છે અને ઉપવાસમાં ફળોને જ સર્વશ્રેષ્ઠ માનવામાં આવ્યા છે. ડૉક્ટર પણ રોગીઓને ફળોનો આહાર લેવાની સલાહ આપે છે કારણ કે તે જલદી પાચન થનારાં, પેટ ઉપર બોજો નહીં વધારનારાં અને જીવનતત્ત્વોથી ભરપૂર હોય છે. તે રોગો સામે લડવાની ક્ષમતા પેદા કરે છે. ઋષિમુનિઓનો મુખ્ય આહાર ફળો જ હતો. વન્યપ્રદેશોમાં તેઓ ફળાઉ વૃક્ષો રોપીને આહાર સમસ્યાથી નિશ્ચિંત થઈ જતા હતા. તેમાં ફળોમાં દીર્ઘ તથા સુદૃઢ સ્વાસ્થ્ય, બુદ્ધિમાં સાત્ત્વિકતા તથા મનોબળ વધવાના અગણિત લાભ છે. એવા આહારથી સાધના, ઉપાસનામાં પ્રખરતા આવતી હતી અને તે ક્ષેત્રમાં રહીને વિદ્યાધ્યયન કરનાર વિદ્યાર્થી મનસ્વી, તેજસ્વી અને સુદૃઢ, શૂરવીર બનીને પરત આવતા હતા.

વૃક્ષોની આ ઉપયોગિતા તરફ આપણું ધ્યાન આકર્ષિત થવું જ જોઈએ. અને ઉત્સાહપૂર્વક વૃક્ષોનું આરોપણ, વિકાસ અને સંરક્ષણ કરવું જોઈએ. કિંમતી ફળોવાળાં વૃક્ષ, મામૂલી ખેતી કરતાં વધુ આવક આપે છે. સંતરાં, મોસંબી, લીંબુ, ચીકુ, સફરજન, નાસપત્તી, જમરૂખ, એલચી, અનાનાસ, શેતૂર, અંજીર જેવાં ફળો સહેલાઈથી ઉગાડી શકાય છે. તેની રખેવાળી ત્રણ ચાર વર્ષ કરવી પડે અને સિંચાઈ વગેરેનો પ્રબંધ કરવામાં આવે, તો આગળ ઉપર વિશેષ કામ કરવું પડતું નથી. આંબો, જાંબુ, મહુડા, આંબળા, ઉમરડો, પીપળો, જેવાં વૃક્ષો એક વાર ઊછરી જાય તો સદાને માટે નિશ્ચિંતતા થાય છે ! દ્રાક્ષ, કેળાં, પપૈયાં જેવાં સામાન્ય ફળોને સહેલાઈથી જ થોડી એવી જગ્યામાં ઉગાડી શકાય છે અને હરીયાળીની શોભા સાથે મૂલ્યવાન આહાર પણ પ્રાપ્ત કરી શકાય છે.

દુર્ભાગ્યવશ આપણા દેશમાં વૃક્ષારોપણના લાભો ઉપર ધ્યાન દેવામાં આવતું નથી, જ્યારે સુવિકસિત દેશોમાં તેના વિકાસ માટે દરેક નાગરિકમાં પૂરો ઉત્સાહ જોવા મળે છે. પશુઓથી પણ અધિક ઉપયોગી વૃક્ષોને ઉગાડવા તથા વૃદ્ધિ કરવા માટે વિશાળ યોજનાઓ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બને છે, ત્યારે આપણા દેશમાં વૃક્ષો કાપીને ખલાસ કરી દેવામાં આવે છે અને એ ગૌહત્યા જેવા કુકર્મમાં ફસાઈ ગયા છીએ. કૃષિના લોભમાં વૃક્ષોનો સફાયો કરી નાંખ્યો. ખેતરોમાં જ્યાં વૃક્ષોની હરિયાળી છવાયેલી રહેતી અને બાળકો વૃક્ષો ઉપર ચડીને ઉત્તમ મનોરંજન મેળવતાં હતાં, વ્યાયામ કરતાં હતાં, ત્યાં આજે સર્વત્ર સૂનકાર જણાય છે. લોકો એમ વિચારે છે, કે તેનાથી ખેતી માટે જમીન વધુ મળશે, પણ તેઓ ભૂલી જાય છે, કે વૃક્ષોના અભાવે વર્ષાની અછત તથા ઠંડી-ગરમીની માત્રા અધિક થઈ જવાથી પાકને નુકસાન થશે. તે વૃક્ષો દ્વારા રોકાયેલી જમીન કરતાં અધિક નુકસાન કરશે.

જ્યાં પણ સગવડ મળે ત્યાં આપણે વૃક્ષો ઉગાડી તેમના વિકાસ માટે પ્રયત્ન કરવો જોઈએ. ધર્મશાસ્ત્રોમાં વૃક્ષ ઉગાડવાનું ભારે પુણ્ય માનવમાં આવ્યું છે. પીપળો, વડલો, આંબળા જેવાં વૃક્ષોની તો પૂજા પણ થાય છે. બિહારના હજારીબાગ જિલ્લામાં આંબાના હજાર બગીચા લોકોએ પુણ્ય પ્રવૃત્તિથી પ્રેરાઈને જ બનાવ્યા હતા. લોકોપયોગી દરેક કાર્યને ધર્મ-પુણ્ય ગણવામાં આવે છે. આ દૃષ્ટિથી શાસ્ત્રો અને ઋષિઓએ વૃક્ષારોપણને સ્વર્ગદાતા પરમાર્થ દર્શાવ્યો છે, તો તેમના મંતવ્યને સાચું જ માનવું જોઈએ.

આપણા દેશમાં લોકો છાણને જલાઉ લાકડાની જગાએ વાપરે છે. જો આપણે બેકાર અને હલકી ભૂમિમાં જલાઉ લાકડાનાં વૃક્ષો ઉગાડીએ, તો ઈંધણની સમસ્યા હલ થઈ શકે છે અને લાચારીથી જે કિંમતી છાણ નષ્ટ થઈ જાય છે, તેને બચાવીને ઉત્પાદનની દૃષ્ટિએ ખાતર બનાવવામાં કરી શકીએ છીએ. ઈમારતી લાકડું આપણે ત્યાં કેટલું ઓછું થયું તેનો અનુભવ, તેની દિવસે દિવસે વધતી કિંમત ઉપરથી કરી શકાશે. જ્યારે ઈમારત કે ફર્નિચર માટે લાકડું ખરીદવા નીકળીએ ત્યારે તેની કિંમતનો ખ્યાલ આવે. લાકડાની જરૂરિયાત વાતવાતમાં પડે છે. વૃક્ષારોપણના અભાવમાં તે એટલું મોંઘું થઈ ગયું છે, કે સામાન્ય માણસને તે ખરીદવું મુશ્કેલ પડે છે. તેને એક દુર્ભાગ્ય જ કહેવું જોઈએ.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એક બાબત સમજવી જોઈએ, કે વૃક્ષ મનુષ્યની એક મહત્ત્વની જરૂરિયાત છે અને તેની અભિવૃદ્ધિને માટે નવો ઉત્સાહ અને નવી ચેતના પેદા કરવી જોઈએ. રસ્તાને કિનારે દરેક જગાએ વૃક્ષો ઉગાડવાં જોઈએ, જેથી પથિકોને સરળતા અને થાક વિના યાત્રા કરવાનો અવસર મળતો રહે. જ્યાં પણ અવસર મળે ત્યાં આપણે ફળાઉ, જલાઉ કે ઈમારતી લાકડું આપનાર વૃક્ષો ઊગાડવા માટે સ્વયં આગળ આવવું જોઈએ અને બીજાઓને પ્રોત્સાહન આપવું જોઈએ.

## (૧૪) તુલસી આપણા દરેક ઘરમાં શોભાયમાન રહે

પ્રાચીનકાળમાં એક પ્રથા હતી, કે ભોજનમાં તુલસીપત્ર ભગવાનનો પ્રસાદ સમજીને નાંખતા હતા, પછી ભોજન ખાતા હતા. આ પ્રથા દ્વારા તુલસીનો દરરોજ ઉપયોગ કરીને લાભ ઉઠાવવામાં આવતો અને તેના પ્રત્યે શ્રદ્ધા ટકાવી રાખવાનો ભાવ હતો. આ સાધારણ લાગતો છોડ પોતાની સ્થૂળ અને સૂક્ષ્મ મહત્તાને કારણે અસાધારણ હોવાથી આપણી સંસ્કૃતિમાં તેને આટલું ઊંચું સ્થાન મળ્યું છે. પદ્મપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, બૃહદ્ ધર્મપુરાણ, સ્કંદપુરાણ, ગરુડપુરાણ, વગેરેમાં તુલસીના મહિમા સંબંધી અનેક અધ્યાય મળે છે, જેમાં ધાર્મિક ઉપાખ્યાનોના રૂપમાં તેના લાભો અને પ્રભાવનું વર્ણન કરવામાં આવ્યું છે. તે સિવાય મહાનારાયણ ઉપનિષદ્, રામરહસ્ય ઉપનિષદ્, વાસુદેવ ઉપનિષદ્ વગેરે પ્રાચીન ગ્રંથોમાં પણ તુલસીની સ્તુતિ, પ્રાર્થના વગેરેનો સમાવેશ છે, જેનાથી તે સમયમાં તુલસીનો કેટલો પ્રચાર હશે તે સમજી શકાય છે. તુલસી ઉપનિષદ્‌માં માત્ર તુલસીનો જ મહિમા તથા તેની સેવાપૂજાનું વિધાન છે. તેમાં તુલસીના સ્વાસ્થ્ય વર્ધક અને રોગનાશક ગુણોનો પણ સંકેત મળે છે.

શારીરિક દષ્ટિએ તુલસી એક સર્વ રોગ નિવારક ઔષધિનું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

કામ આપે છે. વિવિધ માત્રામાં તેનું સેવન કરવાથી તાવ, ઉધરસ, શરદી, ઉદરરોગ, ધાતુરોગ, સ્ત્રીરોગ, મુખરોગ, સર્પ દંશ વગેરે સેંકડો રોગોમાં તુરત જ પોતાનો પ્રભાવ દર્શાવે છે. નિત્ય સેવન કરવાથી સ્વાસ્થ્યને સ્થિર રાખે છે અને અનેક ચેપી રોગોથી રક્ષા કરે છે. તેના પ્રયોગથી સાત્ત્વિક ભાવની વૃદ્ધિ થાય છે, જેનાથી હૃદયમાં શ્રદ્ધા, ભક્તિ, કોમળતા, ક્ષમા, દયા વગેરે સત્પ્રવૃત્તિઓની વૃદ્ધિ થાય છે. જે ગુણ તુલસીના પાનના દર્શાવવામાં આવ્યા છે તે જ તેની ડાળીઓમાંથી પ્રાપ્ત થાય છે. એટલું જ નહીં, વિદેશી વૈજ્ઞાનિકોના મત મુજબ તેના લાકડામાં વિદ્યુત ગુણ ઘણા વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. તેથી ધર્મગ્રન્થોમાં તુલસીની માળા ધારણ કરવાના ઘણા અધિક લાભો દર્શાવ્યા છે. તેનાથી મનની હાનિકારક વાસનાઓ અને ભાવનાઓ નષ્ટ થાય છે અને જાતજાતના કુવિચાર, ખરાબ સ્વપ્નો, અનિદ્રા અને હૃદયના ધબકારામાં ઘણા જ લાભ મળે છે. તુલસીપત્રને જળમાં મેળવીને પ્રયોગ કરવાથી તેની શક્તિ બહુ વધી જાય છે અને તેનો તુરત જ પ્રભાવ પાડે છે. તેથી પૂજા, પાઠ, હવન, આદિ ધર્મકૃત્યોના અવસરે, ચરણામૃત સેવન કરવાનો નિયમ રાખવામાં આવ્યો છે. તેના ફળ સ્વરૂપે મનમાં સ્વાભાવિક ઊઠતા અનેક સાંસારિક ભોગો અને કામનાઓના વિચાર શાંત થઈ જાય છે અને મનઃસ્થિતિ ધર્મકાર્ય માટે સુયોગ્ય બની જાય છે. આ તથ્યોને પ્રકટ કરવા માટે શાસ્ત્રોમાં લખ્યું છે કે (૧) જે વ્યક્તિ સદૈવ ત્રણ વખત તુલસીપત્રનું સેવન કરે છે, તેનું શરીર એવું શુદ્ધ થઈ જાય છે, જે અનેક ચાંદ્રાયણ વ્રત દ્વારા સંભવ બને છે. (૨) તુલસીની ગંધ લઈને વાયુ જે દિશામાં જાય છે, તે દિશા તથા ત્યાં રહેનારાં સર્વ પ્રાણી પવિત્ર અને દોષરહિત થઈ જાય છે. (૩) હે મહાભાગ્યશાળી તુલસી માતા ! આપ સમસ્ત સૌભાગ્યોને આપવાવાળી અને આધિ-વ્યાધિને મટાડવાવાળી છો. આપને મારા નમસ્કાર છે. (૪) જેની દૃષ્ટિમાત્રથી સર્વ પાપ નષ્ટ થઈ જાય છે, સ્પર્શ કરવાથી જે શરીરને પવિત્ર કરી દે છે, જેનું સેવન કરવાથી સર્વ રોગ મટી જાય છે. (૫)



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જેને સિંચવાથી યમરાજાનો ત્રાસ જતો રહે છે, જેને રોપવાથી ભગવાનની સમીપતા પ્રાપ્ત થાય છે, ભગવાન કૃષ્ણનાં ચરણોમાં પધરાવવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે, તે તુલસીને અમે નમસ્કાર કરીએ છીએ. (૬) અમૃતમંથનના અવસરે સર્વ ઔષધિઓ અને સર્વ રસોની ઉત્પત્તિ પહેલાં ભગવાન વિષ્ણુએ સમસ્ત પ્રાણીઓ ઉપર ઉપકાર કરવા તુલસીને ઉત્પન્ન કર્યાં. (૭) હે રાજન, જે ઘરમાં તુલસીનો ઉદ્યાન બનાવવામાં આવે છે, તે તીર્થરૂપ બને છે. તેમાં યમરાજના દૂતો પ્રવેશ કરી શકતા નથી. (૮) તુલસી રોપવી, તેનો ઉછેર કરવો, તેમાં જળ નાંખવું, દર્શન કરવાં, સ્પર્શ કરવો વગેરેથી મનુષ્યોની વાણી, મન, કાયા વગેરેનાં સંચિત પાપકર્મ નાશ પામે છે, ભસ્મીભૂત થઈ જાય છે. (૯) નર્મદાજીનું દર્શન, ગંગાજીમાં સ્નાન તથા તુલસી વનનો સંસર્ગ  આ ત્રણે ય એક સમાન કલ્યાણકારી છે. (૧૦) તુલસીમાં પુષ્કર વગેરે તીર્થ, ગંગા વગેરે નદીઓ અને વાસુદેવ વગેરે દેવોનો વાસ હોય છે. (૧૧) તુલસીનું દાન, વિપુલ ફળદાયી હોય છે. તુલસીમાં સમસ્ત દેવતાઓનો નિવાસ છે. તેથી તેની પૂજાઅર્ચના કરવાથી સમસ્ત દેવોના પૂજનનું ફળ મળે છે. (૧૨) જે લોકો દાન આપતી વખતે તુલસીનો સંપર્ક નથી કરતા, તેઓને દુર્ગતિ પ્રાપ્ત થાય છે. (૧૩) તુલસીવનની છાયામાં પિતૃઓનું શ્રાદ્ધ કરવું, તેઓને માટે અધિક તૃપ્તિકારક છે. (૧૪) જે વ્યક્તિ સ્નાનના સમયે જળમાં તુલસી નાંખીને ઉપયોગ કરે છે, તેને સર્વ તીર્થોમાં સ્નાન કર્યાનું ફળ મળે છે. તે સર્વ યજ્ઞોમાં બેસવાનો અધિકારી છે. (૧૫) જે ઘરની ભૂમિ, તુલસીની નીચેની માટીથી લિંપાયેલી હોય છે, તેમાં યમરાજના કિંકર (રોગોના કીટાણુ) પ્રવેશ કરતા નથી.

આયુર્વેદના સર્વશ્રેષ્ઠ અને પ્રામાણિક ગ્રન્થ મનાતા ચરક, સુશ્રુત, વાગ્ભટ્ટ વગેરેના ગ્રંથોમાં તુલસીના ગુણો અને પ્રયોગોનું વર્ણન અનેક સ્થાને મળે છે. ચક્રદત્ત, શારંગધર સંહિતા, ભાવપ્રકાશ, રાજનિઘંટુ, કૈયદેવ નિઘંટુ, યોગ રત્નાકર વગેરેમાં પણ તુલસીના અનેક પ્રયોગ અને ઉપયોગો બતાવાયા છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ધાર્મિક, સાંસ્કૃતિક, શારીરિક, માનસિક એમ દરેક દૃષ્ટિએ તુલસીનો છોડ ઘણો જ ઉપયોગી છે. તેને ઘેરેઘેર રોપવો જોઈએ. ગૌમાતાની જેમ જ તુલસીનું પણ સાંસ્કૃતિક મહત્ત્વ છે. તેથી તેના સંસ્થાપન અને વિકાસ માટે યથાશક્તિ પ્રયત્નો કરવા જોઈએ. ઉત્સાહી, સેવાભાવી વ્યક્તિ, પોતાની જમીનમાં તુલસીનાં બીજ વાવીને છોડ ઉછેરે અને તે છોડવા - રોપા ઘેર ઘેર જઈને આરોપિત કરવા માટે પ્રયત્નો કરે. જ્યાં સંભવ હોય ત્યાં તુલસી ઉદ્યાન બનાવવામાં આવે. તુલસી સંમિશ્રણ વડે બની શકતી અનેક પ્રભાવશાળી ઔષધિઓ દ્વારા તુલસી ચિકિત્સાલય ચલાવવામાં આવે. માળા બનાવવા તથા જડીબુટ્ટીની જેમ ઉપયોગ કરવા માટે વ્યાવસાયિક દૃષ્ટિએ તુલસી ઉત્પાદન કરી શકાય. તુલસી ચિકિત્સાની નાની પુસ્તિકાઓ છાપી શકાય, જેથી દરેક ગૃહસ્થ, આ અનુભૂત ઔષધ દ્વારા ઘેર જાતે ચિકિત્સા કરીને, સમસ્ત રોગો અને આધિ-વ્યાધિઓ થી છુટકારો મેળવી શકે. નિઃસંદેહ તુલસી ઉછેરનું આંદોલન ઘણું જ ઉપયોગી સાબિત થઈ શકે છે. તે આંદોલન આગળ વધતાં ઘરોમાં ફૂલવાડી અને શાકભાજી ઉગાડવાની પદ્ધતિને પણ પ્રોત્સાહિત કરશે.

## (૧૫) ગૌરક્ષા-આપણી એક મહત્ત્વની જરૂરિયાત

આપણા દેશમાં ગૌરક્ષાનું, ગૌપાલનનું અને ગૌપૂજાનું મહત્ત્વ ઘણું જ છે. ભગવાન કૃષ્ણએ પોતાની અભિરુચિ આ દિશામાં પ્રદર્શિત કરીને, લોકોનું ધ્યાન આ દિશામાં આકર્ષિત કર્યું હતું. આથી ગાયનું મહત્ત્વ અને ઉપયોગ સારી રીતે સમજવો જોઈએ અને આ સંદર્ભમાં વ્યવહારમાં કંઈક કરતા રહેવું જોઈએ.

માનવીની સ્વાસ્થ્ય સુરક્ષા માટે જે પૌષ્ટિક આહારની જરૂરિયાત છે તેમાં ગાયનું દૂધ મુખ્ય છે. આમ તો, દૂધ ભેંસનું અને ઘેટાંબકરાનું પણ મળી શકે છે અને ક્યાંક તો ગધેડી અને ઊંટડીનું દૂધ પણ ઉપયોગમાં લેવાય છે, પણ વિટામીન એ જેવાં કિંમતી તત્ત્વો જેટલી માત્રામાં ગાયના દૂધમાં છે, તેટલાં બીજા કોઈ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દૂધમાં નથી. જોવામાં તો ભેંસ કે ઘેટાંનું દૂધ ચીકણું, ઘાટું હોય છે, પણ ગુણોની બાબતમાં ગોરસ સાથે કોઈ તુલના ન થઈ શકે. જેટલાં ઉપયોગી ખનિજ, ક્ષાર, રોગનિરોધક, બલવર્ધક જીવનતત્ત્વો ગાયના દૂધમાં છે તેટલાં અન્ય કોઈના દૂધમાં નહીં મળે. એ જ કારણે જગતના સભ્ય અને શિક્ષિત દેશોમાં, જ્યાં ગુણ અને લાભની પરખ થાય ત્યાં કેવળ ગાયનું દૂધ જ વપરાય છે. યુરોપ અને અમેરિકાના બધા દેશો પ્રાયઃ ગાયના દૂધનું જ સેવન કરે છે. ભેંસ તો આફ્રિકા અને ભારત સિવાય બીજે ક્યાંય જોવા જ મળતી નથી !

આયુર્વેદશાસ્ત્રમાં પણ ગાયના દૂધનું જ મહત્ત્વ દર્શાવાયું છે. ધર્મગ્રંથોમાં પણ જ્યાં દૂધ-ઘીની જરૂરિયાતનું વર્ણન છે ત્યાં ગોરસનો જ ઉલ્લેખ સમજવો જોઈએ. દીર્ઘદષ્ટિવાળા ઋષિઓને લૌકિક દષ્ટિથી ગોરસની શારીરિક ઉપયોગિતાનો ખ્યાલ હતો. તે ઉપરાંત તેના માનસિક અને આધ્યાત્મિક ગુણોથી તેઓ પરિચિત હતા. ગાયમાં તથા ગાયના વાછડામાં જેવી સ્ફૂર્તિ અને ચતુરતા હોય છે તેવી ઘેટા કે ભેંસમાં નથી હોતી. આથી સ્પષ્ટ છે કે આ પશુઓનું માનસિક સ્તર પણ તેના દૂધમાં ભળેલું હોય છે. ભેંસનું દૂધ પીવાથી ભેંસ જેવાં જ આળસ, પ્રમાદ અને જડતા વધે છે. 'ગાડરિયો પ્રવાહ' જેવી ઉક્તિમાં જ તે પ્રાણીની અદૂરદર્શિતાનું વર્ણન છે. ગાય આ બધાથી નિરાળી છે. તેની સ્ફૂર્તિ અને ચતુરતા વાતવાતમાં જોઈ શકાય છે. માર્ગમાં ચાલતાં બાળકોને ગાય બચાવતી ચાલશે, જ્યારે ભેંસ તો પોતાને રસ્તે જ ચાલશે, ચાહે ઘરડાં હોય કે બાળક, ભલેને તેઓ કચડાઈ જાય ! થોડીક પણ ગરમી, ઠંડી તથા થાક સહન કરવો ભેંસ માટે મુશ્કેલ છે.માતાનો જેવો સ્વભાવ હોય છે, તેવાં જ બાળક બની જાય છે. આ દૂધનું કારણ છે. ભેંસ કે ઘેટાં બકરાનું દૂધ પીવાવાળા, તેના જેવા જ હલકા ગુણોવાળા બની જાય છે.

ગાયની સૌથી મોટી વિશેષતા તેમાંથી પ્રાપ્ત થતી આધ્યાત્મિક્તા છે. દરેક પદાર્થ અને પ્રાણીમાં કોઈને કોઈ સૂક્ષ્મ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ગુણ, રહસ્ય છુપાયેલાં હોય છે. સત્ત્વગુણ, તમોગુણની માત્રા સર્વમાં જોવા મળે છે. જે પ્રકૃત્તિના પદાર્થો, પ્રાણીઓ સાથે આપણે સંપર્ક રાખીએ છીએ, તે પ્રમાણે આપણી આંતરિક સ્થિતિ પણ તે પ્રમાણે ઘડાઈ જાય છે. હંસ પાળવાથી વધતો સત્ત્વગુણ અને કાગડો પાળવાથી વધતો તમોગુણ ગમે ત્યારે અનુભવી શકાય છે. ઘેટાંબકરાં અને ભેંસને તમોગુણી માનવામાં આવે છે. ગાયમાં સત્ત્વગુણની ભારે માત્રા હોય છે. પોતાના વાછરડા પ્રત્યે ગાયની મમતા પ્રસિદ્ધ છે. તે પોતાનું પાલન કરનાર તથા તેના સમગ્ર પરિવારને બહુ જ પ્યાર કરે છે. જંગલમાં સિંહવાઘ સામે મળે ત્યારે ગોવાળિયા કે ચારનારને ઘેરીને ઝૂંડ બનાવી લે છે અને પોતાના જીવના જોખમે પોતાના રક્ષકને બચાવવા ત્યાગ, બલિદાન, કૃતજ્ઞતા અને આત્મીયતાનું આદર્શ ઉદાહરણ રજૂ કરે છે.એવી આધ્યાત્મિક વિશેષતા બીજા કોઈ પ્રાણીમાં જોવા મળતી નથી. આ સ્તરના ઉચ્ચગુણો તે લોકોમાં પણ વધે છે, જેઓ તેનું દૂધ પીએ છે. બળદની પરિશ્રમશીલતા અને સહિષ્ણુતા પ્રખ્યાત છે. આ વિશેષતાઓ ગાયના દૂધનો ઉપયોગ કરનારમાં પણ વધે છે.

ગૌરસ એક સર્વાંગસંપૂર્ણ આહાર છે. તેમાં માનસિક સ્ફૂર્તિ અને આધ્યાત્મિક સત્ત્વગુણી તત્ત્વોનું બાહુલ્ય રહે છે. તેથી મનીષીઓ અને શાસ્ત્રકારોએ ગાયનું વર્ચસ્વ સ્વીકારતાં, તે પૂજ્ય, સંરક્ષણીય, તથા સેવાને યોગ્ય છે તેમ કહ્યું છે. ગાયની તુલના બ્રાહ્મણ સાથે કરી છે અને તેને અવધ્ય વધ ન કરવા યોગ્ય, ન મારવા યોગ્ય - જાહેર કરવામાં આવી છે. ગોપાષ્ટમી અને ગોવર્ધનપૂજા, આ બન્ને તહેવાર જ ગૌરક્ષા તરફ ધ્યાન સ્થિર કરવા માટે સામાન્ય જનો માટે બનાવવામાં આવ્યા છે. ભોજનાલયમાં પહેલી રોટલી ગાયની કાઢવાની પરંપરા પણ આ માટે જ છે, કે ગાયને કૌટુંબિક પ્રાણી સમજવું જોઈએ. રાજા દિલીપ જેવા ઐતિહાસિક મહાપુરુષની ગૌભક્તિ પ્રસિદ્ધ છે, જેને કારણે તેમણે સુસંતતિ પ્રાપ્ત કરી. આજે પણ આ તથ્ય યથાવત્ જ છે. ગાયના સંપર્કમાં રહેનારાં, ગોરસ પીનારાં પતિપત્ની નિ:સંદેહ સુયોગ્ય અને સ્વસ્થ સંતાન



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પેદા કરી શકે છે. તેનું પુરુષત્વ સાંઢની જેમ સુસ્થિર બની રહે છે. પુરાણોમાં ગૌભક્તિ અને ગૌસેવા માટે ઘણું કાર્ય કરનાર સત્પુરુષોનાં અગણિત ઉદાહરણ હયાત છે. તે સમયે શિક્ષકની ગુરૂકુળ પ્રણાલી હતી. દરેક વિદ્યાર્થીએ આશ્રમની ગાયો ચરાવવી પડતી હતી અને આહારમાં ગોરસની યોગ્ય માત્રા હતી. તે સમયે વિદ્યાર્થીને પ્રતિભા, બળવર્ધક્તા અને સજ્જનતાની અભિવૃદ્ધિના મહત્ત્વપૂર્ણ લાભો મળતા હતા, તેમાં ગૌસંપર્ક પણ એક બહુ મોટું કારણ હતું.

ભારત ખેતીપ્રધાન દેશ છે. અહીં હળ ચલાવવા, સિંચાઈ, ખોદકામ, વાવણી, લણણી વગેરે માટે બળદની અનિવાર્ય આવશ્યક્તા રહે છે. ગાયનું છાણ, એક ફળદ્રુપ ખાતર છે, જેમાં ઘણી ઊર્જા છે. આપણા દેશની ખેતી ગૌવંશ ઉપર આધારિત છે. રાસાયણિક ખાતર તો અથાણાં, ચટણી જેવું કામ આપે છે. તેનાથી ધરતીની ભૂખ ન બૂઝાઈ શકે. તે તો છાણથી જ બને. મોંઘાં, વારંવાર બગડી જાય તેવાં, ખર્ચાળ, ટેકનિકલ જ્ઞાનની અપેક્ષા રાખનારાં મશીનો ભારતની કૃષિ સમસ્યા હલ નહીં કરી શકે. અનેક કારણોસર અહીં તો બળદ જ સફળ થશે. અન્ન અને દૂધ આપણે ગૌવંશની કૃપાથી જ પ્રાપ્ત કરી શકીએ છીએ. તેથી તેનું સંરક્ષણ સર્વ પ્રકારે સુયોગ્ય જ છે.

ઘરને છાણથી લીંપવાથી રોગનાં કીટાણુથી મુક્ત બને છે. ગૌમૂત્ર અસાધ્ય રોગોમાં પણ રામબાણ દવાનું કામ આપે છે. તેની ગંધથી ઝેરી રોગના કૃમિ અનાયાસે જ મરી જાય છે અને સ્વાસ્થ્યરક્ષાની એક સહજ વ્યવસ્થા બની રહે છે. આપણે ગૌરક્ષા ઉપર ધ્યાન આપીએ તે ખાસ જરૂરી છે, જેથી આપણી શારીરિક, માનસિક, આધ્યાત્મિક અને આર્થિક તેમજ ધાર્મિક સ્થિતિને સંતોષકારક બનાવવા માટે કંઈક નક્કર પગલાં ઊઠાવી શકીએ.

તે એક દુર્ભાગ્યની વાત છે, કે જે દેશમાં ગાયને પૂજ્ય અને ગૌરક્ષાને ધર્મ માનવામાં આવે છે, ત્યાં જ તેની સૌથી વધુ દુર્ગતિ થાય છે. ગાયોની જાત ખૂબ નબળી પડી ગઈ છે. થોડુંક



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દૂધ આપે તો તેને બેકાર સમજવામાં આવે છે. તેને કસાઈની છરીનો ભોગ બનવું પડે છે. ગૌવંશ ખરાબ રીતે ઘટતો અને નષ્ટ થતો જાય છે. તેનું એક માત્ર કારણ આપણી તેના પ્રત્યેની ઉપેક્ષાવૃત્તિ જ છે. માંસાહારી દેશોમાં ગાય એક એક મણ દૂધ આપે છે અને ગોરસની નદીઓ વહે અને આપણને ગૌભક્તોને તેનાં દર્શન જ દુર્લભ થઈ ગયાં છે તે કેવી વિચિત્રતા છે !

આપણે ગાયના દૂધની ઉપયોગિતા સ્વીકારવી જોઈએ અને તેની માંગ વધારવી જોઈએ. આમ થવાથી ભેંસ પાળતા લોકો ગાય પાળવા માંડશે. જેની માંગ હશે તેનું ઉત્પાદન પણ વધશે અને તેનું સ્તર પણ ઊંચું આવશે. આપણે જય ગાયની બોલીએ છીએ અને દૂધ ભેંસનું ખાઈએ છીએ. આ રીતે ગૌરક્ષા કેવી રીતે થશે ? જે દિવસે લોકોની સમજમાં ગોરસની ઉપયોગિતા સિદ્ધ થશે, તેની જ માંગ કરવામાં આવશે, ત્યારે જોતજોતામાં આ દેશ ગૌધનથી ભરપૂર થઈ જશે. આપણે ગાયનું દૂધ અને ગાયનું ઘી ખાવાનું વ્રત લેવું જોઈએ અને બીજાને પણ તેને માટે તૈયાર કરવા જોઈએ. જ્યારે ગોરસની માંગ વધશે ત્યારે ગૌપાલનની વ્યવસ્થા પણ થશે. જે લોકો ગાયનું ધાર્મિક કે આર્થિક મહત્ત્વ સમજે છે, તેમના માટે ઉચિત છે કે ગૌપાલન, ગૌસંવર્ધન અને ગોરસના ઉત્પાદન માટે મોટા પાયે વ્યાવસાયિક સ્તરે કામ કરે. ચા વાળાની જેમ ગોરસની મહત્તા સમજાવવા માટે વ્યાપક પ્રચાર કરીએ અને ધર્મ, પુણ્ય, તથા રાષ્ટ્રની મહત્ત્વપૂર્ણ સેવાનો સુયોગ પ્રાપ્ત કરીએ. સરકાર અને જનતા એ બન્ને મળીને ગૌરક્ષાને માટે કંઈક નક્કર કાર્ય કરી શકીએ, એ જ આજની મહત્ત્વપૂર્ણ જરૂરિયાત છે.

## (૧૬) અધિકાર ગૌણ અને કર્તવ્યને મુખ્ય માનવું જોઈએ

સગવડોનો લાભ ઉઠાવવા અને જરૂરિયાતોની પૂર્ણતા માટે વસ્તુઓનું ઉત્પાદન કરવું પડે છે. આ ઉત્પાદિત વસ્તુઓ જ સંપત્તિ કહેવાય છે. સિક્કા તો આ ઉત્પાદિત વસ્તુના પ્રતિનિધિ માત્ર



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. તેમને વસ્તુઓના વિનિમયની સગવડ માટે ચલણમાં મૂક્યા છે. સંપત્તિ ઉત્પાદનના ત્રણ પક્ષ છે (૧) મૂડી, (૨) અનુભવ, (૩) શ્રમ. આ ત્રણે ય ભલે એક જ વ્યક્તિ ભેગાં છે, પણ કામ તે ત્રણેયની સામૂહિક શક્તિથી જ થશે. જીવનધારણની જરૂરિયાત પૂર્ણ કરવા માટે અન્નથી લઈને યંત્રો સુધી અને શિલ્પીઓથી લઈને વ્યવસ્થાપકો સુધી વિવિધ સ્તરનાં જડચેતન સાધનોનો ઉપયોગ કરવો પડે છે. આ જ સંપત્તિ ઉત્પાદનનું તંત્ર આપણી ભૌતિક જરૂરિયાતો પૂરી કરવા અને સગવડો મેળવવા સમર્થ બને છે.

આજે ઉત્પાદન ક્ષેત્રમાં બે મુખ્ય પક્ષ છે (૧) માલિક, (૨) મજૂર. બન્નેના ઉચિત સહયોગથી સંપત્તિ સારી રીતે પેદા થાય છે. જેમની પાસે મૂડી, જ્ઞાન કે અનુભવ નથી તેવા એકલા મજૂરો કોઈ મોટું કામ કરી શકતા નથી. તે જ રીતે જેની પાસે પૂંજી અથવા અનુભવજ્ઞાન છે, તેઓ મજૂર વિના કામ ચલાવી શકતા નથી. સહ્યોગ વિના બન્નેની ક્ષમતા વ્યર્થ છે. સરકારી તંત્ર પણ નાના કર્મચારીઓથી લઈને ઑફિસરો સુધી શ્રમિકોની શૃંખલામાં જ આવે છે. સરકાર વેતન તથા કાર્યપદ્ધતિ નક્કી કરે છે. કર્મચારીઓ શ્રમ કરે છે. બન્નેનો સહયોગ જ સરકારી અથવા બિનસરકારી સંસ્થાનો ચલાવવા સમર્થ બને છે. જો વિવિધ ઉત્પાદનો અને વ્યવસ્થાઓનો ક્રમ સારી રીતે ચલાવીને સગવડો અને સંપત્તિઓ પૂરતા પ્રમાણમાં વધારવી હોય, તો બન્ને વચ્ચે સહયોગ અને સદ્‌ભાવનાઓનો મનમેળ ઘનિષ્ઠ બનાવવો પડશે.

દુર્ભાગ્યવશ આજે માલિક અને મજૂર વચ્ચેની ખાઈ વધુ પહોળી થતી જાય છે અને સહયોગનાં સૂત્રો શિથિલ થઈ ગયાં છે. તેનું પરિણામ, ઉત્પાદનની અછતના સ્વરૂપે સામી આવી રહ્યું છે અને મોંઘવારી વધી રહી છે. તેનું દુષ્પરિણામ સૌને ભોગવવું પડે છે અને દેશનું અર્થતંત્ર હચમચી ગયું છે. આ અનિચ્છનીય પરિસ્થિતિને રોકવી અને સુધારી લેવી જોઈએ.

માલિકોએ એ માનીને ચાલવું જોઈએ, કે તેમની મૂડી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને અનુભવનું જેટલું શ્રેય છે, તેનાથી વધુ મજૂરોના પરિશ્રમનું છે. શ્રમ વિના તેમની મૂડી અને જ્ઞાન અપંગ છે. તેથી ઉત્પાદનમાંથી યોગ્ય ભાગ મજૂરોને પણ આપવો જોઈએ. આ ન્યાયસંગત વાત છે, મજૂરોને જરૂરી સગવડો મળવાથી તેઓ પોતાની શારીરિક અને માનસિક ક્ષમતા સારી રાખી શકશે અને તેના જ આધારે પોતાનું કર્તવ્ય સારી રીતે નિભાવી શકશે. તેથી યોગ્ય એ જ છે, કે લાભનો જેટલો અધિક અંશ શ્રમિકને આપી શકાય તેટલો તેને વેતન, બોનસ અથવા અન્ય સગવડોના રૂપમાં આપવો જોઈએ અને તેઓના સન્માનનું યોગ્ય ધ્યાન રાખવું જોઈએ.

બીજી બાજુ શ્રમિકોએ પણ પૂર્ણ સહયોગની ભાવનાથી ચાલવું જોઈએ અને ધ્યાન રાખવું જોઈએ, કે ઉત્પાદન વધારીને તેઓ સમાજની મહત્ત્વપૂર્ણ સેવા કરી રહ્યા છે. પોતાના આ કર્તવ્યમાં કોઈ જાતની ઊણપ લાવીને દેશને દુર્બળ નહીં બનવા દે. તેમણે તે પણ ધ્યાનમાં રાખવું જોઈએ, કે માલિક અને મજૂર એક બીજાના પૂરક છે. પરસ્પર સહયોગ વિના બન્નેની ગાડી અટકી જશે અને તે અવરોધનું દુષ્પરિણામ સમગ્ર સમાજને ભોગવવું પડશે.

અધિકારની માગણી અને કર્તવ્યની ઉપેક્ષાનું જે ઘાતક ચક્ર દરેક ક્ષેત્રમાં આજે ચાલી રહ્યું છે, તેણે પારસ્પરિક સહયોગનો પાયો હલાવી નાંખ્યો છે. અસહયોગ, ઘૃણા અને દ્વેષની મનઃસ્થિતિમાં ન પરિવાર ચાલી શકે, ન સામાજિક વ્યવસ્થા બરાબર રહી શકે કે ન ઉપાર્જનના ક્ષેત્રમાં પ્રગતિ થઈ શકે. ટેન્શન ની સ્થિતિમાં દરેક વર્ગ, દરેક પક્ષને નુકસાન જ છે. મનની મલિનતા અને અસંતોષનું કોઈ કારણ હોય, તો તેના ઉપર શાંત ચિત્તે વિચાર વિનિમય કરી શકાય છે અને ગૂંચવણોને એકબીજાની સ્થિતિ સમજીને ન્યાયી સમાધાન શોધી કાઢવું જોઈએ. બુદ્ધિમત્તા એમાં જ છે. અવરોધ અને ટેન્શન પેદા કરવામાં કોઈ પણ ઘૃણા, વિરોધ કે ભ્રમ ફેલાવનાર વ્યક્તિ સરળતાથી સફળ થઈ શકે છે. બુદ્ધિમત્તા સહયોગના અભિવર્ધનમાં રહેલી છે. તેથી સસ્તી નેતાગીરી મેળવવા અને પોતાનું ધાર્યું કરાવનારા વિઘ્નસંતોષી લોકોથી સાવધાન રહેવું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જોઈએ. તેમનાં કરતૂતો દરેક પક્ષને કેવળ નુકસાન જ પહોંચાડી શકે છે.

દરેક પક્ષે કર્તવ્યને મુખ્ય માનીને ચાલવું જોઈએ. માનવતા અને રાષ્ટ્રભક્તિ આ પ્રકારના આચરણમાં જ રહેલાં છે. ડગલે ને પગલે અધિકારને આગળ ધરવો અને કર્તવ્યને ભૂલી જવાથી માનવાનો માત્ર વિરોધ જ વધશે અને એક બીજાને દુષ્ટ અનુભવ થશે. ઘૃણાથી ઘૃણા વધશે અને અસહયોગથી અસહયોગ. શ્રમિક અને માલિકોની વચ્ચે આ પ્રકારે અસંતોષનું વધવું, તે તંત્રને દુર્બળ કરશે, જેના તેઓ બન્ને અંગ છે. આ દુર્બળતા છેવટે સમગ્ર સમાજને માટે કષ્ટકારક અને દુ:ખદાયી સિદ્ધ થશે. તેથી સહયોગના આધારે વધુમાં વધુ ઘનિષ્ઠ સંબંધ બનાવવા જોઈએ અને મતભેદ તરત જ હલ થઈ જાય તો ક્રમશઃ સુધારણા માટે ધૈર્યપૂર્વક પ્રયત્ન કરવો જોઈએ. ભલે તેમાં થોડો સમય લાગી જાય, પણ છેવટે એકંદરે બન્ને પક્ષોને લાભ જ થશે અને તે ઉત્પાદનથી લાભ ઉઠાવનારાને રાહત મળશે. તેથી દીર્ઘદષ્ટિ ટેન્શન પેદા કરવામાં નહીં, એક બીજાની મુશ્કેલીને સમજવામાં અને યોગ્ય સમાધાન શોધવામાં બધી શક્તિ કેન્દ્રિત કરવામાં જ રહેલી છે.

કોઈ પણ પક્ષે, કોઈ પણ હાલતમાં પોતાના કર્તવ્યની ઉપેક્ષા ન કરવી જોઈએ. મતભેદ હોઈ શકે, રહી શકે, પણ તેને હલ કરવાનો રસ્તો એ નથી કે ઉત્તરદાયિત્વનો ઈન્કાર કરવામાં આવે. જાપાનમાં આવેલી અમેરિકન ફેક્ટરીઓમાં અઠવાડિયે બે દિવસની રજાની જાહેરાત કરી, તો જાપાની શ્રમિકોએ તેનો વિરોધ કર્યો અને કહ્યું, કે અમે કામનો એક દિવસ ઘટાડીને દેશને ઉત્પાદનના લાભથી વંચિત નહીં રાખીએ. બીજા મહાયુદ્ધ પછી ભાંગીને ભુક્કો થઈ ગયેલા ઝેકોસ્લોવેકિયાના શ્રમિકોએ આઠ કલાકને બદલે દસ કલાક કામ કરવાનો નિશ્ચય કર્યો. જો કે માલિક તે પક્ષમાં ન હતા કે શ્રમિકો વધુ કામ કરે, તો પણ શ્રમિકોની એ આગ્રહમાં જીત થઈ કે દેશને જલદી દુર્દશામાંથી બહાર કાઢવા માટે અમે દરરોજ બે કલાક વધારે કામ કરીશું. આવી મનોવૃત્તિ જ દરેક



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ક્ષેત્રમાં અને વર્ગમાં રહેવી જોઈએ. વેતન લેવું, કામ ન કરવું, કામ આપનારને શોષક સમજવો અને તેને હાનિ પહોંચાડવાની ચેષ્ઠા કરવી તે કોઈ પણ દષ્ટિએ યોગ્ય નહીં કહેવાય. ઓછી સગવડો મળવાની પ્રતિક્રિયા આ રીતે વ્યવસ્થાતંત્રને ખોરવી, કર્તવ્ય ધર્મને તોડીફોડી નાંખવામાં વ્યક્ત ન કરવી જોઈએ. ઉત્પાદન ઘટાડ્યા વિના, વ્યવસ્થા બગાડ્યા વિના અને સાધનતંત્રને ક્ષતિ પહોંચાડ્યા વિના પણ સત્યાગ્રહ જેવા અનેક માર્ગ એવા છે, જે જરૂરિયાત પડે ત્યારે ઉદ્દેશ્યની પૂર્તિ કરી શકે છે.

બન્ને પક્ષ એક બીજાની મુશ્કેલીને સહાનુભૂતિ અને ઉદારતાની સાથે સમજવાની ચેષ્ટા શાંત ચિત્તથી કરે, તો અધિકાંશ ગૂંચવણો સફળતાપૂર્વક ઉકેલી શકાય છે. દબાણયુક્ત અસર ઉપસાવીને અધિક લાભ પ્રાપ્ત કરવો, છેવટે તો નકામો સાબિત થશે. વેતન વધારવાની જરૂરિયાત ટેક્સ લગાવવાથી, કે ઉત્પાદન મોંઘું કરીને જ પૂરી કરી શકાય અને તે વધેલા ટેક્સ અને મોંઘવારીની શ્રમિક ઉપર જ અસર પડે છે. વધેલું વેતન, તે મૂલ્યવૃદ્ધિમાં જ તણાઈ જાય છે. તેથી શ્રમિકનું હિત કેવળ એમાં જ નથી, કે તેનું પગારધોરણ વધ્યા કરે. બીજો પક્ષ એ પણ વિચારવો પડશે, કે મોંઘવારી ન વધે, ઉત્પાદન ન ઘટે, અન્યથા વેતનવૃદ્ધિનો શું લાભ મળશે ? કર્તવ્યમાં ઢીલ ન કરવી અને ભરપૂર શ્રમ કરવામાં જ દેશભક્તિ અને લોકમંગળની ભાવના સમાયેલી છે અને તેને દરેક નાગરિકે પૂરી ઈમાનદારીથી નિભાવવી જોઈએ. ચાહે તે માલિક હોય કે શ્રમિક.

શ્રમ અને કર્તવ્યની ઉપેક્ષાનો રિવાજ જે આજે પડી ગયો છે, તે રાષ્ટ્રના ભવિષ્યને ઉજ્જવળ નહીં બનવા દે. અધિકારની પ્રધાનતા સુધી જ આપણો દષ્ટિકોણ સીમિત ન રહેવો જોઈએ, પરંતુ અધિક ધ્યાન ઈમાનદારી અને જવાબદારી સાથે પોતાનું કર્તવ્યપાલન કરવામાં કેન્દ્રિત કરવું જોઈએ. સામેવાળો પક્ષ ભૂલ કરતો હોય, તો આપણે શું કરવું ? આપણે તેના સ્તર સુધી શા માટે નીચા જઈએ ? આ ઉદાત્ત ભાવનાથી જ શ્રમ-સમસ્યાનો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હલ નીકળી શકે અને તેને જ આધારે રાષ્ટ્રીય સંપત્તિ તથા માનવીય સુખસુવિધાનું અભિવર્ધન થઈ શકે છે.

## (૧૭) મતદાતાની સતર્કતા ઉપર જ પ્રજાતંત્રનું ભવિષ્ય નિર્ભર છે.

પ્રજાતંત્રનો અર્થ છે જનતાનું શાસન. આ પ્રણાલીમાં દરેક નાગરિકને પોતાની ઉપર, પોતાના રાષ્ટ્રની ઉપર, શાસન કરવાનો અધિકાર મળે છે. આ શાસનપદ્ધતિમાં પ્રતિનિધિઓની નિયુક્તિ, ચૂંટણીપ્રણાલીને આધારે કરવામાં આવે છે અને ચૂંટાયેલા લોકો જ શાસનતંત્રનું સંચાલન કરે છે. આ પ્રકારે ચૂંટાયેલા લોકો જ પ્રજાની આકાંક્ષાઓ, જરૂરિયાતો અને હિતોના સંરક્ષક હોય છે. જો આ ચૂંટણીપ્રણાલી સાચી હોય અને પ્રજાજનો પોતાના પ્રતિનિધિ ચૂંટણી વખતે ધ્યાન રાખે, કે આ કોઈ રમત નથી, પરંતુ રાષ્ટ્રનું શાસન કરવા માટે સુયોગ્ય વ્યક્તિની નિયુક્તિ કરવાનું એવું પરમ પવિત્ર કર્તવ્ય પૂરું કરવામાં આવી રહ્યું છે, જેનાં પરિણામો દૂરગામી હશે, તો નિઃસંદેહ પ્રજાતંત્ર સર્વોત્તમ શાસનપદ્ધતિ સિદ્ધ થઈ શકે છે.

આપણા દેશમાં પ્રજાતંત્રની શાસનપ્રણાલી છે. અહીં દરેક પુખ્ત વ્યક્તિને મતદાન કરીને, પોતાના પ્રતિનિધિ ચૂંટીને, તેને શાસન સોંપવાનો અધિકાર છે. એવી દશામાં અહીં બધું પ્રજાના હિતમાં થવું જ જોઈએ, પણ બારીકાઈથી જોતાં આપણા શાસકો અને તેમની કાર્યપદ્ધતિમાં ભારે દોષ માલૂમ પડે છે. આ દોષોનું અવારનવાર સમાચારપત્રોમાં રહસ્ય ખૂલે છે અને આપણામાંથી પ્રત્યેક વ્યક્તિ અનુભવ કરે છે, કે આપણા શાસનમાં એટલી કુશળતા, ઈમાનદારી, દૂરદર્શિતા અને કર્તવ્યપરાયણતા નથી, જેવી હોવી જોઈએ.

આનું મૂળ કારણ શું છે તેનું સંશોધન કરવા આપણે અધિક ઊંડાણ સુધી પ્રવેશ કરવો પડશે. તો ખબર પડશે, કે ભૂલ જે મર્મસ્થાનમાં થાય છે, તેને સુધાર્યા વિના કુશાસનની બૂરાઈ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દૂર નહીં થઈ શકે. પ્રથમ ભૂલ ત્યાંથી શરૂ થાય છે, જ્યાંથી મતદાતાપ્રતિનિધિ ચૂંટીને શાસનતંત્ર તેના હાથમાં સોંપતી વખતે મતદાનમાં પ્રમાદ કરે છે. મત આપવો એ હલકું, નકામું, છીછરું કામ નથી, કે ગમે તે પક્ષમાં તેને નાંખીને ફેંકી દેવામાં આવે. આ રાષ્ટ્રીય કર્તવ્યની પરમ પવિત્ર થાપણ, કેવળ તેમને જ સોંપવી જોઈએ, જે વ્યક્તિગત ચરિત્રનિષ્ઠાની કસોટી પર અસંદિગ્ધ રૂપથી કસી લેવામાં આવ્યા હોય અને તેની નિષ્ઠા એ બાબતે પ્રામાણિક સિદ્ધ થઈ હોય અને તે ચૂંટાયેલા પ્રતિનિધિ પોતાના વ્યક્તિગત સ્વાર્થ માટે લોકહિતને રતીભાર પણ આંચ ન આવવા દે. પંચને પરમેશ્વર કહેવાય છે. ચૂંટાયેલું પંચ પ્રતિનિધિ તો છે. તેની ચરિત્રનિષ્ઠા, દેશભક્તિ, સેવાબુદ્ધિ અને અત્યાર સુધીની જીવન પદ્ધતિ દરેક દૃષ્ટિએ, દરેક કસોટી પર કસેલી અને સાચી સિદ્ધ થયેલી હોવી જોઈએ. તેનાથી ઓછા વ્યક્તિત્વવાળા પ્રતિનિધિ જો ઊભા હોય, તો રાષ્ટ્રહિતમાં તે એક શ્રાપ જ સિદ્ધ થશે અને કોઈપણ એવા અયોગ્યને મત આપવો મતદાતાનો રાષ્ટ્રીય સુવ્યવસ્થાની સાથે વિશ્વાસઘાત જ માનવો જોઈએ.

તેને એક દુર્ભાગ્ય જ કહેવું જોઈએ, કે ભારતીય મતદાતાને મતનું મહત્ત્વ અને સંભવિત પ્રતિફળ સમજાયું નથી અને આ અવસરે વર્તવામાં આવેલી અસાવધાની સમસ્ત દેશ અને સમાજ માટે વિપત્તિ સિદ્ધ થઈ શકે છે, તે મતદારને કહેવામાં આવ્યું નથી. જો આ તથ્ય મતદાતા નાગરિકોને સારી રીતે સમજમાં આવી ગયું હોત, તો જ્ઞાતિ, જાતિ, ભલામણ, ખુશામદ કે છૂટક લાલચ જેવાં કારણોથી પ્રભાવિત થઈને તેઓને મત ન આપત, જેમની ચરિત્રનિષ્ઠા, દૂરદર્શિતા અસંદિગ્ધ રૂપથી સાચી સિદ્ધ થઈ નથી.

મતદાતાનું ભોળપણ જો એવા જ સ્તરનું બની રહે, કે તેની પાસેથી કોઈપણ વ્યક્તિ, કંઈપણ પ્રચારજાળ અપનાવીને મત પડાવી લે, ત્યારે તો દેશનું ભવિષ્ય અને તેનો રક્ષક ઈશ્વર જ ગણાય. પ્રજાતંત્રની સફળતાને માટે યા તો મતદાતાએ એટલું જાગ્રત રહેવું જોઈએ, કે પોતે વિવેકબુદ્ધિને પ્રખર અને સજાગ રાખે અને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કોઈ ખોટા પ્રચારથી પ્રભાવિત ન થતાં, કેવળ દરેક દૃષ્ટિથી સાચી વ્યક્તિને જ મત આપે. અન્યથા જો પ્રજાજનોની મનોભૂમિ ભોળા ભંડારી જેવી જ રહે, તો બીજો ઉપાય એ છે કે મતદાનનો અધિકાર સીમિત કરી નાંખવામાં આવે અને કેવળ તેઓને જ મતદાતા રહેવા દેવાય, જેમની પ્રતિભા બહેકાવ, પક્ષપાત કે પ્રલોભનથી પ્રભાવિત ન થતાં, સાચા પ્રતિનિધિ ચૂંટવા યોગ્ય સિદ્ધ થઈ શકે.

જે હોય તે, છેવટે પ્રજાતંત્રમાં મત અને મતદાતાનું મહત્ત્વ તો રહેશે જ અને તેને આધારે જ શાસનતંત્રની વ્યવસ્થા ચલાવનારાં પ્રતિનિધિ મંડળો ચૂંટાશે. કહેવું નહીં પડે કે આ મંડળના સ્તરને અનુરૂપ જ શાસનતંત્રની નીતિરીતિ અને કર્મચારીઓની ગતિવિધિ રહેશે. આ જ શાસન, કર્મચારી જો લાંચરુશવત, અશિષ્ટતા, આળસ અને અવરોધ ઉત્પન્ન કરે , તો જેટલી કસૂર તેની છે, તેનાથી અધિક તે સંચાલક મંડળની માનવી જોઈએ, જેને જનતાએ ચૂંટીને સર્વ સત્તાસંપન્ન બનાવ્યા છે. તેઓ ઇચ્છે, તો દુષ્ટ કર્મચારીઓને કડક સજા આપી શકે છે અને તેનું પદ છીનવી શકે છે. આટલી શક્તિ હાથમાં હોવા છતાં, જો વિભાગીય કર્મચારી ધૃષ્ટતા કરે, તો એમ માનવું જોઈએ કે તેને નિયુક્ત કરનાર, વેતન દેનાર, સ્થિર રાખનાર તંત્રોએ પણ, આ કર્મચારીની જેમ પોતાનું કર્તવ્ય નિભાવ્યું નથી.

જનહિતની આવશ્યક યોજનાઓનો જો અમલ થતો ન હોય, તો મૂળ દોષ પ્રતિનિધિમંડળનો છે. વધતા અપરાધ, ભ્રષ્ટ યુક્તિઓ, અનુત્પાદક યોજનાઓ આપણી રાષ્ટ્રીય સ્થિરતા અને પ્રગતિમાં મુખ્ય અડચણો છે. જેઓ આ રાષ્ટ્રીય અડચણો દૂર કરવા માટે યોગ્ય ન હોય, તેમને શાસનનું ઉત્તરદાયિત્વ સંભાળવા અને પ્રતિનિધિને લાયક કહેવડાવવાનો અધિકાર નથી. ક્યારેક પરિસ્થિતિ કષ્ટસાધ્ય અને બાહ્ય કારણોથી પ્રભાવિત પણ થાય છે પણ સામાન્ય રીતે એમ જ જોવામાં આવે છે, કે જેના શાસનતંત્રમાં કુશળ અને સાચા પ્રતિનિધિ પહોંચ્યા છે, તે નાનાં પણ સાધનવિહિન રાષ્ટ્રોએ પણ ટૂંકા કાળમાં આશાતીત ઉન્નતિ કરી બતાવી છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

આપણા દેશમાં મતદારોને બહેકાવી દેવા સરળ છે. તે દરેક ચૂંટણીમાં તક ગુમાવે છે. જેને અવિશ્વાસુ સમજવામાં છે, તે જ ચૂંટાઈને આવે છે. ચૂંટણીનો ચક્રાવો, ભારતીય મતદારોની જાગૃતિની તુલનામાં લગભગ બાજી જીતી જાય છે. જો એવું ન હોત, તો પક્ષપલટાનો ધંધો કરનારાને, નવી ચૂંટણી લડ્યા વિના તેવું કરવાની છૂટ ન મળત. જે પ્રતિનિધિઓનાં કાળાં કરતૂતો પ્રગટ થઈ ગયાં છે, તેઓ બીજી વાર જનતાની સામે મોં દેખાડવાની હિંમત ન કરી શકત, પણ જોવામાં આવે છે, કે તેઓ જ બેવડા ઉત્સાહથી ચૂંટણી લડે છે અને બહુમતિથી જીતે છે. આને સ્પષ્ટ રીતે લોકમાનસના સ્તરની હાર જ કહેવાશે.

પરિસ્થિતિ એવી પેદા કરવી જોઈએ, કે ચરિત્રવાન અને દૂરદર્શી વ્યક્તિ પોતાની મહત્તાને આધારે ચૂંટાઈ શકે. તેને એક પૈસો પણ ખર્ચ ન કરવો પડે. ચૂંટણીમાં જે પૈસા પાણીની જેમ વાપરે છે અને હલકા પેંતરા અપનાવીને જાતિ, પ્રલોભન, ખુશામદ વગેરેના આધારે ચૂંટાવાનાં ષડ્યંત્ર બનાવી રહ્યા છે, તેને નિશ્ચિત રૂપથી હરાવવા જ જોઈએ. પાર્ટીઓ પોતાનું ગૌરવ ખોઈ ચૂકી છે. હવે વ્યક્તિની શ્રેષ્ઠતા અને દૂરદર્શી દેશભક્તિ જ મત મેળવવા યોગ્ય છે. આ તથ્ય જો મતદાર સમજી શકે, તો જ અનુશાસનની આશા રાખી શકાય. આજની સ્થિતિ જ્યાં સુધી નહીં સુધરે ત્યાં સુધી ભાવિ અંધકારમય જ બની રહેશે.

## (૧૮) પ્રતિભાવાન નારી "મહિલા જાગૃતિ અભિયાન" ચલાવે

કોઈને ઉતારી પાડવાનું પાપ તો કોઈ બીજા પણ કરી શકે, પણ ઊંચા ઉઠાવવા માટે તે આવશ્યક છે કે પડી ગયેલા પોતે જ આ ઉત્થાન પ્રક્રિયામાં સહયોગ આપે. સ્ત્રીજાતિની વર્તમાન કચડાયેલી સ્થિતિનું પાપ સામન્તકાલીન પુરુષે કર્યું છે. તેના માનવોચિત અધિકારો ઝૂંટવી લીધા અને ઘરની નાની કોટડીમાં કેદ કરીને તેને ઘૂંઘટના આવરણ નીચે ધકેલી દીધી. આ પરતંત્રતામાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેની શારીરિક અને માનસિક પ્રતિભાઓ સડી ગઈ. પાંખો કપાયેલા પક્ષીની જેમ અસહાય સ્થિતિમાં તે પહોંચી ગઈ. આર્થિક દષ્ટિથી પરાવલંબી અને માનસિક દષ્ટિથી પછાત આજની નારીની દશા ઘણી જ દયાજનક છે. તેને પુરુષના યોગ્ય અને અયોગ્ય આદેશ, નતમસ્તક થઈને સહન કરવા પડે છે. સંયોગવશ તેને નિરાશ્રિત, અનાથ, વિધવા, પરિત્યક્તા જેવી સ્થિતિમાં પડી રહેવું પડે, ત્યારે તો મૃત્યુથી પણ ખરાબ અને કષ્ટકારક જીવન જીવતી જોઈને પથ્થર પણ રોઈ પડે છે.

આ દુઃખજનક પરિસ્થિતિમાંથી નારીને બહાર કાઢવી, એ માનવતાની એક અતિ આવશ્યક અને ન્યાયોચિત એવી માંગ છે, જેને વિલંબ કર્યા વિના પૂરી કરવી જ જોઈએ. અડધું અંગ લકવાથી પીડિત શરીરની જેમ, જે સમાજની અર્ધી વસ્તી અપંગ પડી રહે, તો તેનું ગૃહસ્થજીવન, પેઢીઓનું નિર્માણ, તથા પ્રગતિનો પ્રયાસ દિવાસ્વપ્નની જેમ અસંભવિત જ બની રહેશે. સર્વાંગિણ પ્રગતિની દિશામાં પ્રથમ પગલું આપણે નારીઉત્કર્ષના પ્રબળ પ્રયત્નોની યોજના સાથે આગળ વધારવું જોઈએ. કહેવાની જરૂર નથી, કે આ સંદર્ભમાં પુરુષજાતિને પાપના પ્રાયશ્ચિતની જેમ, નારી ઉત્કર્ષ માટે મોટામાં મોટી સગવડો આપવાની તૈયારી કરવી પડશે. નારીએ પોતે પણ અભાવની પૂર્તિ માટે ઉત્સાહપૂર્વક યોગદાન આપવું પડશે. પોતાના ઉત્કર્ષ માટે ગમે તેને પ્રબળ પ્રયાસ કરવા પડે છે. આજની નારીની સામે પણ કર્તવ્યની આ વિકટ વેળાએ પડકાર આવી પડ્યો છે.

આવશ્યકતા એવી બહાદુર નારીઓની છે, જે પોતાનાં વ્યક્તિગત સુખસુવિધાઓને લાત મારીને મહિલાકલ્યાણના આ મહાન યજ્ઞમાં પોતાના જીવનનો ત્યાગ કરવા માટે સાહસભર્યાં અનુકરણીય ઉદાહરણ રજૂ કરી શકે. આપણા દેશમાં શિક્ષિત નારીઓની સંખ્યા વધતી જ જાય છે, પણ તેમાંથી કોઈક જ એવી નીકળે છે, જે પોતાના વર્ગની દયનીય દુર્દશાને માટે કસોટીભર્યો અનુભવ કરે અને આ કાર્ય ઉઠાવવામાં બહાદુરો જેવી ચિંતન ક્રિયા અપનાવે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

લગ્નની ઇચ્છા સ્વાભાવિક છે, પણ પોતાના વર્ગની દુર્દશા દૂર કરવા માટે તે સુખને લાત મારી દેવી પણ અસ્વાભાવિક નથી. આજે તો સુશિક્ષિત મહિલાઓમાંથી ઘણી સ્ત્રીઓને તો દહેજ જેવા શ્રાપને કારણે અવિવાહિત રહેવા માટે લાચાર થઈ જવું પડે છે. આ છોકરીઓ પણ નોકરી કરે છે અને પેટ ભરે છે અને વિલાસિતાનાં કંઈક વધુ સાધનો ઊભાં કરી, ઘર-કુટુંબીઓ માટે આવકનું સાધન માત્ર બનીને જિંદગી ગુજારે છે. ખરેખર, જો તેઓમાંથી એકાદના મનમાં, પોતાના વર્ગને માટે કરુણા ભરી વેદના જાગૃત થઈ હોત, તો નિઃસંદેહ તેઓ લૂખીસૂકી રોટલી ખાઈને પોતાના નિરર્થક અને નીરસ જીવનને નારીઉત્કર્ષની સેવાસાધનામાં લગાવીને ધન્ય બની શકત. કેટલીયે વિધવાઓ, કેટલીયે ત્યક્તાઓ છે, જે પોતાને માટે અને પોતાના આશ્રયદાતાઓને માટે ભારરૂપ બની રહે છે. આ અમૂલ્ય જીવન જો મહિલા કલ્યાણને માટે નિયોજિત થઈ શકે, તો પરિસ્થિતિ એવી ન રહેત, જેવી આજે જોવામાં આવે છે. કેટલીયે સમૃદ્ધ મહિલાઓ એવી છે, જેમના ઘરમાં પ્રચુર સુવિધા સાધનો છે, નોકરચાકર હોય છે અને તેમને ઘણો ખરો સમય ખાલી પસાર કરવો પડે છે. તેઓએ અન્ય લોકોની જેમ, જો શોખના રૂપમાં પણ મહિલા-કલ્યાણનું કામ સંભાળ્યું હોત, તો અનેકોને તેનું અનુકરણ કરવાની પ્રેરણા મળી હોત. નારીઉત્થાનનું આંદોલન, જે આપણા દેશમાં મોટા ઘરની ઘરવાળીઓ માટે વાતોનો જ વિષય બનીને રહી ગયું છે, તે એક પ્રખર ક્રાંતિનું રૂપ ધારણ કરી શક્યું હોત. જો તેમાં કર્મઠ, ત્યાગી, બહાદુર અને પ્રખર પ્રતિભાવાન મહિલાઓનું સમુચિત યોગદાન મળવું સંભવિત બન્યું હોત.

સમયની માંગ છે કે વખત ગુમાવ્યા વિના, નારી-ઉત્થાનનું એક પ્રચંડ આંદોલન ખડું કરવામાં આવે. પુરુષોએ તેને માટે ભૂમિકા તૈયાર કરી આપવી જોઈએ, પણ આગળ તો નારીએ જ આવવું પડશે. નેતાગીરી તેણે જ સંભાળવી પડશે, લગામ તેણે જ પકડવી પડશે. એવી સુશિક્ષિત મહિલાઓ, જેમના ખભા ઉપર પારિવારિક



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જવાબદારીનો ભાર નથી તેઓ આગળ આવે અને એવી મહિલાઓ શોધી કાઢે જેમનામાં સેવાના બીજાંકુર હાજર હોય અને જેનામાં બહાદુરી તથા પ્રતિભાની રોશની થોડી કે વધુ ઝગમગતી હોય. તેને સાથે લઈને એક મહિલા સંગઠન ગમે ત્યાં તૈયાર કરી શકાય છે. આ કાર્ય કથા-કીર્તન, ભજન, સત્સંગ જેવા સ્તરનું પણ રાખી શકાય છે. જેમાં પુરાણપ્રેમી લોકો પણ, આ પ્રકારનાં આયોજનોમાં પોતાના ઘરની મહિલાઓને જવા દે મહિલાઓને તેમના ઘરવાળા ચાર દીવાલમાંથી બહાર ક્યાં જવા દે છે ? પણ એક જ વખત થોડી થોડી છૂટ જો તેને મળવા લાગી, તો આ ક્રમ આગળ ચાલીને એટલો સમર્થ થઈ જાય છે, કે તેઓ સમાજસેવા, શિક્ષણ તથા બીજાં મંગલમય કાર્યોમાં યોગદાન આપી શકે. દૂરદર્શી લોકો તો સ્વેચ્છાપૂર્વક આવાં સંગઠનોમાં પોતાના ઘરની મહિલાઓને મોકલશે જ, આયોજનોમાં ભાગ લેવા દેશે. તેમાં તેમની પ્રતિભાનો વિકાસ થશે અને તે પ્રતિભાથી છેવટે, તે પોતાના પરિવારને વધુ ઉપયોગી સિદ્ધ થશે.

કેટલાંયે કાર્યો એવાં છે, જે નારીઉત્થાન માટે દરેક જગાએ શરૂ કરી શકાય છે અને શરૂ કરવાં જ જોઈએ. એમાં શિક્ષણનું સ્થાન સર્વ પ્રથમ છે. નિરક્ષરતા દૂર કર્યા વિના જ્ઞાનનાં કમાડ ખૂલવાનો અવસર જ મળતો નથી. પ્રૌઢ મહિલાઓ માટે ત્રીજા પ્રહરમાં ચાલી શકતી પાઠશાળાઓ, દરેક મહોલ્લા અને દરેક ગામે શરૂ કરવી જોઈએ. તેમાં અક્ષરજ્ઞાન જ નહીં, પરંતુ માનવજીવન અને સામાજિક સ્થિતિની સર્વ નાનીમોટી સમસ્યાઓ સમજાવવામાં આવે અને ચારે બાજુ ફેલાયેલી વિકૃતિઓનાં દુષ્પરિણામ અને નિરાકરણ કરવાના ઉપાય શીખવવામાં આવે. આ પ્રકારનું શિક્ષણ, નારીઉત્કર્ષની આધારશીલા બની શકે છે. જ્યાં સંભવ હોય, ત્યાં સિલાઈ આદિ ગૃહઉદ્યોગોનું પણ સંચાલન કરવામાં આવે. કન્યાશાળાઓ, મહિલા વિદ્યાલય, બાલમંદિર, શિલ્પ શિક્ષણ, આરોગ્ય શાળા, પ્રસૂતિગૃહ, સંગીતશિક્ષણ, કલાકૌશલ જેવી કેટલીયે રચનાત્મક ગતિવિધિઓ મહિલા સંગઠનો દ્વારા ચલાવી શકાય છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સુશિક્ષિત મહિલાઓ તેની સ્થાપના અને સંચાલનની જવાબદારી સંભાળે, તો ધનના અભાવમાં આ પ્રવૃત્તિઓ અટકી પડે નહીં. જનતાનો ઉદાર સહયોગ તેને અવશ્ય મળશે જ.

કેટલાંયે આંદોલન એવાં છે, જે ઘેરઘેર જઈને ચલાવી શકાય છે. (૧) ઘર, દુકાન તથા ઓરડામાં ટાંગેલાં નારીને અપમાનિત કરતાં અશ્લીલ ચિત્રોને હઠાવવાં અને તેને સ્થાને - ગાયત્રી મંત્ર તથા પ્રેરણાપ્રદ વાક્ય અને આદર્શ ચિત્રો લગાવવાં. (૨) થાળીમાં એંઠું ન છોડવાની પ્રતિજ્ઞા. (૩) ભૂંડી ફેશન, ચુસ્ત કપડાં, અશિષ્ટ શૃંગાર તથા ઘરેણાં લાદવા જેવી ટાપટીપ છોડીને, શાલીન પહેરવેશ અપનાવવાનો અનુરોધ. (૪) ઘરોમાં ઉપાસના ખંડની સ્થાપના. (૫) ઉત્સવોમાં અભદ્ર ગીતો - ફટાણાં ન ગાવાની પ્રતિજ્ઞા. (૬) ઘૂંઘટનો ત્યાગ (૭) અંધવિશ્વાસનો બહિષ્કાર (૮) મૃત્યુભોજન અને લગ્નોમાં અપવ્યયનો વિરોધ. (૯) ઘરેલૂ શાકવાડીનું પ્રશિક્ષણ. (૧૦) ગૃહવ્યવસ્થાના અગણિત પક્ષોનું જ્ઞાન.

આ પ્રકારના અનેક કાર્યક્રમ હોઈ શકે, જે ઘેર ઘેર જઈને શીખવવા તથા સમજાવવાની અપેક્ષા રાખે છે. પરિસ્થિતિ અનુસાર બીજાં પણ એવાં ઘણાં કાર્યો હોઈ શકે, જે નારીની ખોવાયેલી શક્તિને જાગૃત કરવા અને તેને સમર્થ પ્રતિભાવાન બનાવવામાં સહાયતા કરી શકે છે. કામ ઘણું પડ્યું છે. ક્યાંય પણ શરૂ કરી શકાય છે. જરૂરિયાત એવી પ્રતિભાવાન નારીઓની છે, જે પોતાની ભાવના અને શક્તિનો એક મોટો અંશ આ પરમ ઉપયોગી અને અતિ મહત્ત્વપૂર્ણ કાર્યને માટે સમર્પિત કરી શકે.

## (૧૯) નારીઉત્કર્ષને માટે કંઈક વિશેષ પ્રયત્ન કરવામાં આવે

ભારતીય ધર્મ અને સંસ્કૃતિએ નારીનો દરજ્જો નરથી ઊંચો માન્યો છે. માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્યદેવો ભવની ઉક્તિમાં દેવતાઓની ગણના કરતાં પહેલાં માતા, પછી પિતા અને પછી આચાર્યની ગણના કરી છે. ભગવાનની સાથે તેમની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સહધર્મચારિણી શક્તિનું નામ પ્રથમ જોડાયેલું છે. લક્ષ્મીનારાયણ, સીતારામ, રાધેશ્યામ, ઉમામહેશ, શચિપુરંદર, સિદ્ધિગણેશ વગેરે યુગ્મોમાં નારી પહેલાં અને નર પાછળ છે. હિન્દુ ધર્મના આદિ વ્યવસ્થાપક મનુએ નારીની વરિષ્ઠતાનું પ્રતિપાદન કરતાં કહ્યું છે, "જ્યાં નારીની પૂજા થાય છે, ત્યાં દેવતા નિવાસ કરે છે."

આ માન્યતા જ્યાં સુધી આપણા સમાજમાં ચાલુ હતી, ત્યાં સુધી સમાજ સમૃદ્ધ અને સમુન્નત બની રહ્યો. આપણો લાખો વર્ષોનો ગૌરવપૂર્ણ ઇતિહાસ એવો જ છે, જેમાં વ્યક્તિઓનું નિર્માણ, પરિવારમાં સ્વર્ગનું અવતરણ અને સમાજનું સમુન્નત સ્વરૂપ અખંડ બની રહ્યું. આ સર્જનમાં નારીનું જ યોગદાન અધિક રહ્યું છે. પુરુષ ઉપાર્જન અને સંઘર્ષની ક્ષમતામાં આગળ છે, તો નારીમાં ભાવનાત્મક શ્રેષ્ઠતા અને રચનાત્મક સૂઝબૂઝનું બાહુલ્ય છે. બન્નેની તુલનામાં નારીની વિશેષતાઓનું જ મૂળ મહત્ત્વ છે.

તેને એક દુર્ભાગ્ય જ કહેવું જોઈએ કે ભારતને રાજનૈતિક પરાધીનતાની જાળમાં ફસાવું પડ્યું અને આક્રમણકારીઓએ આપણને માત્ર ધન અને માનથી જ વંચિત ન કર્યા, પરંતુ તે સાંસ્કૃતિક મૂલ્યોને પણ કચડી નાખ્યાં,જેના કારણે આપણી જાતીય અને રાષ્ટ્રીય ગરિમા આકાશને સ્પર્શી રહી હતી. નારીનું આપણે ત્યાં બહુમાન હતું. તે ખભેખભો મિલાવીને દરેક ક્ષેત્રમાં સહયોગ આપતી હતી, એટલું જ નહીં, પણ નેતૃત્વ કરતી હતી. આત્મવિકાસ અને સામાજિક રચનાનાં સર્વ સાધનો તેને ઉપલબ્ધ હતાં, પણ આક્રમણકારીઓએ માત્ર આર્થિક લૂંટફાટનું જ કુચક્ર ન ચલાવ્યું, પરંતુ આપણું સાંસ્કૃતિક મૂલ્ય પણ ચાતુર્યપૂર્વક નીચું ઉતારી નાંખ્યું, જેથી આપણે વર્ષો સુધી ઊભા ન થઈ શકીએ. એવી જ એક શ્રાપયુક્ત બાબત એક બીજી પણ છે, કે આપણે નારીને નિમ્ન કક્ષાની, નગણ્ય, દુર્બળ, અવિશ્વસ્ત, દાસી અને રમણી માત્ર માનવા લાગ્યા અને તેના મહાન ગૌરવને પગ નીચે કચડી નાંખ્યું.

પ્રાચીનકાળની અને આજની નારીમાં આકાશપાતાળ જેટલું અંતર કરી નાંખ્યું. ત્યારે તે દરેક ક્ષેત્રમાં નેતૃત્વ કરતી હતી અને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પૂજ્ય હતી, પણ હવે તો તે પોતાનું પદ ખોઈને ખરાબ દશામાં નિસાસા નાંખે છે. જાણે કે તે કોઈ અવિશ્વસ્ત, અક્ષમ્ય અપરાધિની હોય. પાળેલાં પશુ મોં ખુલ્લું રાખી ઘરમાં રહી શકે છે અને બજારમાં ઘૂમી શકે છે, પણ સવર્ણ અને ઊંચા કહેવાતા પરિવારોની સ્ત્રીઓને પડદામાં રહેવું પડે છે. તેના મુખ ઉપરથી ઘૂંઘટ હઠવો ન જોઈએ. ગાય મારનારને હત્યારા ગણી, પ્રાયશ્ચિત્ત રૂપે મોં ઢાંકીને એક વર્ષ સુધી રહેવાનો રિવાજ હતો. તેને કલંકી કહેવામાં આવતો. તે કોઈને પોતાનું મોં પણ દેખાડતો નહોતો. ગાયને ન મારવા છતાં ભારતીય નારીને ગૌહત્યારીની જેમ આજીવન મોં ઢાંકીને રહેવું પડતું. પુરાતનવાદીઓને ત્યાં ઘૂંઘટ, મર્દોના નાકનો પ્રશ્ન બની રહેતો. જો તેઓ મોં ખુલ્લું રાખે, તો સમજવું જોઈએ કે તે ઘરના મરદોનું નાક કપાઈને નીચે પડી ગયું.

છોકરીઓનું શિક્ષણ બિનજરૂરી માનવામાં આવે છે. બહુ બહુ તો કાગળ લખતાં આવડે એટલે ઘણું. બહું તો સુખસાગર, પ્રેમસાગર વાંચવા જેટલું અક્ષર જ્ઞાન આપી દીધું, એટલે બસ. બહુ ભણવાથી છોકરી બગડી જાય છે, તેને ક્યાં કોઈ નોકરી કરવી છે ? જુવાન દીકરીઓને ઘરમાંથી બહાર નહીં જવા દેવી જોઈએ જેવી માન્યતાઓ લોકો ભારે શાનપૂર્વક જાહેર કરે છે. શિક્ષણ મનુષ્યમાત્ર માટે આવશ્યક છે. તેનાથી બૌદ્ધિક વિકાસ થાય છે અને માનસિક દૃષ્ટિએ વિકાસવાન થવું તે મનુષ્યની મૂળભૂત આવશ્યકતા છે. આ તથ્યને છોકરાઓ માટે ઠીક સમજવામાં આવે છે અને છોકરીઓ માટે અયોગ્ય. કોઈને ગુલામ રાખવો હોય, તો તેને અસહાય અને અસમર્થ બનાવી રાખવો પડે. નારી ઉપર આપણે એટલા પ્રતિબંધ લગાવી દીધા છે, કે તે પોતાની સ્વતંત્ર પ્રતિભાનો ક્યારેય વિકાસ કરી શકતી નથી. તેને આ પરિસ્થિતિઓમાં આજીવન અસહાય અને અપંગ બનીને રહેવું પડે છે.

છોકરા અને છોકરીઓ વચ્ચે આકાશપાતળ જેવું અંતર રાખવામાં આવે છે. છોકરીનો જન્મ થાય એટલે સમગ્ર ઘરમાં ઉદાસી અને ચિંતાનું વાતાવરણ થઈ જાય અને છોકરાનો જન્મ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

થાય એટલે ઢોલ વગાડવામાં આવે અને પતાસાં વહેંચાય. છોકરાઓ છોકરીઓને મારતા રહે છે અને માબાપ હસતાં રહે છે. ભોજન અને વસ્ત્રમાં બહુ અંતર રાખવામાં આવે છે. મનોરંજન, ખેલકૂદ વગેરે સગવડો માત્ર છોકરાઓ માટે જ છે. વિવાહ-લગ્નો વખતે આ અંતર વધુ બિભત્સ રૂપ ધારણ કરે છે. વૃદ્ધ ગાય દાનમાં આપવી હોય, તો બ્રાહ્મણ તેની સાથે ખોરાકીની દક્ષિણા માંગે છે. છોકરીઓ વૃદ્ધ ગાયો જેવી જ છે. જેને કોઈને આપવામાં આવે, તો પહેલાં એ પૂછવામાં આવે છે, કે આ નિરર્થક કચરાને ત્યારે જ ઘરમાં પ્રવેશ આપવામાં આવશે, જ્યારે મોટામાં મોટી રકમ તેના દાણાપાણી માટે દહેજ રૂપે વધુ આપવામાં આવે. આ નારીજાતિનું હળાહળ અપમાન છે. લક્ષ્મીના રૂપે જે દેવીનું, જે નિઃસ્વાર્થ પરોપકારિણીનું આગમન પરમ મંગલમય અને સૌભાગ્યસૂચક માનવું જોઈએ, તેને લેવામાં લોકો સીધી રીતે વાત કરતા નથી અને હજાર જાતનાં નખરાં કરે છે. આ કેટલી નિર્લજ્જ પરિસ્થિતિ છે. વિધવા થાય ત્યારે તો એક પ્રકારની તે કલંકિની જ બની જાય છે. તેને સ્પર્શ કરવો, મોં જોવું, સારું ખાવું, પહેરવું, હસવું, બોલવું વગેરેનો નિષેધ કરવામાં આવે છે, જાણે કે તેણે જ પતિની જાણી જોઈને હત્યા કરી હોય.

અર્ધા શરીરને લકવો થઈ જવાથી જે દુર્દશા શરીરની થાય છે, તેવી જ આપણા સમાજની થઈ ગઈ છે. અશિક્ષિત, અવિકસિત અને કચડાયેલી નારી કોઈને માટે પણ સુખકારી નથી થઈ શકતી. પોતાની અયોગ્યતાને કારણે તે પોતાનું શરીર, મન, સ્વભાવ અને કર્તૃત્વ, દોષદુર્ગુણયુક્ત અને બીમાર બનાવે છે. પતિને પ્રસન્ન રાખવા, તેને મદદ કરવી અને બોજ હલકો કરવા સંબંધી તેને કંઈ જ્ઞાન પણ નહીં હોય. કંઈ શીખવવામાં જ ન આવે, તો બિચારી કરે પણ શું ? બાળકોનું પ્રજનન તો દરેક યોનિની માતા કરી શકે છે, પણ તેનું નિર્માણ અને વિકાસ કરવો તે પણ માતાનું કામ જ છે. માતાની જવાબદારી સંભાળવા માટે, તેને શિક્ષિત, સુવિકસિત અને સુસંસ્કૃત થવું જરૂરી છે. આજના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ગૂંગળામણભર્યા વાતાવરણમાં કોઈ નારી પોતાનો શારીરિક, માનસિક, કૌટુંબિક ઉછેર અને સામાજિક જવાબદારીનો ભાર ઉઠાવી શકે, તે વિચારવું જ વ્યર્થ છે. અવિકસિત નારી સ્વયં જ એક સમસ્યા બની રહેશે.

પ્રકૃતિએ નર અને નારી વચ્ચે નામ માત્રનું જ અંતર રાખ્યું છે. એકને મૂંછ આવે છે, એકને નથી આવતી. આવી નાનીમોટી શારીરિક ભિન્નતાઓને બાદ કરતાં બન્નેની પ્રતિભા, ક્ષમતા, યોગ્યતા, સામર્થ્ય અને સમાનતા એક સરખી જ છે. કેટલીક બાબતોમાં તો નારી, નર કરતાં યે આગળ છે. તેની યોગ્યતા અને સામર્થ્યનું જ્ઞાન આપણને નથી, તેથી સમાજને લાભ ન મળે, તો સમાજ અર્ધવિકસિત સદા માટે રહેશે. અર્ધી જનસંખ્યા કેદીઓની જેમ ભારરૂપ ન બની રહે. ભોજન બનાવવા જેટલી એક-બે કલાકમાં પૂરી થઈ જનાર પ્રક્રિયામાં જ સર્વ સમય લગાવી દેવો અને કાયમ બાળકો પેદા કરવાની જંજાળમાં પોતાને અટવાયા કરવું, એ કોઈ ગૌરવની વાત નથી. નથી તેમાં નારીની શોભા, નથી તે નરની, જે પોતાને અધિપતિ માની બેઠો છે.

સમય આવી ગયો છે કે આ ખરાબ સ્થિતિને સુધારી અને બદલી નાંખીએ. નારીની શ્રેષ્ઠતાને સમજીને તેને આદર અને કૃતજ્ઞતા, સહાયતાનો ભાવ રાખવામાં આવે. બીમારીમાંથી ઉઠ્યા પછી, રોગીની સાથે અન્ય ઘરવાળા કરતાં કંઈક વધુ ઉદાર વ્યવહાર કરવામાં આવે છે. બે હજાર વર્ષની કચડાયેલી સ્થિતિને કારણે નારીને જ હાનિ પહોંચી છે, તેની પૂર્તિને માટે હવે વ્યાજ સહિત અધિક સદ્‌વ્યવહાર પ્રાપ્ત કરવાનો તેને અધિકાર છે. છોકરા કરતાં છોકરીને દરેક ક્ષેત્રે વધુ સગવડો મળવી જોઈએ અને નારીના વિકાસનો ક્રમ તીવ્રગતિથી વધારવા માટે, તેને પુરુષો કરતાં અધિક સગવડ મળવી જોઈએ. આમ થશે ત્યારે જ વર્તમાન વિષમતાનો અંત આવશે.

દરેક વિચારશીલ વ્યક્તિનું કર્તવ્ય છે, કે પોતાના સમાજના અડધા અંગની મૂર્છાને દૂર કરવાનો પ્રયત્ન કરે અને તેઓ એવી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સર્વ પરિસ્થિતિઓ ઉત્પન્ન કરે, જેનાથી નારી પણ નરની જેમ જ સમર્થ અને ક્રિયાકુશળ બનીને સમાજની અભિનવ રચનામાં સમાન રૂપથી યોગદાન આપી શકે.

## (૨૦) ઊંચનીચની માન્યતાઓ અન્યાયી છે

ઘોડો, ગાય, વાનર, કબૂતર વગેરે પશુપક્ષીઓની જેમ મનુષ્ય પણ એક જાતિ છે. તેના રંગ અને આકૃતિમાં પ્રદેશ અને પ્રકૃતિને કારણે કંઈક અંતર પણ હોઈ શકે, પણ મૂળમાં તો બન્ને એક જાતિનાં જ ગણાય. જો ભાષા, પ્રદેશ, આકૃતિ, પ્રકૃતિ વગેરેને આધારે તેનું વર્ગીકરણ કરવામાં આવે, તો પણ તેનાથી મૂળ જાતીય એકતામાં કોઈ અંતર નથી પડતું. મનુષ્ય પ્રભુનો પુત્ર છે. પિતાને પોતાનાં બધાં બાળકો પ્રત્યે સમાન પ્રેમ હોય છે અને તે બાળકો બધાં એક જ વંશ તથા વર્ગનાં માનવામાં આવે છે. પરસ્પર ભાઈ ભાઈ, એક જ પરિવાર અને અંશ-વંશના છે.

પ્રાચીનકાળમાં કાર્ય અને વ્યવસાયની ભેદરેખાની દૃષ્ટિથી સમાજને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ ચાર વર્ગોમાં વહેંચવામાં આવ્યો હતો. આ વિભાજન સ્વાભાવિક છે. આ વિભાજનથી સ્વાભાવિક સગવડ રહે છે અને વંશપરંપરાથી ચાલી આવતી કુશળતામાં અખંડિતતા અને વૃદ્ધિ થતી રહે છે. યોગ્યતા, પ્રકૃતિ, પરિસ્થિતિ અને અભિરુચિ અનુસાર આ કાર્યના વિભાજનમાં કોઈને વાંધો ન હોઈ શકે, પણ મુશ્કેલી ત્યારે ઉત્પન્ન થાય છે, જ્યારે વંશ કે કાર્યને કારણે કોઈ વર્ગને ઊંચો અને કોઈને નીચો બતાવવામાં આવે. અધ્યાપક પોતાને ઊંચો માને અને સૈનિકને નીચો માને. એટલું નહીં, આ ભેદભાવને કારણે કોઈ, કોઈને સ્પર્શવા કે હાથનું પાણી પીવાનો, રોટી ખાવાનો પણ ઈન્કાર કરી દે ત્યારે આશ્ચર્ય થાય છે અને મુશ્કેલી ઉત્પન્ન થાય છે.

દુષ્ટતાભર્યાં દુષ્કર્મ કરનારને નીચ કહેવામાં આવે અને તેનો સામાજિક બહિષ્કાર કરીએ તે વાત તો સમજી શકાય તેમ છે. જ્ઞાન, સેવા, સદ્ગુણ, સદાચરણના આધારે કોઈને મોટા, ઊંચા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

માનવામાં આવે, સન્માનિત કરવામાં આવે, તેની પાછળ પણ કારણ છે. સન્માન અને અસન્માનની કોઈને પોતાની ચારિત્રિક શ્રેષ્ઠતા-કનિષ્ઠતાને આધારે મળે તો તેમાં ઔચિત્ય માનવામાં આવશે પણ ગુણ, કર્મ, સ્વભાવની સમાનતા હોવા છતાં પણ કેવળ વંશ અને વેશના આધારે કેટલાક લોકોને ઊંચા સમજવામાં આવે અને કેટલાકને નીચા સમજવામાં આવે; આ વાત કોઈ તર્ક કે કારણની પરખમાં યોગ્ય નથી લાગતી. કોઈ વંશ ઊંચો કેવી રીતે બની શકે ? કોઈ વંશ નીચો કેમ કહેવાય ? તેનું કોઈ કારણ સમજમાં આવતું નથી કે એમાં કોઈ યોગ્યતા જણાતી નથી.

કોઈ વંશમાં કોઈ સમયે કોઈ શ્રેષ્ઠપુરુષ થયા હતા, તેથી તે વંશના લોકોને હજુ પણ શ્રેષ્ઠ પુરુષો જેવું જ સન્માન મળે, તે દાવો પાયા વગરનો છે. બ્રાહ્મણ વંશમાં વશિષ્ઠ, અત્રિ, યાજ્ઞવલ્ક્ય, ભારદ્વાજ વગેરે તપસ્વી, ત્યાગી, ઋષિમુનિ થયા છે; તો રાવણ, કુંભકર્ણ, મારિચ, ખરદુષણ જેવા દુષ્ટો પણ થયા છે. વારસદારીનો દાવો કરવામાં આવે તો તેમાં શ્રેષ્ઠતા જ નહીં, કનિષ્ઠતા પણ ભાગમાં આવશે ત્યારે માત્ર સન્માનના જ નહીં, તિરસ્કારના ભાગીદાર પણ બનવું પડશે. કોઈ વંશમાં ન તો સર્વ લોકો સારા થયા છે, ન બૂરા. સર્વને તેમની શ્રેષ્ઠતા-કનિષ્ઠતાને અનુરૂપ માન-તિરસ્કાર મળતાં રહ્યાં છે. શ્રેષ્ઠતા કોઈ વંશને વારસામાં મળેલી મિલકત નથી. દરેક વર્ગમાં શ્રેષ્ઠ માનવો થતા રહ્યા છે. આ રીતે કોઈ વર્ગ એવો નથી, જેમાં કનિષ્ઠ ચરિત્રના પૂર્વજોની એક લાંબી શૃંખલા ન મળે. પછી તેના વંશજોનો દાવો માત્ર શ્રેષ્ઠતા ઉપર જ હોય અને તેઓ તેના જ આધારે પોતાને ઊંચા ઘોષિત કરે અને ઊંચા લોકોને મળતું સન્માન પ્રાપ્ત કરવાનો દાવો કરે, તો તે તેની અનાધિકાર ચેષ્ટા કહેવાશે. તે જ રીતે કોઈ વંશના કોઈ પૂર્વજોએ કોઈ અયોગ્ય કાર્ય કર્યું હોય અને તે કારણે તેને તિરસ્કાર મળ્યો હોય; તો તે દોષોથી રહિત વંશજોને તે જ કારણે તિરસ્કૃત કરવા એ પણ અન્યાયયુક્ત છે.

જાતિ-જ્ઞાતિની વાત સમજમાં આવે તેવી છે, પણ ઊંચ-



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નીચનો ભેદ સર્વથા અનિચ્છનીય છે. કોઈ ઈમાનદાર અને સમજદાર વ્યક્તિ તેનું સમર્થન નહીં કરી શકે. ભારતીય ધર્મશાસ્ત્ર આ માન્યતાનું સર્વથા વિરોધી છે. અહીં પોતાનાં શ્રેષ્ઠ કર્મોને કારણે શૂદ્ર વંશના અગણિત મનુષ્યો બ્રાહ્મણપદ મેળવતા રહ્યા છે. આના પ્રમાણો ભારતીય ઈતિહાસના પાને પાને મળી આવે છે. મધ્યકાળમાં પણ રૈદાસ, કબીર, નાનક, દાદૂ, નામદેવ, વિવેકાનંદ વગેરે અનેક ભક્તો બ્રાહ્મણેતર જાતિમાં અને કેટલાક તો શૂદ્ર જાતિમાં પેદા થયા, પણ તેમની ગરિમા કોઈ બ્રાહ્મણથી ઓછી નથી અંકાઈ. ગાંધી, બુદ્ધ, મહાવીર, વગેરે બ્રાહ્મણ ન હતા. રામ-કૃષ્ણ ક્ષત્રીય હતા, છતાં તેમની પૂજા બ્રાહ્મણો પણ કરે છે. શ્રેષ્ઠતાને જાતીયતાની સીમામાં બાંધી શકાય નહીં.

આજે આપણા દેશની દશા વિચિત્ર છે. હિન્દુ સમાજની એક તૃતીયાંશ જનસંખ્યા અછૂત, અસ્પૃશ્ય કહેવાય છે. તેને સવર્ણ હિન્દુઓ સમાન નાગરિક અધિકારો આજે પણ મળ્યા નથી. સંવિધાને અસ્પૃશ્યતાને અનિચ્છનીય અને કાયદાએ તેને દંડનીય માન્યો છે. લોકોનો વિવેક ઊંચનીચની માન્યતાને અમાનવીય ઘોષિત કરી ચૂક્યો છે, પણ હજુ આપણા માનસ અને વ્યવહારમાં એજ માન્યતાઓ જામેલી પડી છે. આ ઝેર એટલું ઊંડું ઊતરી ગયું છે, કે એક જ જાતિના લોકો પોતાની ઉપજાતિને નીચ-ઊંચ માને છે.

ઘણો વિચાર કરવા છતાંય આ ઊંચનીચની માન્યતાનું ઔચિત્ય સમજમાં આવતું નથી. શાસ્ત્રો અને પૂર્વજોનો આધાર લેવો વ્યર્થ છે. અંધકાર યુગમાં કોઈએ કોઈ શ્લોક બનાવીને કોઈ ગ્રંથમાં ઘુસાડી દીધો હોય તો જુદી વાત છે. પણ મહાન હિન્દુ ધર્મ એટલો સંકીર્ણ અને અનુદાર થઈ શકતો નથી, કે તે માણસ માણસ વચ્ચે સર્જાનારી ઘૃણાને વધારીને સામાજિક એકતાને છિન્નભિન્ન કરનારી ખાઈ ખોદે. અમે ઝીણવટથી હિન્દુ ધર્મનું અધ્યયન કર્યું છે અને તેમાં આ વાતની ક્યાંય ગંધ પણ આવતી નથી, કે માત્ર વંશપરંપરાને કારણે કોઈને નીચ, કોઈને ઊંચ માનવામાં આવે. તો પછી આ માન્યતા ક્યાંથી આવી ગઈ ?



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વર્ણભેદની અનુદાર અને સંકીર્ણ વિચારધારાની સંપૂર્ણ વિશ્વમાં ટીકા થઈ રહી છે, તિરસ્કાર થઈ રહ્યો છે. અમેરિકાની જેમ કાળાગોરા રંગના આધારે ઊંચનીચની ભાવના જ્યાંત્યાં જોવામાં આવે છે, તો તે બાબતને વિશ્વના લોકમતે એકી અવાજે ધિક્કારી છે. આફ્રિકાની જે ગોરી સરકાર આ નીતિ પર ચાલી રહી છે, તેની રાષ્ટ્રસંઘે પણ ટીકા કરી છે અને આ ચાલ બંધ કરવાની ચેતવણી પણ આપી છે. મહાત્મા ગાંધીએ દક્ષિણ આફ્રિકામાં આની વિરુદ્ધ સત્યાગ્રહનું આંદોલન ચલાવ્યું હતું. જ્યાં પણ આ નીતિ પ્રવર્તે છે, જે પણ તેનું પ્રતિપાદન કરે છે, તે વિવેકશીલ લોકમત પાસે અપરાધી ગણાય છે. ન્યાય અને વિવેકની કસોટી ઉપર માણસ-માણસ વચ્ચે ઊંચનીચની માન્યતાનું સમર્થન કરવું તેને માનવતા પ્રત્યે એક અપરાધ જ માનવામાં આવે છે.

આ માન્યતાએ હિન્દુ સમાજને ભારે નુકસાન કર્યું છે. અછૂત વર્ગ આ તિરસ્કૃત સામાજિક સ્થિતિને સ્વીકારાશે નહીં તે નિશ્ચિત છે. જેમ જેમ તેનામાં ચેતના જાગશે, તેમ તેમ તેઓ આ વ્યવસ્થા પ્રત્યે વિદ્રોહ કરશે. આ વિદ્રોહ છેલ્લાં પચાસ વર્ષથી દિવસે દિવસે ઉગ્ર થઈ રહ્યો છે. મુસ્લિમ શાસન દરમિયાન અગણિત અછૂતો મુસલમાન બન્યા. ખ્રિસ્તી શાસન વખતે તેમનો ઝુકાવ ખ્રિસ્તી શાસન તરફ વળ્યો. હવે તેઓ પોતાની સ્વતંત્ર ચેતનાના પ્રકાશમાં બૌદ્ધ અને ખ્રિસ્તી બની રહ્યા છે અને એથી શંકા જાય છે, કે થોડા દિવસમાં એક પણ અછૂત, વર્તમાન માન્યતાઓવાળા હિન્દુ સમાજમાં નહીં રહે. મદ્રાસમાં આ વિદ્રોહ શાસનસત્તા પણ પોતાના હાથમાં લઈ ચૂક્યો છે. નાગાલેન્ડનું ઈસાઈસ્તાન આ જ ભૂલની પ્રતિક્રિયા છે. આજે જે પ્રકારનાં રાજનૈતિક ષડ્યંત્ર ચાલી રહ્યાં છે, તે જોતાં એ શક્ય નથી કે અછૂત સવર્ણ હિન્દુઓથી અલગ થઈને ખ્રિસ્તી, મુસલામાનોમાં જઈ મળે અને બહુમતિ તેમની થઈ જાય? આવી દશામાં સવર્ણ હિન્દુઓએ સામાજિક અન્યાયનું કેવું કઠોર પ્રાયશ્ચિત કરવું પડશે તેનું અનુમાન લગાવી શકાય છે. દૂરદર્શી વ્યક્તિ આ અનુમાન સાચી રીતે કરી શકશે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વર્તમાન ઊંચનીચ પરક વંશજાતિની માન્યતાઓ હિન્દુ સમાજની ન્યાયનિષ્ઠા ઉપર ભારે કલંક લગાવે છે. આથી વિશ્વના દરેક વિચારશીલ વર્ગમાં આપણી આબરૂ ઘટે છે. આપણને સંકુચિત, અનુદાર અને અન્યાયી કહે છે. સામાજિક દૃષ્ટિએ આપણે છિન્ન-ભિન્ન, વિભાજિત અને અસ્તવ્યસ્ત થઈ ગયા છીએ. અન્યાયનો દોષ વહોરીને, આપણા જ એક તૃતિયાંશ વર્ગથી અલગ થઈ જઈએ, તે આપણા માટે દરેક દૃષ્ટિએ લજ્જાસ્પદ વાત છે અને વાત અહીં સુધી જ સીમિત નથી. આપણી અનીતિથી ક્ષુબ્ધ થઈને બીજા ધર્મોમાં ગયેલા આપણા જ લોકો, ભવિષ્યમાં બદલો લેવાની ભાવનાથી ઓતપ્રોત થશે અને આપણે આપણાં કરતૂતોનો દંડ રોઈ રોઈને ભોગવવો પડશે.

સારી વાત તો એ છે કે આપણે સમયસર ચેતી જઈએ. આપણી ભૂલ સુધારીએ અને માનવમાત્રની એકતા અને સમતાના સાર્વભૌમ ન્યાયના સિદ્ધાંતને સ્વીકારીએ. ઊંચનીચની માન્યતાઓ જેટલી જલદી ઉખેડી નંખાય તેટલું જ તેમાં આપણું કલ્યાણ થશે.

## (૨૧) અશ્લીલતાનું પૂર આપણને પડતી તરફ લઈ જઈ રહ્યું છે.

સ્ત્રીપુરુષ વચ્ચેનો સંબંધ ઘણો જ પવિત્ર અને ખૂબ જ ઉચ્ચસ્તરનો છે. માતા અને પુત્ર, બહેન અને ભાઈ, પિતા અને પુત્રીના રૂપમાં નરનારીના સંબંધોની ચર્ચા હંમેશથી ખૂબ જ પવિત્રતા અને શાલીનતા સાથે કરવામાં આવે છે. પતિપત્ની વચ્ચે પણ જે સંબંધોનો નિર્વાહ થાય છે, તે સખા, મિત્ર, સહાયક, વિશ્વાસુ, ભાગીદાર, સંપર્ક અને ઘનિષ્ઠતમ સદ્‌ભાવનાસંપન્ન સ્નેહીનો છે. દાંપત્ય જીવનની સમગ્ર અવસ્થા આ જ દૃષ્ટિકોણ સાથે નિભાવે છે. વાસનાનું, કામક્રીડાનું સ્થાન, માનવીય જીવનના ગૃહસ્થકાળમાં નગણ્ય જેવું છે. જે છે તેને પણ એવું ગુપ્ત રાખવામાં આવે છે, કે કોઈ બીજાને તે જોવા, સાંભળવાનો અવસર ન મળે. જનજીવનની દૃષ્ટિએ આ અતિ નગણ્ય અને ગુપ્ત તથ્યને સદાયે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

સાર્વજનિક ચર્ચા અથવા ચિંતનમાં વિશેષ મહત્ત્વ આપવું યોગ્ય ગણાતું નથી કારણ કે કામવિષયક ચર્ચા કે ચિંતનથી અનેક પ્રકારનું શારીરિક, માનસિક અને સાર્વજનિક નુકસાન થાય છે. કામચિંતન શરીરમાં બિનજરૂરી ઉત્તેજના પેદા કરીને વીર્ય જેવી અમૂલ્ય ધાતુના અપવ્યયનું દ્વાર ખોલે છે. તેનાથી જીવનશક્તિ જેવી મૂલ્યવાન સંપત્તિ ઘટે છે અને શરીર દુર્બળ, અશક્ત અને બીમાર બનીને અલ્પાયુના સંકટમાં ફસાઈ જાય છે. સ્વપ્નદોષ, પ્રમેહ, શીઘ્રપતન, નપુંસકતા વગેરે કેટલાયે રોગમાં ફસાઈ જાય છે. શરીરને જેટલું કામોત્તેજના વડે બાળવામાં, ઉકાળવામાં આવશે, તેટલું જ તે ક્ષીણ અને અશક્ત થઈ જશે. માનસિક દૃષ્ટિએ પણ અનેક નુકસાન છે. અશ્લીલ ચિંતનમાં એટલું આકર્ષણ છે કે મગજ તેવી જ બાબતોમાં રુચિ લેવા ટેવાઈ જાય છે અને એવી અનૈતિક અમર્યાદિત કલ્પનાઓની ઘટાઓમાં ઘેરાઈ જાય છે, જેને શેખચલ્લીની કલ્પનાની સમકક્ષ ગણી શકાય. જેના મગજમાં કામુક્તાના વિચારો ઘુમશે, તેને માટે શિક્ષણ, અધ્યયન, ચિંતન, ભજન, મનન અને મહત્ત્વપૂર્ણ વિષયો પર એકાગ્રતા સાધવી મુશ્કેલ થઈ જશે.

સામાજિક દૃષ્ટિએ કામુક્તાભર્યા અશ્લીલ ચિંતન અને વિચારો, નારીજાતિ પ્રત્યે એવી ઘૃણિત સ્તરની કલ્પનાઓઆપણા મનને ઘસડી જાય છે. નારી બહેન છે, નારી માતા છે, નારી બેટી છે, નારી સહધર્મિણી છે. તેને રમણી, કામિની, વાસના અને ઉપભોગની પ્રતિમા રૂપે જોવી, વિચારવી તે બાબત કોઈ મંદિરમાં પ્રતિષ્ઠા કરેલી દેવીની પ્રતિમાને ઉઠાવીને દુર્ગન્ધયુક્ત કીચડમાં ફેંકી દેવા સમાન છે. નારી પવિત્રતાની પ્રતિમા છે. નર માટે તેણે અગણિત સ્તરની ઉચ્ચ સ્તરીય ભેટો બક્ષેલી છે. ચિંતન જ કરવું હોય તો તેને દૂધ પિવરાવતી માના રૂપમાં, ખોળામાં રમતી પુત્રીના રૂપમાં કરી શકાય છે.

આજે કામુક્તાભરી નવલકથાઓનું પૂર આવેલું છે. કામ-કલાનું દિગ્દર્શન કરાવનાર નગ્ન, ગંદાં અને ગુપ્ત કૃત્યોને સાર્વજનિક રૂપે રજૂ કરતી ચોપડીઓ તથા ફોટાઓ બજારમાં મોટા પાયે વેચાય



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. દેવીદેવતાઓનાં કેલેન્ડરો અને ફોટાઓમાં તેમને એવા પોઝમાં છાપે છે, જાણે કે કોઈ વેશ્યા અને લંપટ મનુષ્ય કામકૌતુક કરવા માટે આતુર થઈ રહ્યાં હોય ! અવતારોના મહાન પ્રયોજનને ભૂલી જઈને તેમને વાસનાનું પ્રતીક બનાવી દીધા છે.

દુકાનો, ઘરો અને ઓરડામાં લટકાવેલા અર્ધનગ્ન મહિલાઓના ફોટાઓ દર્શાવે છે કે આપણે નારીને તેની ગરિમાથી નીચે ઉતારીને નિર્લજ્જ વેશ્યાના રૂપમાં ચિત્રિત કરવા આતુર થઈ ગયા છીએ. તેનું સંપૂર્ણ મહત્ત્વ સમાપ્ત થઈ ગયું અને કેવળ કામુક્તાની જ વિશેષતા એક બચી ગઈ છે. ઊછળતા યૌવનને અર્ધનગ્ન સ્વરૂપે જોવા માટે જ નારીને મહત્ત્વ આપવામાં આવે છે. બાકીની અસંખ્ય વિશેષતાઓ અને ગરિમાઓ તરફથી આંખો બંધ કરી દેવામાં આવી છે. નારીની વૃદ્ધાવસ્થા, શૈશવ, વાત્સલ્ય, કઠોર શ્રમ અને શાલીનતાનું હવે જાણે કે કોઈ મહત્ત્વ જ નથી. અન્યથા એવી સ્થિતિનાં પણ ચિત્રો બન્યાં હોત અને તે પણ આપણા ઘર - ઓરડાની શોભા બન્યાં હોત. નારીનું નગ્ન, અશ્લીલ અને કામુક ચિત્રણ આપણી બીમાર મનોભૂમિનું ચિહ્ન છે. સિનેમાનાં પોસ્ટરોથી લઈને ગ્રામોફોન રેકર્ડ સુધી બધાએ જાણે કે નારીની આબરૂ ઉપર હુમલો કરવાનું નક્કી જ કર્યું છે અને તેઓ માત્ર તેને વાસનાના ઉપભોગની પ્રતિમા અંકિત કરવા ઇચ્છે છે. વરસાદી ઘાસની જેમ ઊગી નીકળેલું, છપાતું અને વેચાતું સાહિત્ય આજકાલ અશ્લીલતા અને કામુક્તાની પ્રવૃત્તિ ભડકાવવા રજૂ કરવામાં આવે છે. લોકોની પશુતાનો અયોગ્ય લાભ લેવા માટેના અને તેઓને ઝેરના ઘૂંટડા પિવડાવવા માટેનાં સાધનો એકત્રિત કરીને બન્ને હાથે ધન કમાવવામાં તે સાહિત્યનો ઉપયોગ થાય છે. કલમ અને ભાષાનો પ્રવાહ આ જ દિશામાં લાગેલો છે. કલા જાણે કે લોકોની પશુપ્રવૃત્તિઓને ભડકાવવા માટે સર્જિત થઈ છે. ભગવતી સરસ્વતીને જે ઘૃણિત કાર્યમાં આજના કલાકાર, ગાયક, અભિનેતા, ચિત્રકાર, સાહિત્યકાર અને દુકાનદારે બળપૂર્વક ઉપયોગમાં લીધી છે, તેને કલા પ્રત્યે કરવામાં આવેલો અમાનવીય ગુનો જ કહેવો જોઈએ.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ ગંદા વિચારપ્રવાહનો પ્રભાવ નારી ઉપર પણ પડ્યો છે અને તે નરની પશુતાને અનુરૂપ શરણે જવા માટે પોતાને તૈયાર કરી રહી છે. જો કે નરપશુઓ દ્વારા નારીની કમનીયતા અને નગ્નતાને વખાણવામાં આવે છે તેથી નવી પેઢીની નારી જ્ઞાત યા અજ્ઞાત રૂપમાં પોતાને તે જ બીબામાં ઢાળવા લાગી છે. શૃંગાર અને ફેશનના નામે હવે તેણે એવો વેશ પહેરવેશ ધારણ કરી લીધો છે, જે અશ્લીલ અને ફૂવડ જ કહી શકાય. અર્ધનગ્નતા અને યૌવનના પ્રગટીકરણને લોકોની આંખોમાં આકર્ષક ઢંગથી લાવવાનો પહેરવેશ વેશ્યાઓને શોભા આપે છે. શાલીન પરિવારોની સ્ત્રીઓ માટે એ કોઈ રીતે યોગ્ય નથી કે જેનાથી બીજાને પોતાના તરફ તાકીને જોવાની પ્રેરણા મળે. એવો શૃંગાર ભારતીય લલનાઓના ગૌરવને ઉતારી પાડનાર જ ગણાવો જોઈએ. આપણે આપણી ભોળી બાલિકાઓને સતર્ક કરીએ, કે તેઓ અજાણપણે જ દેખાદેખીમાં એવા શૃંગાર અને પહેરવેશને ન અપનાવે કે જે પુરુષવર્ગની પશુતાને વધુ ઉત્તેજિત કરવામાં સહાયક બને. લજ્જા અને શાલીનતા જ નારીનું ભૂષણ છે. આ તથ્ય ભારતીય નારીના રોમેરોમમાં સમાયેલું હોવું જોઈએ.

અશ્લીલતાની ભુતના આપણા આત્માને ઝેરના ઘૂંટડા પિવડાવવા આવી છે. આ રાક્ષસીથી જેમ બને તેમ જલદી છુટકારો મેળવીશું તેમ આપણે શાલીનતા, સજ્જનતા અને સંસ્કૃતિના જાગૃત પહેરગીર કહેવાઈશું. શરાબ અને માંસ વેચવાની જેમ આ પ્રકારનાં પુસ્તકો, ફોટાઓ વેચવા માટે દુકાનદારને મનાઈ કરવી કે જે કામુક્તાને ભડકાવીને લોકોને અધઃપતન તરફ લઈ જાય છે. કલાકાર પોતાની કલાને કલંકિત ન કરે. ગાયક એવું ન ગાય, જેમાં મનુષ્યની પ્રવૃત્તિઓ પશુતા તરફ આગળ વધે. વાદક એવું ન વગાડે, જેનાથી વાસનાઓ ભડકે. અભિનેતા એવો અભિનય ન કરે, જેનાથી અપરિક્વ બુદ્ધિની નવી પેઢી કામુક્તાનું દુષ્પરિણામ ભોગવે. સાહિત્યકારોને લખવા માટે ઘણું મોટું ક્ષેત્ર પડ્યું છે. તેમાં અશ્લીલતા ઉપર પ્રતિબંધ મૂકીને બીજું જ કંઈ લખે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સૌથી મોટી વાત એ છે કે પ્રત્યેક વિચારશીલ એવા સર્જનની ઘૃણા કરે. આ વ્યવસાયથી ધન કમાનારનો તિરસ્કાર કરે અને લોકોને સચેત કરે કે અશ્લીલતાની સર્વનાશી આગ સાથે રમવાની બેહુદી પ્રક્રિયા-મનોરંજન-બંધ કરે. અન્યથા તે બહુ મોંઘું પડશે. પુસ્તકાલયોમાંથી એવાં ઉત્તેજિત પુસ્તકો બહિષ્કૃત કરવામાં આવે. ઘરના ઓરડામાં લટકાવેલાં એવા ખરાબ ચિત્રો ખસેડી લેવામાં આવે, જેની પિતાપુત્રી સાથે બેસીને સમીક્ષા ન કરી શકે. રેડિયો અને રેકર્ડમાંથી ઉત્તેજિત ગીતો ન સાંભળવાનો નિશ્ચય કરવામાં આવે. સાર્વજનિક પ્રદર્શનોના રૂપમાં અશ્લીલતાની રાક્ષસણીને એક આસુરી વૃત્તિ માનીને હઠાવી દેવામાં આવે અને દુષ્ટ હોલિકા રાક્ષસણીની જેમ તેને સળગાવી દેવી જોઈએ. એક જમાનામાં વિદેશી વસ્ત્રોની હોળી કરવામાં આવતી હતી. હવે સમય આવી ગયો છે, કે અશ્લીલતા અને કામુક્તા ભડકાવનારાં સમગ્ર પ્રસાધનોને કચરાની જેમ એકત્ર કરી તેને હોળીની જેમ સળગાવીને આ દુષ્પ્રવૃત્તિથી થતું નુકસાન લોકોને સમજાવીએ. આ સર્વથી આપણે બચીએ અને આપણાં બાળકોને બચાવીએ. સામાન્ય લોકોને અશ્લીલતાની અનૈતિક્તાથી સતર્ક કરીએ એ જ આપણે માટે ઉચિત છે.

## (૨૨) ભિક્ષાવૃત્તિનો વ્યવસાય બંધ કરાવીએ

માણસ સમર્થ હોવા છતાં પણ બીજા પાસે પોતાના વ્યક્તિગત ખર્ચ માટે હાથ ફેલાવે, તે માનવજાતિનું સૌથી મોટું અપમાન છે. સ્વાભિમાન, આત્મસન્માનને દુઃખ અને તકલીફ સહન કરીને પણ સુરક્ષિત રાખવું જોઈએ. કોઈ દુર્ઘટના અથવા આકસ્મિક મુશ્કેલીના સમયે આપત્તિ-ધર્મની વાત જુદી છે, પણ સામાન્ય રીતે એવી નીતિ છે, કે મનુષ્ય પોતાના હાથપગ દ્વારા કામ કરીને ગુજરાન ચલાવે. બીજાની પાસે હાથ ન ફેલાવે અને પોતાનું આત્મસન્માન ન ઘટાડે.

આપણા દેશમાં ભિક્ષાવૃત્તિએ એક સુવ્યવસ્થિત વ્યવસાયનું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રૂપ ધારણ કરી લીધું છે. છેલ્લી મતગણતરી મુજબ આપણે ત્યાં ૫૬ લાખ વ્યક્તિ ભિક્ષા વ્યવસાયથી પોતાની આજીવિકા ચલાવે છે. તેમાં અસમર્થ અને અપંગોની સંખ્યા એક લાખથી પણ ઓછી છે. બાકીના બધા, પોતાના શ્રમ વડે કમાયેલા ધનથી આજીવિકા ચલાવી શકે તેમ છે પણ તેઓ શ્રમ કરતા નથી.

ભિક્ષા વ્યવસાય ઉપર નિર્ભર લોકોમાં ૫૦ લાખ વ્યક્તિ સાધુ-બ્રાહ્મણોનો વેશ ધારણ કરી વિચરણ કરે છે અને ૬ લાખ પોતાને અસમર્થ કે ગરીબ દર્શાવે છે. બન્ને વર્ગોમાં મોટા ભાગના લોકોની સ્થિતિ એવી નથી, કે તેમણે ભીખ માગવા સિવાય બીજો કોઈ માર્ગ ન હોય. ભજન કરવા માટે એ જરૂરી નથી, કે ભિક્ષાજીવી બનીને જીવવું. પોતાની આજીવિકા વડે નિર્વાહ કરતા જઈને પણ ભજનનો ઉદ્દેશ્ય પૂરો થઈ જાય છે. અન્યથા ઋણભારમાં તે ભજન પણ ચાલ્યું જશે. આ વાત સામાન્ય બુદ્ધિથી પણ સમજી શકાય છે. ૫૬ લાખ તો એવા ભિખારી છે, જેમણે પોતાની આજીવિકા ભિક્ષાને જ જાહેર કરી છે. એવા લોકો, જેઓ વ્યવસાય તો બીજો કરે છે, પણ સમય આવ્યે ભિક્ષાનો લાભ પણ લઈ લે છે, એવા અર્ધભિક્ષુક પણ લગભગ એટલા જ હશે. આ એક કરોડ લોકોનો ભાર ૬૦ કરોડ હિન્દુ જનતાને વેઠવો પડે છે. દરેક સાઇઠ વ્યક્તિએ એક ભિક્ષુક હોય, તે બહુ ખરાબ વાત છે. તેનાથી આપણા સમાજનું, ખલાસ થઈ ગયેલા આત્મસન્માનનું નફરત ઉપજે તેવું ચિત્ર દેખાય છે.

પ્રાચીનકાળમાં સાધુ-બ્રાહ્મણ ભિક્ષા માગ્યા કરતા હતા. તેઓ પોતાનો થોડો સમય આત્મશુદ્ધિ અને આત્મસમર્થતાને માટે, થોડો સમય ભજન અને સ્વાધ્યાયમાં લગાવી શકે અને બાકીનો બધો સમય લોકમંગળમાં આપી શકે તેથી ભિક્ષા માગતા હતા. તેઓની પોતાની કોઈ સંપત્તિ હતી નહીં, કે ન હતી આકાંક્ષા. ભજન અને સ્વાધ્યાય પણ તે એટલા માટે કરતા હતા, કે એ માધ્યમોથી વિનિર્મિત તેઓનું પ્રખર વ્યક્તિત્વ લોકમંગળને માટે અધિક ઉપયોગી અને સમર્થ સિદ્ધ થઈ શકે. ભિક્ષા એટલા માટે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

માગતા હતા કે આજીવિકાની કમાણીમાં તેઓનો બહુમૂલ્ય સમય નષ્ટ ન થાય અને તે સમય સમાજને કામ લાગે. એવા લોકસેવકો ઓછી સંખ્યામાં હતા. તેઓનાં પુનિત કાર્યો જોઈને, લોકો ભિક્ષા આપીને પોતાને ધન્ય માનતા હતા. તે દિવસોમાં તે હજારો સાધુ-બ્રાહ્મણોના સત્પ્રયત્નોથી આપણો સમાજ દરેક દૃષ્ટિએ સુવિકસિત અને સમુન્નત બન્યો હતો. ત્યારે સાધુ-બ્રાહ્મણોની સંખ્યા વૃદ્ધિ, રાષ્ટ્રીય સૌભાગ્યની વૃદ્ધિ માનવામાં આવતી હતી. આજે પરિસ્થિતિ બિલકુલ ઊલટી થઈ ગઈ છે. પ્રાચીનકાળ જેવા સાધુ-બ્રાહ્મણ હવે એટલા ઓછા છે, કે તેમને આંગળીને વેઢે ગણી શકાય. વધુ પડતા તો પરિશ્રમથી બચવા ભિખારીનો ધંધો અપનાવી લે છે.

પચાસ લાખ સાધુઓ જો રચનાત્મક કાર્યોમાં લાગી જાય, તો આજે પરિસ્થિતિ કંઈક જુદી જ હોત. ભારતમાં સાત લાખ ગામડાં છે. ૫૦ લાખ વ્યક્તિ જો તેનો કાયાકલ્પ કરવા માટે, શિક્ષણ, સ્વાસ્થ્ય, સદાચાર વગેરે સમસ્યાઓને હલ કરવા માટે જોડાઈ જાય, તો દરેક ગામની પાછળ સાત સાધુ લાગી જાય અને તેઓ પોતાના પ્રયત્નથી ત્યાં સ્વર્ગીય વાતાવરણ પેદા કરી શકે સાક્ષરતાની જરૂરિયાત એક-બે વર્ષમાં જ પૂરી થઈ શકે. ગૃહઉદ્યોગ વિકસી શકે. વ્યાયામશાળાઓ, પાઠશાળાઓ, પુસ્તકાલય, રક્ષાદળના લોકસેવીઓ દ્વારા સાર્વજનિક સ્વચ્છતા, સામાજિક કુરીતિઓ, વ્યસન, આળસ વગેરેનું નિરાકરણ કરીને વિવિધ ક્ષેત્રોમાં આશાજનક પરિવર્તન કરી શકાય છે. ચીનની ૫૦ લાખની સેના જગતભરમાં આતંક પેદા કરી શકે છે. આપણા ૫૦ લાખ સંતો સમગ્ર જગતમાં ભારતીય સંસ્કૃતિ અને ધર્મની ધ્વજા ફરકાવી શકે છે, પણ દુર્ભાગ્યને શું કહેવું કે જેણે સાધુ વેશધારી લોકોને તો આપણી સમક્ષ ઊભા કરી દીધા, પરંતુ પ્રાચીનકાળ જેવો દૃષ્ટિકોણ અને કર્તવ્ય તેઓમાં શોધ્યું જોવા મળતું નથી.

એવી દશામાં શું એ ઉચિત છે કે, આટલી મોટી જનસંખ્યા આ રીતે જનતા ઉપર ભારરૂપ બની રહે અને પોતાની ઉપયોગિતા સિદ્ધ કરવા માટે વિવિધ પ્રકારના પ્રપંચ તથા મૂઢ વિશ્વાસ ફેલાવી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લોકમાનસને વિકૃત કરતા રહે ? એ જ રીતે તે ભિખારીઓનો પ્રશ્ન છે, જે કામ કરવામાં સર્વથા અસમર્થ ન હોવા છતાં પણ ભિક્ષાનો ધંધો ચાલુ રાખે છે. જો માણસ ઇચ્છે, તો થોડીઘણી શારીરિક અસમર્થતા વચ્ચે પણ કંઈ ને કંઈ શ્રમ અને કમાણી કરી શકે છે. ઇચ્છા હોય તો કામ પણ મળી શકે છે અને રસ્તો પણ નીકળે. અનિચ્છા હોવાના કારણે, તો અસમર્થતા, અપંગતા અને દરિદ્રતાનો ઢોંગ રચીને કમાણી કરવામાં તેઓ કુશળ થઈ ગયા છે. એવાં પણ અનેક ઉદાહરણ મળ્યાં છે, કે આ નિષ્ઠુર લોકો પોતાનાં બાળકોના હાથપગ તોડીને, આંખો ફોડીને, તેમને અપંગ બનાવી દે છે, જેથી તેમના બહાને વિશેષ આજીવિકા કમાઈ શકે.

રાષ્ટ્રની આર્થિક અને નૈતિક કમર તોડી નાંખનાર આ ભિક્ષા વ્યવસાયનો અંત આણવા માટે દરેક વિચારશીલ વ્યક્તિએ જાગૃત થવું જોઈએ. કુપાત્રોને દાન આપવાથી આ દુષ્પ્રવૃત્તિને ફૂલવા-ફાલવાનો અવસર મળે છે. દરેક ઉદાર મનુષ્યે વિવેકથી કામ લેવું જોઈએ અને આપતી વખતે બરાબર પરીક્ષા કરી લેવી જોઈએ, કે તેના પૈસા ક્યા પ્રયોજન માટે ખર્ચાશે ? ઢોંગ કે પરંપરાથી પ્રભાવિત થઈને દાન આપવાની માનસિક દુર્બળતામાંથી જ્યાં સુધી મુક્તિ નહીં મળે ત્યાં સુધી ભિક્ષા-વ્યવસાય વધતો જ જશે.

જે સર્વથા અપંગ, અસહાય હોય, તેના નિર્વાહની વ્યવસ્થા સંસ્થાઓ કે સરકાર દ્વારા થવી જોઈએ. જે લોકસેવામાં જોડાયેલા સાધુ-બ્રાહ્મણો છે તેમના નિર્વાહની વ્યવસ્થા ધર્મસંસ્થાઓ દ્વારા થવી જોઈએ. પ્રાચીનકાળમાં પ્રવાસ, ટપાલ, બેન્ક વગેરેની વ્યવસ્થા ન હોવાથી, સર્વત્ર મળી શકતી ભિક્ષા ઉપયોગી થઈ હશે. હવે સુયોગ્ય, લોકસેવી સાધુઓના નિર્વાહનો ક્રમ ખ્રિસ્તી મિશનોના પાદરીઓની જેમ ઘણી સરળતાથી થઈ શકે છે. ઉપરોક્ત બન્ને વર્ગોના અધિકારીઓને બાદ કરતાં, બાકીના સર્વ ભિક્ષુઓને નિરુત્સાહિત કરી નાંખવા જોઈએ કે જે લોકસેવક કે અપંગ નથી. પ્રાચીનકાળમાં સાધુ પૂજાતા હતા, તેથી આ ભીખારી લોકોની પણ ગુણવાન



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ન હોવા છતાં, વેશધારણ કરવા માત્રથી પૂજા કરવામાં આવે તે કોઈ તર્કયુક્ત વાત નથી. પ્રાચીનકાળના બ્રાહ્મણો, પોતાના મહાન વ્યક્તિત્વને કારણે, ઉમદા કર્તવ્યને કારણે, શ્રદ્ધાસ્પદ હતા. તેમના વંશજો તે ગુણવાન ન હોવા છતાં સન્માન મેળવે તેનું કોઈ કારણ નથી. સેવા કર્તવ્ય છે, ભિક્ષા અધિકાર. જો સેવા નહીં, તો ભિક્ષા પણ નહીં. આ તથ્ય સાર્વજનિક રૂપથી સ્વીકારી લેવામાં આવે, તો આ એક કરોડ લોકોની ભિક્ષુક અને અર્ધભિક્ષુક જનસંખ્યા કોઈ કમાણીના કાર્યમાં લાગી શકે છે. ગરીબ જનતા ઉપર પડનારો એક ભાર ઓછો થાય. કમાણી અને શ્રમ વડે આ બન્નેનું આત્મગૌરવ અને કર્તવ્ય પ્રગટી શકે. તેઓ પોતાને માટે અને સમાજને માટે ઉપયોગી સિદ્ધ થઈ શકે છે.

ભિક્ષા અનૈતિક છે. ભિક્ષા માગનારાઓની મનોભૂમિ દિવસે દિવસે બગડતી જાય છે. તેમનું શૌર્ય, સાહસ, પુરુષત્વ, ગૌરવ સર્વ કંઈ નષ્ટ થઈ ગયાં છે. લાચારી મગજ ઉપર ખરાબ રીતે છવાયેલી રહે છે. ગુનેગારની જેમ તેમનું માથું નીચું રહે છે. પોતાની પરિસ્થિતિની યોગ્યતા સિદ્ધ કરવા તેમને હજાર ઢોંગ રચવા પડે છે અને લાખ પ્રકારની મૂર્ખતા ફેલાવવી પડે છે. આ ભાર જનમાનસને વિકૃત કરવાની દૃષ્ટિથી પણ વધુ ભયાનક છે.

દરેક વિચારશીલનું કર્તવ્ય છે, કે ભિક્ષા વ્યવસાયને પ્રોત્સાહન ન આપે. કુપાત્રોની પ્રશંસા કરીને પ્રોત્સાહન ન આપવું. જેના ઉપર પ્રભાવ પડી શકે, તેમને ભિક્ષાવૃત્તિ છોડવા અને શ્રમ કરવા માટે કહેવું. આટલી મોટી જનસંખ્યાને આ અનિચ્છનીય વ્યવસાયથી મુક્ત કરવા માટે આપણે ગંભીરતાપૂર્વક વિચારવું જોઈએ અને તેને માટે કંઈક નક્કર પ્રયત્ન કરવો જોઈએ.

## (૨૩) મૃત્યુભોજન પણ અવિવેકપૂર્ણ ન હોવું જોઈએ

માણસના મૃત્યુ પછી તેના પરિવારના પ્રિયજનોને વિયોગનું દુઃખ થાય છે અને સંચિત સંબંધ એકાએક તૂટી જવાથી એક ભાવનાત્મક લાગણી જન્મી આવે છે. તે સમયે પરિજનો સ્વર્ગીય



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આત્માને માટે કંઈક કરવાના મૂડમાં હોય છે. કેટલાક કરે પણ છે. જગતભરમાં મૃત આત્માના કલ્યાણ અને સુખ સુવિધાને માટે પૂજા, પ્રાર્થના, શ્રાદ્ધ, પિંડ વગેરેથી લઈને દાન-પુણ્ય વગેરે કંઈક કરવામાં આવે છે. ભારતવર્ષમાં પણ એવો જ રિવાજ છે.

ભારતીય આદર્શ એવો રહ્યો છે, કે દરેક વ્યક્તિ પોતાની મહેનતથી કમાયેલી આજીવિકાને જ યોગ્ય માનતો રહ્યો છે. બીજાની સહાય ઉપર નિર્ભર રહેવું, પરિશ્રમ વિનાની કમાણી ખાવી તેને ભારતમાં સદાયે વર્જ્ય માનવામાં આવે છે, કેમકે કોઈક સંચિત ધન, પરિશ્રમ કર્યા વિના કોઈને મળે અને તે પેલી હરામની કમાણીથી બેઠાં-બેઠાં જલસો કરે, તો સમાજમાં એક ખરાબ પરંપરાનો જન્મ થાય છે. શ્રમ કર્યા વિના કમાયેલ ધનમાંથી અનેક દોષદુર્ગુણ ઉત્પન્ન થાય છે અને દેખાદેખીમાં બીજી પણ એવી જ હરામખોરીની સુવિધાઓ મેળવવા માટે મફતનાં કામ શોધી કાઢે છે અને અપરાધોની દુષ્પ્રવૃત્તિઓ વધે છે. આ તથ્યને ભારતીય દર્શને સારી રીતે સમજાવ્યું છે અને વ્યવહારમાં ઉતારી લીધું છે. બાળકો જ્યાં સુધી અશક્ત અને અવિકસિત રહે ત્યાં સુધી વડીલો દ્વારા પોષણ મેળવવાનો તેમને અધિકાર છે, પણ જ્યારે તેઓ સમર્થ થઈ જાય છે, તો તેઓએ સ્વ-ઉપાર્જિત આજીવિકા ઉપર નિર્ભર રહેવું જોઈએ. જો બાળકો સ્વાવલંબી થઈ ગયાં હોય, તો તેઓએ મૃત પૂર્વજની કમાણી સમાજને પરત કરી દેવી જોઈએ.

પ્રાચીન પ્રથા એવી હતી કે દિવંગત વ્યક્તિના આશ્રિત, નાની વયના, અથવા કમાણી કરવા અસમર્થ ઉત્તરાધિકારી પોતાના પાલન, શિક્ષણ, વિવાહ અને વિકાસ માટે જેટલું ધન અતિ આવશ્યક હોય, તેટલું રાખીને બાકીનું લોકમંગળ માટે સ્વર્ગીય આત્માની શાંતિ અને સદ્ગતિને માટે દાન કરી દેતા હતા. જેમનાં પરિજનો સમર્થ અને સ્વાવલંબી હોય, તેઓ મૃતકના સર્વ પૈસા સમાજને માટે ખર્ચ કરતાં હતાં. સાધારણ સ્થિતિમાં કોઈ મૃતકના ધનનો ઉપયોગ તેના વારસદારોને માટે અગ્રાહ્ય અને અયોગ્ય માનવામાં આવતો હતો. તેથી તે પોતે જ અથવા સમાજના લોકો એકઠા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

થઈને, તે ધનને લોકમંગળ માટે ખર્ચ કરવાની યોજના બનાવતા હતા. મૃતક પ્રત્યે વર્તવામાં આવેલી આ જ શ્રદ્ધા, સદ્ભાવનાનું નામ શ્રાદ્ધ છે. પુણ્યફળથી જ આત્માની સદ્ગતિ થાય છે. જે મૃતાત્માઓ લોભ, મોહ અથવા પરિસ્થિતિવશ દાન ન કરી શક્યા હોય, તેની પૂર્તિ વારસદારો કરી દેતા હતા. અનીતિથી કરેલી કમાણીનું પ્રાયશ્ચિત્ત પણ થઈ જતું હતું અને પુણ્યફળથી શાંતિ, સદ્ગતિ પણ મળતી હતી. આ દૃષ્ટિએ તે જમાનાની આ શ્રાદ્ધ પરંપરા યોગ્ય પણ હતી. તથ્ય સદાયે, શાશ્વત અને સનાતન હોય છે. તે આજે પણ એટલું જ ઉપયોગી અને યોગ્ય છે. વારસામાં પ્રચુર ધન મેળવવું, આજે પણ યોગ્યતાની દૃષ્ટિએ અયોગ્ય છે. તેથી સરકાર મૃત્યુ ટેક્સ વગેરે લગાવીને તેને સમાજ માટે પરત માગી રહી છે. કેટલાક ઉદાર લોકો પોતાના પૂર્વજોના નામથી સ્મારક રૂપે કંઈક લોકોપયોગી કાર્ય પણ કરતા જોવા મળે છે. આ સ્વસ્થ પરંપરા ઘણી જ યોગ્ય અને પ્રશંસનીય છે.

પૂર્વકાળમાં મૃત્યુભોજનનો આધાર આ જ હતો. પછી અજ્ઞાન અને અંધકારનો જમાનો આવ્યો. જીભના સ્વાદિયા લોકોએ લોકમંગળની વાત ભુલાવી દીધી અને કિંમતી મિજબાની ઉડાવવાની નવી પરંપરા શરૂ કરી દીધી. મૃતકની બચેલી સંપત્તિ મીઠાઈ અને માલપૌંઆના રૂપે ઉડાડી દેવાનો ક્રમ ચાલુ થયો. બાપે કંઈ પાછળ બચાવ્યું હોય કે ન બચાવ્યું હોય, ઘરની સ્થિતિ ગમે તેવી દયનીય કેમ ન હોય, મૃત્યુભોજનના નામે ભાઈબંધ, દોસ્તો અને પરિચિત-અપરિચિતોને એક મોટી મિજબાની આપવી પડતી હતી. લોકમંગળનાં કાર્યોમાં જે ધન ખર્ચાવું જોઈએ, તેને હોશિયાર પંડિતો ધૂતી લેતા હતા. તે જ ચીજો મૃતકને અપાવી દેવાની લાલચ આપીને અન્ન, વસ્ત્ર, પાત્ર, પલંગ, ગાય, મકાન, આભૂષણ વગેરે આંચકી લેતા હતા. જો કોઈ પરમાર્થ કાર્યમાં ઉપયોગ કરીને આ ધન પુણ્યરૂપ બની ગયું હોત, તો સંભવ છે કે તેનાથી સ્વર્ગીય આત્માનું કંઈ હિત પણ થયું હોત, પણ કોઈ વંશ વિશેષમાં ઉત્પન્ન થયેલી વ્યક્તિ સ્વયં ખાઈને મૃતકને તેનો લાભ પહોંચાડી દેવા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

માટે કોઈ પણ રીતે સમર્થ હોઈ શકે નહીં. શૈયાદાન, ગૌદાન વગેરે મૃતકના નામ ઉપર જે લોકો લે છે, તે આ વસ્તુઓને અથવા સહાયને પરમાર્થ કાર્યોમાં તો વાપરતા નથી. તો પછી મૃતકને તેનો લાભ મળે કેવી રીતે ? બ્રાહ્મણ વંશની વ્યક્તિ, જે ભલેને પરમાર્થપરાયણ ન હોય, છતાં દાન મેળવીને પુણ્ય ઉત્પન્ન કરી શકે. એ માન્યતા સર્વથા ભ્રમપૂર્ણ છે. આજે બ્રહ્મભોજનનો આડંબર આ ભ્રમ ઉપર જ ટકેલો છે. તેમાં દાતાના ધનની બરબાદી છે અને બ્રાહ્મણ વંશના લોકો બીજાની કમાણી ખાઈને, ભિક્ષુક જેવી નિમ્ન મનોભૂમિ સુધી ઊતરી જાય તે તેમને માટે પણ દરેક દૃષ્ટિએ હાનિકારક છે. બિચારા ઉપર વ્યર્થ ઋણબોજ વધે છે, જે આગળ જતાં તેને પણ ચૂકવવો જ પડશે.

આજે પરિસ્થિતિ બિલકુલ બદલાઈ ગઈ છે. હવે પ્રાચીનકાળ જેવી સ્થિતિ રહી નથી. કમાણીનાં સાધન સીમિત છે. મોંઘવારી વધી ગઈ છે. પહેલાં કૃષિ, શિલ્પ વગેરે કાર્યમાં સમગ્ર ઘર લાગી જતું અને જરૂરિયાત મુજબ કમાઈ લેતા હતા. હવે ઘરની મુખ્ય વ્યક્તિ જ કમાય છે અને ઘરના બીજા સભ્યો બેઠા બેઠા ખાય છે. ફેશન અને સ્ટાન્ડર્ડ બનાવી રાખવા માટે ફાલતુ ખર્ચ પણ વધુ પડતો જરૂરી બની ગયો છે તથા મોંઘી ચિકિત્સા અને શિક્ષણ કમરતોડ ભાર નાંખે છે. એવી પરિસ્થિતિમાં સામાન્ય પરિવારોને ભારે તંગી સાથે ગુજરાન ચલાવવું પડે છે. તેમનામાં એવી ગુંજાઈશ નથી રહેતી કે ઘરમાં ફાલતુ પૈસા શોધી કાઢવામાં આવે અને તેને બિનજરૂરી સમજીને મૃતકભોજન જેવી રૂઢિને નામે ખર્ચ કરી નાંખવામાં આવે.

પ્રાચીનકાળમાં સાધુ, બ્રાહ્મણ જેવા લોકમંગળમાં સંલગ્ન વર્ગોના ભોજન, વસ્ત્ર અને જરૂરી સાધનોની વ્યવસ્થા કરી લેવી યોગ્ય હતી, પણ આજે આ પ્રવૃત્તિ કરનાર કોઈ વ્યક્તિ રહી જ નથી, તો આજ જેવું મૃત્યુભોજન અને મિજબાની, જે મિત્રો-કુટુંબીઓ માટે જ યોજાય છે, તે દરેક દૃષ્ટિએ અનિચ્છનીય અને અગ્રાહ્ય છે. જેના ઘરમાં મરણ થયે પંદર દિવસ પણ નથી વીત્યા,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જેના ઘરમાં હજુ લોકો શોકસંતપ્ત છે, એક ઉપયોગી અને આર્થિક વ્યવસ્થાપક ચાલ્યા જવાથી સંબંધીઓને આઘાત લાગ્યો હોય, તેના જ આંગણામાં મિજબાની માટે પહોંચી જવું તે કોઈ સ્વાભિમાની વ્યક્તિ માટે સર્વથા ગૌરવહીન વાત છે. કોઈ કઠોર, નિષ્ઠુર અને નિર્લજ્જ મનુષ્ય જ આવી મિજબાની ગળે ઉતારી શકે છે. સામાન્ય સજ્જનતા અને વિચારશીલતા જેનામાં હોય છે, તેઓ આવી મિજબાની દેવાની કોઈને સલાહ પણ ન આપી શકે અને તેમાં સંમિલિત થવાનો સ્વીકાર પણ ન કરી શકે.

આજે રૂઢિવાદિતામાં સપડાયેલ સર્વ સાધારણની સામે મૃત્યુ ભોજન એક પ્રતિષ્ઠાનો વિષય બની ગયું છે. ઘરમાં પૈસા ન હોય, તો કરજ કરીને પણ તે કરવું પડે છે. મોટે ભાગે જોવામાં આવ્યું છે, કે તે કરજ અને વ્યાજના કુચક્રમાં જ ઘરની મૂડી, સુવિધા અને આબરૂ લિલામ થઈ જાય છે. આ ખર્ચના ભારથી દબાઈ જવાને કારણે પરિવારના બાળકોનું શિક્ષણ, જુવાનોનાં લગ્ન વગેરે આવશ્યક કાર્યોમાં પૂરી અડચણ પેદા થાય છે અને આ કુપ્રથાનું બહુ જ ખરાબ પરિણામ દુઃખપૂર્વક ઘણા દિવસો સુધી ભોગવવું પડે છે.

ઘરની એક વ્યક્તિ ગઈ, તેની ચિકિત્સા, અંત્યેષ્ટિ ક્રિયામાં પૈસા વપરાઈ ગયા અને અંતમાં મૃત્યુભોજનનું ભારે દબાણ માથે આવી ગયું. આ પરિસ્થિતિ કોઈપણ ચેનથી ગુજરાન ચલાવનાર પરિવારને વિપત્તિમાં ફસાવી દેવા માટે પર્યાપ્ત છે.

વિચારશીલતાનો પોકાર છે, કે આપણે અનાવશ્યક અને અનિચ્છનીય રૂઢિઓને ઊખેડીને ફેંકી દઈએ. તેને માટે અંધ પરંપરાના અનુયાયી, અવિવેકી લોકો વિરોધ કે નિંદા કરે, તો તેની ઉપેક્ષા કરવી જોઈએ. યોગ્ય વાત બાળકની પણ માનવી જોઈએ અને અદૂરદર્શિતાપૂર્ણ સલાહ ચાહે વૃદ્ધ સંબંધી આપે કે પંચ કહેવડાવનાર વ્યક્તિ, પરંતુ આપણે તે માનવા માટે દઢતાપૂર્વક અને નમ્રતાથી ઈન્કાર કરી દેવો જોઈએ. આ સત્યાનાશી કુપ્રથાઓનો અંત સાહસિક લોકોની દઢતા અને નેતાગીરીથી જ આવશે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જો કોઈની પાસે મૃતકનું મૂકેલું કોઈ એવું ધન હોય, જેના વિના પણ પરિવારનું કામ ચાલી શકે તેમ હોય તો તે પૈસા માટે વારસદારોએ લોભમોહમાં ન પડતાં તે ધનને લોકમંગળ માટે વિદ્યાલય, પુસ્તકાલય સ્થાપના, જેવાં ઉપયોગી કાર્યોમાં ખર્ચવું જોઈએ અથવા થોડું ઘણું, જે શ્રદ્ધા હોય તે પ્રમાણે, તે નિમિત્તે લોકકલ્યાણના કાર્યોમાં વાપરવું જોઈએ. મૃતકશ્રાદ્ધની પરંપરા ઉપર આપણે આવા દૃષ્ટિકોણથી વિચાર કરવો જોઈએ.

## (૨૪) ભૂતપલિત અને કાલ્પનિક દેવીદેવતાઓની જંજાળ

આધ્યાત્મિક પ્રગતિ માટે શ્રદ્ધા અને વિશ્વાસની બહુ જ ઉપયોગિતા છે. આ સદ્ગુણોના આધારે આત્મોત્કર્ષનો માર્ગ હાથ લાગે છે, પણ આ શ્રદ્ધા-વિશ્વાસ, વિવેક, તર્ક અને વાસ્તવિક્તા ઉપર નિર્ધારિત હોવાં જોઈએ. અજ્ઞાન, ભ્રમ અને મિથ્યાત્વ ઉપર આધારિત શ્રદ્ધાને અંધવિશ્વાસ અને મૂર્ખતા માનવામાં આવે છે. તેનાથી ખોટી દિશામાં જતા રહેવાનો અને ભયાનક પરિણામ ભોગવવાનો ક્રમ બની જાય છે. આ જાળજંજાળમાં ફસાયેલો ભોળો મનુષ્ય દરેક પ્રકારે નુકસાન ભોગવે છે અને ખોટમાં રહે છે. આપણે વિવેક અને તથ્ય ઉપર આધારિત શ્રદ્ધા-વિશ્વાસ અપનાવવાં જોઈએ, પરંતુ અંધવિશ્વાસ અને મૂર્ખતાથી બચવું જોઈએ.

ભારતીય જનતાનો એક બહુ મોટો ભાગ અશિક્ષણ, ભોળપણ અને ધુતારાઓના બહેકાવમાં આવીને અંધ વિશ્વાસની ભ્રમ-જંજાળમાં ખરાબ રીતે જકડાઈ ગયો છે અને જેનું કોઈ ઘડમાથું નથી એવી મિથ્યા માન્યતાઓને અપનાવીને ભારે વિપત્તિઓ અને નુકસાનને આમંત્રિત કરે છે. આવશ્યક્તા એ વાતની છે કે વિવેક, તર્ક, તથ્ય અને વાસ્તવિક્તાને શોધવાની સ્વતંત્ર ચેતના દરેક મનુષ્યમાં પેદા થાય અને જે નિરાધાર માન્યતા અપનાવી લીધી હોય તેને છોડવાનું સાહસ ઉત્પન્ન કરવામાં આવે.

આપણા દેશની પછાત જનતામાં ભૂતપલીત અને દેવી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દેવતાઓની ભીરુ માન્યતાઓ ખરાબ રીતે મૂળિયાં નાંખીને પડી છે. મૃત્યુ પછી ભારતીય માન્યતા અનુસાર પ્રાણી સ્વર્ગ કે નરકમાં જાય છે કે નવો જન્મ લે છે. કોઈ દુષ્ટ કે અશાંત આત્મા જ ક્યારેક પ્રેત બને છે અને તે પણ એકાંતમાં કર્મફળ ભોગવીને નવી ગતિ મેળવે છે. મનુષ્યોને ડરાવનાર કુકૃત્ય કરવાની પ્રેતોની પ્રવૃત્તિ પણ હોતી નથી. વધુમાં વધુ તેઓ ક્યારેક પોતાના અસ્તિત્વનો પરિચય આપી શકે છે. જ્યાં કોઈ જગાએ પણ પ્રેત-પિતૃઓનું ધર્મશાસ્ત્રોમાં જે વર્ણન છે, તે આટલું જ છે. આજે ભૂતોનું એક બીજું સ્વરૂપ પણ છે બીમારી અર્થાત્ ભૂત. કોઈ જરા પણ બીમાર પડ્યું કે ભૂતોનું કુચક્ર સમજી લેવામાં આવે છે. ભૂવા, ઓઝા જાતજાતની કિંવદંતિઓ ઘડીને ભોળા મનુષ્યોમાં અંધવિશ્વાસ, ભય અને ભ્રમ પેદા કરીને પોતાનું ધાર્યું કરે છે. સમાજની વિષમ પરિસ્થિતિએ આપણા દેશમાં માનસિક રોગોને જન્મ આપ્યો છે. આ માનસિક રોગીઓના મગજમાં ભૂતની કલ્પના ભરી દેવાથી તેમનું મન તે જ દિશામાં વિચારે છે અને તેઓ એવા પ્રકારનું કથન અને આચરણ કરે છે, જાણે ખરેખર આ ભૂતોનું આધિપત્ય હોય જ. લાખો વ્યક્તિ ભ્રમ-જંજાળમાં જકડાઈને ચિકિત્સાથી વંચિત રહે છે અને તે ભ્રમના કાદવમાં દિવસેદિવસે અધિક ઊંડા ઊતરીને, પોતાનું સ્વાસ્થ્ય, સમય, ધન, જનનું નુકસાન ભોગવે છે. મૂલ્યવાન પ્રાણ ગુમાવે છે. ભૂતોની ભ્રમજંજાળ કોઈ પ્લેગ રોગથી ઓછી હાનિ નથી કરતી. આને એક પૂરી મનોવૈજ્ઞાનિક આપત્તિ જ માનવી જોઈએ. અશિક્ષિત જ નહીં, શિક્ષિત જનતાનો પણ એક મોટો ભાગ આ અંધશ્રદ્ધાથી ખરાબ રીતે પીડીત છે.

વિચારવા જેવી વાત છે, કે જો ભૂતોનું એવું જ અસ્તિત્વ અને વર્ચસ્વ રહ્યું હોત, તો તે માત્ર મૂર્ખ બુદ્ધિવાળા ભારતીયો સુધી જ સીમિત ન રહેત. તાવ, ઊધરસની જેમ જગતના દરેક દેશમાં પોતાનો પ્રભાવ દેખાડત. શિક્ષિત અને સભ્ય જનતામાં પણ તેમનું અસ્તિત્વ જોવા મળત, પણ તેઓ માત્ર પછાત લોકો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સુધી જ સીમિત છે. બૌદ્ધિક દૃષ્ટિએ સમુન્નત લોકોમાં ભૂતપલીતની ચર્ચા પણ સાંભળવા મળતી નથી. તેથી પ્રકટ થાય છે, કે આ એક ભ્રમજંજાળ માત્ર છે, જે આસ્થાનું રૂપ ધારણ કરીને હજારો - લાખો લોકોના ગળામાં ફાંસીના ફંદાની જેમ ચોંટેલી છે અને તેઓને ખરાબ રીતે પીડા તથા ત્રાસ આપી રહી છે. વાસ્તવિક્તાને ઓળખવાનો બારીકાઈથી પ્રયત્ન કરવો જોઈએ. ''શંકા ડાકણ - મનસા ભૂત''ની ઉક્તિ સાચી લાગે છે. આશંકાઓ જ ડાકણ ચૂડેલ બને છે અને મનનો સંદેહ, ડર અને ભ્રમ જ ભૂત બની જાય છે. જો વિવેક, સ્વતંત્ર ચિંતન અને તથ્ય શોધવાની પ્રવૃત્તિ આપણામાં જાગી જાય, તો રશિયા, ઈંગ્લેન્ડ, જર્મની વગેરે જ્ઞાની દેશોની જેમ, આપણે ત્યાં પણ ભૂતપલીતોની ચર્ચા સાંભળવા ન મળે અને ભારતીય જનતાની એક ભારે વિપત્તિ ટળી જાય.

ઈશ્વર એક જ છે. તેમની વિભિન્ન કાર્યપ્રણાલી, કાર્યશક્તિઓને આલંકારિક રૂપમાં દેવતા માનીએ છીએ. ભારતીય ધર્મ એક ઈશ્વરવાદી છે. દેવતાઓની જ્યાં પણ ચર્ચા છે ત્યાં એક ઈશ્વરની વિશેષતાઓ અને શક્તિઓનો સચિત્ર ઉલ્લેખ મળે છે. ઘણા સ્વભાવના અને પ્રકૃતિના ઘણા દેવતા જો હોય, તો તેઓના પારસ્પરિક ઝઘડાથી જ ભારે અશાંતિ અને મૂંઝવણ પેદા થઈ જાય. ત્યારે તે દેવતા મનુષ્યો માટે એક વિપત્તિ બનીને ઊભા હોત. સારું છે કે એવી કોઈ વાત નથી. ઈશ્વર એક છે. તેના શત્રુ, ભાગીદાર તથા સહાયક કોઈ નથી. આવશ્યક્તા અનુસાર તેનાં નામ, રૂપ વગેરે આપણે ઘડી કાઢીએ છીએ અને આપણી શ્રદ્ધા, પૂજાની રુચિભિન્નતા મુજબ સમાધાન કરી લઈએ છીએ.

ઉપરોક્ત તથ્યથી પ્રતિકૂળ ભારતના પછાત વર્ગમાં અસંખ્ય દેવી-દેવતાઓની કલ્પના છે. તેમની સંખ્યા વધતાંવધતાં લાખો કરોડો સુધી પહોંચી ગઈ છે. દરેક કુળ, પરિવાર તથા ગામના અલગ અલગ કુળદેવતા, કુળદેવી, ગ્રામદેવતા, ગ્રામદેવી વરસાદનાં દેડકાંની જેમ ફૂટી નીકળ્યાં છે. કેટલાંક દેવીદેવતાઓનાં નામ તો પૂજા-પુસ્તકોમાં પણ વાંચવામાં, સાંભળવામાં આવે છે, પણ આ પ્રચલિત



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દેવીદેવતાઓ સાથે તેમને કંઈ સંબંધ નથી. તે તો કીડીમંકોડા, કાલ્પનિક જંતુની જેમ એમ જ આડેધડ ફૂટી નીકળ્યાં છે તેઓ પોતાની પૂજા કરનારનું કંઈ હિત તો કરી શકતાં નથી. કેવળ ડરાવે અને ત્રાસ આપે છે. નાનીનાની વાતમાં અકારણ નારાજ થઈ જાય છે. બાળકનું મુંડન, જો તેના સ્થાનક ઉપર ન કરાવ્યું તો નારાજ થઈ ગયા. ઘરમાં કોઈ ઉત્સવ હોય અને તેની મરજી પ્રમાણે પૂજા ન થઈ હોય, તો નારાજ થઈ જાય. નારાજગી અર્થાત્ બીમારી અને મુશ્કેલી. લોકો ડરના માર્યા તેને પૂજે છે. જો વિશ્વાસ થઈ જાય કે આ કુળદેવતા, ગ્રામદેવતા નારાજ નથી થતા, કે નારાજ થઈને કંઈ કષ્ટ નથી પહોંચાડતા, તો મોટા ભાગના પૂજનારા તેને છોડી દે, કેમકે તેઓ કોઈને લાભ તો કંઈ આપી શકતા નથી. અધિકાંશ કેવળ નુકસાન જ પહોંચાડે છે. દેવતા શબ્દની કેવી દુર્ગતિ છે ? દેવતા તો આપનારને કહેવાય છે. જે વ્યક્તિ કે શક્તિ આપણને કંઈક આપવા માટે સમર્થ હોય, તેને માટે જ દેવ શબ્દ પ્રયુક્ત થાય છે, પણ અહીં તો પરિભાષા જ બીજી છે. જે દેવામાં અસમર્થ હોય, મીઠાઈ, પ્રસાદ, માંસ, મદિરા વગેરેને માટે લાલચ કરે અને તે બધું મળવાથી યોગ્ય કે અયોગ્ય મનોકામના પૂરી કરવા લાગે, ન મળવાથી શત્રુ જેવું આક્રમણ કરે, ભલા એવા તે કોઈ દેવતા હોઈ શકે ?

ભગવાનની ભક્તિ દેવ પૂજા એક શ્રેષ્ઠ આસ્થા છે. તેનાથી આત્મિક પ્રગતિ અને નૈતિક્તાના સમર્થનમાં સહાયતા મળે છે, પણ આજે પછાત લોકોમાં પ્રચલિત દેવીદેવતાઓનું સ્વરૂપ તે ધર્મ-આસ્થાથી બિલકુલ પ્રતિકૂળ છે. આ નથી આસ્તિક્તા કે નથી પૂજા. તેની પાછળ નથી શ્રદ્ધા કે નથી વિશ્વાસ. આ તો મૂઢતા, અજ્ઞાન અને અવિશ્વાસથી સંમિશ્રિત ભ્રમજંજાળ માત્ર છે. જેમાં આપણા લાખો-કરોડો લોકો ખરાબ રીતે ફસાઈ ગયા છે. જીવનમાં આમ તો વિપત્તિઓ ક્યાં ઓછી છે કે જે ભ્રમ અને અજ્ઞાનને આધારે ભૂતપલીતો અને કાલ્પનિક દેવી-દેવતાઓના રૂપમાં એક મનોવૈજ્ઞાનિક સંકટ પોતાને માટે ઘડીને ઊભું કરે અને તેમાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ફસાઈને ધન, સમય અને સ્વાસ્થ્યની બરબાદી અને અશાંતિનું સંકટ ઓઢે.

અંધવિશ્વાસની એક મોટી શૃંખલા જનમાનસને સંદેહ અને આશંકાઓની જાળમાં જકડી રાખે છે. જાદૂ ટુચકા, શુકન, જ્યોતિષ વગેરેની જંજાળમાં પડેલા કેટલાયે લોકો પોતાનું અને બીજાનું કેટલું ખરાબ કરી શકે છે, તેની એક લાંબી કરુણ કથા છે. સમય આવી ગયો છે કે લોકો સ્વતંત્ર ચિંતન કરે અને વિવેકથી કામ લે ત્યારે આ પ્રકારનાં ભૂતપલીત અને કાલ્પનિક દેવીદેવતા જે આપણા મગજ અને સમાજ ઉપર ખરાબ રીતે છવાયેલાં છે, સહેજમાં આપણને ચિંતામુક્ત કરીને ત્યાં જ અદૃશ્ય થઈ જશે, જ્યાંથી તેઓ ઉત્પન્ન થયાં હતાં.

## (૨૫) પશુબલિ-ભારતીય ધર્મ પર એક કલંક

દેવતા તેને કહે છે જે આપે. પ્રેમ, સેવા, સહાયતા, સૌજન્ય, કરુણા, સદ્દ્ભાવના અને સમતાનો જે નિરંતર પરિચય આપ્યા કરે છે, તે દેવતા છે. અંતરિક્ષમાં રહેતા પરમેશ્વરની એવી જ અદૃશ્ય શક્તિઓ, જે જગતનું હિત કરવા સતત પ્રવૃત્ત રહેતી હોય, તેમને દેવતા માનીને પૂજવામાં આવે છે. આવા ગુણોવાળા મનુષ્યો પણ ધરતીના દેવતા ભૂદેવ, મહામાનવ, નરનારાયણ કહેવાય છે. ચાહે દૃશ્ય હોય, ચાહે અદૃશ્ય, જે ઉચ્ચ આધ્યાત્મિક તત્ત્વોથી, સત્પ્રવૃત્તિઓ અને સદ્દ્ભાવનાઓથી પરિપૂર્ણ હોય, તે સત્તાને દેવ જ કહેવાય અને તેનું સદાયે પૂજન અભિનંદન થતું રહેશે. ભારતીય ધર્મમાં અનેક દેવતાઓનું અસ્તિત્વ માનવામાં આવ્યું છે. તે બીજું કંઈ જ નથી. એક જ પરમેશ્વરની વિવિધ શક્તિઓ અને એવાં કાર્યો છે, જે વિશ્વમંગલમાં નિરંતર જોડાયેલાં છે.

દેવપૂજનમાં સ્વાગત-સન્માનને યોગ્ય વસ્તુઓ અર્પણ કરવામાં આવે છે. ધૂપ, દીપ, નૈવેદ્ય, ચંદન, પુષ્પ, કંકુ, અક્ષત જેવી માંગલિક વસ્તુઓમાં એ જ સાત્ત્વિક્તા રહેલી છે, જેને દેવતાની પરમ સત્ત્વગુણી સત્તા પ્રસન્નતાપૂર્વક સ્વીકાર કરે છે. દેવપૂજામાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દિવ્ય વાતાવરણ અને સત્ત્વગુણી ભાવનાઓ અને વસ્તુઓનું અર્પણ અપેક્ષિત છે.

કેટલીક શતાબ્દીઓથી આપણા દેશમાં દરેક ક્ષેત્રમાં તથ્યથી હંમેશાં વિપરીત હોય તેવું કેટલુંય ઉદ્દંડ આચરણ પ્રચલિત થઈ ગયું છે, જેનો મૂળ તત્ત્વ સાથે કોઈ મેળ બેસતો નથી. દેવપૂજા માટે નિર્દોષ પશુપક્ષીઓની અમાનવીય હત્યા તેમની જ પ્રતિમાઓ સામે કરવામાં આવે તે કૃત્યની કોઈ દૃષ્ટિએ યોગ્યતા જણાતી નથી. આધ્યાત્મિક્તાનું તત્ત્વજ્ઞાન, દેવતાની પ્રકૃતિ અને સ્થિતિ, પૂજાની પવિત્રતા ઉપર જેટલો વિશેષ વિચાર કરીએ છીએ, એટલી જ બલિદાનની પ્રચલિત પ્રથા સર્વથા અયોગ્ય અને અનિચ્છનીય લાગે છે. નિર્દોષ પ્રાણીઓની હત્યાથી દેવતા પ્રસન્ન થશે અને આ કુકૃત્યને યોગ્ય માનીને તેના કર્તાને કલ્યાણકારી વરદાન આપશે, આ વાત જો વસ્તુતઃ સાચી હોય, તો આપણે દેવત્વની સ્થિતિ ઉપર જ પુનર્વિચાર કરવો પડશે. ત્યારે દયા, કરુણા અને આપવાની પ્રકૃતિને તેના સ્વભાવનું અંગ માનીને એ કહેવું પડશે કે, તેઓ નિષ્ઠુર, પિશાચ, દુષ્ટ, શોષણના પ્રતીક છે અને મૂલ્ય પ્રાપ્ત કર્યા પછી જ પોતાની કૃપા વેચે છે. આ મૂલ્ય સજ્જનતાપૂર્ણ નથી. તેઓને આપણી અંતઃચેતનામાં આમંત્રિત કરીને આપણે કોઈ ભારે ભૂલ તો કરી રહ્યા નથી ને ? દેવત્વની દિશામાં ચાલવાને બદલે આપણે અસુરત્વને તો આમંત્રિત કરી રહ્યા નથી ને ?

મધ્યકાલીન અંધકારયુગમાં આ દેશમાં અનેક પ્રકારની મૂઢમાન્યતાઓનો ઉદ્ભવ થયો છે. તેણે ધર્મને પણ બાકી રાખ્યો નથી. દયાની દેવી, કરુણાની સરિતા, મમતામયી માતા, ભગવતી મહાશક્તિ મનુષ્યોને કરુણા, સહૃદયતા, સજ્જનતા અને ઉદારતાની જ પ્રેરણા આપે છે. તેને આવા બિભત્સ સ્વરૂપે રજૂ કરવી કે તેને અમાનવીય નિર્દયતા પસંદ છે, તે વાતમાત્ર ભગવતી અંબાને જ નહીં, પણ સમસ્ત દેવસત્તાને જ કલંકિત કરવા જેવી છે. દેવતા જો માંસલોલુપ હોય, હત્યા જોઈને પ્રસન્ન થતા હોય, કરુણાનો પરિત્યાગ કરીને અમાનવીય આચરણ કરવાની પ્રેરણા આપતા હોય



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તો તેમાં અને અસુરમાં શું અંતર રહ્યું ? જો એવું જ સત્ય હોય, તો પછી દેવ અને દાનવને ઓળખવાનું અશક્ય જ થઈ જાય.

મધ્યકાલીન મૂઢતા અને બૌદ્ધિક વિકૃતિઓની જ આ એક ઝાંખી છે, કે આપણે દેવતાઓની સામે મૂંગાં અને નિર્દોષ પશુઓનો હૃદયદ્રાવક દર્દ અને ચિત્કારભર્યો વધ કરવાને યોગ્ય માનવા લાગ્યા. વધુમાં કેટલાક તો તેમ કરવા માટે ઉત્સાહપૂર્વક આગળ આવે છે. કેટલાયે પ્રાંતોમાં, કેટલાયે મઠોમાં દેવ, ભવાની અથવા ભૈરવની પ્રતિમા સામે વારંવાર આ મૂંગાં પ્રાણીઓની લોહીની ધારા વહેતી રહે છે. તેને બલિદાન કહેવાય છે. આ બલિદાન શબ્દ, ત્યાગ, ઉદારતા અને તપશ્ચર્યાના અર્થમાં પ્રયોજાય છે. બલિદાન પોતાનું કરવામાં આવે છે. શાસ્ત્રોએ આલંકારિક રૂપે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર જેવા દુર્ગુણોને પશુ કહ્યા છે અને તેનો વધ કરવાની, ત્યજવાની પુણ્ય પ્રક્રિયાને, બલિદાન રૂપે દર્શાવી છે. આ કેવું બલિદાન, જેના કર્તા પોતાની સ્વાર્થસિદ્ધિને માટે, મનોકામના પૂર્ણ કરવા માટે, દેવતાને લાંચ આપીને પોતાની ક્રૂરતાને સંતોષવા લાગ્યા અને દેવતા લાંચ લઈને મનોકામનાઓ પૂર્ણ કરવાની શરૂ કરે, તો આપણા મનુષ્યો માટે અંધકાર જ અંધકાર છે. આપણને દયા, કરુણા, સેવા, ઉદારતાની પ્રેરણા કોણ આપશે ? જો દેવતાઓમાંથી દેવત્વ ચાલ્યું જાય તો આપણા મનુષ્યોમાં દેવત્વનો સંચાર કેવી રીતે થશે ? જો દેવતાઓ જ આસુરી પ્રકૃતિ અને પ્રવૃત્તિ અપનાવે, તો આપણા મનુષ્યો માટે રાક્ષસવૃત્તિ જ સ્વાભાવિક બની જશે. ત્યારે ધર્મનું સ્વરૂપ અનર્થથી વિશેષ શું રહી જશે? પછી દેવત્વની વ્યાખ્યા દયાળુતાના અર્થમાં કોણ કરશે ?

એમ બની શકે, કે કોઈ માંસાહારીને અભક્ષ્ય ભોજન દેવતાનો પ્રસાદ સમજીને ખાવાનું સૂઝ્યું હોય અને તેમણે વધની ક્રિયાને દેવબલિદાન કહીને જીભની વાસનામાં દેવની પ્રસન્નતાની કલ્પના તરતી મૂકી હોય. એવું હોઈ શકે, કે પ્રાચીનકાળના તલવાર યુદ્ધમાં સૈનિકોના હાથ સાફ કરવાનો અભ્યાસ ભેંસ, બકરીની ગરદન



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઉપર કરવામાં આવતો હોય અને એમ વિચાર્યું હોય કે આ કૃત્ય કરતી વખતે કોઈ અભ્યાસીના મનની કરુણા તેને વિચલતિ ન કરી દે, તે માટે તેને દેવબલિદાનનું રૂપ આપી દેવું. એવું પણ બની શકે, કે કોઈ પૂજારીએ અને તેની મંડળીએ માંસાહારની લોલુપતા તૃપ્ત કરવા માટે ભોળા ભક્તોને પશુબલિની સૂઝ આપી હોય. એવું પણ બની શકે, કે કોઈ મઠાધીશે માંસ, ચામડું અને હાડકાંનો અનાયાસ જ મોટો લાભ મેળવવાનો રસ્તો શોધી કાઢ્યો હોય. એવું પણ બની શકે, કે કોઈ દેવતાની પ્રકૃતિમાં દુષ્ટતા સિદ્ધ કરીને, પોતાની દુષ્ટતાની સ્વાભાવિક્તા અને આવશ્યક્તા પ્રતિપાદિત કરી હોય. આ પશુબલિના રિવાજ પાછળ કયું કારણ હશે તે કહી શકાતું નથી. કારણ જે પણ હોય, પરંતુ આ એક તથ્ય છે કે સત્ય અને અહિંસા, દયા અને કરુણાનો આધાર લઈને ઊભેલો ભારતીય ધર્મ દેવતાઓ સામે પશુબલિ જેવી અમાનવીય પ્રક્રિયાનું સમર્થન ન કરી શકે.

એવું પણ બની શકે, કે કોઈ પુસ્તકોમાં સંસ્કૃતના કેટલાક શ્લોક આ સમર્થનમાં જોડી દીધા હોય. તેને અનિચ્છનીય તત્ત્વો દ્વારા કરવામાં આવેલી ઘૂસણખોરી કે ભેળસેળ કહી શકાય. એવા બેપાંચ શ્લોક રજૂ કરીને ભારતીય ધર્મના આત્માને ખોટો નહીં ઠરાવી શકાય. દેવી સ્વપ્નું આપીને કે કોઈ અન્ય પ્રકારે એવો સંકેત કરે છે, કે મને હત્યા કે માંસ દ્વારા પ્રસન્ન કરવામાં આવે; આ કલ્પના આદિથી અંત સુધી પાયા વિનાની છે. જે દિવસે દેવીનું હૃદય એટલું કઠોર થઈ જશે, તે દિવસે તેને દેવી કહેવડાવવાનો અધિકાર નહીં રહે. વરદાન, અનુદાન કે આશીર્વાદ, જે દિવસે માંસમદિરાના મૂલ્ય પર ખરીદવામાં આવશે, તે દિવસે વરદાન આપી શકનાર અધ્યાત્મશક્તિનો જગતમાંથી નાશ થઈ જશે. આ માન્યતામાં રતીભાર પણ સચ્ચાઈ નથી, કે દેવતા પશુબલિ ચાહે છે, કે આ કુકૃત્ય દ્વારા તેને પ્રસન્ન કે સંતુષ્ટ કરી શકાય છે. જો કર્મફળનો સિદ્ધાંત સત્ય હોય અને જો હત્યાની ગણના પાપકર્મોમાં થતી હોય તો નિશ્ચિત રૂપથી આ અમાનવીય પ્રવૃત્તિ સાથે સંબંધ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રાખનાર અને સમર્થન કરનાર, પોતાના આત્મા અને પરમાત્માની સામે પાપીના રૂપમાં જ રજૂ થશે અને પોતાના કુકૃત્ય બદલ દંડ ભોગવશે.

સમય આવી ગયો છે કે આપણે અંધકારયુગની વિકૃતિઓનું શોધન કરીએ અને જે અનિચ્છનીય અને અનુચિત છે, તેને તિરસ્કૃત-બહિષ્કૃત કરવા માટે સાહસપૂર્વક આગળ આવીએ. પશુબલિ ભારતીય ધર્મ ઉપર કલંક છે. આ કાળમુખી પ્રણાલી હોય ત્યાં સુધી આપણે સત્ય અને અહિંસાનું પ્રતિપાદન કેવી રીતે કરી શકીએ ? તો તો આપણે ભારતીય ધર્મને અસત્ય અને હિંસાનું જ પ્રતીક કહેવું પડશે. દેવતાઓને દયાળુતાના પ્રતીક જ રહેવા દઈએ. જેને માંસાહાર કરવો હોય તે વ્યક્તિગત રૂપથી ભલે કરે. બિચારા દેવતાઓને તેમાં સંમિલિત ન કરવામાં આવે. મંદિરોની પવિત્રતા અખંડિત રહેવી જોઈએ. પૂજાપ્રક્રિયામાં સાત્ત્વિક્તા જોડાયેલી રહેવી જોઈએ. ધર્મકૃત્યોનું વાતાવરણ સદ્ભાવનાપૂર્ણ રહેવું જોઈએ. તે માટે એ અત્યંત આવશ્યક છે, કે પશુબલિ જેવી અમાનવીય પ્રક્રિયાને કોઈ ધર્મસ્થાન કે ધાર્મિક આયોજનમાં જરા પણ સ્થાન કે સમર્થન ન મળે.

## (૨૬) પ્રાણીઓ પ્રત્યે અમાનવીય અને નિષ્ઠુર ન બનીએ

ભગવાનનો એક માત્ર પુત્ર મનુષ્ય જ નથી, બીજાં જીવજંતુ પણ તેનાં જ સંતાનો છે. મનુષ્ય જ્યેષ્ઠ પુત્ર છે. તેથી તેની જવાબદારી પણ વિશેષ છે. વિવેક, કરુણા, સ્નેહ તથા સૌજન્યની જે ભાવનાત્મક સહાય મનુષ્યને મળી છે, તે બીજા કોઈને મળી નથી. અન્ય જીવો અવિકસિત હોવાને કારણે, પરસ્પર દુર્વ્યવહાર પણ કરી શકે છે, પણ મનુષ્ય માટે એવી છૂટ નથી. આ જ તો પશુ અને મનુષ્ય વચ્ચે અંતર છે. અન્ય જીવ પોતાના સ્વાર્થને મુખ્ય ગણે છે. બીજાની હાનિની તેઓ દરકાર નથી કરતા, પણ મનુષ્યે તો બીજાનાસુખે સુખી અને બીજાના દુઃખે દુઃખી થવાનું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હોય છે. બીજાના દુઃખને પણ પોતાનું માનીને ચાલવાનું હોય છે. ધર્મ, અધ્યાત્મ અને દર્શનનું આ જ તો પ્રયોજન છે, કે વ્યક્તિ ઉદાર, સહૃદય, દયાળુ બને. સર્વમાં પોતાનો આત્મા સમાયેલો જુએ અને પોતાનું જ નહીં, બીજાનું કષ્ટ દૂર કરવા અને સુખમાં વૃદ્ધિ કરવા માટે પ્રયત્નશીલ બને. જે આ કર્તવ્યધર્મની ઉપેક્ષા કરે છે, તેને માનવતાથી વિમુખ, અધઃપતિત મનોભૂમિના નરપશુ જ કહેવા જોઈએ.

પાળેલાં પશુઓ પાસેથી શ્રમ લેતી વખતે એ ધ્યાનમાં રાખવું જોઈએ, કે તે કામ તેની શક્તિ અને સામર્થ્ય બહારનું તો નથી ને ? મનુષ્યને એક નિર્ધારિત માત્રામાં, નિર્ધારિત સમય સુધી, નિર્ધારિત બોજવાળું જ કામ કરવું પડે છે. એ જ પ્રમાણે પશુઓ વિષે પણ ધ્યાન રાખવું જોઈએ. વજન ખેંચનારાં, સવારીમાં કામ આવતાં, તથા ખેતીનાં કાર્યોમાં ઉપયોગી જાનવરો પાસેથી ગજા બહારનું કામ લેવામાં આવે છે. મારી-ઝૂડીને બળપૂર્વક કામ લેવાથી બિચારાં કંઈ કહી શકતાં તો નથી, પણ ધીરે ધીરે અકાળ મૃત્યુના મુખમાં ધકેલાઈ જાય છે. ઘોડાગાડી, એક્કાવાળા, એટલી સવારી બેસાડી દે છે કે તેને ખેંચવી બિચારા ઘોડા માટે ભારે કષ્ટકારક થઈ જાય છે. ચાલી ન શકે તો નિર્દયતાપૂર્વક માર પડે છે. ગધેડાં ઈંટ, ચૂનો તથા બીજી વસ્તુઓ વહી જાય છે. વજનની અધિક્તા અને સતત કામ કરવાથી તેની પીઠમાં ઘા પડી જાય છે અને પાછલા બન્ને પગ પરસ્પર ટકરાઈને લોહીલુહાણ થઈ જાય છે. વજનની ભારે ગાડીઓ ખેંચનારા બળદ અને પાડાની ડોક ઉપર ઘા પડી જાય છે. આમ છતાં આ ઘાયલોને જોતરી દેવામાં આવે છે અને ઇચ્છાનુસાર ઝડપથી ન ચાલી શકે ત્યારે ખરાબ રીતે મારવામાં આવે છે.

પશુઓ પ્રત્યે વર્તવામાં આવતી આ નિર્દયતા માનવતાથી તદ્દન વિપરીત છે. આવો ક્રૂર વ્યવહાર સર્વથા નિંદનીય છે. વિચારવું જોઈએ કે જો આપણે આ પશુઓની જગ્યાએ હોત, તો પોતાના ઉપર કેવું વીતત ? એ અશક્ય નથી કે ક્યારેક આપણે પણ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પશુ યોનિમાં જવું પડે અને એવી જ ક્રૂર નિર્દયતાનો શિકાર બનવું પડે. ઉચિત તો એ જ છે કે જનમાનસમાં સહૃદયતા જગાડવામાં આવે, જેનાથી આ સ્તરની અમાનવીયતા ઉપર અંકુશ લાગી શકે. જો કે કાનૂનમાં નિર્દયતા નિવારવા એક કાયદો છે, અને એવી ક્રૂરતા આચરનારને ઘાયલ પશુઓને જોતરનાર અને અધિક સવારી બેસાડનાર, તથા બોજો લાદવાવાળાને અદાલતના પિંજરામાં ઊભા કરીને તેમને સજા કરી શકાય છે, પણ આ કાનૂન માત્ર પુસ્તકોમાં પડી રહ્યો જ છે. આ કાયદાનું પાલન કરાવવાની જવાબદારી પોલીસની છે, પણ તે કેટલું કરી શકે છે, તે બધા જાણે છે.

સહૃદયી લોકોએ આ કાર્ય હાથમાં લેવું જોઈએ અને જેનો પણ પાળેલાં જાનવરો સાથે સંબંધ છે, તેમણે મનુષ્યોના આદર્શ અને કર્તવ્ય પ્રત્યે, દયા અને કરુણા અપનાવવા માટે ચેતના જાગૃત કરવી જોઈએ. પશુપાલકો માટે યોગ્ય એ છે, કે તે પશુઓ પાસેથી એટલો જ શ્રમ લે, જેટલો તેમની સાધારણ શક્તિની અંતર્ગત આવી શકે. નિર્દયતાપૂર્વક મારઝૂડ ન કરે, ઘાયલ હોય તો જોતરે નહીં. એટલો ભાર ન લાદે જેનાથી તેમણે ઘાયલ થવું પડે. જો ઘા થઈ ગયો હોય તો પૂરી રીતે સારો થઈ જાય ત્યાં સુધી તેને વિશ્રામ આપે. કેટલાક લોકો અશક્ત અને ઘાયલ પશુઓને મારીને ઘરમાંથી હાંકી કાઢે છે અને કાગડા-કૂતરાંને ખાવા માટે છોડી મૂકે છે. આ ખરાબ વાત છે. અશક્તિ કે વૃદ્ધાવસ્થાની સ્થિતિમાં પેન્શનની જેમ તેમને થોડા દિવસ કામ કર્યા વિના પણ ભોજન આપવું જોઈએ. અશક્ત અને વૃદ્ધ ગાયબળદોને કસાઈના હાથમાં વેચી દેવાં તે એક ખરાબ પ્રકારની કૃતઘ્નતા છે.

પક્ષીઓને પિંજરામાં બંધ કરીને પાળવાં તે એક રીતે તેમને આજીવન કેદમાં નાંખવા બરાબર છે. ઘરની શોભા વધારવા માટે તેમને સ્વતંત્ર જીવન વ્યતીત કરવામાંથી વંચિત કરવાં તે એક નિર્દયતા જ છે. જે પક્ષીઓને પિંજરાની બહાર રાખીને મોર, કબૂતરની જેમ પાળી શકાય છે તેમની વાત તો સમજમાં આવે છે, પણ પિંજરું તો સાક્ષાત નરક છે. પોપટ, તેતર સુંદર લાગે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે, તો તેનો મતલબ એ નથી, કે તેમની સુંદરતાને બંદી બનાવી દેવામાં આવે, તેમને સતાવવામાં આવે. આપણા દ્વારા આપવામાં આવતા કહેવાતા ઉત્તમ ભોજન અને ઉત્તમ આવાસથી વિશેષ, પક્ષીને પોતાનું સ્વચ્છંદ વિચરણ પસંદ હોય છે. તેને પણ મનુષ્યની જેમ સ્વતંત્રતા પ્રિય છે, તો પક્ષીઓને પિંજરામાં શા માટે પરતંત્ર બનાવવાં ?

રેશમી કપડાં પહેરનાર તે નથી જાણતા કે આ દોરો કેવી નિર્દયતાથી પ્રાપ્ત કરવામાં આવે છે. રેશમનો કીડો જીવંત હોય ત્યાં જ ગરમ પાણીમાં ઉકાળવામાં આવે છે અને અસહ્ય વેદના સાથે તેનો પ્રાણ લેવામાં આવે છે ત્યારે તેના શરીર ઉપરથી કોશેટો છૂટો પડે છે, જેના તારમાંથી રેશમ બને છે. અસંખ્ય જંતુઓના પ્રાણ લઈને, રક્તરંજિત રેશમ પહેરીને ગર્વ કરવો તે પ્રસન્નતાની નહીં, લજ્જાની વાત છે. જાડું અને બરછટ જાતનું એક રેશમ એવું પણ હોય છે, જેને કીડા છોડી જાય છે અને તેમાં હત્યાની જરૂર જ નથી પડતી. તેનો ઉપયોગ થઈ શકે છે, પણ ઝીણા દોરાવાળું અને અધિક ચમકવાળું રેશમ તો એક ખરાબ કતલખાનામાંથી પ્રાપ્ત કરવામાં આવે છે. એવી વસ્તુઓ ધારણ કરવી આંખોને માટે શોભાયમાન ભલે લાગે, પરંતુ સહૃદય અંતઃકરણને તે ચોટ આપશે. સારું તો એ છે કે, એવી ફેશન અને ચમક-દમકથી આપણે દૂર રહીએ, જેને માટે અસંખ્ય જીવોને તરફડીને પોતાનો પ્રાણ આપવો પડે છે. એવી જ બીજી ઘણી વસ્તુઓ છે, જે પ્રાણીવધના હત્યારા પ્રયત્નોથી જ પ્રાપ્ત કરી શકાય છે. જીવંત મૃગને મારીને કસ્તુરી કાઢવામાં આવે છે. ચામર ઢોળવાની શોભા ત્યારે બની શકે છે, જ્યારે ચામર ગાયની હત્યા કરીને તેની પૂંછડી કાપી નાંખવામાં આવે છે. જીવંત છીપલાં-શંખલાંને પકડી તેમને તેજાબના પાણીમાં નાંખવામાં આવે, તડપાવીને મારવામાં આવે, ત્યારે તેમનું પેટ ફાડીને મોતી કાઢવામાં આવે છે. બાળકોના કોટ, મોજાં, ટોપી, આસન વગેરેને માટે અનેક વાળવાળી સુંદર લોંકડીને બંદૂકનું નિશાન બનાવવામાં આવે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હરણ હવે પોતાના સ્વમોતથી મરતાં જોવા મળતાં નથી. શિકારી જ તેને મારી નાંખે છે. મૃગચર્મ બિછાવીને ભજન કરવું તે જમાનામાં યોગ્ય હશે, જ્યારે હરણ સ્વાભાવિક રૂપથી પોતાના મોતે મરતું હશે. આજે તો મૃગચર્મવાળા સંતોની જરૂરત પૂરી કરવા માટે બિચારાં હરણાં તડપતાં, ચીસો પાડતાં પ્રાણ ગુમાવે છે અને પેલા ભજન કરનારને શાપ આપે છે, જેણે તેના પ્રાણ લેવાની આવશ્યક્તા વ્યક્ત કરી અને ભૂમિકા બનાવી. આજકાલ ચામડું લગભગ કાપેલાં પશુઓનું આવે છે. સ્વાભાવિક મોતથી તો કોઈ ભાગ્યવાન પશુ જ મરે છે. પશુવધમાં માંસથી જેટલો લાભ છે, તેથી વધુ ચામડાથી લાભ છે. ચામડાનો વિશેષ ઉપયોગ થવાથી પશુવધનું પ્રમાણ વધ્યું છે. જો આપણે ચામડાનો ઉપયોગ છોડી દઈએ અને તેની જરૂર રબ્બર, કેનવાસ વગેરેથી પૂરી કરી લઈએ, તો દરેક વર્ષે કરોડો નિર્દોષ પશુઓની હત્યા રોકી શકાય છે. સારું તો એ છે કે આપણી અંદર કરુણા મિશ્રિત માનવતા જગાડીએ અને આપણે થોડી એવી ફેશનને માટે અસંખ્ય પ્રાણીઓને અકારણ હત્યાથી બચાવીએ.

દવાઓ માટે, પૌષ્ટિક આહાર માટે વિજ્ઞાનને નામે પ્રતિદિન કરોડો પ્રાણી કાપવા, બાફવા, શેકવા તથા ચીરવામાં આવે છે. આ દવાઓ તત્કાલ ભલે થોડો લાભ દેખાડી શકે, પણ અંતે તો આ નિર્દોષ પ્રાણીઓનો ચિત્કાર એ સેવન કરનારાઓને પણ રોવડાવીને જ રહેશે. પરમાત્માના દરબારમાં દેર છે, અંધેર નથી. બીજાના પ્રાણ લઈને પોતાનું સુખ ચાહનારાઓને નિરાશ જ થવું પડશે. નિર્દોષ, અહિંસક દવાઓ પણ બજારમાં મળે છે. તેનો પ્રયોગ, આ ધૃણિત રક્તમિશ્રિત દવાઓથી અધિક લાભદાયક છે. તેમ છતાં કોણ જાણે કોની ચઢામણીથી લોકો મદ્ય-માંસ મિશ્રિત આ ધૃણિત દવાઓનું સેવન કરે છે ! સંભવ છે કે તેનાથી કોઈનું શરીર સુધરી જાય, પણ આત્માનું પતન તો નિશ્ચિતરૂપથી થશે જ. માંસાહાર શરીરને વધારવા માટે નહીં, પતન કરવા માટે જ નિમિત્ત બની શકે. ભલે તે દવાઓના રૂપમાં પ્રયોજાય. પ્રાણીઓ પ્રત્યે વર્તવામાં આવતી દરેક વ્યાપક નિર્દયતાનો અંત જેટલો જલદી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આવી શકે, તેટલું જ મનુષ્યનું ગૌરવ કલંકરહિત બની શકશે.

## (૨૭) વિવાહના આદર્શો ઊંચા રાખવામાં આવે

વિવાહ બે આત્માઓનું એક પવિત્ર બંધન અને વર-વધૂનું એકબીજા માટેનું દિવ્ય સમર્પણ છે. લગ્નને એક યજ્ઞ કહેવામાં આવે છે. તેનો આધાર અને વાતાવરણ યજ્ઞ જેવું હોવું જોઈએ, જેથી શુભારંભના અવસરે જેવું વાતાવરણ હતું તેવું જ આજીવન બની રહે. પરંતુ આજે તો બધું ઊલટું જ થઈ ગયું છે. યોગ્ય પ્રકારના જોડીદાર નહીં, પણ બે પરિવારોની સમૃદ્ધિના તોલમોલને આધારે સંબંધ પાક્કા કરવામાં આવે છે. અમીરીમાં દાંપત્યજીવનની સફળતા જોવામાં આવે છે. પૈસાના પૈસા સાથે વિવાહ કરવાના હોય, તો તેનું માધ્યમ પણ પૈસા જ હોઈ શકે. વરપક્ષ તરફથી દહેજ અને કન્યાપક્ષ તરફથી ઘરેણાંનું પ્રાચુર્ય જ આજના વડીલોમાં સંતુષ્ટિનું કારણ છે. છોકરા-છોકરીને રૂપની તરસ છે. તેમની પસંદગી રૂપરંગ ઉપર અવલંબિત થતી જાય છે. આ જ ધન અને રૂપનું આકર્ષણ આજે લગ્નને જોડનાર કડી છે. જ્યારે હોવું એમ જોઈએ, કે પરિવારોનું મિલન સદાચારના દૃષ્ટિકોણ અને આદર્શો ઉપર રાખવામાં આવે અને વરકન્યાના ગુણ, કર્મ સ્વભાવની અનુરૂપતા મેળવવી જોઈએ. લગ્ન ઉત્સવને સમયે જે ધનનું આદાનપ્રદાન થાય છે, તે લગભગ તે દિવસોમાં જ દેખાડો કરવાની હોળીમાં સળગીને ખાક થઈ જાય છે. રૂપ-યૌવનની બહાર કિશોર અવસ્થાના અંત અને યૌવનના આરંભમાં બેચાર વરસ રહે છે. ગૃહસ્થીનો ભાર પડતાં જ તે વસંત ઊડી જાય છે અને કામચલાઉ શરીર માત્ર રહી જાય છે. કામ તો સમગ્ર જીવન દરમિયાન વ્યક્તિત્વ, ચરિત્ર અને કૌશલ સાથે પડે છે. તે જોવાનું જરૂરી સમજવામાં આવતું નથી. તેથી આજનાં લગ્ન સામાન્ય રીતે અસફળ થાય છે.

સફળ લગ્ન માટે આવશ્યકતા એ વાતની છે કે પરિવારોની ધન સમૃદ્ધિનો આધાર બિલકુલ રહેવા દેવો નહીં. લગ્ન અતિ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સાદાઈપૂર્વક, ખર્ચ વિના કરવાં. છોકરાવાળા એ આશા ન કરે કે છોકરી દોલત લઈને આવશે અને છોકરીવાળાએ એવી આશા ન રાખવી કે મોટાઈનો ગર્વ ઘરેણાંથી ટકેલો છે. સંતાનોના યોગ્ય શારીરિક, માનસિક સ્થિતિનાં જોડાં ત્યારે જ મળી શકે, જ્યારે પૈસાનો વિનિમય વચ્ચેથી હટી જાય. એ જ રીતે ભારત જેવા દેશનાં હવાપાણી તથા વંશપરંપરા સામાન્ય રૂપરંગની છે. અહીં રંગરૂપમાં સિનેમા જેવાં અભિનેતા વરવધૂ જવલ્લે જ મળી શકે. તેથી સર્વ સાધારણ લોકોએ તો પોતાની બહેનદીકરી જેવા જ રૂપરંગની વહુઓથી સંતોષ માનવો પડશે. શામ રંગ કે કાળો રંગ ખરાબ નથી. ચામડીનો રંગ કે ચહેરાનો દેખાવ કોઈ શ્રેષ્ઠતાની નિશાની નથી. આવી પસંદગીની પાછળ, માત્ર ઘૃણિત કામુક્તાની આછકલાઈ જ ઝળકે છે. માનસિક શ્રેષ્ઠતા જ ગૃહસ્થની સુખશાંતિની આધારશીલા છે અને તે રૂપવાનોમાં જ સીમિત રહે, તે જરૂરી નથી. સાચું પૂછીએ તો તેનું બાહુલ્ય કુરૂપોમાં વધુ હોય છે. તેઓ રૂપરંગના અહંકાર અને આકર્ષણથી બચીને પોતાના ચરિત્ર અને મગજને ધાર્યા કરતાં વધુ વ્યવસ્થિત રાખી શકે છે અને સાથીદાર પ્રત્યે વધુ વફાદાર હોઈ શકે છે.

આપણે જો આપણાં સંતાનોને સુખી ગૃહસ્થ બનાવવાં હોય, તો તેમના બૌદ્ધિક વિકાસ, ચરિત્ર અને સ્વભાવને મહત્ત્વ આપવું જોઈએ. તેને માટે સૌથી મોટી બે અડચણો  ધન અને રૂપને મહત્ત્વ આપવાનું બંધ કરવું જોઈએ. ગરીબ ઘરોમાં સામાન્ય રીતે પરિશ્રમી, શિષ્ટ, સહિષ્ણુ અને સેવાભાવી સ્વભાવની કન્યાઓ મળી આવે છે. આવી કન્યાઓ તેઓને જ મળી શકે, જે ધનના લાલચુ ન હોય. એ જ રીતે જેને રૂપ મળ્યું નથી તે પોતાની વિશેષતાઓ ગુણોની વૃદ્ધિ કરવામાં ધ્યાન આપશે. તે એક સ્વાભાવિક અને મનોવૈજ્ઞાનિક તથ્ય છે, કે સુખી અને સંતુષ્ટ ગૃહસ્થી વસાવવી હોય, તો આજે બન્ને દષ્ટિકોણ બદલવા પડશે.

વિવાહોત્સવનું સ્વરૂપ ધર્માનુષ્ઠાન જેવું આતે સાદગી, પવિત્રતા અને સદ્દભાવનાભર્યું હોવું જોઈએ. અહંકારી, ઉદ્ધત, કૃતઘ્ન



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને લૂંટારા જેવું નહીં. કન્યાના પિતા પ્રસન્ન હોય છે કે તેની પુત્રીને સારો સાથીદાર અને સજ્જન પરિવાર મળ્યો. તેની કૃતજ્ઞતા અને નમ્રતા સ્વાભાવિક છે. વરપક્ષ વાળાએ તેનાથી પણ બમણા-ચારગણા વધુ કૃતજ્ઞ અને નમ્ર બનવું જોઈએ. મનુષ્યથી વધુ મૂલ્યવાન વસ્તુ જગતમાં બીજી કોઈ નથી. પોતાના આત્માના અંશને, ભાવભરી કન્યાને જે આપી રહ્યા છે તે રાજા બલિ કરતાં પણ વિશેષ છે. બલિને દરવાજે કંઈ લેવા માટે ભગવાન ગયા હતા. તો તેમણે બાવન આંગળનું નાનું સ્વરૂપ નમ્ર કલેવર બનાવીને જવું પડ્યું હતું. આ એક જ અહેસાન એટલું મોટું છે, જેને માટે વરપક્ષવાળી દરેક વ્યક્તિએ - વરરાજાએ, તેનાં માતાપિતાએ, કૃતજ્ઞતાના ભારથી નતમસ્તક થઈ જવું જોઈએ. તેમનાથી જેટલું પણ આતિથ્ય બને, તેનો ભરપૂર પ્રશંસાની સાથે સ્વીકાર કરવો જોઈએ અને જે આપી રહ્યા હોય, તેમાં ઘટાડો કરવા માટે વારંવાર અનુરોધભર્યો આગ્રહ કરવો જોઈએ. જાનૈયાની સંખ્યા અને લોકોના સ્વાગત માટે અથવા ઉપહાર-દહેજ આપવા માટે એવું દબાણ નહીં કરવું જોઈએ, જેના વડે તે પરિવારની આર્થિક સ્થિતિ ઉપર જરા પણ દબાવ આવે. જે કન્યા જેવો જગતનો સૌથી મૂલ્યવાન ઉપહાર આપી રહ્યા છે, તે પરિવારની આર્થિક સ્થિતિ ઉપર ચોટ પહોંચાડવી અથવા દબાણ કરવું એ શયતાની મગજની હૃદયહીનતા તથા કૃતઘ્નતા છે. આપણામાંથી કોઈએ એટલા નીચા સ્તરે નહીં ઊતરવું જોઈએ.

સામાન્ય રીતે વરપક્ષના લોકોની મનોભૂમિ લૂંટારા જેવી અને કન્યા પક્ષવાળાની પોલીસે પકડેલા દીનદુર્બળ અપરાધી જેવી હોય છે. એકનો અહંકાર આસમાનને સ્પર્શી રહ્યો છે અને બીજા પોતાનું સ્વાભિમાન નેવે મૂકીને, દીનતાપૂર્વક કરગરી રહ્યા છે. આવી સ્થિતિ ઉત્પન્ન કરવી એ હૃદયહીન અને ઉદ્ધત લોકોને જ શોભા આપે છે. જ્યાં સહૃદયતા, મનુષ્યતા અને કૃતજ્ઞતાના થોડાક અંશ હશે, ત્યાં પરિસ્થિતિ તદ્દન ઊલટી દેખાશે. ત્યારે સાસુએ જમાઈના પગ નહીં પકડવા પડે, પરંતુ જમાઈ પોતાની માતાથી પણ અધિક પૂજ્ય સાસુના ચરણસ્પર્શ કરશે ત્યારે તે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મોટરસાઈકલ દહેજમાં લેવા માટે હઠાગ્રહ નહીં કરે, પરંતુ આગ્રહપૂર્વક એમ જ કહેતો રહેશે કે અમોને કન્યા પ્રાપ્ત કર્યા પછી આપના આશીર્વાદ અને માર્ગદર્શનની જ માત્ર આવશ્યક્તા છે, જેના બળે અમે અમારા પુરુષાર્થ અને સદ્‌ગુણોથી સુંદર ગૃહસ્થાશ્રમ બનાવી શકીએ.

જાનૈયાની સંખ્યા વધુ હોય તેવી જાન લઈને કન્યાપક્ષના દરવાજે પહોંચવું વ્યર્થ છે. પોતાના મિત્રોને પ્રીતિભોજન કરાવવું હોય, તો લગ્ન પછી કન્યાને હાથે ભોજન પિરસાવીને પોતાને ઘેર મિજબાની કરવી જોઈએ. મોંઘા ભાવનાં વાજાં વગડાવવાં, ઠાઠમાઠથી જાન જોડવી અને આતશબાજી ફટાકડા ફોડવાની પ્રવૃત્તિનો ખોટો ખર્ચ આપણને મધ્યમ વર્ગને માટે શોભાસ્પદ નથી, જેને માટે એક એક પૈસાની ભારે કિંમત છે. કન્યાને ચડાવવાનાં એટલાં મોંઘાં વસ્ત્રો શું કામના, જેને પહેરીને તે વાનર જેવી અને બિલકુલ કૃત્રિમ લાગે ? ઘરમાં જે પહેરવામાં આવે છે, તેનાથી દોઢા-બમણા પૈસા આપીને વસ્ત્રો વરકન્યાને આપવામાં આવે છે, પણ નટની જેમ નાટકમાં વપરાતા પોષાકમાં પૈસા શા માટે લૂંટાવી દેવા ? બધા જાણે છે કે ઘરેણામાં મૂડી રોકાઈ જાય છે. અર્ધા પૈસા ઘડાઈ, મિલાવટ અને ટાંકા-બૂટ્ટામાં ચાલ્યા જાય છે, રોજ તૂટે છે, ઈર્ષ્યા પેદા કરે છે અને ચોરી, ઉઠાવગીરીનો ડર રહે છે. હવે વિચારશીલ લોકોમાં ઘરેણાં જંગલી યુગના અવશેષ કહેવાય છે. તે લટકાવવાં તેને અસભ્યતા અને અભદ્રતાની નિશાની માનવામાં આવે છે. સારું તો એ છે, કે વીંટી, મંગલસૂત્ર જેવાં પ્રતીકરૂપ આભૂષણોને બાદ કરતાં આ જંજાળમાં પૈસા ન લુંટાવવામાં આવે. દરેક પૈસાને ઉપયોગિતાની કસોટી ઉપર કસીને જ ખર્ચ કરવો જોઈએ. લગ્ન પણ આ શાશ્વત નિયમનો અપવાદ ન હોઈ શકે. એ નાનકડા ઉત્સવમાં પણ કરકસરનું ધ્યાન રાખવામાં આવે. હા, ભાવનાત્મક પવિત્રતા અને સ્નેહસૌજન્યથી ભરેલા બે પરિવારોના મિલનનો ઉત્સવ જરૂર મનાવવામાં આવે, જેમાં હર્ષોલ્લાસ, સંગીત, વાતચીત, પરસ્પર પરિચય, મનોરંજન,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અભિવાદન, આશીર્વાદ, મંડપ, યજ્ઞ સંસ્કાર વગેરેની સાંસ્કૃતિક મધુરિમા ટપકતી હોય તે ઇચ્છનીય છે.

કલામાં રુચિવાળી વ્યક્તિ એવી સૂઝબૂઝને અનુરૂપ શોભા, વ્યવસ્થા ઓછા ખર્ચે પણ કરી શકે છે. લગ્નનો ઉદ્દેશ્ય મહાન છે. તેથી તેનું સ્તર અને વાતાવરણ પણ મહાન હોવું જોઈએ. શ્રેષ્ઠતા અને આદર્શવાદિતાથી ભર્યુંભર્યું હોવું જોઈએ. એવા જ શુભ સંકલ્પથી આરંભ કરેલો આ યજ્ઞ બે પરિવારોમાં, વરવધૂમાં, ગૃહસ્થજીવનમાં,સંતાનોમાં સદ્ભાવના પ્રગટાવે છે. લગ્નોની રૂપરેખા આપણે આવા સ્તરની બનાવવી જોઈએ.

## (૨૮) બાળલગ્ન-એક અતિઘાતક કુરિવાજ

આપણા દેશમાં બાળલગ્નનો રિવાજ બહુ વધારે છે. પછાત વર્ગોમાં, ગામડામાં તો એટલો ભારે શોખ, ઉત્સાહ રહે છે, કે નાનાં બાળકોનાં લગ્ન કરતાં એક હર્ષોત્સવને જોવાનો અવસર જેટલો જલદી મળી જાય, એટલું જ સારું. કેટલાંક વર્ષો પહેલાં તો ગર્ભસ્થ બાળકોની જન્મ અગાઉ શાદી નક્કી થઈ જતી. દૂધ પીતાં બાળકોને ખોળામાં લઈને તેમનાં વડીલો લગ્ન કરી દેતાં. હવે થોડો સુધારો થયો છે. ગ્રામવિસ્તારમાં તો ૧૦ અને ૧૫ વર્ષની વચ્ચે એટલાં બધાં લગ્ન થાય છે જેને જોઈને એમ જ લાગે છે, કે આપણું પછાતપણું જેમનું તેમ બની રહ્યું છે. શારદા એક્ટ અને બીજા બાળલગ્ન વિરોધી કાનૂન તો છે, પણ તે રાજકીય આધારે કેસ ચલાવીને દંડનીય ન હોવાને કારણે પ્રભાવહીન થઈ ગયા છે. દર વર્ષે લાખો બાળલગ્ન આપણા દેશમાં થાય છે અને તેનાથી આ બાળકોને શારીરિક તથા માનસિક નુકસાન થઈ જાય છે. તેની સાથે જ સમસ્ત સમાજને દુષ્પરિણામ ભોગવવું પડે છે.

સમસ્ત શરીરની સાથે જ જનનેન્દ્રીયોની, કોમળ અવયવોની પરિપક્વતા બળવાન થાય છે. એ સમયે તેને છેડવામાં,સતાવવામાં આવે તો તેનું પરિણામ યૌનરોગો સ્વરૂપે સામે આવે છે. બાળલગ્ન જનનેન્દ્રીય સંબંધી અનેક રોગોને આમંત્રણ આપે છે. આપણા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દેશમાં યૌનરોગોની ચર્ચા એક લજ્જાનો વિષય માનવામાં આવે છે. તેથી અધિકાંશ વ્યક્તિ તે કષ્ટોથી પીડાતી હોવા છતાં છુપાવી રાખે છે. જ્યારે પીડા અસહ્ય થાય ત્યારે જાહેર કરે છે. સંશોધન કરવામાં આવે, તો બાળલગ્નના કારણે પ્રમેહ, સ્વપ્નદોષ, બહુમૂત્ર, પેશાબમાં જલન, નપુંસકતા, શીઘ્રપતન, વાંઝિયાપણું, પ્રદર, માસિક ધર્મની ગરબડ અને પીડા જેવા અસંખ્ય રોગોથી પીડાતાં લાખો નરનારીઓ મળી આવશે. આ રોગો શરીરને ખોખલું કરી દે છે અને તેમાં જાતજાતની નાની-મોટી બીમારીઓને પેદા કરી શકે છે.

જેમણે નાની ઉંમરમાં જ શરીરને નીચોવવાનું શરૂ કરી દીધું હોય એવાં દંપતી તંદુરસ્ત, સુંદર અને નીરોગી સંતાન ઉત્પન્ન નહીં કરી શકે. કાચાં બીજ જો વાવવામાં આવે, તો સારા પાકની આશા કોણ રાખી શકે ? બાળલગ્નના કુચક્રએ જેમને ચૂસેલા ગોટલાની જેમ નીચોવી નાખ્યાં છે, તેનાં સંતાનો કમજોર, બીમાર, અલ્પાયુ, મંદબુદ્ધિવાળા અને અર્ધપાગલ જેવાં જ થશે. તે બાળકો ગમે તેમ જીવી જાય, તો પણ તેમની પાસે કોઈ મહત્ત્વપૂર્ણ પ્રયોજન કે પુરુષાર્થની આશા રાખી ન શકાય. એવાં દુર્બળ કાયાવાળાં, માનસિક દૃષ્ટિએ પછાત સંતાનો ધરતી ઉપર ભાર વધારે છે. પેઢીઓ એક પછી એક દુર્બળ થતી જશે અને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય, તેમ જ બૌદ્ધિકતાનું સ્તર દિવસે દિવસે નીચું ઊતરતું જશે. બાળલગ્ન સાર્વજનિક સ્વાસ્થ્ય માટે પણ એક જોખમ છે. રાષ્ટ્રીય સમર્થતા માટે આ એક મોટું સંકટ છે. આપણે આપણો વંશ ખરાબ કરવાનું જોખમ ન ઉઠાવવું જોઈએ. પ્રચલિત બાળલગ્નની ઉપેક્ષા કરવી જોઈએ. રાષ્ટ્રીય સામર્થ્ય ઉપર આ એક મહાન મુશ્કેલી ગણાય. અપરિપક્વ શરીર દ્વારા અલ્પ આયુની છોકરીઓ જો પ્રજનન કરે, તો તેમનું પોતાનું જીવન પણ સંકટમાં પડે છે. હોસ્પિટલના રિપોર્ટ દર્શાવે છે, કે વીસ વર્ષથી નાની ઉંમરની જેટલી છોકરીઓ પ્રસવપીડામાં મરે છે, તેનાથી ચોથા ભાગની પુખ્ત ઉંમરની સ્ત્રીઓ પ્રસૂતિમાં પ્રાણ ગુમાવતી નથી. છોકરીઓના પ્રાણ જોખમમાં મૂકીને,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હર્ષોલ્લાસથી ઉત્સવ મનાવવાવાળા વડીલો કેવી રીતે સમજદાર કહેવાય અને તેઓ પોતાનાં સંતાનોને સાચો પ્રેમ કરે છે તેમ કેવી રીતે કહી શકાય ? બાળલગ્નનો શિકાર બનેલા છોકરા, પ્રસવપીડાને કારણે તો મરતા નથી, પણ તેમની દુર્દશા ઓછી ખરાબ નથી. બીમાર શરીર, બીમાર પત્ની બીમાર સંતાનને લઈને તેઓને રોતાં-કલ્પાંત કરતાં જોઈને એમ થાય છે, કે બાળલગ્ન એક કૌતુક માત્ર નથી રહી જતું, આ ખેલ એક ભયંકર શ્રાપના રૂપમાં તેને આજીવન દુર્ભાગ્ય માટે રોવડાવે છે.

બાળલગ્નનો મનોવૈજ્ઞાનિક પ્રભાવ વિશેષ કરીને છોકરીઓ ઉપર ખરાબ પડે છે. સાસરે વહુને જુદી રીતે રહેવું પડે છે. યુવાન વયની આકાંક્ષાઓને કંઈક વધુ હસીખુશી અને અને સ્વચ્છંદતાની જરૂર પડે છે. માબાપને ઘેર જ આ સહજ સુલભ સ્થિતિ સંભવ છે. આ વાતાવરણમાં જ ખુલ્લી અને યોગ્ય પરિસ્થિતિઓ મળે છે. જો કિશોર અવસ્થાની મનોવાંછનાઓ બંદીગૃહ જેવી સાસરીમાં દબાયેલી રહી જાય, તો હૃદયમાં મૂંઝવણ જેવી સ્થિતિ પેદા થાય. નાની ઉંમરની છોકરીઓ આ લાચારીમાં મનમાં ને મનમાં ખરાબ રીતે ફફડે છે, છતાં કંઈ કરી શકતી નથી. તેમની આ લાચારી માનસિક રોગોના રૂપે ફૂટી નીકળે છે. નાની ઉંમરની છોકરીઓને મૂર્છા, તાણ, ભૂતપ્રેત, ભયંકર સ્વપ્ન, હૃદયના ધડકાર, ડર વગેરે કેટલીય એવી વ્યથાઓ ફૂટી નીકળે છે, જેનું એક માત્ર કારણ મનોવૈજ્ઞાનિક અવરોધ અને શારીરિક મૂંઝવણ જ છે. મોટી ઉંમરે છોકરીઓ દાંપત્યજીવનમાં રસ લેવા લાગે છે અને તેઓ સાસરિયાંના દબાણયુક્ત વાતાવરણને પણ સંતુલિત કરી શકે છે, પણ નાની ઉંમરની અવિકસિત મગજની ભાવુક છોકરીઓ પોતાની જાતને ઢાળી શકતી નથી. તે કારણે ઉદ્વિગ્ન અને વિક્ષિપ્ત જેવી લાગે છે અને પોતાનું શારીરિક, માનસિક સ્વાસ્થ્ય ખોઈ બેસે છે. ભારતીય નારીની માનસિક દુર્દશાનું એક મોટું કારણ આ કસમયે ભાર સાથે પડવો એ જ છે. મોટી ઉંમરે લગ્ન થવાથી, માનસિક દૃષ્ટિથી સમર્થ છોકરીઓ જ આ ભારથી બચી શકે છે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને તે માનસિક સ્થિરતા રાખી શકે છે.

એવું વિચારવું ઉચિત નથી, કે જલદી લગ્ન કરી દેવાથી છોકરીઓ શીલવાન બની રહે છે અને મોટી ઉંમરે લગ્ન કરવાથી તેનામાં ચારિત્ર્યિક દોષ આવવાનો ભય છે. તેનો સંબંધ ઉંમર સાથે નહિ, વાતાવરણ સાથે છે. નાનાં બાળકો પણ કુમાર્ગગામી હોઈ શકે છે. દૂષિત વાતાવરણ અને ગંદી પરિસ્થિતિઓમાં રહેવું પડે, તો ગૃહસ્થ, વૈધવ્ય અને વૃદ્ધાવસ્થા સુધીમાં ચારિત્રહીનતાનું જોખમ ઊભું જ છે. અવિવાહિત દુરાચારી થઈ જાય છે અને વિવાહિત સદાચારી બની રહે છે એવું વિચારવું ભ્રમપૂર્ણ છે. બાહ્ય પ્રતિબંધોથી નહીં, માનસિક પ્રતિબંધ જ કોઈને સદાચારી બનાવી શકે. આપણે આપણાં સંતાનો ઉપર વિશ્વાસ રાખવો જોઈએ. તેમને મનસ્વી અને ચારિત્ર્યવાન બનાવવા માટે યોગ્ય વાતાવરણ અને પ્રશિક્ષણ આપવું જોઈએ. નહિ તો લગ્ન થવાથી પણ તે વાતની ગેરંટી નથી, કે તેઓ પતનોન્મુખ બનવાથી બચી જ જશે !

જૂના જમાનામાં જ્યારે અનાચારી શાસકો પ્રજાની છોકરીઓ ઉપર કુદૃષ્ટિ કરતા હતા અને કુંવારી છોકરીઓની સુરક્ષા સંકટમાં રહેતી, ત્યારે નાનાં બાળકોનાં લગ્ન કરી, તેમને ઘરની આડમાં છુપાવી રાખવાં અને લગ્ન કરી દેવાં ઉચિત લાગ્યાં હશે. તે એક સામયિક આવશ્યક્તાના રૂપમાં જરૂરી ગણાયું અને તેને ધર્મ માની લીધો હશે. હવે તેવો કોઈ ભય નથી. તેથી હવે બાળલગ્નને તેની સાથે જોડવાં તે ભૂલ છે, તેમાં ધાર્મિક્તા નથી. પુત્ર હોય કે પુત્રી તેની કિશોરાવસ્થા શિક્ષણ અને સ્વાસ્થ્ય સંવર્ધનમાં લગાવી દેવી જોઈએ. તેને શારીરિક અને માનસિક વિકાસનો અવસર કિશોરવયમાં પ્રાપ્ત થવો જોઈએ. વૃદ્ધ, જૂનવાણી લોકો, પોતાની મરવાની વાત આગળ ધરીને, બાળલગ્ન પોતાની આંખે જોવાની અભિલાષા સામાન્ય રીતે વ્યક્ત કરે છે અને ઘરનાંને જલદી લગ્ન કરવા માટે ઉશ્કેરે છે. તેણે સમજવું અને સમજાવવું જોઈએ, કે તેની આ ઉતાવળ બાળકો અને કિશોરો માટે કેટલાં ઘાતક પરિણામ ઉત્પન્ન કરશે ? સમય આવી ગયો છે કે આપણે વિવેકને આધારે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દરેક વાત વિચારીએ અને બાળલગ્ન જેવી મૂર્ખતાનો વિલંબ કર્યા વિના ત્યાગ કરી દઈએ.

## (૨૯) ખર્ચાળ લગ્નો આપણને બેઈમાન અને દરિદ્ર બનાવે છે.

જગતભરમાં વિવાહોત્સવ એક સરળ પારિવારિક ઉત્સવના રૂપમાં પ્રચલિત છે. યુવાન છોકરા-છોકરી જ્યારે લગ્ન યોગ્ય થઈ જાય છે, તો યોગ્ય જોડકું શોધીને એક નાનો પારિવારિક ઉત્સવ ઉજવવવામાં આવે છે. ધર્મસંસ્કાર કરાવી દેવામાં આવે છે અને વરવધૂ પોતાનો ગૃહસ્થાશ્રમ શરૂ કરે છે. આવા ઉત્સવ જગતભરના દરેક સમાજમાં બહુ જ સસ્તા હોય છે. મધ્યમ વર્ગના લોકો ઉપહારો સહિત પાંચસો-હજાર રૂપિયા માંડ મુશ્કેલીથી ખર્ચ કરે છે. વિવેકવાન અને વ્યવહારવાદી લોકોની આ જ પરંપરા પ્રાચીનકાળથી હતી, આજે પણ છે.

આપણા સમાજના અવિવેકપૂર્ણ રીતરિવાજો માટે શું કહેવું ? લગ્નનો ઉત્સવ આપણા માટે એક કમ્મરતોડ ભાર બની ગયો છે. છોકરાવાળા દહેજની લાંબી-પહોળી રકમ અને કિંમતી સામાન માગે છે. છોકરીવાળાની માંગણી કન્યા માટે કિંમતી ઘરેણાં-કપડાંની રહે છે. તમાશા જેવી, સજ-ધજ કરેલી જાન, વાજાં, આતશબાજી, ભારે મિજબાની અને અમીરી, શાનદાર સ્વાગત ઇચ્છે છે. ડગલેને પગલે નિરર્થક ભેટસોગાદ અપાય છે અને તેમાં ઢગલાબંધ ખર્ચ થાય છે. ત્રણ દિવસના આ નાના પ્રદર્શનની ઉપયોગિતા અને આવશ્યકતા શું જરૂરી છે ? તેનો વિચાર કર્યા વિના લોકો ઉન્માદમાં આવેશગ્રસ્ત થઈ જાય છે. તેની શાનની પ્રતિષ્ઠાનો પ્રશ્ન-નાકનો સવાલ બની જાય છે. આર્થિક રીતે ખરાબ દશા ભોગવીને તેઓ કપાઈ મરે છે.

આપણા દરિદ્ર દેશની આર્થિક સ્થિતિ સર્વવિદિત છે. ડૉ. રામમનોહર-લોહિયા અનુસાર ત્રણ આના રોજ અને પં. નહેરુ અનુસાર આપણા દેશવાસીઓની વ્યક્તિગત આવક બાર આના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

(૭૫ પૈસા) રોજની છે. આવા ગરીબ દેશના રોટીકપડાંનો પ્રશ્ન ઉકેલવો જ મુશ્કેલ છે. તેમ છતાં લગ્ન, જે ઘર-ગૃહસ્થી માટે થવાં સ્વાભાવિક છે, તે જો આટલાં ખર્ચાળ રહેશે, તો સાધનો એકત્રિત કેવી રીતે કરી શકાશે ?

સામાન્ય વર્ગનો માણસ આ મોંઘવારી અને વધેલા ખર્ચના જમાનામાં, માંડ માંડ મુશ્કેલીથી પોતાનું ગુજરાન ચલાવી શકે છે. કંઈ બચાવી શકનાર તો હજારોમાં એક હશે. બાળકોને ઉચ્ચ શિક્ષણ આપનાર ગૃહસ્થને માટે પોતાનું પારિવારિક તથા શિક્ષણ સંબંધી ખર્ચ ચલાવવું મુશ્કેલ થાય છે. પછી લગ્નને માટે આટલી મોટી રકમ ક્યાંથી આવે ? જ્યારે બાળકો મોટાં થવા લાગે છે ત્યારે સતત બબ્બે વર્ષ પછી તેમનાં લગ્ન કરવાં પડે છે. દરેક લગ્નમાં પાંચ-પાંચ, દસ-દસ હજાર રૂપિયા ખર્ચાય તો ચાર-પાંચ લગ્નમાં તો બહુ મોટી મૂડી જોઈએ. તે ક્યાંથી લાવવી ? છોકરીવાળા જ નહીં, છોકરાવાળા પણ પરેશાની ભોગવે છે, કેમકે અધિકાંશ પૈસા એવા દેખાવ માટે ખર્ચે છે, કે જેની કોઈ જરૂર નથી હોતી. થોડા રોકડા મળે તો છોકરાવાળાને ઘરેણાં વગેરેના ખર્ચમાં ઓછા પડે. આ રીતે બન્ને પક્ષ આ સત્યાનાશી વિવાહોન્માદમાં આર્થિક દૃષ્ટિએ ખખડી જાય છે.

વધારાનું ધન આખરે આવે ક્યાંથી ? આજની પરિસ્થિતિમાં ઈમાનદારીથી કોઈ ગુજરાન માત્ર ચલાવે તેટલું કમાઈ શકે છે. પૈસા બચાવવા એ અતિ મુશ્કેલ છે. લગ્નમાં એટલું વિપુલ ધન ફૂંકી મારવું જો આવશ્યક બની ગયું હોય, તો બેઈમાનીનો રસ્તો અપનાવ્યા સિવાય કોઈ ઉપાય બાકી રહેતો નથી. જો સંતાનો હોય અને તેમનાં લગ્ન પણ કરવાનાં છે અને હિન્દુ પણ હોય, તો પછી દિનરાત બેઈમાની કરીને જુગાર રમવા ઉપરાંત કોઈ પાસે બીજો ઉપાય છે જ નહીં. સરકારી કર્મચારીઓને લાંચ-રુશવત, મજૂરો માટે ચોરી, વેપારી માટે ભેળસેળ કરવી, ઓછો તોલ કરવો, લોકસેવકો માટે ચાલબાજી, ચિકિત્સકો માટે રોગીને ડરાવીને પૈસા પડાવવા વગેરે અનીતિપૂર્ણ માર્ગ જ બાકી રહી જાય છે. જે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ચાતુર્યપૂર્વક છૂપી રહે તેવી ચાલાકી નથી કરતા, તેને જોખમભરી અને હલકી કહેવાતી ચોરી-ડાકુગીરી, લૂંટ, કતલ, ઠગાઈ, બેઈમાની, વિશ્વાસઘાત, શોષણ, અપહરણની એવી યુક્તિઓ અપનાવવી પડે છે, જે બદનામી અને રાજદંડ પણ સાથે જ આપે છે.

આપણા સમાજમાં અપરાધ બહુ જ વધી રહ્યા છે, ચોરી અને બેઈમાનીની પ્રવૃત્તિ દરેક ક્ષેત્રમાં ફેલાઈ ગઈ છે. તેનું એક બહુ મોટું કારણ, લગ્નોમાં વપરાતા પુષ્કળ પૈસા જ છે અને તેનો આડેધડ અપવ્યય છે. જે એવું કરવા ઈચ્છતા નથી તેઓને પણ એવું પાપ મજબૂર થઈને કરવું પડે છે. નહીંતર લગ્નનો ખર્ચ કાઢવો ક્યાંથી ? આપણા સમાજની નૈતિક્તા તથા ઈમાનદારી આ ઘાતક કુરિવાજને કારણે કારણે નષ્ટ થવા લાગી છે. હિન્દુ સમાજ માટે, જેમાં ખર્ચાળ લગ્નની પ્રથા પ્રચલિત છે, અનીતિનો માર્ગ અપનાવ્યા સિવાય બીજો કોઈ રસ્તો નથી. તેઓ ઈમાનદાર કેવી રીતે રહે ? ઈમાનદારીથી આટલું વિપુલ ધન કમાઈ લેવું સામાન્ય મનુષ્ય માટે અશક્ય છે.

આપણે વિચાર કરવો પડશે, કે લગ્નોનું વર્તમાન ખર્ચાળ સ્વરૂપ ચાલુ રાખવું જોઈએ કે નહીં ? જો તેને ચાલુ જ રહેવા દેવું હોય, તો પોતાના વ્યવહારમાં ઠાંસીઠાંસીને બેઈમાની ભરી લેવા સિવાય અનંતકાળ સુધી દરિદ્ર રહેવા માટે પણ તૈયાર રહેવું જોઈએ. દરેક ગૃહસ્થે પોતાના હાથે બેચાર લગ્ન જરૂર કરવાં પડે છે. દરેક લગ્નમાં પચીસેક હજાર રૂપિયા પણ ખર્ચ થાય, તો કુલ મળીને એટલી મોટી રકમ થઈ જાય છે, કે જેથી પરિવારની આર્થિક સ્થિતિ બગડી જાય છે. જો એ નાણાં ઘરમાં રહ્યાં હોત, તો તેનાઃથી ખેતી, વ્યવસાય વગેરે જે કામ થાય, તેનાથી મૂડીમાં વૃદ્ધિ થાય અને ઉન્નતિ પણ થાય. આ પૈસાથી ઘરનું મકાન બની શકે, પરિવારને સારું ભોજન મળવાથી શરીર સ્વાસ્થ્ય સારું રહે અને દીર્ઘજીવી થઈ શકે. બાળકોને ઉચ્ચ શિક્ષણ મળી શકે અને વૃદ્ધાવસ્થા કે બીમારીમાં કંઈક સહાયરૂપ બને, પણ સમગ્ર ધનદોલત જ્યારે લગ્નોમાં જ ખર્ચાઈ જાય, અપવ્યયમાં નષ્ટ થઈ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જાય, તો ઘરનો વહીવટ ખખડી જાય તે સ્વાભાવિક છે. પ્રગતિનાં સર્વ દ્વારો બંધ થઈ જ જશે અને અનેક અસુવિધાઓથી ભરેલું જીવન સમસ્ત પરિવારોને જીવવું જ પડશે.

લગ્નોની ખર્ચાળ પ્રથા આપણને કરજદાર, મુફલિસ, બેઈમાન અને હીન સ્થિતિમાં દુઃખ-દારિદ્રભર્યુંજીવન જીવવા માટે મજબૂર કરે છે. પછી આવક વધારાવાના કોઈ રસ્તા કાઢીએ છીએ. તે લગ્નોના અને ત્યારબાદ વર્ષો સુધી ચાલતા વ્યવહારોમાં એટલો ખર્ચ વધી જાય છે કે કોઈને વધેલી આવકનો લાભ મળી શકતો નથી. જો આ અનાવશ્યક બરબાદીથી આપણે બચી શકીએ તો દરેક ઘરમાં થોડાં નાણાં જમા થાત અને તેનાથી પ્રગતિનાં નવાં કામ બનત. ધીરે ધીરે તે વૃદ્ધિ, આર્થિક સમૃદ્ધિના રૂપે દેખાત. અમેરિકા, જાપાન વગેરે દેશોના લોકો, પોતાની બચત એવાં કામોમાં લગાવે છે કે જેનાથી તેમની સમૃદ્ધિ વધે. ધીરે ધીરે તેઓ ધનવાન બની જાય છે. આપણી સામે અતિખર્ચાળ લગ્નોની મજબૂરી ન રહી હોત તો આ:પણા પરિવારોમાં પણ ખુશહાલી રહેત અને દરેકનો ચહેરો આશાથી ચમકતો હોત. હર કોઈ સારી સ્થિતિને કારણે ઉચ્ચ સ્તરનું સુખી જીવન જીવવાની દિશામાં આગળ વધી શકે, ત્યારે જ સાધારણ માણસને બેઈમાન ન બનવું પડે.

વિવેકશીલતાની માંગ છે કે આપણે આ વાત ઉપર પુનર્વિચાર કરીએ, કે આપણા સમાજમાં પ્રચલિત લગ્નોની ખર્ચાળ પ્રથા શું ઉચિત છે ? શું આવશ્યક છે ? શું ખોટી શેખીખોરીમાં કંઈ વાસ્તવિક્તા છુપાઈ છે ? જો નહીં, તો સર્વ સાધારણ જનતા માટે પ્રાણઘાતક બનેલી ચિંતાથી દરેક ગૃહસ્થનું અર્ધું લોહી સૂકવી નાંખનાર અને અર્ધી જિંદગી ઓછી કરી નાંખનાર આ કુપ્રથાનો અંત આણી દેવાની વાત વિચારવી જોઈએ.

જો એ સાચું હોય કે વર્તમાન લગ્નોનું ખર્ચાળ સ્વરૂપ અયોગ્ય છે તો દરેક વિવેકશીલ અને દેશભક્તનું કર્તવ્ય છે, કે આ અનિચ્છનીયતાને હઠાવવા માટે કંઈક સાહસ પ્રદર્શિત કરવું, કે જેને કારણે આપણા સમાજનું નૈતિક અને આર્થિક સ્તર દિવસે-



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

દિવસે ભાંગીને ભૂક્કો થઈ રહ્યું છે.

આરંભ આપણે આપણા ઘરથી કરવો જોઈએ. આપણાં સંતાનોનાં લગ્ન ઓછા ખર્ચથી કરીશું. દહેજ લઈશું નહીં કે આપીશું નહીં એ સિદ્ધાંતથી બન્ને પક્ષોની ગેરસમજણ દૂર થઈ શકે છે. જ્યારે તે મટી જશે ત્યારે દહેજ અને ઘરેણાં બન્ને દૂર થશે. એક પક્ષીય સુધારો સંભવ નથી. સમાજની વિચારશીલ વ્યક્તિઓ ઔચિત્યને અપનાવવા માટે આગળ આવે, તો આ કુપ્રથાને હઠાવવા માટે પંચાયતી નિર્ણય પણ થઈ શકે છે અને તેનો ઉત્સાહવર્ધક લાભ સમગ્ર સમાજને મળી શકે છે. સમય આવી ગયો છે કે આપણે ચેતીએ અને સાદગીભર્યા વાતાવરણમાં ઓછાં ખર્ચાળ, સજ્જનતા અને વિવેકશીલતાના આધારે લગ્ન આયોજનોની યોજના બનાવીએ.

## (૩૦) છોકરાવાળા વ્યર્થ ખોટ અને બદનામી ન મેળવે

જ્યાં સુધી સામાજિક કુરિવાજોનાં દુષ્પરિણામો તરફ ધ્યાન ગયું ન હતું, ત્યાં સુધી કંઈ વાત ન હતી, પણ હવે કોઈ અધઃપતનના કારણની શોધ કરવામાં આવે છે અને લેખાંજોખાં લેવામાં આવે છે, ત્યારે એ તથ્ય સૌની સામે આવી ગયું છે, કે લગ્નોમાં થતા અપવ્યયથી આ દેશમાં બેઈમાની, કમજોરી, ગરીબી અને આર્થિક તથા નૈતિક દુર્દશા વધી ગઇ છે. આ કુપ્રથાને કારણે આપણા સમાજનું અધઃપતન રોકી નહીં શકીએ. આ વાત ઉપર દરેક વિચારશીલ સહમત છે, કે અનાવશ્યક અપવ્યયની બેવકૂફી જેટલી જલદી બંધ થઈ શકે તેટલું વધુ સારું છે. આ વધતી જતી મોંઘવારીમાં જે લોકો પુરાતન પંથના નામે પૈસાની હોળી ફૂંકવા અને મૂર્ખતાપૂર્ણ ધૂમધડાકા કરવાનું સમર્થન કરે છે, તેમને અધૂરા, અવિવેકી, દુષ્ટ અને અનિષ્ટરૂપ કહીને ઘૃણાની દૃષ્ટિએ જોવામાં આવે છે.

એક જમાનો એવો હતો જ્યારે લગ્નોમાં ધૂમ ખર્ચ કરનારને અમીર, ધનવાન સમજવામાં આવતા હતા, પણ આજે તો ગરીબ હોવા છતાં અમીરીનો સ્વાંગ સજાવનારને મૂર્ખ તથા ગમાર માત્ર



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કહી શકાશે. પૈસા પોતાના ઉડાવે છે એમ છતાં બદલામાં પ્રશંસા મળવાની હવે કોઈ ગુંજાઈશ રહી નથી. ઊલટું તિરસ્કાર અને નિંદાનાં ઠીકરાં માથા ઉપર ફૂટે છે. એવી દશામાં હવે ઘર ફૂંકી દઈને તમાશો જોવાનો આ ખેલ જૂના જમાનાનો સ્વાંગ બની રહ્યો છે. હવે તે ખેલવાવાળા ક્યાંય પણ પ્રશંસાની આશા નહીં રાખી શકે. ઊલટાનું એમ જ સાંભળવા મળશે, કે ક્યાંકથી કાળું નાણું, હરામની કમાણી હાથ લાગી છે, જે આ રીતે ઉડાઉની જેમ ફૂંકવામાં આવે છે. પોતાનું ઘર વેચીને અમીરીનો સ્વાંગ રચ્યો, છતાં પ્રશંસા ન મેળવી શક્યો, ઊલટું બદનામીનું કારણ બન્યો. તો પછી તે ઢોલ પીટવાથી શું લાભ ? જે મરી ગયા તેને સળગાવી જ દેવા જોઈએ. ખર્ચાળ લગ્નોની ધૂમધામ એક એવો મૃત પ્રાય કુરિવાજ છે, જેની લાશ છાતી ઉપર વળગાડી રાખવી વ્યર્થ છે. ઉચિત એ જ છે કે તેને સડવા દઈને દુર્ગંધ ફેલાવવાનો અવસર ન આપતાં, સમય પહેલાં સળગાવી કે દાટી દેવામાં આવે.

વિવાહોન્માદ માં થતા અપવ્યયનો બધો જ દોષ આજે દીકરાવાળા ઉપર ઢોળવામાં આવે છે. તેને કસાઈ કે જલ્લાદની ઉપમા આપવામાં આવે છે. કહેવાય છે કે આ લોકો દીકરાનું માંસ વેચે છે. કોઈ કહે છે, કે દુષ્ટ લોકો પહેલાં છોકરીઓ વેચીને માલદાર બનતા હતા, હવે તેમણે છોકરા વેચવાનો ધંધો પકડ્યો છે. એવું પણ બને, કે આ લોકો હવે પછી પોતાની પત્ની અને માબાપને પણ વેચે. પૈસાને માટે માણસ કયાં કુકર્મ નથી કરતો ? કોઈ કહે છે કે જ્યારે છોકરીનાં લગ્ન કરવાં પડશે, ત્યારે આજે જે સિંહની ભાષામાં બોલે છે, તેઓ જ બકરીની જેમ કરગરશે. એવા એકથી વધુ બહુવચનો સાંભળવા મળે છે. જે ઘેરથી દહેજ લીધું હોય તેઓ બહારથી તો આજીજી કરતાં દેખાય છે, પણ મનમાં એટલી ઘૃણા દબાવીને બેઠાં હોય છે, કે તેમનું ચાલે તો આ પુત્રના બાપ તથા વેવાણનું પણ છરીથી પેટ ચીરી નાંખે અને સ્કૂટર માટે હઠ લઈને બેઠેલા વરરાજાનું નાક કાપી લે. બિચારાની મજબૂરી છે, કે કન્યાના હાથ પીળા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરવાના છે. તેથી મસ્તક ઝુકાવીને તેમણે શરતો માનવી પડે છે, પણ મનમાં ને મનમાં તે શ્રાપ આપે છે કે આ હત્યારાઓ ઉપર વીજળી પડે અને તેમનો વંશ નષ્ટ થઈ જાય. આવી જલ્લાદીની કિંમત ઉપર ઊભી કરેલી બે દિવસની ધામધૂમ, નિસ્સંદેહ હજાર મુખથી ધિક્કારવાલાયક છે. આ એટલો મોંઘો સોદો છે, જેને ખરીદવાનું સાહસ કોઈ પણ સમજદાર વરપક્ષવાળાએ ન કરવું જોઈએ.

વિચાર કરવાની બાબત એટલી જ છે કે શું ખરેખર વરપક્ષને એટલો લાભ મળે છે કે જેને માટે આ પ્રગતિશીલ યુગમાં દસેય દિશાએથી વરસતી નિંદાનો ભોગ બનવા છતાંય તેઓ તેને છોડી શકતા નથી ? બારીકાઈથી જોતાં ખ્યાલ આવે છે, કે વરપક્ષવાળા પોતાની જીદ અને મૂર્ખતા માત્રના કારણે બદનામ થાય છે. છેવટે તો તેમના ભાગ્યમાં પણ કાંઈ વધતું નથી અને ઊલટાના ખોટમાં રહે છે. જે કંઈ કન્યાપક્ષ તરફથી મળ્યું હતું તે તો અસ્તવ્યસ્ત થઈ જાય છે, તેના ઉપરાંત તેમને નિશ્ચિત રૂપથી ઘરમાંથી પણ થોડાં નાણાં કાઢવાં પડે છે. બદનામી, નફો કમાવાના રૂપમાં મળી અને ખરેખર તો રહ્યા ખોટમાં જ. એવો સોદો કરવાથી શું લાભ જેમાં નુકસાન પણ જાય અને બદનામીનો ઘડો માથા ઉપર ફૂટે ?

કન્યાપક્ષવાળાને કમ્મરતોડ ખર્ચ કરવો પડે છે. જાનનું સ્વાગત, સેવા-સુશ્રૂષા, ભેટ-ઉપહાર વગેરેનો ખર્ચ ઘણો ભારે હોય છે. તેમાં જ ઢગલાબંધ પૈસા વપરાઇ જાય છે. તેના પછી તે ચીજોનો નંબર આવે છે જેને ભેટ-ઉપહારની ચીજો કહે છે. કપડાં, ફર્નિચર, રમકડાં, રંગબેરંગી વસ્ત્રો, વાસણ, શૃંગારસામગ્રી, રેડિયો, ઘડિયાળ, પેન વગેરે એવી ચીજો આપવામાં આવે છે, જે ખરીદનારની તો રકમ ખાઈ જાય છે, પણ જેના ઘરમાં જાય તેને પણ સર્વથા અનાવશ્યક અને નિરર્થક સિદ્ધ થાય છે. જગ્યા રોકે છે અને કચરાની જેમ પડી રહે છે. જરૂરી ચીજો દરેક ગૃહસ્થ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પાસે પહેલેથી મોજૂદ હોય છે. શોભાની અને વિલાસી ચીજો બજારમાં વેચી પણ શકાતી નથી. તેમનો કંઈ ઉપયોગ પણ નથી. છોકરાવાળા બદનામ પણ થયા અને તેઓ એ કચરાનો કંઈ લાભ પણ ઉઠાવી ન શક્યા. ઘરેણાં વગેરે જે મળે છે તેની અર્ધી કિંમત તો અગાઉથી સોનીના પેટમાં પડી જાય છે અને અર્ધી જે બચે છે, તેને પહેરનારી સ્ત્રીઓ બેચાર વર્ષમાં તોડી-ફોડીને બરાબર કરી નાંખે છે. જે રોકડ નાણું મળ્યું, તેનાથી કેટલુંયે વધારે છોકરી માટે ઘરેણાં, કપડાં, શૃંગાર સાધન, ઉપહાર, મેવા-મીઠાઈ વગેરે ખરીદવામાં વપરાઈ જાય છે અને જાનનું ભાડું. આતશબાજી બેન્ડવાજાં, દરવાજાની શોભાના નામે એટલો ખર્ચ થાય છે જે આપણા ઘરમાં થનારી મહેમાનવાજી સાથે બહુ જ ભારે પડે છે અને તેનાથી દરેક વરપક્ષ ભારે ખોટમાં રહે છે.

આ દૃષ્ટિએ નિઃસંદેહ વરપક્ષ પણ દયાને પાત્ર છે. તે નાણાંકીય દૃષ્ટિએ કંઈ કમાતો નથી, ગુમાવે છે વધારે. બદનામી એટલી સહન કરી, કે વિચારશીલ લોકોની દૃષ્ટિમાં તે ગાય મારી નાંખવા કરતાં પણ વધુ હીન દેખાયા. રૂઢિચુસ્ત, પ્રગતિ-વિરોધી, કુરીતિપોષક, સ્વાર્થી, જલ્લાદ, હરામની કમાણી ખાનાર વગેરે ન જાણે શું શું સાંભળવું પડ્યું ? આ ધામધૂમમાં પ્રશંસા મળશે, પ્રતિષ્ઠા વધશે તે વાત તો માત્ર સ્વપ્નલોક જેવી જ હતી.

આ પરિસ્થિતિમાં દરેક વરપક્ષવાળાએ નવા દૃષ્ટિકોણથી રહેવું પડશે અને આદર્શ લગ્નપદ્ધતિ અપનાવીને પોતાની પ્રગતિશીલતાની પ્રશંસા મેળવવા તથા પોતાના અને પોતાના સંબંધીઓના પૈસા બચાવવાનું કદમ ઉઠાવવું પડશે. મિજબાની કે ધામધૂમ કરવી જરૂરી હોય તો દીકરાવાળા પોતાને ઘેર અને દીકરીવાળા પોતાના સંબંધી, મિત્રોના સ્વાગતમાં ધામધૂમ કરી શકે છે. વરપક્ષે દીકરીવાળાને કહેવું જોઈએ કે અમે લગ્નના પ્રસંગે એક માણસ, એક જોડી સાડી બ્લાઉઝ છોકરી માટે લાવીશું અને ધામધૂમ વિના વિશુદ્ધ પારિવારિક ઉત્સવની જેમ ધર્માનુષ્ઠાનની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જેમ લગ્ન કરીને કન્યાને લઈ જઈશું. લગ્નના અવસરે કોઈ પ્રશંસાત્મક ઉપહાર કે રોકડ રકમનો સ્વીકાર કરીશું નહીં. ખોટા રીતરિવાજો અને આવન-જાવનમાં પૈસા બરબાદ નહીં કરીએ. લગ્ન સાદગીપૂર્ણ વાતાવરણમાં થશે.

આ સંદેશથી કન્યાવાળા જો જડ યા મૂર્ખ ન હોય તો ખુશીથી સહમતિ પ્રગટ કરશે અને વરરાજાને એક વીંટી, એક જોડી કપડાં તથા દસ જાનૈયાનો સત્કાર જેવા કાર્યમાં સો-બસો રૂપિયા ખર્ચ કરીને સરળતાથી એક અગ્નિપરીક્ષા જેવી ચિંતામાંથી છૂટી જશે. તેણે પોતાની કન્યાને કંઈ આપવું જ હોય, તો લગ્નના બેચાર મહિના પછી કોઈ દબાણ કે પ્રદર્શન વિના પોતાની કન્યાને સ્વેચ્છાપૂર્વક આપે, જે સ્ત્રી ધનના રૂપે ક્યારેક કામ આવશે. આ બાપબેટી વચ્ચેનું આદાનપ્રદાન હશે. તેમાં બન્ને પક્ષના લોકો કંઈ દિલચશ્પી નહીં લે. એવાં આદર્શ લગ્નો કરવા વરપક્ષ વાળાએ પહેલ કરવી જોઈએ અને જલ્લાદની પંક્તિમાંથી પોતાનું નામ કઢાવી દેવતાઓમાં ગણના કરવી જોઈએ. તેનાથી તેમને આર્થિક લાભ તો થવાનો જ છે.

## (૩૧) ઉચ્ચ શિક્ષિત કન્યાની વિવાહસમસ્યા અને તેના નવા ઉકેલ

માનવજાતિના ઉજ્જવળ ભવિષ્યનો આધાર નારીનું સ્તર ઊંચું ઉઠાવવા ઉપર રહેલો છે. તે જ માતાના રૂપમાં નિર્માત્રી, પત્નીના રૂપમાં શક્તિ, ભગિનીના રૂપમાં શાલીનતા અને પુત્રીના રૂપમાં મધુરિમા બનીને નરને સજીવ, સશક્ત, સજ્જન અને સહૃદય બનાવે છે. નારીની પ્રસુપ્ત ગરિમા જાગૃત કરવા માટે તેની અલૌકિક વિશેષતાઓ અને વિભૂતિઓને જગાડવી આવશ્યક છે. આ જાગરણનું પ્રથમ સોપાન શિક્ષણ છે. આમ જોતાં આજના શિક્ષણ સાથે કેટલાક દોષદુર્ગુણ પણ જોડાઈ ગયા છે અને તેનાથી સતર્ક રહેવાની આવશ્યકતા છે. શિક્ષણ વિના કોઈ ગતિ નથી. શિક્ષિત નારીમાં પણ દોષ હોવો સંભવ છે, પણ સમગ્ર રૂપથી નારીને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વિકસિત કરવા માટે શિક્ષણની ઉપેક્ષા કરવી નહીં પોષાય. નારી-શિક્ષણ એક એવું તથ્ય છે, કે જેની ઉપેક્ષા થઈ શકતી નથી. પ્રગતિનાં દ્વાર તે વિના બંધ જ રહેશે.

જીવનવિકાસની આવશ્યક જાણકારી, ઘરના સંચાલનની ક્ષમતા અને પારિવારિક તથા સામાજિક જીવનને સમૃદ્ધ બનાવવા માટે જે બૌદ્ધિક કુશળતાની આવશ્યકતા છે, તેને માટે શિક્ષણ અનિવાર્ય રૂપે આવશ્યક છે. સમયનો પોકાર છે, કે આ દિશામાં છોકરાઓથી પણ અધિક અવસર કન્યાઓને મળવો જોઈએ. તેનું એક કારણ તો એ છે, કે નવો યુગ, ભાવિ સમય, નારીના નેતૃત્વમાં આવી રહ્યો છે. પુરુષે તેની ઉદંડતાથી સમાજમાં દુષ્ટતા જ વધારી છે. નારીની કરુણા અને કોમળતાને જ્યારે નેતૃત્વનો અવસર મળશે ત્યારે સર્વત્ર મમતા અને માનવતાની ધારાઓ વહેશે. સમસ્યાઓનો ઉકેલ, "જેની લાઠી, તેની ભેંસ" એ કહેવતની જેમ નહીં આવે, પણ મમતા અને કરુણાને આધારે આવશે. નારીમાં એ વિશેષતા છે, જેના આધારે તે દરેક ક્ષેત્રમાં કુશળ નેતૃત્વ કરી શકશે. તેને પોતાનું ઉચિત યોગદાન આપી શકવાની ક્ષમતાયુક્ત બનાવવા માટે શિક્ષણનો વિશેષ અવસર મળવો જોઈએ.

બીજું કારણ છે કે ભૌતિકવાદી લોલુપતા અને કામુકતા હવે દાંપત્યજીવનના આધારભૂત આદર્શોમાં આગ લગાવવા તૈયાર થઈ ગઈ છે. પત્નીવ્રત ધર્મ એક ઢોંગ બનવા માંડ્યો છે. સિનેમા અને કલાના દરેક માધ્યમ કે જેણે પૈશાચિક તૃષ્ણાને જગાડી છે, તેણે દરેક ભણેલા-ગણેલા છોકરાને એવી સ્થિતિમાં મૂકી દીધો છે, કે તે ગમે ત્યારે પત્ની સાથે વિશ્વાસઘાત કરીને તેને ભર-દરિયામાં ડૂબાડી દે. આવાં ઉદાહરણ આંધી-તોફાન જેમ વધતાં જાય છે. જેથી યુરોપની જેમ જલદીજલદી પત્નીઓ બદલવાના શોખીનોએ પોતાની ધર્મપત્નીને લાચાર અને અનાથ બનાવીને, લોહીના આંસુથી જિંદગીભર રોવાને માટે લાચાર કરી દીધી છે. આ વધતી જતી દુષ્પ્રવૃત્તિના દિવસોમાં દરેક યુવાન છોકરીનું ભાવિ ભયમાં છે અને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેને એવી યોગ્ય બનાવવી જોઈએ,કે નદી વચ્ચે ધકેલી દેવામાં આવે તો પણ તરીને પાર ઊતરી જાય.

ત્રીજું કારણ એ છે કે આજની મોંઘવારીમાં એક સુખી અને સુવિકસિત ગૃહસ્થી નિર્માણ કરવા માટે કેવળ પુરુષની જ કમાણી પૂરતી નથી. પત્નીને પણ કમાણીમાં યોગદાન આપવું જરૂરી બની ગયું છે અને આ કાર્ય કેવળ શિક્ષિત નારી જ કરી શકે છે. એવાં અસંખ્ય કારણો તપાસતાં દરેક વડીલનું કર્તવ્ય છે, કે પોતાની દીકરીઓને ઉચ્ચ શિક્ષણ અપાવવા માટે દીકરાઓ કરતાં પણ વિશેષ સગવડ કરી આપે.

આ તથ્યનો અનેક વડીલો સ્વીકાર કરે છે અને પોતાની કન્યાઓને ભણાવે છે, પણ આ સંદર્ભમાં તેને એક નવી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આપણા દેશમાં રિવાજ છે, કે કન્યા કરતાં વર વધુ ભણેલો અને મોટી ઉંમરનો હોવો જોઈએ. આ માન્યતા અનુસાર છોકરી જેટલી ભણતી જાય છે તેના પ્રમાણમાં તેનાથી અધિક છોકરાને ભણવું પડે છે. ભણેલા-ગણેલા મુરતિયાનું બજાર તેના શિક્ષણના હિસાબે મોંઘું થતું જાય છે અને પછી ક્રમશઃ કન્યાના પિતાને તેની કિંમત ચૂકવવી પડે છે, જેમાં મુશ્કેલી પડે છે. બીજી અડચણ એ આવે છે કે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી છોકરો શોધતાં શોધતાં ઘણી વાર લાગે છે અને મોટી ઉંમરની છોકરીઓને તેનાથી મોટી ઉંમરના મુરતિયા મળતાં મુશ્કેલી પડે છે. કેટલાક સમય સુધી આપણા દેશમાં બાળલગ્નનો રિવાજ હતો. હવે કંઈક સુધારો થયો છે, તો પણ સામાન્ય રીતે વીસ-પચ્ચીસ વર્ષની ઉંમરમાં છોકરાનાં લગ્ન તો થઈ જ જાય છે. તેનાથી અધિક ઉંમરના કુંવારા છોકરા ક્યાંક જ જોવા મળે છે. મોટી ઉંમરનો પુરુષ મળે તો ૩-૪ છોકરાનો બાપ વિધુર મળે. આ બે મુશ્કેલીને કારણે સુશિક્ષિત કન્યાઓના વિવાહની સમસ્યા અતિ જટિલ થતી જાય છે અને એવાં ઉદાહરણ તેજ ગતિથી વધી રહ્યાં છે, જેથી ઉપરોક્ત બે મૂંઝવણોનો ઉકેલ ન નીકળવાને કારણે,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હજારો સુશિક્ષિત કન્યાઓને કુંવારી રહેવા માટે વિવશ થવું પડે છે અને તે ઉચ્ચ શિક્ષણને એક શ્રાપ માનવા લાગી છે.

આ મુશ્કેલીના ડરથી કાં તો છોકરીઓને ઓછું ભણતર આપી નાની ઉંમરમાં લગ્ન કરી દેવાં પડશે, અથવા બીજો કોઈ ઉકેલ કાઢવો પડશે. વિવેકની દૃષ્ટિથી કન્યાઓને ઉચ્ચ શિક્ષણનો અવસર આપવો તદ્દન જરૂરી જ છે. કોઈ પણ કારણે આ અવસરને ગુમાવવો નહીં જોઈએ. આપણે એ દૃષ્ટિકોણ બદલવો પડશે; જેથી તેઓ સુયોગ્ય, સુશિક્ષિત કન્યાઓ પ્રાપ્ત કરી શકે. તે ઉપરાંત એક મૂઢ માન્યતાને પણ બદલવી પડશે, કે કન્યાથી વર અધિક ઉંમરનો અને અધિક શિક્ષિત હોવો જોઈએ. તેમાં કોઈ તર્ક નથી. સાચી વાત તો એ છે, કે વધૂની પુખ્તતા અને પરિપક્વતા ઉપર ગૃહવ્યવસ્થા અને સુયોગ્ય સંતાન થવાનો આધાર છે. વરની ઉંમર થોડી નાની હોય, તો પણ તેથી કંઈ જીવન ઉપર ખરાબ પ્રભાવ પડતો નથી. સામંતવાદી યુગમાં સ્ત્રીને મારવા-પીટવા અને પગ તળે દબાવી દેવા માટે, મર્દને મોટા રહેવું જરૂરી હતું. હવે એવી કોઈ આવશ્યકતા નથી.

આવી જ રીતે ઓછા શિક્ષિત વરથી એટલી જ હાનિ થઈ શકે કે તે કંઈક ઓછું કમાય. તે સિવાય ઓછી ઉંમર, ઓછા શિક્ષણવાળા વરથી દાંપત્યજીવન ઉપર કોઈ પણ પ્રકારે ખરાબ પ્રભાવ પડતો નથી. વધુ ભણેલો, વધુ બુદ્ધિમાન, વધુ સમર્થ અને વધુ કમાઉ વર જે પ્રકારે પત્નીને માટે લાભદાયક છે, તે જ રીતે વધુ વયની, વધુ શિક્ષિત અને વધુ સુયોગ્ય, વધુ કમાઉ પત્નીનો પણ સીધો લાભ પતિને મળવો જોઈએ.

કન્યાને ઉચ્ચ શિક્ષણ અપાવવાની સાથેસાથે એવી મનોભૂમિ પણ આપણે તૈયાર કરવી પડશે, કે કન્યાથી ઓછી ઉંમર અને ઓછા શિક્ષણવાળો છોકરો શોધવામાં કોઈ વાંધો ન હોવો જોઈએ. છોકરાઓએ એ વાત વિચારવી જોઈએ, કે પોતાનાથી મોટી ઉંમર અને વધુ શિક્ષણવાળી કન્યા પ્રાપ્ત કરવી, તેને માટે ગૌરવ, સૌભાગ્ય



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને ઉજ્જવળ ભવિષ્યનું ચિહ્ન છે. તેમાં તેને નીચું જોવાનું નથી, પ્રતિષ્ઠા અનુભવવી જોઈએ. છોકરી કંઈક વધુ કમાઈ શકે અને છોકરો કંઈક થોડું કમાય, તો દાંપત્યજીવનની એકતા જોતાં તેમાં કંઈ બગડી જતું નથી. દહેજમાં કોઈ રોકડ રકમ મેળવવા કરતાં સુશિક્ષિત, કમાવા યોગ્ય છોકરી એક મિલકત છે. જે દર મહિને વ્યાજ-ભાડાની જેમ આવક આપી શકે છે. ૪૦૦/- રૂપિયા માસિક કમાનાર છોકરી, વર્તમાન છ ટકાના બૅંક વ્યાજના હિસાબથી ૮૦ હજાર રૂપિયાની કિંમતની મિલકત બને છે. તેનાથી અધિક દહેજ વરને કોણ આપવાનું હતું ?

કન્યાનું ઉચ્ચ શિક્ષણ વધવું જોઈએ. સાથે જ તેના વિવાહમાં ઉત્પન્ન થતા અવરોધો માટે યોગ્ય ઉકેલ શોધી કાઢવો જોઈએ અને ઉપરોક્ત પંક્તિઓમાં જે ઉકેલ આપવામાં આવ્યો છે તેવો દૃષ્ટિકોણ અપનાવવો જોઈએ.

## (૩૨) વિધુર અને વિધવા સમાન ન્યાયનાં અધિકારી

નર અને નારી ઇશ્વરની બે આંખ, બે હાથ, બે સંતાન છે. બન્ને તેને સમાન રૂપથી પ્રિય છે. બન્નેને માટે તેના મનમાં સમાન રૂપથી સ્નેહ અને ન્યાય છે. કોઈ સહૃદય પિતા પોતાનાં બાળકોના લાડ-પ્યારમાં કોઈ ઊણપ રાખતા નથી. ઈશ્વરે નર અને નારીની આકૃતિમાં થોડું અંતર અને પ્રજનન-પ્રણાલીમાં થોડો ફેરફાર, સૃષ્ટિનું આકર્ષણ ટકાવી રાખવાની દૃષ્ટિથી, સૌંદર્ય જાળવી રાખવાની દૃષ્ટિથી ભલે કર્યો હોય, પરંતુ તેમના અધિકાર અને સ્તરમાં જરા પણ ઓછપ રાખી નથી.

ધર્મ, કર્તવ્ય અને અધિકારની દૃષ્ટિએ બન્ને એક સમાન છે. પાપપુણ્ય પણ બન્નેને માટે એક છે. જે નૈતિક અને સામાજિક કર્તવ્ય નરને માટે નિર્ધારિત છે તેનાથી નારી પણ બંધાયેલી છે. જે સ્વતંત્રતા અને પરતંત્રતા એક જવાબદાર નાગરિકની દૃષ્ટિએ નારી ઉપર લાદી છે, તેનાથી નર પણ સમાન રૂપથી જકડાયેલો છે. ચાહે ધર્મ હોય કે કાનૂન, કોઈની સાથે સમાધાન નથી કરતા.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જો કંઈ સુવિધા આપવામાં સહૃદયતા દાખવવી હશે, તો સદાયે દુર્બળના પક્ષમાં સુવિધા વધુ મળશે. પ્રજનનો અધિક ભાર ઉઠાવવાને કારણે ઘણું કરીને નારીનો પક્ષ જ ખોટમાં રહેતો અને દુર્બળ પડતો જાય છે. તે માટે ઇશ્વરીય તથા માનવીય ન્યાય-પદ્ધતિએ ન્યાયી રીતે કર્તવ્યપાલનમાં થોડી સુવિધા નારીને જ આપી છે. નરને પ્રકૃતિગત સુવિધા વિશેષ મળી જવાથી તેના કર્તવ્યની જવાબદારી વિશેષ આપી છે અને ન્યાયની જંજીરમાં તેને વધુ કડકાઈથી કસવામાં આવ્યો છે.

લગ્ન નરનારીનું પવિત્ર બંધન છે. તેમાં જે લાભ છે તે સમાન રૂપથી ઉઠાવવા અને જે જવાબદારી તથા કર્તવ્ય છે, તેને સમાન રૂપથી પાળવાં બિલકુલ જરૂરી છે. ઇશ્વરની એ જ ઇચ્છા અને ન્યાયની એ જ દિશા છે. પતિવ્રત ધર્મ નારીને માટે આવશ્યક છે. નરને માટે પત્નીવ્રત ધર્મનું પાલન કરવાની કડકાઈ તથા જવાબદારી તેનાથી ઓછી નથી, પરંતુ વિશેષ છે. બન્નેએ લગ્નના બંધનમાં બંધાયા પછી પરસ્પર વફાદાર અને ઇમાનદાર રહેવું જ જોઈએ.

પણ કોઈ પક્ષ જો છૂટ લેવા ઇચ્છે, તો બરાબર તેવી જ છૂટ તેણે બીજા પક્ષને આપવા માટે સારી રીતે તૈયાર રહેવું જોઈએ. જો એક પત્ની હોવા છતાં બીજી પત્નીની જરૂરિયાત અનુભવે તો તેણે આગળ વધીને સામે ચાલીને નારી માત્રને તે જ સુવિધા સન્માનપૂર્વક મળે, તે માટે સમર્થન કરવું જોઈએ. હિમાલયની છાયામાં જોનસાર નામે જિલ્લામાં એક નારી, ઘણા પતિને ખુલ્લી રીતે સામાજિક સમર્થનથી રાખે છે. એવા જ ક્ષેત્રમાં બહુપત્ની પ્રથાનું પણ સમર્થન કરી શકાય છે, પણ જે લોકો પોતાની પત્નીને શીલ અને સતીત્વ પાલન કરતી જોવા ઇચ્છે છે, તેણે એ જ ઔચિત્ય સો ટકા પૂર્ણ રીતે પોતાની ઉપર લાગુ કરવું જોઈએ. પુરુષને વ્યભિચારની છૂટ અને સ્ત્રીને પતિવ્રતનું બંધન, આ અલગ માપદંડ ઇશ્વરીય ઇચ્છાને અનુકૂળ નથી કે સામાજિક



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ન્યાયને અનુકૂળ નથી. માનવીય આચારશાસ્ત્રમાં આ પ્રકારના ભેદભાવને સમર્થન મળી શકતું નથી. સ્થિતિને અનુરૂપ સામાજિક વિધાન અને પરંપરાઓ બદલ્યા કરવાની વાત સમજમાં આવે છે, પણ તેનું પરિણામ નર અને નારીને સમાન રૂપથી મળવું જોઈએ. ધર્મ અને ઈન્સાફ સદાયે આ વાતનું સમર્થન કરશે.

ભારતીય સમાજમાં જૂના સામંતવાદી યુગથી, અંધકાર યુગથી, "જેની લાઠી તેની ભેંસ" જેવો જંગલી કાયદો લાગુ પડ્યો હતો. આ પ્રથાઓ અનુસાર નારીને બહુ વધુ પડતી પ્રતિબંધિત કરવામાં આવી છે અને નરને નિરંકુશ આચરણની સગવડ આપવામાં આવી છે. નારીના શીલ ઉપર સંદેહ થાય ત્યારે પુરુષ તેનો ત્યાગ કરી દે છે, જ્યારે તેનું પોતાનું આચરણ તો સૌથી વધુ ભ્રષ્ટ હોય છે. નારીની શીલરક્ષા માટે પડદો-ઘૂંઘટ અને પુરુષને વેશ્યા-નૃત્ય જોવાની પૂરી છૂટ.

આ પ્રકારના ભેદભાવથી ધર્મ, ન્યાય, ઔચિત્ય-આ બધાનું મસ્તક નીચું નમી ગયું છે. થોડા સમય પહેલાં, પતિ મરી જવાથી પત્નીને સતી થવું પડતું હતું, પતિની ચિતામાં સાથે બળી જવું પડતું હતું. જો તે ઉચિત હતું તો ન્યાય અને ધર્મએ એ પણ આજ્ઞા આપવી જોઈએ કે પત્ની મરી જવાથી પતિ પણ તેની સાથે સતો થાય અને ચિતા ઉપર ચડી જાય. એકાંગી પરંપરા, ભલે ગમે તેવી હોય, સર્વથા અન્યાય જ કહેવાશે.

વિધુરપણું અને વિધવાપણું કેવી રીતે નિભાવી શકાય, તેને માટે ન્યાયોચિત પરંપરા એક જ હોઈ શકે. જો વિધુર થયા પછી પુરુષને પુનર્લગ્નની છૂટ છે, તો બરાબર તે જ રીતે તર્ક અને ન્યાયના આધારે, નારીને પણ વિધવા થયા પછી પુનર્લગ્નની છૂટ મળવી જ જોઈએ. જો સાથીની વિદાય પછી બીજીવાર લગ્ન ન કરવું યોગ્ય છે, તો આ બંધનનું સમાનરૂપથી નર અને નારી બન્નેએ પાલન કરવું જોઈએ. જો એવું કાર્ય મુશ્કેલ લાગે તો જે સગવડ નર ચાહે, તેનું જ સમર્થન સામે ચાલીને નારી માટે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરે. એક પક્ષીય સગવડ અને એક પક્ષીય બંધન એ તો ભારોભાર અન્યાય છે.

આપણા દેશમાં વિધવા થયા પછી નારી પુનર્લગ્ન કરી શકતી નથી, એવો સવર્ણ કહેવરાવતી ઉચ્ચજાતિઓમાં રિવાજ છે. આ વર્ગોએ વિચાર કરવો જોઈએ, કે જો ઉચિત હોય તો આ જ બંધન થોડી વધુ કઠોરતા સાથે પુરુષો ઉપર લાગુ કરી દે, પરંતુ તેમાં નરને અગવડ લાગે અને બીજાં લગ્ન કરવાની છૂટ જરૂરી લાગે, તો પ્રત્યેક ન્યાયશીલ વ્યક્તિએ એવી છૂટ, સગવડ, સમર્થન, પ્રોત્સાહન અને સલાહ નારીઓને આપવા માટે આગળ આવવું જોઈએ. ન્યાયનું ત્રાજવું અન્યાય તથા પક્ષપાતનું વલણ ન રાખતાં નર અને નારીને સમાન હક્કો આપે. આથી દરેક ધર્મ અને ઈમાનની મહત્તા સમજાવનાર વ્યક્તિએ પૂરેપૂરું ધ્યાન રાખવું જોઈએ.

આજની પરિસ્થિતિમાં સાધારણ રીતે\એ જ સગવડદાયક લાગે છે, કે જેને બગડેલો ગૃહસ્થાશ્રમ ફરીથી જમાવવાની આવશ્યક્તા લાગતી હોય, તેને તેવું કરવાની છૂટ આપવામાં આવે. વિધુર પણ પુનર્લગ્ન કરી શકે અને વિધવા પણ. અહીં એક જ વાત ધ્યાનમાં રાખવાની છે, કે વિધુર લોકો કુંવારી કન્યા સાથે લગ્ન કરી લે છે તેનાથી જ હાનિ થાય છે. એક તો અસમાન નરનારીનું દાંપત્યજીવન સુખી થતું નથી. ઉંમરમાં તફાવત રહેવાથી છોકરીઓ જલદી વિધવા થઈ જાય છે અને તેનાં બાળકો અનાથ ભટકે છે. તે ઉપરાંત વિધવાઓને કુંવારા છોકરા સ્વીકારતા નથી. તેથી તેને પુનર્વિવાહની સગવડ મળતી નથી. તેથી વિધુર નફામાં અને વિધવાઓ ખોટમાં રહે છે. આ અસમાનતાને દૂર કરવા માટે માત્ર એક જ ઉપાય છે, કે વિધુર વિધવાઓ સાથે લગ્ન કરે અને વિધવાઓ વિધુર સાથે લગ્ન કરે. જો છોકરાંવાળો વિધુર લગ્ન કરવા ઈચ્છતો હોય, તો તેણે છોકરાંવાળી વિધવા સાથે જ લગ્ન કરવાં જોઈએ. જેથી જે પ્રકારે પોતાનાં બાળકોનું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પાલનપોષણ કરવા માટે, તેને પત્નીની જરૂર પડે છે તેમ, તે જ પ્રકારે કોઈ વિધવાને પણ પોતાનાં બાળકોનું પાલનપોષણ કરવા નવા પતિની સુવિધા ઉપલબ્ધ થઈ શકે. આ પ્રકારે બે પરિવારોના અનાથ જેવાં બાળકોને નવાં માતાપિતાનો સ્નેહ પ્રાપ્ત થાય અને જનમાનસ ઉપર એ જ છાપ પડશે કે અપરમાની ઈર્ષ્યા તથા વિમાતાનું વૈમનસ્ય એ સ્વાભાવિક નથી, સંકીર્ણતાની દેન છે. ઉદાર વડીલો પોતાનાં અને પરાયાં બાળકોને સમાનરૂપથી વાત્સલ્ય અને સહયોગ આપી શકે છે.

## (૩૩) મનસ્વી શૂરવીરો વિવાહોન્માદના અસુર સામે ઝઝૂમે

ધર્મના મૂળ સિદ્ધાંતો તો સનાતન છે. તે અપરિવર્તિત રહે છે, પણ રીતરિવાજ દેશકાળ તથા પાત્રની બદલાતી પરિસ્થિતિ અનુસાર બદલાતા રહે છે. લગ્નનો દાખલો જ લઈએ. કોઈ જમાનામાં આ દેશ જ્યારે સર્વ સમૃદ્ધિઓનો સ્વામી હતો ત્યારે વૈભવ - ઐશ્વર્ય ચારે તરફ વિખરાયેલું પડ્યું હતું. જીવનનિર્વાહનાં સાધનો તથા શિક્ષણ, ચિકિત્સા વગેરેની કોઈ ચિંતા ન હતી. ત્યારે લોકો શક્ય છે કે જન્મ, લગ્ન, મરણ વગેરે પ્રસંગોએ હર્ષ પ્રદર્શિત કરવા અને દેખાવ કરવા લાંબાંપહોળાં પ્રીતિભોજન કરતા હશે, દાન પણ મુક્ત હાથ વડે કરતા હશે. લેવાની ઇચ્છા ન રાખનારને પણ આ ઐશ્વર્યમાંથી યથોચિત લાભ મળતો હશે. પણ આજની પરિસ્થિતિનો તે સમય સાથે મુકાબલો કઈ રીતે કરવો ? આજે આ રીતનું અનુકરણ કરવાનો સવાલ જ ક્યાં છે ? કમ્મરતોડ મોંઘવારી તથા જીવનનિર્વાહ, શિક્ષણ, ચિકિત્સા વગેરેના ભારે ખર્ચવાળા આ જમાનામાં જ્યારે દિવસ પસાર કરવો મુશ્કેલ છે, ત્યારે સવાલ જ રહેતો નથી. તે ઐશ્વર્યવાળા જમાનાની જેમ ખર્ચ કરવો અને હર્ષોત્સવ મનાવવાની વાત વિચારવી વ્યર્થ છે. આજીવિકા અને અમીરી તે જમાના જેવી હોય, નિર્વાહ તે જમાના જેટલો સસ્તો હોય, તો બચેલી દોલત લગ્નની ધામધૂમમાં તથા દહેજ-



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઘરેણામાં ફૂંકી દેવાની વાત સમજમાં આવે. હવે જ્યારે આર્થિક તંગીથી જ મધ્યમવર્ગી અને ગરીબ વ્યક્તિનો દમ ઘૂંટાય છે ત્યારે તે પૈસાની, જેનો સ્વાસ્થ્ય તથા વ્યવસાય, ચિકિત્સા વગેરેમાં ખૂબ હદે જરૂર છે, તે પૈસાને ઉન્માદી માણસની જેમ લગ્નોમાં ફૂંકી મારવો કઈ રીતે ઉચિત કહી શકાશે ?

દરેક જાણે છે કે આપણા હિન્દુ સમાજમાં આ સૌથી વધુ નુકસાનકારક અને મૂર્ખતાપૂર્ણ કુરિવાજ છે, ક [redacted] જે પારિવારિક, સ્વાભાવિક તથા સીધું સાદું આયોજન છે, તેમાં આડેધડ પૈસા ઉડાડવામાં અને વહાવી દેવામાં આવે છે. આ કુરીતિએ અનેક દુષ્પરિણામ પેદા કર્યાં છે. આપણો દેશ બહુ ગરીબ છે. આજે ભાગ્યે જ કોઈ ઈમાનદાર વ્યક્તિ કંઈ બચત કરી શકે છે. પછી દરેક ગૃહસ્થના ઘેર, દર ચોથા વર્ષે એકાદ લગ્ન લગભગ હોય જ. દરેકને પોતાના કુટુંબમાં ૪-૫ લગ્નો કરવાં પડે છે. દરેક લગ્નમાં પચીસ હજાર રૂપિયા ખર્ચ ગણીએ, તો પણ ૧ લાખ ૨૫ હજાર રૂપિયા જોઈએ. આટલી બચત સામાન્ય માણસ માટે અશક્ય છે, પણ વર્તમાન રીતરિવાજો અનુસાર એટલા પૈસા જોઈએ, ચાહે તે ગમે ત્યાંથી આવે. આ કમી બીજે ક્યાંયથી નહીં, બેઈમાનીથી જ પૂરી કરી શકાય. તેથી આપણા દેશમાં દરેકને બેઈમાનીનો સહારો લેવો પડે છે. આપણો સૌથી ધાર્મિક કહેવાતો દેશ, વ્યવહારમાં સૌથી વધુ બેઈમાન છે. ઈમાનદાર કર્મચારી, વ્યવસાયી, ઓફિસર કે નેતા જવલ્લે જ મળી આવશે. બેઈમાની કોઈપણ સમાજને અપરાધી મનોવૃત્તિનો બનાવે છે અને તે પોતાની દુર્બળતાથી પોતે જ નષ્ટ અને પતિત થતો જાય છે. આપણી આજે આવી જ સ્થિતિ છે અને આ સ્થિતિની બધી જવાબદારી લગ્નોમાં કરવામાં આવતી પૈસાની હોળી જેવા કુરિવાજો ઉપર છે.

આ રિવાજો આપણને નૈતિક દૃષ્ટિથી બેઈમાન, આર્થિક દૃષ્ટિથી ગરીબ, કરજદાર અને સામાજિક દૃષ્ટિએ ઢોંગી તથા સ્વાર્થી બનાવે છે. છોકરા ખુલ્લે આમ વેચાઈ જાય છે અને તેનો બળદ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કે ભેંસની જેમ ભાવ બોલાય છે. આ બૂરાઈઓનો પ્રભાવ ગરીબ ઘરની સુયોગ્ય કન્યાઓ ઉપર કેટલો વિઘાતક પડી રહ્યો છે ? તેની ચર્ચા દિલ હલાવી નાંખે છે. દહેજના રાક્ષસની લપેટમાં, કેટલીયે સુયોગ્ય કન્યાઓને કેટલું સહન કરવું પડ્યું અને કેટલીનું જીવન કેવી રીતે બરબાદ થયું ? આ કથાઓને કોઈ ક્રમબદ્ધ રૂપથી સાંભળી શકે, તો પથ્થરના કલેજાવાળાએ પણ આંસુ સારવાં પડે તેમ છે. આ કુચક્રમાં કેટલા સદ્ગૃહસ્થોને ઘેર ઘેર ભીખ માગવી પડી છે તેના કિસ્સા કહેવાઈ શકાય અને સાંભળી શકાય, તો આ હિન્દુ સમાજની દુષ્ટતા ઉપર આસમાને પણ આંસુ સારવાં પડે.

આ પ્રથા જો ચાલુ જ રહેશે, તો આપણો સમાજ નિઃસંદેહ હજુ હજાર વર્ષ સુધી ઉન્નતિ નહીં કરી શકે. આ પરિસ્થિતિ તે બુદ્ધિશાળી મહામાનવોને પોકારે છે, જેઓ સંવ્યાપ્ત મૂઢતાની વિરુદ્ધ ક્રાંતિ ઊભી કરી શકે અને અનેક લોકોના મગજ ઉપર છવાયેલ અંધકારને ઉખેડીને ફેંકી દેવા માટે, એકાકી પ્રકાશવાન દીપકની જેમ જ્યોતિર્મય થઈ શકે. સમય, યુગ અને માનવતાનો પોકાર છે, કે વિવાહોન્માદ ના અસુરને રાવણ, કંસ, હિરણ્યકશ્યપ, જરાસંઘ, વૃત્રાસુરની જેમ વિશ્વમાનવનો મહાન શત્રુ માનવામાં આવે અને તેને ઉખેડીને ફેંકી દેવા માટે દરેક દૈવી પ્રકૃતિની, વિવેકવાન અને બુદ્ધિશાળી વ્યક્તિને સામનો કરવા માટે આમંત્રિત કરવામાં આવે.

જેના મુખમાં જીવંત વાણી હોય તે આ અનાચારની ભારે નિંદા કરે. જેની પાસે કલમ હોય તેઓ આ દુષ્ટતાથી ઉત્પન્ન થનાર પીડાને પ્રકાશમાં લાવે. જેની પાસે મગજ હોય તે યોજનાઓ બનાવે, કે કેવી રીતે આ પૈશાચિક્તાથી આપણો સમાજ મુક્તિ મેળવે. પંચ અને સરપંચ જો ખરેખર સડી ગયા ન હોય, તો પોતાના પ્રભાવનો ઉપયોગ કરે કે જેથી દરેક દષ્ટિથી નીચ, નિન્દનીય આ કુપ્રથાને તેમના ક્ષેત્રમાંથી જલદી વિદાય આપી શકાય જેનામાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આત્મા હોય, તે દરેક વડીલે પોતાની કન્યાની જેમ જ બીજાની કન્યા ઉપર દયા રાખવી જોઈએ અને પોતાની બરબાદીની જેમ સંબંધીની બરબાદીનું દુઃખ-દર્દ અનુભવવું જોઈએ. જ્યાં પણ સજ્જનતા, કરુણા, વિવેકશીલતા, સહૃદયતા અને ન્યાય જીવંત હોય, તેને પોકારવામાં આવે, કે જો તે મરી ગઈ ન હોય, તો જીવતી થઈને આ યુગમાં અમાનવીય, રાક્ષસી વિવાહોન્માદ સામે લડત આપવા માટે સાહસ અને શૌર્યનો પરિચય આપે.

નવું લોહી, નવો વિવેક, નવું જોશ અને નવા યૌવનને પીડિત માનવતાએ પોકાર્યું-લલકાર આપ્યો છે, કે અનાચાર સાથે સમાધાન કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દે. વડીલો ભલે લાખ વાતોનો બકવાસ કરે, તેમને કહેવું જોઈએ કે અમે દીકરી દેનાર પ્રત્યે કોમળ ભાવના રાખીએ છીએ. અમે આ ઉદાર પરિવારનું રક્ત પીવાની દુષ્ટતા નહીં કરીએ. ભલે અમારે કુંવારા રહેવું પડે, પણ દહેજ, ધામધૂમ, મોટી જાન તથા બીજા ઉપર કમ્મરતોડ ખર્ચ કરાવનાર લગ્ન નહીં કરીએ. પ્રહ્લાદે પિતાની, ભરતે માતાની, વિભીષણે ભાઈની અવજ્ઞા કરવી પડી હતી. અનીતિની વિરુદ્ધ ભગવાનની પણ અવજ્ઞા કરી શકાય છે અને તેમાં પાપ કે અનુચિતતા હોવાની રતીભાર પણ ગુંજાઈશ નથી. સમયનો પોકાર કુંવારા યુવક-યુવતીઓને કહે છે, કે જો તેમના વડીલો લોભ અને લાલચના કીચડમાં ખરાબ રીતે ફસાયા હોય, તો સાહસપૂર્વક નેતાગીરી લઈ તેમને બહાર કાઢે અને આ કલંકની કાલિમા હટાવી સૌનું મોં ઊજળું કરે. ખર્ચાળ લગ્નોનો અંત ગમે તે ભોગે લાવવો,કરવો જ જોઈએ અને વિવાહોન્માદ વિરોધી આંદોલનને દરેક દિશામાંથી સહયોગ અને સમર્થન મળવું જોઈએ.

## (૩૪) ખર્ચ વિનાનાં લગ્નોનું પ્રચંડ આંદોલન ચલાવો

આ દેશમાં લગભગ આઠ લાખ ગામડાં અને બાર કરોડ પરિવાર છે. વિવાહોન્માદથી પીડાતા પરિવારોની સંખ્યા સાત કરોડ છે. દરેક પરિવારમાં સામાન્ય રીતે દર ત્રણ વર્ષે એક લગ્નનો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ખર્ચ આવે છે. લગ્નનો ખર્ચ પચીસ હજાર રૂપિયાથી વધુ ગણીએ, તો દર વર્ષે લગભગ ૧૫૦ અબજ રૂપિયા એ રીતે ખર્ચાય છે. આ પૈસા રાષ્ટ્રીય દષ્ટિએ એટલા વધુ છે, કે તેને બચાવીને પંચવર્ષીય યોજનાનો ખર્ચ કાઢી શકાય વ્યક્તિગત દષ્ટિએ પણ આ પૈસા ઘર-પરિવારોના સ્વાસ્થ્ય, નિવાસ, ચિકિત્સા, વ્યવસાય વગેરે જરૂરી કાર્યોમાં વાપરવામાં આવે, તો તેનાથી આપણા દેશવાસીઓનું સ્તર દરેક ક્ષેત્રમાં ઊંચે ઊઠી શકે છે અને પ્રગતિનાં આવશ્યક સાધનો ઉપલબ્ધ થવાથી સમૃદ્ધ દેશોની પંક્તિમાં સહેજે ઊભો રહી શકે. ઉપાર્જન વધ્યું, પરંતુ બરબાદી ન અટકી, તો એવી વૃદ્ધિથી શું ફાયદો ? સામાજિક કુરિવાજો આપણી નૈતિક, આર્થિક અને સામાજિક જ નહીં, શારીરિક, માનસિક અને પારિવારિક બરબાદીઓનું પણ નિમિત્ત બન્યા છે. આ કુરિવાજોમાં સૌથી ભયાનક અને સૌથી અવિવેકપૂર્ણ લગ્નોના નામે બુદ્ધિનું દેવાળું કાઢીને પૈસાની હોળી કરવાની મૂર્ખતા જ કરે છે. સમય આવી ગયો છે કે હવે આપણે આપણું ભલું-બૂરું વિચારીએ અને જે અનુચિત હોય તેને દૂર હઠાવીએ.

દરેક વ્યક્તિ જાણે છે, કે સમગ્ર દેશના સભ્ય સમાજોની જેમ આપણે પણ લગ્નને એક નાનો પારિવારિક ઉત્સવ માત્ર માનીને, તેને સાદગીથી સંપન્ન કરી લેવો જ ઉચિત છે. તેમાં જ સૌનું હિત છે. કોઈ દલીલ એવી નથી, જે વિવાહોન્માદનું સમર્થન કરતી હોય. આટલી મુશ્કેલી હોવા છતાં, આ કુપ્રથાનું પ્રચલિત રહેવું, તેને તોડવાનો પ્રયત્ન ન કરવો તે એ સાબિત કરે છે, કે આપણી વિચારશીલતાનું અયોગ્યને હઠાવી યોગ્યને અપનાવવાની વિવેકબુદ્ધિનું દેવાળું નીકળી ગયું છે. જેને અનિચ્છનીય સમજીએ છીએ, તેને જ છાતીએ વળગાડીને બેસી રહેવું તે મૂર્ખતા અને રૂઢિતાવાદિતાનું એક તિરસ્કાર યોગ્ય ઉદાહરણ છે. ડોશી-પુરાણની આગળ નતમસ્તક થઈને, નાસમજ રૂઢિવાદીઓની હા માં હા મેળવીને વિચારશીલ વર્ગ ચાલે, તે એક લજ્જાસ્પદ વાત



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. વિવેકશીલોએ નેતૃત્વ કરવું જોઈએ. સાહસ અને ઔચિત્ય અપનાવવું જોઈએ. જો એવું ન બની શકે, તો સમજવું કે જીવિત અને જાગૃત લોકો પણ ચેતનાને ખોઈ બેઠા છે. અયોગ્યને જે લોકો સહન કરી લે છે, યોગ્યને અપનાવવાની જેમનામાં હિંમત નથી હોતી, જે અનર્થકારી રૂઢિવાદિતા પાસે નાકલીટી તાણે છે, તેમને શ્વાસ લઈ રહેલાં મડદાં જ કહેવાં પડશે.

પૈસા બરબાદી કરવાની ચીજ નથી. અમીર લોકો તેને લોકોપયોગી કાર્યોમાં વાપરી શકે છે. ગરીબોને તો એક એક પૈસાની કિંમત હોય છે. તેમને માટે તો બરબાદીનો રસ્તો અપનાવવો એ પગ ઉપર કુહાડી મારવા બરાબર છે. લગ્નોના નામે પોણા ભાગની આવક બરબાદ થઈ જાય તે દર્દનાક ઘટના છે. આ અનર્થને એમ જ ચુપચાપ જોયા કરવો ન જોઈએ, પરંતુ તેને મિટાવી દેવા એક પ્રચંડ આંદોનલ છેડવામાં આવ્યું છે અને દરેક વિચારશીલને અનુરોધ કરવામાં આવ્યો છે કે તેમાં જોડાઈ જવા માટે ઉત્સાહપૂર્વક આગળ આવે.

દહેજ વિના, ઘરેણાં વિના, ધામધૂમ વિના, મોટી જાન વિના અને અતિ સાદગીથી ઓછા ખર્ચે થાય તેવા આદર્શલગ્ન આંદોલનની ઉપયોગિતા અને આવશ્યક્તા સામાન્ય લોકોને સમજાવવી જોઈએ. અધિક ખર્ચ કરનાર અને કરાવનારનો વિરોધ કરવો જોઈએ. જેમાં બરબાદી થતી હોય તેવાં લગ્નોમાં હાજરી ન આપવી જોઈએ. જાનમાં ન જવું જોઈએ. નિરર્થક ધામધૂમમાં સહયોગ ન આપવો જોઈએ. અત્યારે તો સમજાવટનું પ્રચાર આંદોલનનું પ્રથમ ચરણ છે. આગળ ઉપર આ આર્થિક આત્મહત્યા કરનારને રોકવા માટે સત્યાગ્રહી સ્વયંસેવક સેના પણ સંગઠિત કરવી જોઈએ.

લગ્નોત્સુક વરકન્યાઓ અને તેમના વડીલોને એવી પ્રતિજ્ઞા લેવા માટે કહેવામાં આવે છે, કે તેઓ હવે અત્યંત સાદગીપૂર્ણ આદર્શલગ્ન જ કરશે. આ પ્રતિજ્ઞા તેમણે પાળવી જ જોઈએ અને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

કોઈ પણ પ્રકારના દબાણમાં આવીને ઢીલા ન પડવું જોઈએ. ઉંમરલાયક વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓમાં આ પ્રતિજ્ઞા આંદોલન વ્યાપક રૂપથી ચલાવી શકાય અને વિચારશીલ શિક્ષકોને આ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા કહેવામાં આવે છે. રૂઢિવાદીઓનો વિરોધ કરવા આપણે અન્ય અનિચ્છનીય તત્ત્વો સાથે સંઘર્ષ કરવા માટે હિંમત સાથે કટિબદ્ધ થવું જોઈએ. એવો વિરોધ છેવટે શ્રેયસ્કર પણ સિદ્ધ થાય છે. પ્રહ્‌લાદ, ભરત, વિભીષણ, બલિ અને મીરાંની પરંપરાને જો વિવાહોન્માદનો વિરોધ કરવા માટે નવી પેઢી અપનાવે, તો તેને અનુચિત નહીં, પરંતુ દરેક દૃષ્ટિએ પ્રશંસનીય જ માનવામાં આવશે. આ આગ્રહથી તેઓ પોતાના વડીલોને પણ 'ખલનાયકની ભૂમિકા કરનાર' એવા કલંકથી બચાવીને વિચારશીલ લોકોની પંક્તિમાં બેસાડવાનું હિતકારક પગલું ભર્યું ગણાશે.

બીજો પક્ષ પોતાના વિચારોવાળો ન મળવાની મુશ્કેલીથી સુધારાવાદી હોવા છતાં, વિવશ થઈને રૂઢિવાદી કાર્ય કરે છે. આ મુશ્કેલીને દૂર કરવા માટે વિવાહોન્માદની વ્યર્થતા સ્વીકાર કરનાર પરિવારોના વિવાહયોગ્ય વરકન્યાની મોટી યાદી યુગ નિર્માણ યોજના દ્વારા એકત્રિત કરવાની શરૂ થઈ ગઈ છે. જેથી દરેક વર્ગ પોતાને યોગ્ય સંબંધની શોધ કરી શકે. ૨૦ પૈસાની ટિકિટ મોકલીને એવી માહિતી કોઈ પણ સુધારાવાદી પ્રાપ્ત કરી શકશે. શરત એક જ છે કે માત્ર કન્યા વિષે જ નહીં, એવો સુધારો જે વરપક્ષવાળા અપનાવવા તૈયાર હોય, તેમને આ યોજનાથી લાભાન્વિત કરવામાં આવશે. એવા ધૂતારાઓની કમી નથી, જે કન્યા વખતે સુધારક અને વર વખતે બગાડનારનો ચહેરો બનાવવામાં સંકોચ નથી રાખતા.

જ્યાં એવાં લગ્ન હોય, ત્યાં સુધારકો અને બુદ્ધિજીવીઓનું કર્તવ્ય છે, કે તે આયોજનોને અધિક આકર્ષક અને પ્રભાવશાળી બનાવે. વધારે લોકો ત્યાં એકત્રિત કરે અને આ યોજનાની સરળતા અને ઉપયોગિતા સમજાવે. જેથી બીજાને પણ એવું અનુકરણ કરવાનું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રોત્સાહન મળે. જ્યાં રૂઢિવાદીઓનો વિરોધ તીવ્ર હોય અને સુધારકો નબળા હોય ત્યાં સારી યુક્તિ એ છે, કે એવાં વરકન્યા ચારપાંચ વડીલો સાથે યુગનિર્માણ યોજનાના મુખ્ય કાર્યાલય, ગાયત્રી તપોભૂમિ, મથુરામાં આવીને પૂર્ણ શાસ્ત્રોક્ત વિધિથી ગાયત્રી માતાની છાયામાં, વિદ્વાન તપસ્વીઓના આશીર્વાદ સહિત લગ્ન કરી લે. તેમાં ભાડાનો ખર્ચ તો જરૂર આવે, પણ આવનજાવન, મિત્રભોજન, ઉપહાર, ફર્નિચરની નિરર્થક જંજાળમાંથી સહજ રીતે બચી જવાશે. જ્યાં એવાં લગ્નો કોઈ ક્ષેત્રમાં સંપન્ન કરવાં હોય ત્યાં સામૂહિક ગાયત્રી યજ્ઞ આયોજનની સાથે તેને વધુ પ્રભાવશાળી ધાર્મિક વાતાવરણમાં સંપન્ન કરી શકાય છે.

આ સંબંધમાં એક વાત એવી ઉત્તમ ગણાશે, કે ઉપજાતિઓનો વિસ્તાર વધારવો અને મોટી જ્ઞાતિઓને જ પર્યાપ્ત માનવી. બ્રાહ્મણ-બ્રાહ્મણમાં, રાજપૂત-રાજપૂત માત્રમાં, વૈશ્ય-વૈશ્ય માત્રમાં, કાયસ્થ-કાયસ્થ માત્રમાં લગ્ન કરવા લાગે તેમાં શાસ્ત્રીય પરંપરાનો જરા પણ ભંગ થતો નથી. સનાતન તો વર્ણ માત્ર છે. ઉપજાતિઓ તો વાહનવ્યવહારની મુશ્કેલીના કારણે તે દિવસોમાં ક્ષેત્રીય લોકોનો એક વ્યાપક વર્ગ બની ગઈ છે. હવે તે ક્ષેત્રીયતા, વર્તુળને કોઈ જાતના સંકોચ વિના પ્રસન્નતાપૂર્વક વ્યાપક ક્ષેત્રમાં ફેરવી શકાય છે. એમ કરવાથી સારાં જોડાં શોધવામાં બહુ સગવડ રહેશે અને દહેજ આપવાનો ચક્રવ્યૂહ પણ તૂટી જશે.

યુગનિર્માણ યોજનાએ આદર્શલગ્ન આંદોલનને બહુ સુવ્યવસ્થિત અને વ્યાપક પરિમાણમાં શરૂ કર્યું છે અને દરેક વિચારશીલ, ભાવનાસંપન્ન વ્યક્તિને આહ્વાન કર્યું છે, કે તેઓ આ કાર્યમાં ઉત્સાહપૂર્વક સાહસ કરીને આગળ આવે અને પોતાનો સહયોગ પ્રદાન કરે.

❖ ❖ ❖



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## (૩૫) ત્રાસવાદી ઉદંડતાનો સખત મુકાબલો કરવામાં આવે

ગુનાઓની અભિવૃદ્ધિના આંકડા જે ઝડપથી વધી રહ્યા છે તે જોઈને એમ લાગે છે, કે આ ચેપી રોગની જેમ સમગ્ર સમાજને જકડી ન લે અને આપણામાંથી પ્રત્યેક વ્યક્તિ ગુનેગાર ન બની જાય. માનવતાની મર્યાદાનું પાલન કરવું, નીતિ, કર્તવ્ય અને સદાચરણને અપનાવવું તથા સામાજિક મર્યાદાઓનું પાલન કરવું એ દરેક વ્યક્તિનો ધર્મ છે. જો નાગરિક કર્તવ્યોનું પાલન કરવામાં લોકોની નિષ્ઠા અખંડ બની રહે, તો સમાજમાં શાંતિ અને સુવ્યવસ્થા ટકી રહે છે તેમજ પ્રગતિ અને સમૃદ્ધિની આશા રાખી શકાય છે. અન્યથા વધતી જતી ઉદંડતા વ્યક્તિને દુર્બળ અને સમાજને અસહાય બનાવતી જશે અને ક્રમશઃ સર્વનાશની ઘડી નજીક આવી જશે.

વ્યક્તિગત સદાચરણ અને સામાજિક કર્તવ્યો પ્રત્યે ઉપેક્ષા અને અવગણનાની પ્રવૃત્તિ નિઃસંદેહ એક ભયાનક વિપત્તિ જ સમજી લેવી જોઈએ. તેનાથી ક્ષોભ, અસંતોષ, રોષ તથા બદલાનો એક એવો પ્રવાહ વધે છે, જેનાથી ઘાત-પ્રતિઘાતની દુર્ઘટનાઓ નિરંતર વધતી જ જાય છે અને રચનાત્મક દિશામાં જે શક્તિ ખર્ચાવી જોઈએ તે દુર્વ્યવહારમાં જોડાઈ જઈને વિનાશકારી પરિસ્થિતિઓ ઉત્પન્ન કરતી રહે છે. પરસ્પર સ્નેહ તથા સદ્ભાવ, સહયોગના આધારોનાં મૂળિયાં કાપતા આ અસમતોલનનું વાતાવરણ ઉત્પન્ન કરે છે અને તેની પ્રતિક્રિયા અંતે દરેકની સામે દુર્ભાગ્યપૂર્ણ બનીને આવે છે.

અપરાધી મનુષ્ય ઘૃણાને પાત્ર, અવિશ્વસ્ત તથા હત્યારો બનીને પોતાના માટે અસહકાર તથા અવરોધ ઉત્પન્ન કરે છે. આતંક અને ભયથી બીજા લોકો ભલે ચુપ થઈ જાય, ડરીને કંઈ કામ ભલે કરી દે, પણ તેણે સ્નેહ સદ્ભાવથી સર્વથા વંચિત જ રહેવું પડે છે કે જે ચિરસ્થાયી પ્રગતિનો એક માત્ર આધાર



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. દુષ્ટ અને રાક્ષસોના વર્ગમાં ગણાતો માણસ, પોતાના આત્મા અને પરમાત્માની સામે પતિત સિદ્ધ થાય છે અને પોતાનું મનોબળ ખોઈને પ્રગતિના વાસ્તવિક આધારોથી વંચિત થઈ જાય છે. અપરાધીઓની વૃદ્ધિ એક શ્રાપ છે, જેનાથી કોઈ સમાજનું ભવિષ્ય અંધકારમય બની શકે છે. અનૈતિક આચરણના પૂરને એક પ્રકારે ગૃહયુદ્ધ જ કહેવું જોઈએ. જેનાં દુષ્પરિણામ અંતે તો સામૂહિક આત્મહત્યા સ્વરૂપે જ સામે આવે છે.

આપણા દેશમાં આજે નાગરિક કર્તવ્યોની અવગણના કરવી એ એક પ્રકારની ફેશન બની ગઈ છે. ઉદ્ધતાઈ ઉદ્દંડતા પ્રદર્શિત કરીને લોકો બીજા ઉપર આતંક જમાવવાની કુચેષ્ટામાં લાગેલા જોવા મળે છે. ધૂર્તતા અને અનીતિને આધારે પ્રાપ્ત કરેલી સફળતાને કુશળતા અને ચાતુર્ય માનવામાં આવે છે. ધર્મથી લઈને રાજનીતિ સુધી, વ્યવસાયથી લઈને દૈનિક પ્રવૃત્તિઓ સુધી અપ્રામાણિક્તાની જ બોલબાલા છે. આ બહુ જ ચિંતાજનક સ્થિતિ છે. આવું જ વાતાવરણ રહેશે, તો પરસ્પર વિશ્વાસ, સદ્ભાવ અને સહયોગનો આધાર જ નષ્ટ થઈ જશે. ત્યારે એકબીજાથી શંકાશીલ અને આતંકિત રહેનાર સમાજમાં વિકાસ અને ઉલ્લાસની પરિસ્થિતિનાં દર્શન દુર્લભ થઈ જશે. આવા વાતાવરણમાં પ્રગતિને માટે કરવામાં આવતા સર્વ પ્રયત્નો રેતીની દીવાલની જેમ ધરાશાયી થઈ જશે.

આવશ્યક્તા એ વાતની છે, કે દરેક માણસે પોતાનાં નાગરિક, ધાર્મિક, સામાજિક અને માનવીય કર્તવ્યોનું પાલન કરવા માટે પ્રશિક્ષિત થવું જોઈએ. શિક્ષણનો મૂળ આધાર એ જ હોવો જોઈએ. લોકશિક્ષણની જવાબદારી સંભાળનાર સાહિત્ય, સંગીત અને કલાની દિશા એ જ હોવી જોઈએ. કલમ અને વાણીનું સ્ફૂરણ એ જ પ્રયોજન માટે થવું જોઈએ. પત્રકારો આ જ લક્ષ્ય રાખે. સરકારી નિયંત્રણમાં ચાલતા રેડિયો દ્વારા આ જ સ્તરનું પ્રસારણ થાય. સાર્વજનિક પ્રયોજનનું સ્થાન ગ્રહણ કરનાર સિનેમામાં જે કંઈ દેખાડવામાં આવે તે પણ આ જ પ્રયોજનની પૂર્તિ કરે. સંગીત



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને ગાયનના હર તરંગ દ્વારા નૈતિક્તાનું સમર્થન કરવામાં આવે. ધર્મ દ્વારા પણ જે કંઈ કથાપ્રવચનો પ્રસ્તુત આવે તે મનુષ્યને સદાચારી અને કર્તવ્યનિષ્ઠ બનાવે તથા લોકમંગળ માટે ત્યાગ - બલિદાનની પ્રેરણાથી સભર હોય. શાસનવ્યવસ્થા અંતર્ગત નૈતિક્તાની બાબતમાં વધુ સતર્કતા રાખવામાં આવે અને અનૈતિક્તાને કઠોરતાપૂર્વક કચડી નાંખવામાં આવે. આ પ્રકારના સર્વતોમુખી પ્રયત્નો દ્વારા નરપશુને માનવીય કર્તવ્યોનું પાલન કરાવીને સજ્જન અને સદ્ભાવસંપન્ન બનાવી શકાય છે. આ માનવજાતિની મહત્ત્વની જરૂરિયાત છે. દરેક વિચારશીલનું ધ્યાન અહીં જવું જોઈએ અને દરેક સમર્થોએ આ દિશામાં વિશેષ સહકાર આપવો જોઈએ. સદાચરણના સંરક્ષણથી જ જગતમાં શાંતિ અને સુવ્યવસ્થા ટકી રહેવાની તથા પ્રગતિનું મંગલમય વાતાવરણ બનવાની આશા રાખી શકાય.

આ પ્રકારના રચનાત્મક પ્રયત્નોની સાથોસાથ, જનચેતનામાં ગુનેગારોનો વિરોધ કરવાનું યોગ્ય સાહસ જાગૃત કરવું જોઈએ, પરંતુ બને છે એવું કે થોડાક આતંકવાદીઓ અનીતિ અને ઉદ્દંડતા કરતા રહે છે અને લોકો દર્શક તરીકે જોયા કરે છે. આ અનીતિનો વિરોધ કરવાથી પોતાને કંઈ નુકસાન સહન ન કરવું પડે, આ ભીરુતા સાર્વજનિક જીવનની એક નિન્દનીય દુર્બળતા છે, જેના કારણે ત્રાસવાદીઓ નિર્ભય બનીને પોતાની દુષ્ટતાને દિવસેદિવસે વધાર્યા કરે છે. હજાર મનુષ્યોની સામે થોડાક ચોર - ગુંડા મનમાની કરે, છતાં કોઈ બોલે પણ નહીં તે જોનારાઓ માટે ડૂબી મરવા જેવી લજ્જાસ્પદ વાત છે. દરેકે એમ વિચારવું જોઈએ, કે જો તેના ઉપર અનીતિપૂર્વક આક્રમણ થાય, તો તેણે બીજા સજ્જનો પાસે સહાયતા કે અવરોધની આશા રાખવી જોઈએ કે નહીં ? જો હા, તો તેનું પણ કર્તવ્ય છે, કે જ્યાં ઉદ્દંડતા થઈ રહી હોય, ત્યાં ઉપસ્થિત લોકોમાં ચેતના ઉત્પન્ન કરવી અને અવરોધ માટે સાહસપૂર્વક સામે થઈ જાય.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અનીતિને સહન ન કરવી, કોઈ ઉપર અનીતિ ન થવા દેવી, એવી હિંમત દરેક જીવંત મનુષ્યમાં હોવી જોઈએ. બહાદુરી માનવતાનું એક આવશ્યક અંગ છે. પૌરુષસંપન્ન હોય, તેને જ પુરુષ કહેવાય છે. શૌર્ય અને સાહસ મનુષ્યજીવનની અનિવાર્ય જરૂરિયાત છે. તેના વિના અન્ન ખાવા અને શ્વાસ લેવા માટે જીવિત મનુષ્યને પતિત કે મરેલા જ કહેવા જોઈએ. કહેવાની જરૂર નથી, કે શૌર્યનું પ્રદર્શન અને પરીક્ષણ અનીતિનો અવરોધ કરવાનો અવસર આવે ત્યારે જ કરી શકાય છે. દુષ્ટતા પ્રવર્તતી રહે અને ભયભીત, અસહાય અને કાયરની જેમ કોઈ માણસ માત્ર દર્શક બનીને ઊભો રહે, તેનાથી અધિક ધિક્કારની દયનીય સ્થિતિ બીજી કઈ હોય ? કોઈ અવસર એવા હોય છે કે જેમાં જોખમ ઉઠાવવું એ ગર્વ અને ગૌરવનું નિમિત્ત કારણ બને છે. આતંકવાદી ઉદ્દંડતાના અવરોધમાં જોખમ ઉઠાવવું એ સત્સાહસ છે, જેની પ્રશંસા મૂક માનવતાના કણેકણ કરતા રહેશે.

અપરાધી મનોવૃત્તિ ફેલાવાથી એક બહુ મોટું વિરોધનું સાહસ શિથિલ થઈ જવાની અણી ઉપર છે. માનવીય ભવિષ્યને ઉજ્જવળ બનાવવાની દૃષ્ટિએ આ દુર્બળતાનો અંત આવવો જોઈએ અને દરેક માણસમાં એવો ઉત્સાહ ઉત્પન્ન થવો જોઈએ, કે ત્રાસવાદીના આતંકનો દરેક મોરચે, દરેક સ્થિતિમાં મુકાબલો કરવામાં આવે અને ઉચ્છૃંખલતાના દરેક પગલાંને આગળ વધતાં રોકવા માટે તેની સામે મક્કમ મુકાબલો કરવામાં આવે.

## (૩૬) ધર્મતંત્રને પ્રગતિશીલ બનવા દઈએ

જે રીતે વ્યક્તિગત જીવનમાં વાસના અને તૃષ્ણા બે મોટાં પ્રબળ અને પ્રભાવી તત્ત્વો છે, તે જ રીતે સામાજિક જીવનમાં રાજનીતિ અને ધર્મ પણ મુખ્ય તત્ત્વો છે. રાજનીતિનો પ્રભાવ સર્વવિદિત છે. શાસન સારું કે ખરાબ હોવાથી અને શાસકોની પ્રવૃત્તિ-મનોવૃત્તિથી દેશનું માળખું અને સ્વરૂપ જ બદલાઈ જાય છે. સમાજગત અગણિત સમસ્યાઓનો ઉદ્ભવ અને સમાધાન ઘણું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરીને તેની રાજકીય સ્થિતિ ઉપર નિર્ભર રહે છે. આ તથ્યને સર્વ લોકો સમજે છે અને રાજનીતિમાં પ્રવેશ કરીને પોતાનું વર્ચસ્વ વધારવા અને દેશની સ્થિતિને પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરે છે.

આપણા દેશમાં રાજનીતિ કરતાં પણ વધુ મહત્ત્વ ધર્મનું છે. આ દેશની અડધી જનતા અશિક્ષિત છે અને ગામડામાં રહે છે. તેના વિચાર સ્તરમાં જો કોઈ તથ્ય વસ્તુ હોય, તો તે છે ધર્મની કહેવાતી અભિરુચિ. સમાજવિજ્ઞાન, નાગરિક્તા, દેશભક્તિ, આંતરરાષ્ટ્રીયતા, રાજનીતિ, સહકારિતા, નીતિશાસ્ત્ર, કાયદો, તર્ક વગેરેની તો તેને જાણકારી છે જ નહીં. મગજની પહોંચ દૈનિક જીવનની અનિવાર્ય સમસ્યાઓથી આગળ વધીને કેવળ ધર્મ સુધી જ છે. જ્યારે પણ મહત્ત્વપૂર્ણ ચર્ચા ચાલે છે, વિચાર-વિનિમય, શંકા-સમાધાન તથા ઉહાપોહ થાય છે, તો તેનો વિષય ધર્મ સિવાયનો બીજો કોઈ નથી હોતો.

ઘરની બહાર ક્યારેય મુસાફરીમાં જવું હોય તો, તીર્થ-યાત્રા, ધનનો સદુપયોગ કરવો હોય તો બ્રાહ્મણ, સાધુઓ તથા દેવ મંદિરોમાં દાનપુણ્ય, સમયને શુભ કાર્યમાં લગાવવો હોય તો, કથા-કીર્તન, મનોરંજન આયોજનોમાં રામલીલા, રાસલીલા ધાર્મિક મેળા, કુંભમેળો, સોમવતી અમાસ, દર્શન, ઝાંખી વગેરેની ગણના થાય છે. તાત્પર્ય એ છે, કે રોજીરોટી ઉપરાંત આ ૮૦% જનતાની ઉત્કટ આકાંક્ષાઓ ક્યારેય ઊભરાય તો તે ધર્મ સુધી જ સીમિત રહેશે.

રાજનીતિને સમજી શકવી એવા શિક્ષિત લોકોનું કામ છે, જેઓ રોજ છાપું વાંચે છે અથવા તેના સંપર્કમાં રહે છે. સામાન્ય જનતા તેનાથી એટલો જ પરિચય મેળવે છે જેટલો ટેક્સ કંટ્રોલ વગેરેનો સીધો પ્રભાવ તેના ઉપર પડે છે. અન્ય પાસાંઓથી લગભગ જનતા અપરિચિત જ રહે છે, પણ ધર્મની બાબતમાં એવું નથી. તેની કથાઓ, પ્રથાઓ તથા માહિતીની સ્ત્રી-બાળકોને પણ ખબર છે. એ જ કારણે આપણો ધર્મ અને તેનું કલેવર બહુ જ ભારે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને મોંઘું હોવા છતાં પણ જનતા દ્વારા ખુશીપૂર્વક તેનો ભાર સહેવામાં આવે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે જનતામાં કોઈ શ્રેષ્ઠતા, મહત્તા, હલચલ અને પરિવર્તન કરવું હશે, તો તેને માટે ધર્મમંચ જ સૌથી પ્રભાવશાળી માધ્યમ બની શકે છે. જે સમજાવવું હોય તેનો સંબંધ ધર્મની સાથે જોડીને સમજાવવામાં આવે, તો તેમાં આશાજનક સફળતા મળી શકે છે. ગાંધીજી આ દેશની નાડી પારખીને કામ કરતા. જનતાની મનઃસ્થિતિને સમજવામાં તેઓ બહુ કુશળ હતા. તેમણે સ્વતંત્રતા સંગ્રામને ધાર્મિક આંદોલનના રૂપમાં ચલાવ્યો. પોતે મિસ્ટર ગાંધી કે બેરિસ્ટર ગાંધી ન રહીને મહાત્મા ગાંધી સ્વરૂપે સામે આવ્યા. એવો જ વેશ, પહેરવેશ તેમણે ધારણ કર્યો, સત્ય-અહિંસાના પ્રાથમિક ધર્મ-સિદ્ધાંતને આધાર બનાવ્યો. સામાજિક ધર્મ-રાજ્યને માટે ધર્મયુદ્ધ છેડ્યું. ગૌમાતાના ઉદ્ધારનું આશ્વાસન આપ્યું. રઘુપતિ રાઘવ રાજા રામનો કીર્તન-ધ્વનિ લઈને ચાલ્યા અને ભારત માતાની જય બોલ્યા. આ પ્રક્રિયા ભારતીય ધાર્મિક્તા સાથે જોડાયેલી છે. તેથી તેમનું સત્યાગ્રહ આંદોલન, શિક્ષિત-અશિક્ષિત બન્નેમાં લોકપ્રિય બન્યું અને છેવટે તેને સફળતા મળી. એ વખતે અન્ય મુખ્ય રાજનેતાઓ પણ, આ જ પ્રક્રિયાને પોત પોતાની રીતે અપનાવતા હતા. આપણા સ્વતંત્રતા સંગ્રામની સફળતાનું આ એક મહત્ત્વપૂર્ણ લક્ષ્ય તથા આધાર હતો. જો આ આધાર ન અપનાવ્યો હોત, તો માર્ગ ભારે લાંબો પડી જાત અને ઘણી કિંમત ચૂકવવા છતાં બહુ થોડી સફળતા મળી હોત.

સ્થિતિ તો આજે પણ એવી જ છે. રાજનૈતિક સ્વતંત્રતા પછી અનેક મહત્ત્વપૂર્ણ કાર્યો કરવાનાં છે. સામાજિક કુરિવાજોને દૂર કરવા, નૈતિક આચાર-વ્યવહારનું સમાધાન, શિક્ષણમાં અભિરુચિ, સહયોગની ભાવના, શુભનું સન્માન, સ્વતંત્ર ચિંતન, સદાચરણ, આહાર-વ્યવહારની શુદ્ધિ, સંઘબદ્ધતા, અનુશાસન વગેરે કેટલીયે અભિનવ પ્રવૃત્તિઓને જન્મ આપવાનો છે. હજાર વર્ષની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ગુલામી પછી આપણું માનસિક ધરાતલ એટલું વિપરીત થઈ ગયું છે, કે તેના દરેક ભાગમાં પરિવર્તન કરવું પડે તેમ છે. રાષ્ટ્રનું નિર્માણ નવેસરથી કરવું પડશે. જો જનમાનસમાં શ્રેષ્ઠતા અને આદર્શવાદિતાનાં તત્ત્વોનો સમાવેશ ન થયો, તો આજીવિકા, શિક્ષણ, ચિકિત્સા વગેરેની સગવડો વધવા છતાં માત્ર વિપત્તિઓ, વિગ્રહ અને ગુનાઓમાં જ વૃદ્ધિ થશે.

ભારતની વર્તમાન સ્થિતિમાં નવનિર્માણનો આધાર કેવળ ધર્મ જ હોઈ શકે. તેનાથી આપણે વિચાર પરિવર્તન અને સત્પ્રવૃત્તિઓનું અભિવર્ધન કરી શકીએ છીએ.શહેરી અને સુશિક્ષિત જનતામાં પણ ધર્મને જો વિવેકપૂર્ણ અને બુદ્ધિસંગત ઢંગથી રજૂ કરવામાં આવે, તો ત્યાં પણ તેને યોગ્ય સન્માન અને ઉચિત સ્થાન મળી શકે છે. તેથી રાષ્ટ્રની અભિનવ રચના અંગે વિચાર કરનાર, વિશ્વાસ રાખનાર, દરેક વિચારશીલ નાગરિકનું કર્તવ્ય છે, કે રાજનીતિમાં જ્યાં પહેલેથી જ બહુ ઘૂસણખોરી અને ધક્કામુક્કી છે, ત્યાં પ્રવેશવા કરતાં ધર્મનું અવલંબન લઈને વ્યક્તિનો ઉત્કર્ષ અને સમાજના શુદ્ધિકરણ માટે પોતે આગળ આવે. આ માર્ગ જો જ્ઞાની તથા પ્રતિભાશાળી લોકો અપનાવી શકે, તો સુધારાના કાર્યોમાં આશાજનક સફળતા મળી શકે છે અને રાષ્ટ્રના સર્વાંગી નવનિર્માણનું પ્રયોજન આશ્ચર્યજનક ગતિથી સંપન્ન થઈ શકે છે.

ભારતીય જનતાની ધર્મશ્રદ્ધાનું આજે એટલું શોષણ અને દુરુપયોગ થઈ રહ્યો છે, કે કોઈપણ વિચારશીલને ભારે દુઃખ થયા વિના રહેતું નથી. વસતીના આંકડા મુજબ દેશના ૫૬ લાખ લોકો સાધુ-મહાત્મા તથા ધર્મજીવીનું ક્લેવર ઓઢીને ભિક્ષાવૃત્તિ કરે છે અને જાતજાતના ભ્રમ તથા અંધવિશ્વાસ ફેલાવે છે. ગરીબ જનતા તેમના નિર્વાહનો ભારે ખર્ચ વેઠે છે. જો આ ૫૬ લાખની જનશક્તિ લોકમંગલમાં લગાવી શકીએ, તો જે એક લાખ પાદરીઓએ થોડા જ દિવસમાં વિશ્વની ત્રીજા ભાગની ( બે અબજ ) જનતાને ખ્રિસ્તી બનાવી દીધી, તેની તુલનામાં આપણે ૫૬ ગણું વિશેષ કામ કરી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શકીએ. ભારતનાં સાત લાખ ગામડાંમાં ૫૬ લાખ સાધુ કાર્યરત થઈ જાય, તો દરેક ગામના ભાગે આઠ લોકસેવી કાર્યકર્તા આવે. તેનાથી ત્યાંનું શિક્ષણ, સદાચાર, સ્વાસ્થ્ય, સ્વચ્છતા, મૂર્ખતા, કુપ્રથા વગેરે સમસ્યાઓ જોતજોતામાં હલ થઈ જાય.

કરોડો વ્યક્તિ ધર્મના નામે ઢગલાબંધ પૈસા, સમય અને પુષ્કળ શ્રમ ખર્ચે છે. જો તેનો વિવેકસંમત અને યોજનાબદ્ધ ઉપયોગ થવા લાગે, તો તેનાથી સરકારી વિકાસ યોજનાઓ કરતાં સોગણું અધિક કાર્ય સ્વેચ્છાપૂર્વક થઈ શકે છે. દર સોમવતી અમાસે ગંગાસ્નાન કરવા લગભગ ૫૦ લાખ વ્યક્તિ આવે છે. દરેક વ્યક્તિના સમય અને ખર્ચનો અંદાજ કરીએ તો ૧૦ કરોડ રૂપિયા થાય. એવી લગભગ પાંચ-સાત સોમવતી અમાસ દર વર્ષે આવે છે. તેમાં લગભગ પચાસ કરોડ ખર્ચ થાય છે. જો આ નાંણાં, ગંગામાં ભળતાં ગંદાં નાળાં કે કૃષિ કાર્યો માટે ફાળવવામાં આવે તો એક જ વર્ષમાં ગંગામાતાની સ્વચ્છતા અને સિંચાઈની કરોડોની આવક થઈ શકે છે. એવું નિર્માણાત્મક નેતૃત્વ જો ધર્મતંત્રનો વિવેક રાખનારે કર્યું હોત, તો દેશની સ્થિતિ કોણ જાણે ક્યાંયની ક્યાંય પહોંચી ગઈ હોત

મંદિર-મઠોમાં લગભગ ૮૦૦ અબજ રૂપિયાની જંગમ મિલકત પડી છે. દર વર્ષે તેની આવક લગભગ ૩૦ અબજ રૂપિયા છે. જનતા જેટલો સરકારી ટેક્સ ભરે છે તેનાથી અધિક આ સ્વૈચ્છિક અનુદાન ગણાય. જો આ પૈસા રચનાત્મક પ્રવૃત્તિ માટે ફાળવવામાં આવે, તો તેનાથી કાયાકલ્પ જેવું પરિવર્તન થઈ શકે. કથા-સત્સંગના નામે જે કચરો જનતાના મગજમાં ભરી દેવામાં આવે છે તેને સ્થાને જો સાચા ધર્મ, તત્ત્વજ્ઞાન, અધ્યાત્મ, નીતિ, સદાચાર, કર્તવ્યપરાયણતા અને સામાજિકતાનું પ્રશિક્ષણ આપવામાં આવે, તો સૂતેલું ભારત, એકાએક જાગૃત બની શકે અને આત્મનિર્માણ જ નહીં, વિશ્વભરનું નેતૃત્વ કરવામાં સમર્થ થઈ શકે તેમ છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આજે ધર્મતંત્ર લગભગ પ્રતિક્રિયાવાદી, પ્રતિગામી અને જનમાનસને ભ્રમજંજાળમાં ઘસડી જનાર પાખંડીઓના હાથમાં છે. તેઓ ધર્મના નામે જનતાનું ખરાબ રીતે શોષણ કરે છે અને બદલામાં તેઓને મૂર્ખતાની જાળજંજાળમાં ફસાવ્યા કરે છે. આ પરિસ્થિતિને બદલવી જોઈએ. આ માટે આલોચના કરવાથી કે મનમાં મૂંઝાયા કરવાથી કામ નહીં ચાલે. આપણે આગળ ચાલીને આ મહત્ત્વપૂર્ણ ક્ષેત્રમાં પ્રવેશ કરવો પડશે અને જનતાને યોગ્ય નેતૃત્વ પૂરું પાડીને, તે પ્રચંડ જનશક્તિ, શ્રદ્ધા અને સંપત્તિને ઉપયોગિતાની દિશામાં વાળવી પડશે. રાજકારણમાં સુધારણાના પ્રયત્નો ચાલે છે તે ઠીક છે, પણ તેનાથી અધિક ધ્યાન દેવા યોગ્ય ધર્મકારણ છે. વિવેક અને દૂરદર્શિતાનો એ જ પોકાર છે, કે જ્ઞાની વ્યક્તિ ધર્મતંત્ર સ્વયં સંભાળે અને ઊલટી વિચારસરણીને બદલી નાંખે.

## (૩૭) સાધુ-બ્રાહ્મણ સમાજ પોતાનું કર્તવ્ય અને જવાબદારી સમજે

આપણા દેશમાં સાધુ-બ્રાહ્મણો પ્રત્યે જનતાને ઊંડી શ્રદ્ધા હોય છે. તેમના સન્માન, સત્કાર અને ભરણપોષણને માટે ઘણું કાર્ય કરવામાં આવે છે. આજે પણ કંઈક અંશે આ પરંપરા હયાત છે. ૫૬ લાખની વિશાળ સંખ્યા ધરાવતા સાધુસમાજનો નિર્વાહ જે સામાન્ય જન-સ્તરથી કંઈક ઊંચો છે તેમનો ખર્ચ ધાર્મિક જનતા જ ઉપાડે છે. બ્રાહ્મણ વર્ગ તે સંખ્યા ઉપરાંતનો છે. પંડિત, પુરોહિત, પુજારી, તીર્થ-ગોર, કથાવાચક, કીર્તનકાર વગેરે વર્ગોમાં વિભાજિત બ્રાહ્મણ સમાજની સંખ્યા પણ લગભગ એટલી જ હોઈ શકે, જેટલી સાધુ સમાજની છે. સાધુ અને બ્રાહ્મણ મળીને લગભગ એક કરોડ થઈ જાય છે. લગભગ ૭૦ કરોડની હિન્દુ જનતામાં દરેક ૭૦ વ્યક્તિ પાછળ એક સાધુ-બ્રાહ્મણ રોકાય છે. જેનો નિર્વાહ આ ગરીબ દેશના નાગાભૂખ્યા લોકો ભારે શ્રદ્ધા અને આશા સાથે, પોતાનું પેટ ઊણું રાખીને કરે છે. ભારતીય જનતામાં આ આધુનિક



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

યુગમાં પણ જે ધર્મશ્રદ્ધા હયાત છે તેની પ્રશંસા જ કરવી જોઈએ.

આ શ્રદ્ધાનો બદલો વાળવાની જવાબદારી આપણા સાધુબ્રાહ્મણ સમાજ ઉપર આવે છે. પ્રાચીનકાળમાં આ વર્ગના લોકો, પોતાના ઉચ્ચચરિત્ર, મહાન જ્ઞાન અને ઉદાત્ત સેવાભાવનાનો પૂરેપૂરો લાભ જનતાને આપતા હતા અને સ્વયં એટલા નિસ્પૃહી રહેતા હતા, કે ભોજન-વસ્ત્રની વાત પણ ભગવાન ઉપર છોડી દેતા હતા, જે ખરેખર જનતા જનાર્દન દ્વારા પૂર્ણ કરવામાં પણ આવતાં હતાં. આ વર્ગનો થોડો સમય, ઈશ્વર ઉપાસના અને આત્મબળના શુદ્ધિકરણ અને સ્વાધ્યાય દ્વારા જ્ઞાનવર્ધનમાં પણ ખર્ચાતો હતો, પણ અધિકાંશ સમય તો જન સાધારણની ભૌતિક અને આત્મિક પ્રગતિ માટે સહાયતા કરવામાં વીતતો હતો. આ જ ઋષિ ધર્મ છે. સાધુ અને બ્રાહ્મણ આ પવિત્ર કર્તવ્યમાં પોતાને બંધાયેલા માનતા હતા. ઉપાસના અને સ્વાધ્યાય દ્વારા વધારેલું આત્મબળ અને જ્ઞાનબળ પોતાનો સ્વાર્થ સાધવા માટે નહીં, પરંતુ એટલા માટે પ્રાપ્ત કરતા, કે તેના દ્વારા લોકમંગલ માટે વિશેષ મહત્ત્વપૂર્ણ કાર્ય કરી શકે.

સાધુ અને બ્રાહ્મણના રૂપમાં લોકસેવકોની એક વિશાળ સેના સમાજને ઉપલબ્ધ રહેતી હતી. શિક્ષક, ચિકિત્સક, એંજિનિયર, કલાકાર, ન્યાયાધીશ, ધર્મોપદેશક, સમાજ વ્યવસ્થાપક, વૈજ્ઞાનિક, સંશોધનકાર, યોદ્ધા વગેરે સર્વ લોકમંગલને માટે યોગ્ય કાર્યકર્તા એ જ વર્ગમાંથી મળી જતા હતા. તેથી જનતા તેમના ભરણપોષણનો ભાર ઉઠાવીને પણ ખોટમાં રહેતી ન હતી. તેમના દ્વારા અપાયેલું આર્થિક અને ભાવનાત્મક અનુદાન હજારગણું થઈને પરત આવતું હતું. તેથી તે ઉદારમના અતિ ઉપયોગી વર્ગનો ભાવભર્યો આદર જન-જનના મનમાં રહેતો હતો. સરકારી ભારે ખર્ચથી જે લોકોપયોગી કાર્યો આજે વેઠ ઉતારીને કરવામાં આવે છે, તે પ્રાચીનકાળમાં સાધુબ્રાહ્મણ સમાજ દ્વારા, અતિ સ્વલ્પ ખર્ચમાં અતિ સાવધાની અને અતિ શ્રેષ્ઠ સ્તરે સહેજે સંપન્ન થતાં હતાં. જનતા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઉપર કરવેરાનો બોજો પણ પડતો નહીં અને જે કાર્યો સરકારને મજબૂરીથી પૂરાં કરવાં પડે છે, તે સાધુ-બ્રાહ્મણ દ્વારા સહજ રીતે પૂરા કરવામાં આવતાં હતાં અને સમાજ દિન-પ્રતિદિન સમર્થ, સંપન્ન અને પ્રગતિશીલ બનતો આગળ વધી રહ્યો હતો.

અજ્ઞાની જનતા પોતાનું કર્તવ્ય ભૂલી જાય તો ક્ષમ્ય છે, પણ ભારતના આત્માનો પ્રતિનિધિ વર્ગ જો પોતાનું કર્તવ્ય ભૂલે, તો તેને એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના જ કહેવી જોઈએ. આજે એવી જ દયનીય દશા આ મૂર્ધન્ય વર્ગની થઈ ગઈ છે જેને જોઈને રોવું આવે છે. જનતા પાસેથી યેનકેન પ્રકારેણ અર્થલાભ અને પૂજા-સન્માન પ્રાપ્ત કરવા માટે તો ઋષિઓએ આ વર્ગની રચના કરી ન હતી. બદલો વાળ્યા વિના અર્થલાભ કરવો તે તો બહુ જ ઘૃણિત કાર્ય છે. ચોરી કરતાં પણ મફતખોરીનું પાપ મોટું માનવામાં આવે છે. ભિક્ષાવૃત્તિથી પ્રાપ્ત આજીવિકા અપંગ, અસહાય કે લોકસેવી માટે જ ગ્રાહ્ય છે. બીજાને માટે તો તે પતન અને તિરસ્કારને યોગ્ય માનવામાં આવે છે. ભારતીય તત્ત્વવેત્તાઓએ નિઃસંદેહ, સાધુ-બ્રાહ્મણ વર્ગની રચના મફતખોરી માટે કરી જ ન હતી. સ્વલ્પ સહાય મેળવીને તેના બદલામાં અનેકગણું દાન પાછું આપવવા માટે જ આ વર્ગની રચના કરી હતી. જો આ સર્જકોને એવું અનુમાન-આભાસ થયો હોત, કે જનતા પાસેથી અર્થલાભ અને સન્માન મેળવીને પણ આ લોકો તેનો બદલો નહીં ચૂકવે, તો સંભવતઃ આ મહાન તત્ત્વવેત્તાઓએ આ સાધુ-બ્રાહ્મણને કોઈ બીજા જ બીબામાં ઢાળ્યા હોત.

આજે ઉપરોક્ત વર્ગમાં મફતખોરીને પોતાનો જન્મસિદ્ધ હક્ક માનવાનો અહંકાર થઈ ગયો છે. પોતાને દેવતાઓના પ્રતિનિધિ કે પૂજાપાઠના જાણકાર જાહેર કરીને વંશ કે કુળના નામ ઉપર જ દાનદક્ષિણા વસૂલ કરવાનો જે ક્રમ ચાલી રહ્યો છે, તે સર્વથા અનિચ્છનીય છે. વંશ, વેશ કે પૂજા-પાઠને આધારે જનતા પાસેથી સન્માન મેળવવું અયોગ્ય છે. એવો લાભ તો તેને જ પ્રાપ્ત થવો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જોઈએ, જેણે પ્રાણપણથી પોતાનો સમગ્ર સમય અને મનોયોગ લોકમંગલને માટે નિયોજિત કર્યો હોય. યોગ્ય-અયોગ્યના પ્રકાશમાં આપણા સાધુ બ્રાહ્મણોએ પોતાની ગતિ સ્થિતિને વારંવાર ઓળખવી જોઈએ અને સમય આવ્યે પોતાની નીતિરીતિમાં ફેરફાર કરી લેવો જોઈએ, જેથી બુદ્ધિવાદી યુગમાં તિરસ્કૃત, બહિષ્કૃત થતા પહેલાં જ સ્થિતિને સુધારી શકાય.

જેને લોકમંગલમાં રુચિ નથી અને જે જનકલ્યાણને માટે કંઈ કરી શકવા સમર્થ નથી, તેને માટે એ જ યોગ્ય છે, કે વેશ યા વંશના નામે દાન કે ભિક્ષા લેવાનું તુરત જ બંધ કરી દે. તેઓ બીજા લોકોની જેમ શ્રમ દ્વારા આજીવિકા ચલાવે અને પોતાને ઉચ્ચવર્ગના પ્રતિનિધિ ગણવાનો દાવો હઠાવી લે.

જેનામાં સેવાની બુદ્ધિ, ઉમંગ અને યોગ્યતા જીવિત છે, તેઓ જ આ વર્ગનું પ્રતિનિધિત્વ કરે. એવા સાચા સાધુ-બ્રાહ્મણ જો થોડા પણ ટકી રહે, તો તેમનું પ્રાચીન ગૌરવ જળવાઈ રહેશે અને જનતાની શ્રદ્ધા વધુ વખત ટકી રહેશે. નહીંતર આગામી દિવસોમાં આ મૂર્ધન્ય વર્ગને મફતખોરી અને અનિચ્છનીય પરંપરા રજૂ કરવાના અપરાધ માટે ખરાબ રીતે તિરસ્કૃત કરવામાં આવશે.

સાધુ અને બ્રાહ્મણમાં અંતર એટલું જ છે, કે એક વર્ગ અવિવાહિત રહે છે, બીજો વિવાહિત જીવન ગુજારે છે. લક્ષ્ય, ઉદ્દેશ્ય અને કાર્યક્રમ બન્નેનો એક જ છે. તેથી તેમને એક જ વર્ગના, એક જ સ્તરના માનવમાં આવે છે. બન્નેની જીવનચર્યા એક સરખી જ હોઈ શકે, કે તેઓ જનમાનસને ઉચ્ચ બનાવે અને સમાજમાં સત્પ્રવૃત્તિઓનું અભિવર્ધન કરવા માટે પોતાની સમગ્ર ક્ષમતા અને યોગ્યતા નિયોજિત કરે. દેશમાં શિક્ષણ, સાક્ષરતાની ભારે કમી છે. બાળકો, પ્રૌઢો અને નારીઓ માટે પોતાનો પૂરો સમય લગાડીને ટૂંકા ગાળાના શિક્ષણ-પ્રયત્નો ગલી-ગલી, શેરી-ચૌટે કરવાની જરૂર છે. આ પ્રયોજનને માટે સર્વત્ર વ્યવસ્થા કરી શંકાય. સામાજિક કુરિવાજો અને અનૈતિક દુષ્પ્રવૃત્તિઓથી જર્જરિત



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ દેશને વિવેકપૂર્ણ વિચારધારાની ડગલેને પગલે જરૂર છે. તેને માટે શિક્ષણાત્મક, રચનાત્મક અને સંઘર્ષાત્મક અનેક પ્રયત્ન ઊભા કરી શકાય. 'યુગનિર્માણ યોજના' એ શતસૂત્રી કાર્યક્રમો દ્વારા, રાષ્ટ્રના પુનર્નિર્માણ માટે જે સર્વતોમુખી પુણ્યપ્રક્રિયા રજૂ કરી છે, તેનું એકેએક ચરણ સાધુ બ્રાહ્મણો દ્વારા અપનાવવા યોગ્ય, કાર્યાન્વિત કરવા યોગ્ય છે. સારું તો એ છે કે આપણો સન્માનિત સાધુ-બ્રાહ્મણ સમાજ સમય પહેલાં ચેતે અને પોતાની પ્રવૃત્તિઓને એ જ દિશામાં વાળે કે જેને માટે તેનું સર્જન કરવામાં આવ્યું હતું.

## (૩૮) મંદિરો શ્રદ્ધા અને સત્પ્રવૃત્તિઓનાં જાગૃત કેન્દ્રો બને

ભારતના ઋષિમુનીઓએ વિશાળકાય મંદિરોનું નિર્માણ કરવાની પ્રક્રિયા ઘણા મહત્ત્વપૂર્ણ હેતુઓની પરિપૂર્ણતા માટે હાથ ધરી હતી. ભગવાનનાં મંદિરોની સ્થાપના કરીને સર્વસાધારણ માણસના મનમાં શ્રદ્ધાની માન્યતાઓ વિકસાવવી, એ આપણાં દેવાલયોનો મુખ્ય ઉદ્દેશ છે. શ્રદ્ધાનો અર્થ છે - ઈશ્વરના આદેશોનું પાલન કરવું, નૈતિક જીવન જીવવું, દુષ્કર્મોથી દૂર રહેવું અને વિશ્વાત્મા - પરમાત્માને સુરમ્ય અને સુગંધિત બનાવવા માટે પોતાનું વધુમાં વધુ યોગદાન આપવું. શ્રદ્ધાનું પ્રથમ ચરણ જપ, ધ્યાન અને પૂજાપાઠ હોઈ શકે, પણ તેની પૂર્ણતા છે ભગવાનને અને તેના આદેશોને જીવનમાં ઉતારવા. પ્રામાણિક સદાચારી અને પરમાર્થપરાયણ જીવન જ કોઈની શ્રદ્ધાનું પ્રમાણ હોઈ શકે. આ શ્રદ્ધાની ઉપર જ વ્યક્તિ અને સમાજની શ્રેષ્ઠતા અને સુખશાંતિનો આધાર છે. ભગવાન આપણી ખૂબ જ નજીક અંતઃકરણમાં બિરાજમાન છે. તેને નિંદા-સ્તુતિ સાથે કંઈ લેવાદેવા નથી. તેની પ્રસન્નતા-અપ્રસન્નતા, કૃપા-અવકૃપા નો આધાર એ વાત ઉપર છે, કે કોણ તેના આદેશોનું કેટલું પાલન કરે છે. આ તથ્યને સમજનાર વ્યક્તિ સજ્જનોચિત્‌સદાચારી જીવન જ જીવશે અને સમાજ પ્રત્યેનાં પોતાનાં કર્તવ્યોને ધ્યાનમાં રાખીને લોકમંગલને માટે,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પોતાની સૌથી વધુ સહાય આપવા માટે તત્પર રહેશે. શ્રદ્ધા વ્યક્તિ અને સમાજની ભાવનાત્મક ભૂમિકાને ઊંચે લઈ જવાના ઉદ્દેશો પૂરા કરે છે. તેથી તેને માનવજીવનની એક મહત્ત્વની જરૂરિયાત માનવામાં આવી છે. પૂજા-ઉપાસનાનું સમગ્ર માળખું આ ઉદ્દેશ માટે ઊભું કરવામાં આવ્યું છે. મંદિરોની સ્થાપનાના મૂળમાં મનીષીઓનો એક માત્ર ઉદ્દેશ એ જ હતો કે આ ધર્મકેન્દ્રો દ્વારા શ્રદ્ધાના આદર્શોનો જનમાનસમાં વ્યાપક પ્રકાશ પહોંચે.

મંદિરોના નિર્માણમાં વિપુલ ધનસંપત્તિના ખર્ચ પાછળ એક માત્ર ઉદ્દેશ એ છે, કે આ ધર્મકેન્દ્રો દ્વારા શ્રદ્ધાની સર્વતોમુખી પ્રવૃત્તિઓનો વિસ્તાર કરવામાં આવે.

પૂજા-આરતી પણ ત્યાં થતી રહે તે ઠીક છે. લોકો દર્શન કરવા આવે અને સ્મરણ કરે કે ભગવાનની સત્તા આ જગતમાં હયાત છે. તેથી આપણે તેના દંડથી બચવા અને કૃપા પ્રાપ્ત કરવા માટે સજ્જનોચિત જીવન જીવવું જોઈએ. મનુષ્ય શ્રદ્ધાની ભાવના ભૂલીને જ કોઈ કુકર્મ કરી શકે છે. જો પરમાત્મા અને તેની ન્યાયવ્યવસ્થા આપણી સ્મૃતિમાં રહે, તો અનીતિની દિશામાં એક કદમ પણ આગળ વધવું શક્ય નથી. ભાવનાત્મક શુદ્ધિકરણની દૃષ્ટિએ શ્રદ્ધાનું ભારે મહત્ત્વ છે. વ્યક્તિ અને સમાજનું કલ્યાણ તેના ઉપર જ આધારિત છે. મંદિરોનો ઉદ્દેશ એ છે કે ભગવાનની પ્રતિમાનું દર્શન, પૂજન કરવા માટે લોકોને આમંત્રિત અને આકર્ષિત કરવા. સાથે જ આ આગંતુકોમાં શ્રદ્ધાની મૂળ માન્યતાઓ હૃદયંગમ કરાવવા માટે બહુમુખી પ્રવૃત્તિઓનું સંચાલન કરવું.

મંદિર વસ્તુતઃ એક ધર્મકેન્દ્ર છે, જ્યાંથી મનુષ્યના ભાવનાત્મક નિર્માણ માટે આવશ્યક સત્પ્રવૃત્તિઓનું સંચાલન થતું રહે. કથાપ્રવચન ત્યાં હંમેશાં એટલા માટે જ થાય છે. શુક્રવારની નમાજ પછી મસ્જિદોમાં મુલ્લાજી ભાવભર્યાં અને દિશાદર્શક પ્રવચન કરે છે. ગિરજાઘરમાં પાદરી લોકો રવિવારની પ્રાર્થના બાદ ઉપસ્થિત ધર્મપ્રેમીઓને તેમનાં વ્યક્તિગત અને સામાજિક કર્તવ્યોનો બોધ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરાવે છે. હિન્દુ ધર્મ એક સમયે બહુ આગળ હતો. અહીં કથા-પ્રવચનોના માધ્યમથી દરરોજ આ બધું શીખવવામાં આવતું, જે સમગ્ર સ્થિરતા અને પ્રગતિ માટે આવશ્યક હતું. એટલું જ નહીં, અહીં પાઠશાળાઓ, પુસ્તકાલયો, વ્યાયામશાળાઓ, કલાકૌશલ, સંગીત વગેરે પ્રવૃત્તિઓનું સંચાલન થતું હતું, જે ભાવનાત્મક નિર્માણમાં સહાયક થઈ શકે છે. સર્વતોમુખી વિકાસની સંપૂર્ણ યોજનાઓ અને પ્રક્રિયાઓ મંદિરનાં ધર્મકેન્દ્રો જ સંચાલિત કરતાં હતાં. તેનો ભારે પ્રભાવ પડતો હતો. શ્રદ્ધાની ભાવનાઓ કઈ રીતે ક્રિયાન્વિત કરી શકાય છે અને તેનું રચનાત્મક, વ્યાવહારિક સ્વરૂપ શું હોઈ શકે ? તેનું પ્રત્યક્ષ સ્વરૂપ જોવા અને પ્રશિક્ષણ પ્રાપ્ત કરવા માટે દરેક લોકો મંદિરે આવતા અને તેની ઉપયોગિતા અનુભવ કરતા. તેના નિર્માણને પુણ્યકર્મ માન્યું અને તેની પાછળ વિપુલ ધનરાશિ ખર્ચવી એટલા માટે યોગ્ય મનાતી હતી કે આ રચનાથી અગણિત વ્યક્તિઓ પ્રકાશ મેળવવા અને સમગ્ર ઉત્કર્ષ સાધવા માટે અગ્રેસર થઈને સમર્થ બનશે.

ધર્મપ્રેમી લોકો પોતાની કમાયેલી સંપત્તિને મંદિરો બનાવવા અને તેને ચલાવવા સમર્પિત કરીને પોતાને ધન્ય માનતા હતા, કેમકે તેનાથી વધુ સારો પૈસાનો ઉપયોગ થઈ શકે નહીં. જનતા પણ દેવપ્રતિમા આગળ કંઈને કંઈ શ્રદ્ધાંજલિ અર્પિત કરતી હતી, જેથી તે પૈસાથી રચનાત્મક સત્પ્રવૃત્તિઓનું સંચાલન થઈ શકે. પૂજારી લોકો પૂજા-અર્ચનામાં પ્રાતઃ તથા સાયંકાળ, દેવપ્રતિમા માટે થોડો સમય અને ધન લગાવીને, બાકીનો પોતાનો પૂરો સમય અને પૈસા, મંદિર-સંસ્થા દ્વારા સંચાલિત સત્પ્રવૃત્તિઓમાં લગાવી દેતા હતા. તેઓ સુયોગ્ય વિદ્વાન જ નહીં, સદાચારી અને લોકસેવક પણ હતા. તેઓને સામાજિક જરૂરિયાતોનું જ્ઞાન હતું. તેને અનુરૂપ પોતાના વ્યક્તિત્વ, પ્રભાવ તથા શ્રમનો ઉપયોગ જનમાનસની દિશા સુવ્યવસ્થિત કરવામાં લગાવી દેતા હતા. સમર્થ ગુરુ રામદાસે મહારાષ્ટ્રમાં સેંકડો 'મહાવીર મંદિર' સ્થાપિત કર્યાં હતાં અને તે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દ્વારા શિવાજીના સ્વાતંત્ર્ય સંગ્રામ માટે ધનશક્તિ અને જનશક્તિને વિપુલ માત્રામાં પ્રાપ્ત કરી હતી. શિખ ધર્મનાં સર્વ ગુરુદ્વારા અયોગ્ય શાસન હઠાવવાનાં કેન્દ્રબિંદુ બનીને પોતાની સ્થાપનાનું મહત્ત્વ પ્રતિપાદિત કરતાં રહ્યાં. બુદ્ધવિહાર વિશ્વવ્યાપી ધર્મપ્રસાર યોજનાનાં સુવ્યવસ્થિત કેન્દ્ર હતાં. અહીં સદાયે આ જ પરંપરા પ્રચલિત રહી અને મંદિરોએ અવિસ્મરણીય ભૂમિકા હંમેશાં ભજવી છે.

આજે સર્વ કંઈ ઊલટું થઈ ગયું છે. મંદિર માત્ર શંખ-ઝાલર વગાડવા અને આરતી ઉતારવા સુધી સીમિત છે. પૂજારી લોકો પ્રાતઃસાયં કાળે થોડી એવી ટકોરી વગાડીને પોતાના કર્તવ્યની ઈતિશ્રી માને છે. આ વિશાળ ઈમારતોનો કોઈ ઉપયોગ નથી અને જે વિપુલ ધન તેમાં રોકાયેલું છે, તે આ મઠાધીશોની વ્યક્તિગત સંપત્તિ બની ગયું છે અને તેનો પોતાને માટે જ ઉપયોગ કરે છે. કોઈ પ્રેરક પ્રવૃત્તિઓની વાત પણ ત્યાં સાંભળવા મળતી નથી. એવી દશામાં મંદિરોને પ્રાણરહિત, નિર્જીવ કલેવરની જેમ જ્યાં-ત્યાં ઊભેલાં જોઈ શકાય છે. ઉપયોગિતા ઘટી જવાથી જન આકર્ષણ પણ ઓછું થઈ જાય તે સ્વાભાવિક છે. કોઈ મેળા-ઉત્સવ ઉપર થોડી ભીડ રહે, બાકી નિયમિત રૂપથી ત્યાં જનારા થોડા જ છે. જે જાય છે તે પણ સમય પસાર કરવાની દૃષ્ટિથી જાય છે. તેને પણ કંઈ પ્રાપ્ત થતું નથી. અનુપયોગી ચીજ સડવા લાગે છે. આ ધર્મસ્થાનોમાં અનાચારનો પ્રવેશ જે રીતે થઈ રહ્યો છે, તેનાથી દુઃખ અને દોષ જ ઉત્પન્ન થાય છે.

આપણાં મંદિરોમાં લગભગ ૭૦૦ અબજ રૂપિયાની સંપત્તિ પડી છે. તેની દૈનિક આવક કરોડો રૂપિયા છે. ઈમારતો એટલી વિશાળ છે, કે તેમાં ખ્રિસ્તી મિશન દ્વારા જગતભરમાં થઈ રહેલાં કાર્યો કરતાં અધિક કેટલાય ગુણાંકમાં રચનાત્મક કાર્યો શરૂ કરી શકાય છે. લગભગ એક લાખ વ્યક્તિ આ મંદિરોની સેવાપૂજામાં નિયુક્ત થયેલા છે. આટલી વ્યક્તિઓને જો રચનાત્મક કાર્યોની દિશામાં વાળી શકાય તો સમગ્ર સમાજનો કાયાકલ્પ થઈ શકે. જનતા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જે શ્રદ્ધાથી તેમાં ધન વાપરે છે, તેને અનુરૂપ જો ધર્મ સંસ્થાપનાની બહુમુખી પ્રવૃત્તિઓ તેમાં સંચાલિત થઈ શકે, તો આપણો સમાજ થોડા જ દિવસોમાં ક્યાં નો ક્યાં પહોંચી શકે. સાધનોના અભાવે કામ અટકી જાય તે સમજી શકાય તેમ છે, પણ વિપુલ સાધનો હોવા છતાં પણ, તેમનો સદુપયોગ ન થઈ શકે તે ભારે લજ્જા અને પીડાની વાત છે.

સમય આવી ગયો છે કે આ ધર્મકેન્દ્રોનો સદુપયોગ કરવાની દિશામાં આપણે વિચાર કરીએ અને સાહસપૂર્ણ કદમ ઊઠાવીએ. જેના હાથમાં મંદિરના સંચાલનની વ્યવસ્થા છે તેણે વિચારવું જોઈએ, કે શું આ કેન્દ્રોમાં ખર્ચાતા ધનનો સાચો ઉપયોગ થઈ રહ્યો છે ? ભગવાનની પૂજા ઉચિત છે અને આવશ્યક પણ છે, પણ એ બુદ્ધિસંગત નથી કે વિપુલ ધનરાશિ અને જનશક્તિનો ઉપયોગ માત્ર આટલામાં જ સમાપ્ત થઈ જાય.

ઈશ્વરભક્તિ પૂજા - આરતી સુધી જ સીમિત નથી. વ્યક્તિ અને સમાજનો ભાવનાત્મક ઉત્કર્ષ પણ ઈશ્વરભક્તિનું જ એક અંગ છે. દેશ, ધર્મ, સમાજ અને સંસ્કૃતિની શ્રેષ્ઠતા વધારવા માટે રચનાત્મક કાર્યો થઈ શકે છે. તેમને ઈશ્વરપૂજાથી ઓછાં મહત્ત્વનાં ન સમજવાં જોઈએ. મંદિરોની ઉપયોગિતા ત્યારે અનિવાર્ય રહી શકે છે, જ્યારે તેમાં પૂજાની સાથેસાથે શ્રદ્ધાને વિકસાવનારી અને પરિપોષણની સત્પ્રવૃત્તિઓ પણ ચાલતી રહે.

## (૩૯) તહેવાર અને સંસ્કાર પ્રેરણાપ્રદ પદ્ધતિથી મનાવીએ

પર્વ-તહેવારોની ઉજવણીનો રિવાજ માત્ર હર્ષોત્સવ મનાવવા માટે જ શરૂ થયો નથી. તેની પાછળ સમાજનિર્માણની એક અતિ મહત્ત્વપૂર્ણ પ્રેરક પ્રક્રિયા સમાયેલી છે. કોઈ પૌરાણિક કથાઓની સ્મૃતિ જાળવવા અથવા કોઈ દેવતાની માત્ર પૂજા કરવા માટે પર્વોની, સમય તથા ધનનો ખર્ચ કરાવનાર પદ્ધતિ પ્રચલિત કરવામાં આવી નથી, પણ તેની પાછળ મુખ્ય પ્રયોજન એ છે,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કે સામાજિક જીવનની દરેક સમસ્યાને હલ કરવા માટે વર્ષમાં કેટલાક દિવસ એવા રાખવામાં આવે, જ્યારે બધા એકઠા થઈને પોતાની વર્તમાન પરિસ્થિતિ ઉપર વિચાર કરવા અને તેનો હલ શોધવાનો અવસર મળે.

આપણું પ્રત્યેક પર્વ સમાજની કોઈ સમસ્યાઓ પર વિચાર કરવા અને જો વર્તમાન જીવનમાં કોઈ વિકૃતિઓ ઉત્પન્ન થઈ ગઈ હોય, તો તેનો હલ શોધવા માટે પ્રેરણા આપવા માટે આવે છે. પ્રાચીનકાળમાં આપણા તહેવારોનું આ જ સ્વરૂપ હતું. પર્વો ઉપર હર્ષોત્સવ મનાવવા માટે સ્થાનિક જનતા એક સ્થાન ઉપર એકત્રિત થતી હતી. પૂજાપ્રાર્થનાના ધાર્મિક કર્મકાંડોની સાથે પ્રત્યેક વ્યક્તિગત અને સામાજિક કાર્ય સંપન્ન થાય, તે આપણી પ્રાચીન પરંપરા છે. પર્વોત્સવ સમયે પણ એવું જ થતું. ધર્મકૃત્યો પછી મનીષી વિદ્વાનો, હાજર જનતાને ઉદ્દ્બોધન કરીને, સામાજિક સત્પ્રવૃત્તિઓને અખંડ બનાવી રાખવા માટે ઉદ્દ્બોધન કરતા હતા. તત્કાલીન સામાજિક પ્રવૃત્તિઓના સંબંધમાં આત્મનિરીક્ષણ અને શુદ્ધિકરણ કરવાનો સહેજે અવસર મળતો. કોઈ વિકૃતિ આંખોથી દૂર રહી શકતી નથી. જે વિકારો ઉત્પન્ન થાય તેનું તાત્કાલિક સમાધાન શોધવામાં આવતું અને સામાજિક પ્રખરતામાં કોઈ ઊણપ ન આવી શકતી. આ પ્રકારે પર્વોત્સવ ઊજવવાં એ એક વરદાન સિદ્ધ થતું હતું અને તે માધ્યમથી રાષ્ટ્રીય અને સામાજિક સુદઢતા નિરંતર બળવત્તર બની રહેતી હતી.

આમ તો પર્વ-તહેવારો અનેક છે, પણ તેમાંથી દસ એવા છે, જેને મુખ્ય ગણી શકાય. તેમાંના દરેક પર્વની પાછળ કોઈ મહત્ત્વપૂર્ણ સંદેશ અને પ્રયોજન જોડાયેલાં છે. જેમકે (૧) ગુરુ પૂર્ણિમા - શિસ્ત અને મર્યાદાઓનું પાલન (૨) શ્રાવણી - વૃક્ષારોપણ, આત્મનિરીક્ષણ, ભૂલોનું પ્રાયશ્ચિત્ત અને સુધારણા, નૈતિક્તાનું વ્રતધારણ (૩) પિતૃઅમાવાસ્યા-મોટાં પ્રત્યે શ્રદ્ધા, સદ્ વ્યવહાર, કૃતજ્ઞતા, સત્પુરુષો અને સત્પરંપરાઓનું અનુસરણ (૪) વિજ્યા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દશામી - સ્વાસ્થ્યરક્ષા, સંગઠન, મનોબળ, શક્તિસંચય, અનીતિની વિરુદ્ધ સંઘર્ષ (૫) દીપાવલી ઈમાનદારી અને પરિશ્રમપૂર્વક ઉપાર્જન, મિતવ્યયતાપૂર્વક ધનનો સદુપયોગ. (૬) ગીતા જયંતી ધર્મનિષ્ઠા, કર્તવ્યપરાયણતા, માનસિક સંતુલન, દૂરદર્શિતા. (૭) વસંતપંચમી શિક્ષણ, સદ્જ્ઞાન, સંગીત, સાહિત્ય, કલા, સુસજ્જા (૮) શિવરાત્રિ વ્યાપક સહયોગ, સમન્વય, નશા નિવારણ (૯) હોળી દેશભક્તિ, સ્વચ્છતા, સમતા, વિસ્તાર (૧૦) ગાયત્રી જયંતી - (ગંગા દશેરા) - વિવેકશીલતા, સદ્ભાવના, આસ્તિક્તા, સત્પ્રવૃત્તિઓનું અભિવર્ધન.

આ તહેવારોની પાછળ જે ઈતિહાસ જોડાયેલો છે તથા જે વિવિધ કૃત્યોની સાથે તેમને ઊજવવામાં આવે છે તેની પાછળ કઈ પ્રેરણા અને પ્રશિક્ષણની ભૂમિકા સમાયેલી છે, તે મૂળ પ્રયોજનની રક્ષા કરવી જોઈએ, જેના કારણે તેનો રિવાજ શરૂ કરવામાં આવ્યો હતો. સાપ ગયા લિસોટા રહ્યા. લિસોટા પર લાકડી મારવાથી કંઈ ન વળે. આપણે એ પ્રાચીન પરંપરાને પુનર્જીવિત કરવી જોઈએ. અને પર્વોને તે રીતે જ પુનઃ ઊજવવાનું શરૂ કરવું જોઈએ, જેવી રીતે પૂર્વકાળમાં ઊજવવામાં આવતાં હતાં. દરેક પર્વને ઊજવવાની વિધિ અને વ્યાખ્યા, આમ તો નાની પુસ્તિકાઓના રૂપમાં છાપવામાં આવી છે,પણ સંક્ષિપ્તમાં એ જાણી લેવું જરૂરી છે, કે પર્વને દિવસે વ્યક્તિગત રૂપથી ઘરોમાં જે પણ ક્રિયાકૃત્ય કરવામાં આવતાં હોય, તે ઉપરાંત સામૂહિક રૂપથી એવી વ્યવસ્થા કરવી જોઈએ, જેમાં વધુમાં વધુ લોકો ભાગ લે. હળીમળીને ધાર્મિક કર્મકાંડ સંપન્ન કરવામાં આવે અને એ જ સુસજ્જિત ધર્મમંચ દ્વારા, પર્વ સાથે સંબંધ ધરાવતી પ્રેરણા વિષે સ્પષ્ટ વિચારો પ્રકાશિત કરવામાં આવે. જો આ સંદર્ભમાં તે દરમિયાન કોઈ વિકૃતિઓ ફેલાઈ ગઈ હોય, તો તે સુધારવા માટે લોકોને કહેવું અને તેની સુધારણા માટે વ્યાવહારિક માર્ગ બતાવવો. આ રીતે પ્રેરક પદ્ધતિથી ઊજવવામાં આવતાં આ પર્વ-તહેવાર, લોકશિક્ષણની અતિ મહત્ત્વપૂર્ણ ભૂમિકા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સંપાદિત કરી શકે છે. સામાજિક ઉત્કર્ષને માટે લોકશિક્ષણની આજે જેટલી જરૂરિયાત છે તેટલી પહેલાં ક્યારેય ન હતી. તેથી જ્ઞાની વ્યક્તિએ, ધર્મમંચના માધ્યમથી ભારતીય જનતાને યોગ્ય માર્ગદર્શન આપવા માટે તે પુણ્ય પરંપરાઓને પુનર્જીવિત કરવાને માટે પ્રબળ પ્રયત્ન કરવો જોઈએ.

સમાજશિક્ષણની જે જરૂરિયાત પર્વોત્સવો દ્વારા પૂરી થઈ શકે છે, તેવી જ પરિવારના શિક્ષણની જરૂરિયાત સંસ્કારો દ્વારા સંપન્ન કરી શકાય છે. જન્મથી લઈને મૃત્યુ પર્યંત ભારતીય ધર્માનુયાયીઓ પોતાના સંસ્કાર કરાવતા રહે છે. તેથી તેમની સંસ્કારવાન પરંપરા અને સુસંસ્કૃત મનોભૂમિને નિરંતર અખંડ રાખી શકાય. પ્રાચીનકાળમાં સોળ સંસ્કારો હતા. હવે તેમાંથી કેટલાક અસામયિક થઈ ગયા છે. 'ગર્ભાધાન' સંસ્કાર હવે શક્ય નથી. તે જ રીતે 'કર્ણવેધ' અનુપયોગી સમજવામાં આવે છે. આજની સ્થિતિને અનુરૂપ દસ સંસ્કાર પર્યાપ્ત છે. સમય-સમય ઉપર જો તેમને સારી રીતે કરાવવામાં આવે, તો તે વ્યક્તિને તો સુસંસ્કારી બનવાનો અવસર મળશે જ. ઘર-પરિવારના સભ્યો તથા સમારોહમાં ઉપસ્થિત લોકોને પણ પોતાનાં કૌટુંબિક કર્તવ્યોની જાણકારી અને પ્રેરણા મળશે. આ પ્રશિક્ષણ પારિવારિક સમસ્યાઓનો ઉકેલ લાવવા તથા સંયુક્ત પરિવાર પ્રણાલીને ઉપયોગી બનાવી રાખવામાં બહુ જ સહાયક સિદ્ધ થશે.

દરેક સંસ્કારોમાં ઘણી પ્રેરણા અને શિક્ષણ સમાયેલું છે. જેમકે (૧) પુંસવન ગર્ભવતી સ્ત્રીને આ દિવસોમાં શારીરિક, માનસિક સ્થિતિ બરાબર રાખવા માટે શિક્ષણ તથા ઘરના સભ્યોને તે સંબંધી શુભ વાતાવરણ ઉત્પન્ન કરવાની પ્રેરણા. (૨) નામકરણ - પરિવારના બાળકને સુસંસ્કૃત બનાવવાની વિધિ-વ્યવસ્થાનું શિક્ષણ. (૩) અન્નપ્રાશન - બાળકની આહાર સંબંધી સતર્કતાની જાણકારી. (૪) મુંડન-બૌદ્ધિક અને ભાવનાત્મક વિકાસની પ્રેરણા. (૫) વિદ્યારંભ - શિક્ષણની ઉપયોગિતા, દિશા, પ્રયોજન અને ઉપલબ્ધિના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આધારે સિદ્ધાંતોની વિવેચના અને બાળકને માટે યોગ્ય શિક્ષણની યોજના બનાવી દેવી. (૬) યજ્ઞોપવિત માનવતાના મૂળભૂત આદર્શો, કર્તવ્યો અને આધારોને સમજાવવા અને પશુતા તેમજ દુષ્પ્રવૃત્તિઓથી બચવાની પ્રેરણા આપવી. (૭) લગ્ન-લગ્નનો ઉદ્દેશ્ય, કર્તવ્ય અને સફળતાના સિદ્ધાંતોથી પતિપત્નીને પરિચિત કરાવવાં. ગૃહસ્થાશ્રમની જવાબદારી નિભાવવાની પરિસ્થિતિઓ ઉત્પન્ન કરવા માટે બન્ને કુટુંબને શિક્ષણ આપવું. (૮) વાનપ્રસ્થ-સંતાનો સમર્થ થઈ ગયા પછી ઉત્તરાવસ્થા લોકસેવા માટે સમર્પિત કરવાની પ્રતિજ્ઞા, ઉપાર્જનની જવાબદારી ઘરના નવા સભ્યો ઉપર છોડીને પોતે પુણ્ય-પરમાર્થનાં કાર્યોમાં લાગી જવું. (૯) અંત્યેષ્ટિ-મૃતશરીરના યજ્ઞ સંસ્કાર. માનવજીવનના અમૂલ્ય અવસરનો સદુપયોગ કરવાની ઉપસ્થિત લોકોને પ્રેરણા આપવી. (૧૦) મરણોત્તર સંસ્કાર :- મૃત્યુ પછી ઘર, પરિવારની યજ્ઞ વગેરેથી શુદ્ધિ. દિવંગત આત્માના સદ્‌ગુણોમાંથી શિક્ષણ. તેનાં અધૂરાં રહેલાં કાર્યોને પૂરાં કરવાની યોજના અને વ્યવસ્થા કરવી.

પર્વોની જેમ આ સંસ્કારોનું પણ વિસ્તૃત કર્મકાંડ અને વિધાન છે. જેની નાની પુસ્તિકાઓ 'યુગનિર્માણ યોજના' દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. તેને સ્થાનીય લોકાચારને અનુરૂપ બનાવી શકાય છે. મહત્ત્વ કર્મકાંડનું નહીં, લોકશિક્ષણનું છે. આ ઉદ્દેશ્ય ધ્યાનમાં રાખવો અને ઉપસ્થિત લોકોને તે અવસર સંબંધી સમસ્યાઓ હલ કરવા માટે પ્રશિક્ષિત કરવામાં આવે.

સમગ્ર શેરી કે ગામને એકત્ર કરીને સામૂહિક રૂપથી જો પર્વ મનાવવામાં આવે, તો તેમાં ધર્મશ્રદ્ધાને આધારે લોકો એકઠા થશે. તો તે એકઠા થયેલા લોકોને તહેવારમાં છુપાયેલાં, સમાજનિર્માણનાં રહસ્યોને ચતુર વક્તા સારી રીતે સમજાવી શકે છે અને સામાજિક રિવાજો અને વિકૃતિઓને દૂર કરવા માટે તથા સ્વસ્થ પરંપરાઓની સ્થાપના માટે મહત્ત્વપૂર્ણ પૃષ્ઠભૂમિ બનાવી શકે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ પ્રકારે પારિવારિક ધર્મગોષ્ઠિઓની પ્રથા સંસ્કાર મનાવવાની પરંપરાને પુનર્જીવિત કરીને ભારે સરળતાથી પ્રચલિત કરી શકાય છે. ઘર, પરિવાર અને પાડોશના થોડા લોકો એકત્ર થાય, તો પણ તેમને વ્યક્તિનિર્માણ અને પરિવારનિર્માણની રીતિ-નીતિ સાથે સહમત કરી શકાય છે.

## (૪૦) જન્મ દિવસ અને લગ્ન દિવસ ઉજવીએ

સર્વ અવતારો સહસ્ર કલાઓવાળા પરબ્રહ્મના નાનાનાના અંશ હોય છે. સામાન્ય મનુષ્યની તુલનામાં તેમણે પોતાની અંદર વિશેષ સદ્ગુણ ધારણ કર્યા હોય છે. તેથી આપણે તેમની પૂજા અને યશોગાન કરીએ છીએ. આમ તો દરેક મનુષ્ય ઈશ્વરની એક કલાનો અવતાર છે. જો તે પોતાના સ્વરૂપ અને મહત્ત્વને સમજવા લાગે, પોતાની આંતરિક સ્થિતિને પ્રખર બનાવવામાં લાગી જાય, તો તે જ ક્રમથી પોતાની કલાઓનું અભિવર્ધન કરતો, ઈશ્વર બનવાની પૂર્ણતા પ્રાપ્ત કરવાની દિશામાં તેજ ગતિથી ઊંચે જઈ શકે છે.

વસ્તુતઃ આપણે સ્વયંને ભૂલી ગયા છીએ. હાડમાંસનું બનેલું હાલતુંચાલતું શરીરમાત્ર પોતાની જાતને માનીએ છીએ. તેથી શરીર સુધી જ પોતાની ગતિવિધિઓ સીમિત રાખીએ છીએ. શરીરને ભૂખ લાગે છે, તેને પૂર્ણ કરવા કમાણી કરવી પડે છે. કમાણીની સાથે જ લોભ-લાલચની બૌદ્ધિક વિકૃતિઓ જોડાઈ જવાથી, તેની બહુ જ લાંબી શૃંખલા બની જાય છે. આ કમાણીના ચક્કરમાં જ જીવનનો ઘણો ભાગ નષ્ટ થઈ જાય છે. જો કે આ કમાણી પાછળ રહેનાર માટે છોડવી પડે છે, પોતાને કંઈ કામ તો આવતી નથી. શરીરમાં પાંચ ઈન્દ્રિયો છે. તેમને પોતપોતાના સ્વાદ છે. આ સ્વાદોની લાલચ મનને ઉદ્વિગ્ન કર્યા કરે છે. આ ઈન્દ્રિયોમાં એક અતિપ્રબળ કામેન્દ્રિય છે. તે પોતાની કામના પૂર્તિને માટે, મનને ખરાબ રીતે ઉદ્વિગ્ન કર્યા કરે છે. આ લલકમાં આપણે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લગ્ન તો કરીએ છીએ. તે ઉપરાંત ઘણું ખરું યોગ્ય-અયોગ્ય કરતા રહીએ છીએ. તેની પ્રતિક્રિયાઓના દબાવથી મનુષ્ય ઘાણીના બળદની જેમ ગઈગુજરી સ્થિતિમાં જઈ પહોંચે છે. નિર્વાહ પણ આજકાલ સરળ નથી રહ્યો. તેમાં એટલી પ્રતિસ્પર્ધા, દ્વેષ, દુર્ભાવ, છળકપટ, અનીતિ તથા અત્યાચારની માત્રા વધી ગઈ છે, કે તે વિકૃતિઓથી ઉત્પન્ન વિપરીત પરિણામો પણ પોતાની સાથે જોડાયેલાં રહે છે. આ જ છે આજના જીવનનું સ્વરૂપ. આવું જ નકામું જીવન જીવતાં આપણે દિવસો પૂરા કરીએ છીએ. રોતાં-રોતાં, ખાલી હાથે આવ્યા હતા અને એવી જ સ્થિતિમાં વિદાય થઈએ છીએ.

મનુષ્યજન્મ મેળવવો એ એક દુર્લભ સૌભાગ્ય છે. તેમાં મહાનમાં મહાન સંભાવનાઓ તથા શક્તિઓ ભરેલી હોય છે. તેમાં એવી તકો સમાયેલી છે, કે પ્રાપ્ત ઉપલબ્ધિઓનો જો સદુપયોગ કરવામાં આવે તો હલકી પરિસ્થિતિઓમાં ઉત્પન્ન થયેલો મનુષ્ય એવાં કાર્યો કરી શકે છે કે જેનાથી તેને મહામાનવ, નરરત્ન, પૃથ્વીનો દેવતા, દેવદૂત તથા સાક્ષાત્ ભગવાન કહી શકાય. આ પ્રકારની શ્રેષ્ઠ ગતિવિધિઓ અપનાવી શકવી અતિ સરળ અને સ્વાભાવિક છે. કનિષ્ઠ જીવન જીવવામાં જેટલી ચતુરતા, ખેંચતાણ અને મુશ્કેલી આવે છે, તેના સો (૧૦૦)મા ભાગ જેટલી પણ જીવને ઈશ્વરની દિશામાં ચાલતાં આવતી નથી. જીવનને ધન્ય બનાવી શકવાની યોગ્યતા, ક્ષમતા, બુદ્ધિ અને હિંમત મનુષ્યમાં પર્યાપ્ત માત્રામાં મોજૂદ છે. એક કલાનો ઈશ્વર અશક્ત ન હોઈ શકે. તેની પાસે ઘણું બધું છે પણ જે કંઈ છે તેનો સાચો ઉપયોગ આપણે કરી શકતા નથી, કરવા ઈચ્છતા નથી. આ વિટંબણાને જ માયા કહે છે. માયાની પકડમાં ફસાયેલાં પ્રાણી કીડી-મંકોડાની જેમ મરે છે અને આ અલભ્ય અવસર એમજ ખલાસ થઈ જાય છે.

માનવજીવન જેવો મહત્ત્વપૂર્ણ અવસર પશુઓ જેવી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શરીરચર્યામાં વ્યતીત થઈ જાય, તો તેને એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના જ કહી શકાય છે. વસ્તુતઃ આપણે આપણા સ્વરૂપને, કર્તવ્યને, ઉદ્દેશ્યને, ભવિષ્યને સાવ ભૂલી ગયા છીએ. શરીરની વાસના અને મનની તૃષ્ણા પૂરી કરવા માટે જ નિરંતર લાગી જઈએ છીએ. આત્માની જરૂરિયાતો વિષે વિચારવાની તો ક્ષણમાત્ર માટે પણ ફુરસદ મળતી નથી. બહુબહુ તો એકાદ માળા ફેરવી નાંખીએ અથવા થોડો સરખો પૂજા-પાઠનો ખેલ કરીને સંતુષ્ટ થઈ જઈએ છીએ. આ બાલસહજ ક્રીડાઓથી કંઈ પ્રયોજન પૂર્ણ થતું નથી. જીવન મળ્યું છે તો તેનો લાભ પણ લેવો જોઈએ. લાભ ત્યારે મળે જ્યારે આપણે તેનું સ્વરૂપ, કર્તવ્ય અને લક્ષ્ય સમજીએ. આત્મવિસ્મૃતિને સમસ્ત પાપો અને દુઃખોની જનની કહેવાય છે. જ્ઞાનનો ઉપદેશ કરતાં તત્ત્વજ્ઞાનીઓએ હજારવાર એક જ ઉપદેશ આપ્યો છે કે પોતાની જાતને જાણો, પોતાના વિષે વિચાર કરો અને પોતાની સાચી દિશા નક્કી કરીને તેના તરફ ચાલી નીકળો.

આ નિરંતર વિચારવાનો એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન છે અને તે સંબંધમાં અધિક ચિંતન કરવા માટે એક ભાવપૂર્ણ હર્ષોત્સવ સાથે જોડાયેલું એક પુનિત પર્વ પણ નિશ્ચિત છે. તેનું નામ છે - જન્મદિન. વ્યક્તિગત જીવનમાં જન્મદિનથી વધુ સારો સંતોષ, ઉલ્લાસ અને પ્રકાશથી ભરેલો તહેવાર બીજો કોઈ નથી. સંતોષ એ વાતનો છે કે ૮૪ લાખ વર્ષ પછી આપણે એક અલભ્ય અવસર પ્રાપ્ત કરી શક્યા છીએ. ઉલ્લાસ એ વાતનો કે આપણે ઇચ્છીએ તો આપણી દિશા બદલીને આજની તુલનામાં લાખગણી મંગલમયી પરિસ્થિતિઓ પ્રાપ્ત કરવાની ક્ષમતાથી ઓતપ્રોત છીએ. પ્રકાશ એ વાતનો છે કે શરીર તથા મનની ગતિવિધિઓને સાચી દિશામાં નિયોજિત કરવાનું સંભવ બની રહ્યું છે અને આપણો કાયાકલ્પ જોઈ શકાય છે.

યુગનિર્માણ યોજના દ્વારા જન્મદિવસ મનાવવા ઉપર બહુ ભાર મૂકવામાં આવ્યો છે. પૂજન, હવન, ધૂપ, દીપ, સંગીત,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રવચન, આશીર્વાદ વગેરેની એક મિશ્રિત પદ્ધતિ પણ છે, જેને સર્વ સભ્યો જાણે છે. તે પદ્ધતિથી પોતપોતાની વિવેક બુદ્ધિપૂર્વક જન્મદિવસનું આયોજન સર્વત્ર મનાવવું જોઈએ. વ્યક્તિને પોતાને આવું આયોજન કરતાં સંકોચ લાગે, તો યુગનિર્માણ યોજનાની શાખાઓ પોતાના સભ્યોના જન્મદિવસ મનાવવાની વ્યવસ્થા આ રીતે કરે, જેથી ઓછામાં ઓછો ખર્ચ આવે અને ઉત્સવનું સ્વરૂપ અધિક આકર્ષક અને પ્રભાવશાળી બને. આનંદ અને ઉલ્લાસને વધારવાના પ્રસંગો ઊજવવા તે પણ શોકસંતપ્ત માનવજાતિની મહત્ત્વની સેવા છે. આ પ્રથા-પરંપરા પ્રચલિત કરવામાં આપણે સૌએ પૂરો ઉત્સાહ દર્શાવવો તથા પ્રયત્ન કરવો જોઈએ.

જન્મદિવસ મનાવવાનો વાસ્તવિક લાભ ત્યારે છે જ્યારે તે વ્યક્તિ આત્મચિંતન કરે અને આત્મસુધાર, આત્મનિર્માણ, અને આત્મવિકાસની સુવ્યવસ્થિત યોજના બનાવીને તેના ઉપર ચાલવાનું સાહસ દર્શાવે. આ અવસરે એવાં જ સંગીત તથા પ્રવચનોની વ્યવસ્થા થવી જોઈએ, જેમાં જીવનનો મહિમા સમજવાની અને એ અલભ્ય અવસરનો સદુપયોગ કરવાની પ્રેરણા મળે. માત્ર ભજન કરવાની જ વાત તે સંદર્ભમાં પૂરી નહીં ગણાય. જીવનસુધાર અને લોકમંગલને માટે સાહસપૂર્ણ કાર્ય કર્યા વિના, જીવનની સાર્થકતા માત્ર ભજન કરતા રહેવાથી સંભવિત નહીં બને. આ તથ્ય આ અવસરે સારી રીતે સિદ્ધ કરવું જોઈએ. જોવામાં તો આ એક હર્ષોત્સવ માત્ર છે, પણ આધ્યાત્મિક જાગૃતિ અને ભાવનાત્મક નવનિર્માણની મહાન સંભાવનાઓ તેમાં છુપાયેલી છે. તેથી જન્મદિવસ મનાવવાની પ્રથા શરૂ કરવા માટે પ્રબળ પ્રયત્નો કરવા જોઈએ.

જન્મદિવસની જેમ લગ્ન-દિવસનું પણ મહત્ત્વ છે. વિવાહ સામાજિક જીવનનો શિલાન્યાસ છે. લગ્નની આદર્શવાદિતા અને શ્રેષ્ઠતા અખંડત રાખવાથી જ બાળકો તથા સમસ્ત પરિવારનો ભાવનાત્મક વિકાસ થાય છે. લોકો સામાન્ય રીતે લગ્નની સાથે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જોડાયેલાં કર્તવ્યો અને પ્રતિજ્ઞાઓને ભૂલી જાય છે અને અનિચ્છનીય પ્રવૃત્તિઓ અપનાવવા લાગે છે. લગ્ન-દિવસોત્સવ મનાવીને એ કર્તવ્યો અને પ્રતિજ્ઞાઓનું પુનઃસ્મરણ કરાવવામાં આવે. તેની પદ્ધતિ પણ યુગનિર્માણ શાખાઓ જાણે છે. પ્રયત્ન એ પણ થવો જોઈએ કે લગ્નદિવસોત્સવ મનાવીએ તેની સાથે દર વર્ષે દાંપત્યજીવનમાં એક નવો ઉમંગ, નવી ભાવના, નવી પ્રેરણા ઉત્પન્ન કરવી જોઈએ. આ રીતે સરસ અને પ્રખર દાંપત્યજીવન પરિવાર નિર્માણની દિશામાં અતિ પ્રભાવકારી સિદ્ધ થઈ શકે છે. જન્મદિવસની જેમ લગ્નદિવસ પણ મનાવવાની પ્રથાને આપણે એક વ્યાપક પરંપરા બનાવવા માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ.

## (૪૧) ગાયત્રી અને યજ્ઞ ભારતીય ધર્મ-સંસ્કૃતિનાં માતાપિતા

ગાયત્રી ભારતીય સંસ્કૃતિની જનની અને યજ્ઞ ભારતીય ધર્મના પિતા છે. ભારતીય તત્ત્વજ્ઞાનનો સાર-મર્મ આ બન્ને તથ્યોમાં સમાયેલો છે. તેથી ગાયત્રી અને યજ્ઞને આપણે અનાદિકાળથી આપણાં આધ્યાત્મિક માતાપિતા માનીએ છીએ.

ગાયત્રી મહામંત્ર ઉપાસનાની દૃષ્ટિએ પરમ સામર્થ્યવાન છે. શાસ્ત્રકારોએ તેનાં પાંચ મુખ, પાંચ નામ દર્શાવ્યાં છે (૧) અમૃત, (૨) પારસ, (૩) કલ્પવૃક્ષ, (૪) કામધેનુ, (૫) બ્રહ્મા. આ પાંચેય દ્વારા જે લાભ ઉઠાવી શકાય છે, તે સર્વને આપી શકવાની ક્ષમતા આ મહામંત્રમાં સમાયેલી છે. મનુષ્યની અંદર અન્નમય કોશ, મનોમય કોશ, પ્રાણમય કોશ, વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશ છે આ પાંચેયમાં અગણિત રહસ્યમય શક્તિઓ છુપાયેલી છે. તેને જાગૃત કરવા ગાયત્રી ઉપાસનાથી વધારે કોઈ મોટી સાધના નથી. ષટ્ચક્રોનું ભેદન, કુંડલિની જાગરણ, સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરોનું શુદ્ધિકરણ તથા ૧૨ મહત્ત્વપૂર્ણ યોગ સાધનાઓની સફળ સાધના, ગાયત્રીના માધ્યમથી જ થઈ શકે છે. આ મહાશક્તિને તંત્રમાર્ગથી પ્રયોજીને આશ્ચર્યચકિત કરી દેનાર



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકાય છે. યોગસાધનાનું કેન્દ્રબિંદુ આપણા ધર્મમાં ગાયત્રી મહામંત્ર જ રહ્યો છે.

આત્મબળ વધારવા અને આત્મશુદ્ધિ માટેનો આ સાર્વજનિક સાર્વભૌમ મંત્ર છે, તેની ઉપાસના નરનારી, બાળક-વૃદ્ધ કોઈ પણ કરી શકે છે. બુદ્ધિને પ્રકાશવાન અને પ્રખર બનાવવી, અંતઃકરણમાં ઋતંભરા પ્રજ્ઞાને પ્રકાશવાન કરવી, એ ગાયત્રીની સૌથી મોટી વિશેષતા છે. તેથી ભારતીય ધર્મના દરેક અનુયાયી માટે આ મંત્રની ઉપાસના નિત્ય, અનિવાર્ય દર્શાવી છે. જે તેની ઉપેક્ષા કરે છે તેની કડક શબ્દોમાં ટીકા કરવામાં આવી છે. કોઈ માણસ ગમે તે દેવતા કે મંત્રની સાધના ભલે કરતો હોય, તેને સૌથી પહેલાં ગાયત્રી દ્વારા અંતઃકરણ ચતુષ્ટય તથા ઈંદ્રિય સમૂહને શુદ્ધ કરવો પડે છે. તેના વિના કોઈ સાધના સફળ થઈ શકતી નથી. કષ્ટ, સંકટ, વિપત્તિ અને ચિંતાજનક મૂંઝવણો હલ કરવા માટેનો માર્ગ પ્રાપ્ત કરી શકે છે. નિરાશાજનક પરિસ્થિતિઓમાં આશાનો પ્રકાશ ઉત્પન્ન કરવા અને ખાલીપણાને સમૃદ્ધિમાં બદલી દેવાની શક્તિ આ મહામંત્રમાં કેટલી હદ સુધી ભરેલી છે, તેની પરીક્ષા કોઈ પણ વ્યક્તિ શ્રદ્ધાપૂર્વક ગાયત્રી મંત્રની ઉપાસના કરીને ક્યારેય પણ કરી શકે છે.

ભારતીય ધર્મનો સમગ્ર વિસ્તાર વેદોથી થયો અને ચારે ય વેદ ગાયત્રીનાં ચાર ચરણોની વ્યાખ્યા માત્ર છે. જે આપણા ધર્મગ્રંથોમાં કહેવામાં અને સમજાવવામાં આવ્યું છે તે સર્વ બીજરૂપે ગાયત્રીમાં મોજૂદ છે. આ મંત્રના ૨૪ અક્ષરોની વ્યાખ્યા કરવામાં આવે, તો તેમાં નીતિ, ધર્મ, સદાચરણ તથા લોકવ્યવહારનું એવું શિક્ષણ વણાયેલું મળશે, જેને અપનાવીને મનુષ્ય પોતાનો લોક અને પરલોક સુખશાંતિમય બનાવી શકે છે. વિવેકબુદ્ધિને પ્રાથમિક્તા આપવી અને તેને સર્વોપરી ઈશ્વરીય સંદેશ માનવો, એ ગાયત્રીનો સાર છે. નીરક્ષીરનો વિવેક કરતાં, અયોગ્યને છોડવાનો અને યોગ્યને સ્વીકારવાનો નિર્દેશ કરે છે. માતાના રૂપમાં ગાયત્રીની પ્રતિમા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બનાવીને એ પ્રતિપાદન કરવામાં આવે છે, કે નારીની પવિત્રતા અને સત્તા, નર કરતાં અધિક છે. તેથી તેને દરેક ક્ષેત્રમાં અધિક શ્રેય, સન્માન પ્રદાન કરવું જોઈએ. ગાયત્રીનું તત્ત્વજ્ઞાન અપનાવીને જો આપણે દૂરદર્શી, વિવેકશીલ અને નીતિવાન બની શકીએ અને નારી પ્રત્યે અતિ પવિત્ર બુદ્ધિ રાખીએ, તો આ ધરતી ઉપર સ્વર્ગના અવતરણની સંભાવનાઓ મૂર્તિમાન કરી શકીએ છીએ.

આપણે નિત્ય નિયમિત રૂપથી ગાયત્રી ઉપાસના માટે થોડો સમય કાઢતા રહેવું જોઈએ. ઘર-પરિવારમાં એ પ્રથા-પરંપરા ચલાવવી જોઈએ, કે ઘરનો દરેક સભ્ય નિત્ય ગાયત્રી મંત્રની સાધના કર્યા કરે, ભલે પછી એ પાંચ મિનિટ માટે જ કેમ ન હોય.

ગાયત્રી માતાના રૂપમાં ઈશ્વરની ઉપાસના કરવાથી, પ્રેમનું સર્વોપરી કેન્દ્રબિંદુ એવા માતૃહૃદયની ભાવના કરવાનો અવસર આપણને મળે છે. જે રૂપમાં ભગવાનને આપણે ભજીએ છીએ, તેઓ તેવી જ અનુભૂતિ પ્રદાન કરે છે. સ્નેહમયી માતાનું ધ્યાન આપણને વાત્સલ્યની ભાવભરી અનુભૂતિઓથી પુલકિત કરી દે છે. જેને માતાના રૂપમાં ગાયત્રી મહાશક્તિની ઉપાસનામાં નિરાકાર-સાકારની મુશ્કેલી હોય, તેઓ પ્રાતઃકાળમાં ઉદય થતા, સમસ્ત પ્રાણીઓને પ્રાણ પ્રદાન કરનાર, પરમ તેજસ્વી સૂર્યનું ધ્યાન કરતાં-કરતાં ગાયત્રી મંત્રનું ધ્યાન કરી શકે છે. પૂજાની વિધિ અતિ સરળ છે. શરીરને શુદ્ધ કરીને, સ્વચ્છ સ્થાન અને શાંત વાતાવરણમાં આસન પાથરીને બેસવું જોઈએ. આચમન માટે જળ અને પ્રકાશ તથા ઊર્જા માટે અગરબત્તી વગેરેથી અગ્નિની સ્થાપના કરીએ તો વધુ સારું છે. પવિત્રીકરણ, આચમન વગેરે ક્રિયાઓ પછી ભગવાનની સમીપતાનું ધ્યાન કરતાં કરતાં ગાયત્રી મંત્રનો જપ કરવો જોઈએ. નિયત સંખ્યા અને નિયત સમયનું ધ્યાન રાખવું જોઈએ અને અંતમાં સૂર્યની દિશામાં અર્ઘ્ય આપીને શ્રદ્ધાંજલિ અર્પિત કરવી જોઈએ. 'ગાયત્રી મહાવિજ્ઞાન' ગ્રંથમાં ઉપાસનાના યોગ અને તંત્ર માર્ગના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વિસ્તૃત પ્રયોગ લખ્યા છે, પણ સર્વસાધારણ માણસનું કામ ઉપરોક્ત સંક્ષિપ્ત વિધિથી પણ ચાલી શકે છે.

ગાયત્રીનો પૂરક યજ્ઞ છે. આ એક અતિ મહત્ત્વપૂર્ણ વિજ્ઞાન છે, જે વિશ્વવ્યાપી ચેતન જગતને પ્રભાવિત કરે છે. જડ જગતને પ્રભાવિત કરનાર અનેક વૈજ્ઞાનિક પ્રક્રિયાઓ છે. ઠંડીને ગરમીમાં બદલી નાંખનાર હીટર અને ગરમીને ઠંડીમાં બદલી નાંખનાર 'કૂલર' પોતાનો ચમત્કાર દેખાડે છે. અંધકારને રોશનીમાં બદલી નાંખનાર વીજળીનો લાભ હરકોઈ જાણે છે, પણ માનવીય ચેતના અને વિશ્વવ્યાપી ચેતનાને પ્રભાવિત કરનાર યજ્ઞવિદ્યા વિષે બહુ જ ઓછી માહિતી પ્રાપ્ત થાય છે. પ્રાચીનકાળનું અધ્યાત્મવાદી વિજ્ઞાન પોતાની સક્રિયતાને માટે મહત્ત્વપૂર્ણ સહાયતા યજ્ઞીય ઊર્જામાંથી ગ્રહણ કરતું હતું. શારીરિક જ નહીં, માનસિક રોગોના નિવારણની અમોઘ ક્ષમતા યજ્ઞીય પ્રક્રિયામાં મોજૂદ છે. વ્યક્તિગત તથા સામૂહિક સંકટોનું નિવારણ કરતી શક્તિશાળી ઊર્જા યજ્ઞો દ્વારા વાતાવરણમાં પ્રસરાવી શકાય છે.

પ્રકૃતિગત વાતાવરણ તેના દ્વારા બદલી શકાય છે, પણ આજે તો આ સમગ્ર વિજ્ઞાન જ વિસ્મૃત થઈ ગયું. તેની શોધ ફરીથી કરવી જોઈએ અને આ અતિ સરળ, પરંતુ મહત્ત્વપૂર્ણ વિજ્ઞાનનો સર્વસાધારણ લોકોની સુખશાંતિ વધારવા માટે ઉપયોગ કરવો જોઈએ. આ કાર્ય શોધકર્તા અધ્યાત્મ વિજ્ઞાનીઓનું છે, કે તેઓ પોતાની લુપ્ત વિદ્યાઓનું અન્વેષણ કરી, તેને પુનઃ પ્રાપ્ત કરે અને તેના દ્વારા માનવીય પ્રગતિમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે. આ કાર્ય થોડા જ દિવસ પછી આપણે શરૂ કરવાના છીએ અને આશા રાખવી જોઈએ, કે યજ્ઞવિદ્યાના માધ્યમથી માનવજાતિને એક નવીન, અતિ પ્રાચીન તથા અતિ મહત્ત્વપૂર્ણ શક્તિ હાથ લાગશે અને તેના માધ્યમથી આપણે આપણા ખોવાયેલા વર્ચસ્વને પુનઃ પ્રાપ્ત કરી શકવામાં સમર્થ થઈશું.

યજ્ઞના તત્ત્વજ્ઞાનની પ્રથમ પ્રેરણા એ છે, કે મનુષ્ય યજ્ઞીય



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જીવન જીવે. જે પ્રકારે હવનકુંડમાં જવાળાઓ ઊઠે છે, તે જ પ્રકારે આપણા અંતઃકરણમાં શૌર્ય, સાહસ, વિવેક, સત્ય, કર્તવ્ય વગેરે સદ્ગુણોની પ્રખરતા દિપ્તીમાન રહે. જે પ્રકારે હવન દ્વારા વાયુમંડળ સુગંધિત થાય છે, તે જ પ્રકારે જો આપણું કર્તવ્ય દયા, કરુણા, સેવા અને સહૃદયતાની ભાવનાઓથી ઓતપ્રોત હોય, તો આ કર્તવ્ય દ્વારા સહયોગ, સદ્ભાવનાનું, સુખશાંતિનું વાતાવરણ બને તે માટે પ્રયત્નો કરવા જોઈએ. આ પવિત્રતા અને પ્રખરતાનું પ્રતીક છે અને યજ્ઞપૂજકોની વિચારધારા અને ક્રિયાપદ્ધતિ આ જ માન્યતાઓથી ઓતપ્રોત હોવી જોઈએ. વ્યક્તિગત સુવિધા અનુસાર ઘી, સાકર, ઔષધિઓ વગેરેનો હવન કરીને આપણે સુખદાયી વાયુમંડળ બનાવવા અને તેનો લાભ સમસ્ત પ્રાણીઓને પહોંચાડવાની ભાવના રાખીએ છીએ.તે જ રીતે આપણું સમસ્ત જીવન યજ્ઞમય બને અને તેનો લાભ સમસ્ત સંસારનાં પ્રાણીઓને મળે તેવા ઉમંગો પણ મનમાં ઊઠતા રહેવા જોઈએ. અગ્નિહોત્રની ધાર્મિક પ્રક્રિયા જીવનને યજ્ઞમય બનાવવા આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ પ્રકટ કરી શકીએ તેવો આપણે પ્રયત્ન કરવો જોઈએ. ગાયત્રી અને યજ્ઞનું યુગ્મ આપણી સંસ્કૃતિ અને ધર્મનાં જનક છે. તેનો સમુચિત પ્રભાવ આપણા જીવનમાં ઓતપ્રોત થાય એ જ યોગ્ય છે.

## (૪૨) ગાયત્રી યજ્ઞ આંદોલન-એક મહાન રચનાત્મક અભિયાન

યજ્ઞ ઘણી જાતના હોય છે. અલગ અલગ દેવી દેવતાઓના તથા મંત્રોના હિસાબે તેમનાં અલગ અલગ નામ અને વિધાન પણ છે, પણ એ સર્વ તો સકામ કામનાઓ, વિવિધ પ્રયોજનોને માટે રજૂ કરવામાં આવેલી વિશેષ સંપ્રદાયોની અણઘડ માન્યતાઓ જ છે. યજ્ઞ શબ્દનું વ્યાપક પ્રયોજન ''ગાયત્રી યજ્ઞ'' સાથે જ જોડાયેલું છે. જો કે અતિપ્રાચીનકાળથી લઈને આજ પર્યંત બધા નાનામોટા યજ્ઞ ગાયત્રી મહામંત્રના માધ્યમથી સંપન્ન થતા રહ્યા છે અને તેને ગાયત્રી યજ્ઞના નામથી જ સંબોધિત કરવામાં આવે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. ગાયત્રી ભારતીય સંસ્કૃતિની જનની અને યજ્ઞ ભારતીય સંસ્કૃતિના પિતા છે. ગાયત્રી તત્ત્વજ્ઞાન, વિવેકશીલતા અને સદ્ભાવનાની દેવી છે અને યજ્ઞ સંયમ, ઉત્કર્ષ અને સંતુલનના દેવતા છે. આ બન્નેના સમન્વયથી જ પરિપૂર્ણ માનવતા અને સમર્થ સામાજિકતાનો ઉદ્ભવ થઈ શકે છે. તેથી ભારતીય ધર્માવલંબીઓએ પહેલેથી જ પોતાનાં શુભકર્મોની સાથે ગાયત્રી યજ્ઞોને જોડી દીધા છે. પોતાની મહત્ત્વપૂર્ણ સર્જનાત્મક પ્રવૃત્તિઓનો શુભારંભ પણ કોઈ ધર્મકૃત્યની સાથે જ થતો રહ્યો છે.

અવ્યવસ્થિત રાજનૈતિક સ્થિતિનું એકીકરણ, સુધારણા અને સંતુલન કરવા માટે, સમય સમય પર અશ્વમેધ જેવા રાજસૂય યજ્ઞોના નામે પ્રચંડ આંદોલન, સંમેલન અને અભિયાન શરૂ કરવામાં આવતાં અને અવ્યવસ્થિત, નૈતિક તથા સામાજિક પરિસ્થિતિઓનું પુનર્ગઠન અને વિકૃતિઓનું નિરાકરણ કરવા માટે વાજપેય યજ્ઞોની યોજનાઓ બનતી હતી. આજની પરિસ્થિતિમાં દેશની જ નહીં, સમસ્ત વિશ્વની શ્રદ્ધા, બૌદ્ધિક દિશાઓ અને સામાજિક વિધિવ્યવસ્થાઓ ખરાબ રીતે હચમચી ગઈ હતી. તેમનો પુનઃ ઉપયોગ કરવાને માટે, પ્રાચીનકાળના વાજપેય યજ્ઞોની પરંપરાઓ અપનાવીને ગાયત્રી યજ્ઞ આંદોલન નવા ઉમંગો, નવી દિશાઓ અને નવી યોજનાઓ સાથે રજૂ થયું છે. તેને પંડા-પૂજારીઓ દ્વારા લૂંટ માટે કરવામાં આવતાં હવનોથી સર્વથા જુદું અને સર્વથા ભિન્ન પ્રયોજન માટે ચલાવવામાં આવતું એક અતિ ક્રાંતિકારી અને નવનિર્માણની વિશાળ યોજનાઓ માટે શરૂ કરેલું આ યુગનું એક અદ્ભુત અને અનુપમ આંદોલન જ કહી શકાય.

ગાયત્રી 'યજ્ઞ' આમ તો પૂજાપાઠની એક ધર્મપ્રક્રિયા જ લાગે છે અને સમજવામાં આવે છે, કે તેના માધ્યમથી દેવતાઓની પ્રસન્નતા, વાયુશુદ્ધિ, મનોવિકારોનું શમન, પ્રાણપ્રદ વર્ષા જેવા લાભો પ્રાપ્ત કરી શકાય છે, પણ યજ્ઞને આપણી સંસ્કૃતિમાં એટલું બધું મહત્ત્વ આપવામાં આવ્યું છે કે તેને ધર્મનો જનક કહેવામાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આવ્યો છે. તેનું પ્રધાન કારણ એ છે, કે એ માધ્યમથી યજ્ઞીય જીવન જીવવાનું અને સમાજમાં યજ્ઞીય પરંપરાઓના ફેલાવા માટે લોકશિક્ષણ આપવામાં આવે છે. વાયુશુદ્ધિ, દેવપૂજા, આરોગ્ય સંવર્ધન જેવા લાભો ઉપરાંત, એ ભાવનાત્મક ઉત્કર્ષ અને લોકશિક્ષણ જ એક કારણ છે, જેણે ભારતીય ધર્મમાં 'યજ્ઞ' શબ્દને પરમ પવિત્ર ગણાવ્યો છે અને તેને અતિ ઉચ્ચ કોટિની શ્રદ્ધાની સાથે સન્માનિત કરવામાં આવ્યો હતો. આપણું કોઈ વ્રત, તહેવાર, સંસ્કાર પર્વ કે શુભ કર્મ એવું નથી, જે યજ્ઞ વિના સંપન્ન થતું હોય. મૃત્યુ પછી હિન્દુની અંત્યેષ્ટિ જે યજ્ઞવિધિની સાથે સંપન્ન કરવામાં આવે છે, તે આજે ભલે વિકૃત થઈ ગઈ હોય, પણ સ્મરણ એ જ કરાવે છે કે ભારતીય જીવનનો આદિ અને અંત યજ્ઞની સાથે જ થતો રહ્યો છે.

યજ્ઞ શબ્દનો અર્થ છે  ત્યાગ, સેવા, પ્રેમ, સહયોગ, સદાચરણ અને ઉદાર દષ્ટિકોણ. આ પ્રવૃત્તિઓનો વ્યક્તિગત જીવનમાં સમન્વય કરી લેવાથી સામાન્ય સ્તરનો મનુષ્ય પણ દેવોપમ મનોભૂમિ અને પરિસ્થિતિઓનું સર્જન કરી શકે છે. તે જેના પણ સંપર્કમાં આવશે તેને પ્રસન્નતા, પ્રકાશ અને પ્રોત્સાહન પ્રદાન કરશે. સ્વયં તો આત્મશાંતિ અને લોકશ્રદ્ધાનો અનુભવ કરતો જ રહેશે. જેમ લોખંડને પારસનો સ્પર્શ કરવાથી સુવર્ણ બનાવી શકાય છે તેમ યજ્ઞ દ્વારા વ્યક્તિનું જીવન સર્વશ્રેષ્ઠ બને છે તે વાતમાં કોઈ અતિશયોક્તિ નથી.

સામાજિક જીવનનો વિકાસક્રમ પૂર્ણતયા પારસ્પરિક સદ્ભાવના અને સહકારિતા ઉપર આધારિત છે. સંગઠિત,ચરિત્રવાન અને આદર્શોને પ્રાધાન્ય આપવાવાળો સમાજ જ સમર્થ અને સમૃદ્ધ થઈ શકે છે. તેથી સામાજિક વિકાસની આધારશીલા  યજ્ઞીય પ્રવૃત્તિને જનમાનસ અને લોકાચારમાં સ્થાન મળવું જ જોઈએ. આ પ્રવૃત્તિને દેશભક્તિ, લોકસેવા, જનમંગલ, વગેરે નામ પણ આપી શકાય છે. ધાર્મિક ભાષામાં તેને જ યજ્ઞીય પરંપરા કહે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. યજ્ઞ આયોજનોના કર્મકાંડની સાથે સાથે તેની વ્યાખ્યા કરતાં-કરતાં, જન સમુદાયને એ બહુ આસાની અને સફળતા સાથે સમજાવી શકાય છે, કે કઈ રીતે વ્યક્તિ અને સમાજને યજ્ઞીય ઢાંચામાં ઢાળી શકાય અને વ્યક્તિમાં દેવત્વ તેમજ સમાજમાં સ્વર્ગીય વાતાવરણનું સર્જન કરી શકાય. આપણું ગાયત્રી યજ્ઞ આંદોલન ધાર્મિક પૃષ્ઠભૂમિમાં સમાયેલું અને વિશાળ જનસંમેલનો દ્વારા વ્યક્તિ અને સમાજને આદર્શવાદી પરંપરાઓ તરફ પ્રેરિત કરવા માટે તત્પરતાપૂર્વક પ્રયત્નશીલ છે. જાણનારા જાણે છે, કે ધાર્મિક મનોવૃત્તિની ભારતીય જનતામાં આપણું આ પુણ્ય પ્રયોજન કેટલું બધું લોકપ્રિય અને કેટલું સફળ થયું છે.

યજ્ઞીય કર્મકાંડોમાં ખાદ્યપદાર્થ સળગાવી દેવાની વ્યર્થતા ઉપર ઘણીવાર આલોચના કરવામાં આવે છે. આપણા યજ્ઞો માટે એવો અવસર પહેલેથી જ આવવા દીધો નથી. અન્નનો એક દાણો પણ હોમવામાં આવતો નથી,પરંતુ સુગંધિત વનસ્પતિઓની સામગ્રી જ કામમાં આવે છે અને ઘીની માત્રા પણ એટલી ઓછી હોય છે, કે પ્રયોજનની મહાનતાને લક્ષમાં રાખતાં, તે થોડો એવો ખર્ચ, કોઈ પણ પ્રકારે અયોગ્ય ન કહી શકાય. સમૂહ એકત્રિત કરવા માટે અત્યાર સુધી કરવામાં આવેલા વિવિધ પ્રયોગોમાં આર્થિક દૃષ્ટિએ જોવામાં આવે તો આપણાં યજ્ઞ આયોજનો સૌથી સસ્તાં પડે છે. એ જ રીતે તેની સાથે જેટલાં દૂરગામી સત્ પરિણામ જોડાયેલાં છે, તેને જોઈને આ ખર્ચને દરેક વિચારશીલ આલોચનાનો વિષય ન માનીને મુક્ત કંઠે પ્રશંસા પણ કરે છે.

ગાયત્રી યજ્ઞના આયોજનમાં ઉપસ્થિત જનતાને વ્યક્તિગત જીવનમાંથી અનૈતિક આચરણ અને સામાજિક જીવનમાંથી અનિચ્છનીય પ્રવૃત્તિઓ હઠાવવા માટે પ્રેરિત કરવામાં આવે છે, તેમજ યજ્ઞવેદી ઉપર એવી પ્રતિજ્ઞાઓ પણ લેવડાવવામાં આવે છે કે જેનાથી વ્યક્તિની નિર્મળતા અને સમાજની સમર્થતાનું અભિવર્ધન થઈ શકે. દરેક વ્યક્તિ જાણે છે કે આપણા દરેક યજ્ઞમાં સેંકડો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વાર નરનારી, પોતાની અનિચ્છનીય કુપ્રવૃત્તિઓને કેવા ઉત્સાહ સાથે સદાને માટે પરિત્યાગ કરીને કર્તવ્યનિષ્ઠ નાગરિક બનવા માટે વ્રતધારણ કરે છે અને સામાજિક કુરિવાજો તેમજ રાષ્ટ્રીય દુર્બળતાઓને નષ્ટ કરવા માટે જોશ, આવેશની સાથે, કાર્યક્રમ બનાવે છે. આ યજ્ઞીય સંમેલનો પછી તે ક્ષેત્રોમાં સર્જનાત્મક પ્રવૃત્તિઓનું જેવું પૂર આવે છે તેને જોઈને આલોચકોને પણ એ સ્વીકારવું પડે છે, કે આ આંદોલન વર્તમાન યુગનાં સર્વ આંદોલનોમાં એક અનુપમ આંદોલન છે અને દેશની મનોભૂમિને સમજતાં આપણા કાર્યક્રમો દૂરદર્શિતાને કારણે ખૂબ સફળ થયા છે.

દેશમાં પરિશુદ્ધ નાગરિક્તા, શ્રેષ્ઠ વિચારણા, ઉદાત્ત શ્રદ્ધા અને લોકમંગળની નિષ્ઠા અને ઉમંગભેર પ્રચંડ સર્જનાત્મક તત્પરતા ઉત્પન્ન કરવામાં અ.ભા. ગાયત્રી પરિવારના તત્ત્વાવધાનમાં ચાલી રહેલા યજ્ઞ આંદોલને થોડા જ સમયમાં જેવી સફળતા મેળવી છે, તેને જોઈને એ આશા પ્રગાઢ વિશ્વાસના રૂપમાં પરિણત થતી જાય છે, કે મનુષ્યમાં દેવત્ત્વ અને ધરતી પર સ્વર્ગનું અવતરણ કરવાનાં આપણાં સ્વપ્નો સાકાર થઈને જ રહેશે.

## (૪૩) શિખા (ચોટલી) ભારતીય સંસ્કૃતિની ધર્મધ્વજા

ભારતીય સભ્યતા અને સંસ્કૃતિનાં બે મુખ્ય પ્રતીક છે. એક શિખા (ચોટલી) અને બીજું સૂત્ર (યજ્ઞોપવિત-જનોઈ). આપણે ત્યાં આ બે પ્રતીકોને હઠાવી દેવાં એને જ ધર્મપરિવર્તનનો કે ધર્મભ્રષ્ટ થવાનો સંકેત માનવામાં આવે છે. જે દિવસોમાં બળપૂર્વક ઈસ્લામ ધર્મ ફેલાવવામાં આવતો હતો તે દિવસોમાં આ જ પ્રક્રિયા ચાલતી હતી, કે ચોટલી કાપી નાંખવામાં આવતી અને જનોઈ તોડી નાંખવામાં આવતી. બસ, એટલા માત્રથી એમ માની લેવામાં આવતું હતું, કે જેમણે આ પ્રતીકો હઠાવી દીધાં તેણે હિન્દુ ધર્મ છોડી દીધો. આ મારીને મુસલમાન બનાવવાના જમાનામાં, લોકોએ ચોટલી કપાવવાનો પ્રશ્ન સામે આવતાં એ જ કહ્યું "જો કપાશે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તો મસ્તક સાથે જ ચોટલી કપાશે'' અને એમ જ થયું. લોકોએ શરીરના ટુકડા થવા દીધા, પરંતુ ચોટલી કપાવી નહીં.

રાણા પ્રતાપ અને શિવાજી જેવા ધર્મરક્ષકોએ ચોટલી અને જનોઈની રક્ષાને માટે પોતાનું અમૂલ્ય જીવન સંકટમાં મૂકી દીધું અને આમ જનતામાં સાહસ ભર્યું, કે પોતાના ધર્મની રક્ષા અને તેનાં પ્રતીકોની રક્ષા કોઈપણ ભોગે કરવી જોઈએ. અતિ પ્રાચીનકાળમાં જે લોકો આ પ્રતીકો પ્રત્યે ઉપેક્ષા, અનાદર અને આળસ રાખતા હતા, તેને જેઓ ધારણ કરતા નહીં તેમને સામાજિક બહિષ્કારનો દંડ ભોગવવો પડતો હતો. શિખા સ્થાપના મુંડન સંસ્કાર, આપણા ધર્મમાં એક પવિત્ર અને જરૂરી પરંપરા છે. એ જ રીતે યજ્ઞોપવિત ધારણ કર્મકાંડ, પણ ઉચ્ચ વર્ણના લોકોમાં પણ ભારે સમારોહપૂર્વક મનાવવામાં આવતો અને તેમાં લગ્ન સંસ્કાર જેટલો ખર્ચ થતો. વસ્તુતઃ આ બન્ને પરંપરાઓ - ધારણાઓ અતિ મહત્ત્વપૂર્ણ છે. તેથી સંસ્કાર સમારંભોમાં તેની જરૂરિયાત સમજવામાં આવી. તે ખરેખર યોગ્ય હતું.

આજે કંઈક વિચિત્ર હવા ચાલી છે અને લોકો આ બન્ને ધર્મ પ્રતીકોને નિરર્થક માનવા લાગ્યા છે. અન્ય સર્વ ધર્મોના નિષ્ઠાવાન યુવકો પોતાનાં પ્રતીકોને ગર્વ અને ગૌરવ સાથે ધારણ કરે છે, પણ આપણા લોકો આપણી ઉપયોગી ધર્મ પરંપરાઓની ખેદજનક ઉપેક્ષા કરી રહ્યા છે. ખ્રિસ્તી યુવક ઈસુની ફાંસીનું પ્રતીક - વધસ્તંભ (ક્રોસ)નું પ્રતીક ''ટાઈ''ને ગળામાં બાંધે છે. મુસલમાન યુવક પોતાની મૂછો, પોષાક, સુન્નત વગેરેની ક્યારેય અવગણના કરતા નથી. શિખ યુવકોને કેશ, કાંસકી, કડું, કીરપાણ અને કચ્છ ધારણ કરાવવામાં આવે છે, પણ હિન્દુ ધર્માનુયાયીઓ કોણ જાણે કેમ અને તેમને શું થઈ ગયું છે, કે પોતાની સંસ્કૃતિને તિલાંજલિ આપતાં, પોતાનાં આ પુણ્ય પ્રતીકોને છોડવા માંડ્યા છે કે જેની રક્ષાને માટે પણા પૂર્વજોએ મોટામાં મોટાં બલિદાન આપવામાં ખચકાટ નહોતો અનુભવ્યો. હવે તો થોડાં જ વર્ષમાં હિન્દુ ધર્મમાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પણ એક એવો પંથ નીકળ્યો છે, જે ચોટલી અને જનોઈ ત્યાગી દેવાનો ઉપદેશ પોતાના અનુયાયીઓને આપે છે. સમયની ઊલટી વિચારધારા માટે કોણ શું કરી શકે ?

શિખા સંરક્ષણનું વૈજ્ઞાનિક મહત્ત્વ છે. નાના અને મોટા મગજને જોડનાર તે કેન્દ્રબિંદુને અતિ મહત્ત્વપૂર્ણ મર્મસ્થળ માનવામાં આવે છે. સમસ્ત માનસિક શક્તિઓનું કેન્દ્ર, ઉદ્ભવસ્થાન અહીં જ છે. અહીં જે વાળ ઊગે છે તેનાં મૂળ તે ચેતનાકેન્દ્રો સુધી જાય છે, જે આપણને બુદ્ધિમાન અને મનસ્વી બનાવે છે. આ સ્થાનના વાળની નિરંતર વૃદ્ધિ થવી જોઈએ. કાપવાથી તે મર્મસ્થળની સુરક્ષા ખતરામાં પડે છે અને બુદ્ધિમત્તાનાં કેન્દ્રો હચમચી જાય છે. બુદ્ધિમત્તા માનવજીવનની મહત્ત્વપૂર્ણ આવશ્યકતા છે. તેથી તેને સુરક્ષિત રાખવાના પ્રયત્નમાં શિખાસંરક્ષણનો ક્રમ આપણે ત્યાં ચિરકાળથી ચાલ્યો આવે છે. રેડિયોમાં ''એરિયલ'' ઊભું કરી દેવાથી, જેમ આકાશમાં વહેતા 'ઈથર' તત્ત્વના તરંગોથી પોતાના કામનો અવાજ પકડી લે છે અને રેડિયો વાગવા લાગે છે, તે જ પ્રકારે મગજની છત ઉપર ઊભું કરવામાં આવેલું શિખા રૂપી ''એરિયલ'' મહાન અંતરિક્ષમાં પ્રવાહિત થઈ રહેલી શુભ ચેતનાઓ, શુભ સંકલ્પો, સદ્વિચારો. અને ઉપયોગી જ્ઞાનને પકડીને મગજરૂપી રેડિયોમાં મોકલે છે અને આપણી બુદ્ધિમત્તા વધવાની એક સહજ સ્વાભાવિક પ્રક્રિયા બની જાય છે.

આ તથ્યને ભારતીય તત્ત્વવેત્તાઓ સારી રીતે જાણતા હતા. તેથી બ્રહ્મચારી, વાનપ્રસ્થ, સંન્યાસી સર્વ કેશ રખાવતા હતા. મધ્યબિંદુમાં શિખા રાખવાની ઉપયોગિતાને તેઓ સ્વીકારતા હતા, પરંતુ એક કદમ આગળ વધીને સમગ્ર માથના કેશ વધારતા હતા. મહિલાઓ તો આજીવન સમસ્ત માથા ઉપર શિખા રાખે છે. હવે છોકરાઓએ જ્યારથી ચોટલીની ઉપેક્ષા કરવાની શરૂ કરી છે ત્યારથી છોકરીઓએ તે ઉપેક્ષાનું પ્રાયશ્ચિત્ત કરવાનું આરંભ કરી દીધું છે અને તેઓ બે ચોટલા રાખવા માંડી છે. મહિલાઓની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ સાંસ્કૃતિક પ્રયત્નની પ્રશંસા કરવી જોઈએ. એક વિશેષ સંપ્રદાયના સંન્યાસી શિખા સહિત પૂરા મસ્તકનું મૂંડન એટલા માટે કરાવે છે કે, તેમને સાંસ્કૃતિક બુદ્ધિમત્તાની જરૂર જ રહી નથી. તેમને માટે આત્મિક આનંદ જ પર્યાપ્ત છે. શિખા એવી જરૂરિયાત છે, કે જેની ઉપયોગિતા માટે ઇન્કાર કરી શકાય તેમ નથી. તે માનસિક રોગોથી બચાવે છે. લાખો વર્ષોનો ઇતિહાસ સાક્ષી છે, કે જગતના અન્ય ભાગોની તુલનાએ શિખાધારી ભારતીયો, મનોવિકારો અને મગજના રોગોથી બહુ જ ઓછા લોકો પીડાતા હોય છે. તેમની બુદ્ધિમત્તા અને મનસ્વિતાનો પ્રકાશ સર્વત્ર ફેલાતો રહ્યો અને તે ઉપલબ્ધિના આધારે તેઓ માનવજાતિની મહાન સેવા કરી શકવા સમર્થ રહ્યા.

શિખા આપણા મગજ રૂપી કિલ્લા ઉપર રોપેલો ધર્મધ્વજ છે. જે રીતે આજકાલ સરકારી ઇમારતો ઉપર ત્રિરંગો ઝંડો ફરકાવવામાં આવે છે, એ જ રીતે ભારતીય મગજ રૂપી કિલ્લા ઉપર પોતાની સંસ્કૃતિની વિજયપતાકા શિખાના રૂપમાં લહેરાય છે. સંધ્યાવંદન વગેરે ધર્મકૃત્યોમાં શિખાબંધનની ક્રિયા કરવામાં આવે છે, તેનું પ્રયોજન પણ આ રીતે ''ઝંડા અભિવાદન'' જેવું જ છે. આ સંસ્થાપનનું પ્રયોજન એ છે, કે દરેક ભારતીય ધર્માનુયાયીનું મગજ કેવળ ઉચ્ચ વિચારણા, વિવેકશીલતા, શ્રેષ્ઠતા અને આદર્શવાદિતાનું જ કેન્દ્ર રહેવું જોઈએ. તેમાં નીચ, આછકલી, અધૂરી, સ્વાર્થી, સંકીર્ણ અને અનૈતિક આકાંક્ષાઓને કોઈ સ્થાન નહીં મળવું જોઈએ. જે રાજ્યનો કિલ્લો હોય છે, તેમાં તેની જ પ્રજા કે સેના નિવાસ કરે છે. શત્રુસૈનિકોને તેમાં એક કદમ પણ રાખવા દેવામાં આવતું નથી. તે જ રીતે જે મગજ ઉપર ભગવતી ગાયત્રી ધર્મધ્વજા શિખાના રૂપમાં ફરકે છે, તેના સંરક્ષકોનું જરૂરી કર્તવ્ય છે, કે દુષ્ટ મનોવિકારોને પોતાના વિચારક્ષેત્રમાં પ્રવેશ ન કરવા દે અને પોતાના ગુણ, કર્મ તથા સ્વભાવની શ્રેષ્ઠતાને, સદાચરણને સદાયે અખંડ બનાવી રાખે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આજે શિખાના સંરક્ષણની જે ઉપેક્ષા કરવામાં આવે છે તેને દૂર કરવી જોઈએ. અન્યથા આ પ્રતીકનો ત્યાગ ધીરે ધીરે ધર્મ અને સંસ્કૃતિના ત્યાગમાં વિકસિત થવા લાગશે. જરૂરી એ છે કે શિખા સંરક્ષણને એક ધાર્મિક અભિયાનનું રૂપ આપવામાં આવે અને સજાગતાપૂર્વક એ પ્રયત્ન કરવામાં આવે, કે કોઈ પણ ભારતીય ધર્માનુયાયીનું મસ્તક શિખા વિનાનું ન રહેવા પામે. ભગવતી ગાયત્રી રૂપી વિવેકશીલતાની ધર્મધ્વજા આપણા મસ્તક ઉપર ફરકતી જ દેખાવી જોઈએ અને દરેક ખભા ઉપર યજ્ઞોપવિતને ધારણ કરવી જોઈએ. યજ્ઞોપવિતનું માહાત્મ્ય બીજા લેખમાં દર્શાવવામાં આવ્યું છે.

આપણાં 'ગાયત્રી યજ્ઞ' આયોજનોમાં, એક મહત્ત્વપૂર્ણ કર્મ, શિખા સંસ્થાપનનું પણ હોવું જોઈએ. નાનાં બાળકો, જેમનું મુંડન થયું નથી, તેમનું મુંડન કરીને આરંભિક શિખા રાખવી જોઈએ. જે મોટી ઉંમરના છે અને જેણે ચોટલી રખાવવી છોડી દીધી છે અને મુંડન કરાવવા ઈચ્છતા નથી, તેઓ માટે એવું પણ થઈ શકે કે અન્ય વાળ કપાવીને શિખાસ્થાનના થોડા વાળ બચાવી શકાય છે. આ પ્રકારે થોડા સમયમાં તેમની શિખા પણ મોટી થઈ જશે. આ શિખા સંસ્કાર બાળક અને વયોવૃદ્ધના નવેસરથી થવા જોઈએ.

ગાયત્રી યજ્ઞોના અવસરે આ પ્રતિષ્ઠાપનાને સામૂહિક રૂપમાં નિર્ધારિત ધર્મસંસ્કારની સાથે કરવામાં આવે, તો તેનો પ્રભાવ વિશેષ પડશે. લોકોને ચોટલીનું માહાત્મ્ય સમજાશે અને જે લોકો ચોટલી રાખતા નથી તેઓમાં પણ જરૂરી ઉત્સાહ ઉત્પન્ન થશે. ભારતીય સંસ્કૃતિને સુદઢ બનાવવા માટેનું આ એક નાનું આંદોલન, જોવા માત્રથી પણ ભારે ઉપયોગી અને મહત્ત્વપૂર્ણ સિદ્ધ થશે. સાંસ્કૃતિક નિષ્ઠાની દૃષ્ટિએ તેનાં દૂરગામી પરિણામો આવશે.

શિખા રાખતી વખતે દરેક વ્યક્તિએ તેના મૂળ પ્રયોજનનું ધ્યાન રાખવું જોઈએ. મગજમાં એવી જ વિચારણાઓ, માન્યતાઓ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને આકાંક્ષાઓને સ્થાન મળવું જોઈએ, જે વિવેકશીલતા, નૈતિક્તા, માનવતા અને સામાજિકતાની કસોટી ઉપર ખરી પડે. દુર્બુદ્ધિ, દુર્ભાવના અને દુષ્ટતાની જે દુષ્પ્રવૃત્તિઓ ચારે તરફ ફેલાયેલી છે તેમને ઉખેડવા માટે, આપણે શિખારૂપી ધર્મધ્વજા ફરકાવીને એ ભાવનાત્મક મહાભારત ઊભું કરવું જોઈએ કે જેમાં અયોગ્યતાની કૌરવી સેનાને પરાસ્ત કરીને, યોગ્યતાની વિજયમાળા ગળામાં પહેરીએ.

## (૪૪) યજ્ઞોપવીત ધારણનીતિ અને કર્તવ્ય અપનાવવાનું વચન પાલન

ભારતીય સમાજનાં બે મુખ્ય ચિહ્ન છે (૧) શિખા, (૨) યજ્ઞોપવીત. શિખાનું પ્રયોજન મગજની ગતિવિધિઓ, વિચારણા, આકાંક્ષા, શ્રદ્ધા અને અભિરુચિ ઉપર વિવેકશીલતાનું, આદર્શવાદિતાનું તથા શ્રેષ્ઠતાનું નિયંત્રણ સ્થાપિત કરવાનું છે. ભગવતી ગાયત્રી માતાની ધર્મધ્વજા, મગજ રૂપી કિલ્લા ઉપર ફરકાવવાનો મતલબ જ એ છે, કે એ કિલ્લા ઉપર દેવત્વનું શાસન સ્થાપિત થઈ ગયું. આ મગજની અંદર દુષ્ટતા અને મૂર્ખતાનો પ્રવેશ નહીં થઈ શકે. યજ્ઞોપવીતનો અર્થ છે, આ શરીરે યજ્ઞીય જીવન જીવવાનો ફેંસલો કરી લીધો છે. હવે કોઈ એવાં કૃત્યો કરવામાં નહીં આવે, જે આત્માના દેવત્વને કલંકિત કરી શકે. યજ્ઞીય જીવન અર્થાત્ સંયમી સજ્જનતાપૂર્ણ, ઉદાત્ત અને લોકમંગળના હેતુ માટે જીવવામાં આવતું જીવન. જિંદગીમાં એવી જ રીતિનીતિને અપનાવવાની પ્રતિજ્ઞા લઈને જીવવાની ઘોષણા છે. ફોજી સિપાઈની વેશભૂષામાં જેમ કોઈ વિશેષ વસ્ત્ર અને ઉપકરણ લાગેલાં હોય છે, તે જ રીતે યજ્ઞીય જીવન જીવનારાની સેનામાં ભરતી થનારા, દેવપક્ષનું પ્રતીક યજ્ઞોપવીત ધારણ કરે છે.

ભારતીય ધર્માનુયાયી પોતાની જાતને ''દ્વિજ' કહે છે. દ્વિજ અર્થાત્ બેવાર જન્મ લેનાર. માતાના પેટમાંથી તો માત્ર શરીર પેદા થાય છે. આ અવતરણ મનુષ્ય અને પશુનું સંમિશ્રણ હોય



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. બીજીવારનો જન્મ આદર્શોને માટે જીવવાની પ્રતિજ્ઞા લેવાથી શરૂ થાય છે. યજ્ઞોપવીત ધારણ એટલે દ્વિજત્વ બ્રાહ્મણત્વની પ્રતિજ્ઞાની જાહેરાત અને શ્રદ્ધા. જનોઈ પહેરતાંની સાથે જ દ્વિજત્વ-દેવજન્મ આરંભ થાય છે. ભારતીય સંસ્કૃતિની આ મહાન પરંપરા મનુષ્યને દૈવી આદર્શોને અનુરૂપ જીવન જીવવાની પ્રેરણા આપે છે.

યજ્ઞોપવીત ધારણ કરવાની પરંપરાને, આ પુણ્ય પ્રક્રિયાને એક પ્રચંડ અભિયાનની જેમ આગળ વધારવું જોઈએ. પ્રત્યેક ભારતીય ધર્માનુયાયીને કહેવું જોઈએ કે તે પોતાની સંસ્કૃતિનાં બે પ્રતીક શિખા અને યજ્ઞોપવીત શ્રદ્ધાપૂર્વક ધારણ કરે. આ પરમ પવિત્ર પ્રતીક તેને માનવજીવનના મહાન આદર્શ અને સ્વરૂપનું સ્મરણ કરાવતાં રહેશે અને તે સ્મૃતિ તેને મહામાનવ બનવાની દિશામાં આગળ ધપાવશે, પછી ભલેને તે પ્રગતિ તીવ્ર હોય કે મંદ.

પહેલાંના દિવસોમાં યજ્ઞોપવિત સંસ્કાર બહુ જ મોંઘા, ખર્ચીલા અને આડંબરપૂર્ણ થઈ ગયા હતા. લોકો તો આમેય આદર્શવાદિતા અપનાવવાથી દૂર ભાગે છે. તેની સામે જો તેનાં પ્રતીકો, બહુ જ મોંઘાં અને ઝંઝટવાળાં બની જાય ત્યારે તો તેના તરફથી મન હઠી જાય તે સ્વાભાવિક છે. મુંડનની શરતને કારણે નવયુવકો આ ધર્મકૃત્યથી વિમુખ થઇ જાય છે. નાનાં બાળકોની વાત અલગ છે. હવે મોટી ઉંમરના લોકો માતા-પિતાના મૃત્યુ સમયે પણ વાળ કપાવતા નથી. તો જનોઈ ધારણ કરતી વખતે તેઓ વાળ કપાવવા ભલા કેવી રીતે તૈયાર થાય ? વડીલો પણ આ મોંઘવારી અને વ્યસ્તતાના દિવસોમાં તેનાથી નારાજ થઈ ગયા અને ધીરે ધીરે પોતાની સંસ્કૃતિના મુખ્ય ચિહ્ન-જનોઈની ઉપેક્ષા જ થઈ ગઈ. લગ્નના સમયે જ પંડિત લોકો ગળામાં દોરો નાંખી દે છે.

આ સ્થિતિને બદલવાનો એક જ યોગ્ય ઉપાય છે, કે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

ગાયત્રી યજ્ઞની સાથે, 'સામૂહિક યજ્ઞોપવીત' આંદોલન પણ ચાલે. તેમાં માથું મુંડાવવાની અનિવાર્ય શરત ન રાખવી. લોકોને મજબૂરીથી કોઈ પ્રકારનો ખર્ચ પણ નહિ ઉઠાવવો પડે. પંડિત લોકો પૂજાપાઠનું કર્મકાંડ તો બહુ કરતા હતા, પણ એ નહોતા બતાવતા કે આ પ્રક્રિયાનું તાત્પર્ય અને પ્રયોજન શું છે ? સામૂહિક આયોજનોમાં વ્યાખ્યા, વિવેચન દ્વારા યજ્ઞોપવીતની ઉપયોગિતા પણ સર્વ સાધારણને સમજાવી શકાય છે. જેનાથી માત્ર ધારણ કરનારા જ નહીં,પરંતુ હાજર રહેલા સર્વ લોકો, પોતાની ધર્મપરંપરાનાં આ બન્ને પ્રતીકોથી પરિચિત થઈ શકે છે અને આ માધ્યમથી ભારતીય સંસ્કૃતિના તત્ત્વજ્ઞાનને વ્યાપક બનાવની વિશાળ સુવિધા થઈ શકે છે.

યજ્ઞોપવીતના ૯ દોરા નવ સદ્‌ગુણોનાં પ્રતીક છે. આ ગુણોને થોડા વિસ્તારપૂર્વક આ રીતે સમજાવી શકાય (૧) હૃદયમાં પ્રેમ, (૨) વાણીમાં માધુર્ય, (૩) વ્યવહારમાં સરળતા, (૪) નારી માત્ર પ્રત્યે પવિત્ર ભાવના, (૫) કર્મમાં કલા અને સૌંદર્યની અભિવ્યક્તિ, (૬) સર્વ પ્રત્યે ઉદારતા અને સેવા ભાવના, (૭) શિષ્ટાચાર અને અનુશાસન, (૮) સ્વાધ્યાય અને સત્સંગ, (૯) સ્વચ્છતા, વ્યવસ્થા અને સ્ફૂર્તિ. આ સદ્‌ગુણો માનવજીવનની સાચી શોભા અને સંપત્તિ છે. યજ્ઞોપવીત ધારણ કરનારની શ્રદ્ધા તે વાત ઉપર બેસાડવી જોઈએ, કે તેઓ આ સદ્‌ગુણોને વધારે અને તે માટે નિરંતર પ્રયત્નશીલ રહે.

યજ્ઞોપવીત ગાયત્રી માતાનું સ્વરૂપ અને યજ્ઞ ભગવાનનું પ્રતીક છે. ગાયત્રી મંત્રના ૯ શબ્દ, યજ્ઞોપવીતના ૯ દોરા, ત્રણ ગાંઠ ત્રણ વ્યાહૃતિનું અને મોટી ગ્રંથિ ''ૐ''નું પ્રતીક છે. ગાયત્રી રૂપી પરમાત્માને ખભા ઉપર, હૃદય ઉપર, કલેજા ઉપર, પીઠ ઉપર ધારણ કરનાર, પ્રત્યેક જનોઈધારીએ એ વિશ્વાસ કરવો જોઈએ, કે પોતે ચારે બાજુથી ભગવાન દ્વારા ઘેરાયેલો બંધાયેલો છે. તે માટે તેણે એવું શ્રેષ્ઠ જીવન જીવવું જોઈએ, જે ભગવાનની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઈચ્છા, પ્રસન્નતા અને રચનાને અનુરૂપ હોય. યજ્ઞોપવીત ગળામાં રાખવામાં આવેલી એક ધાર્મિક દોરી છે, જે શીખવે છે, કે વ્યક્તિએ નીતિ, ધર્મ, સદાચાર, અને કર્તવ્યોનાં બંધનોમાં સ્વેચ્છાપૂર્વક બંધાયેલા રહીને, માનવીય મર્યાદાઓની અંતર્ગત જ જીવન જીવવું કરવું જોઈએ. ઉદ્ધતાઈ કોઈ પણ સ્થિતિમાં ન કરવી જોઈએ.

મનને અને વિચારોને પવિત્ર રાખવાની પ્રેરણા શિખામાં છે અને શરીરને તેમજ કર્મને પવિત્ર રાખવાની નિષ્ઠા યજ્ઞોપવીત ઉત્પન્ન કરે છે. આ રીતે આ બન્ને પ્રતીકો દ્વારા, માનસિક અને શારીરિક, વૈચારિક અને ક્રિયાત્મક, શ્રેષ્ઠતા ઉત્પન્ન કરવા, સુરક્ષિત રાખવા અને વધારવાનું તત્ત્વજ્ઞાન શિખા - સૂત્રનાં પુણ્ય પ્રતીકોમાં સમાયેલું છે. આ સંદેશાને હૃદયંગમ કરનાર વ્યક્તિ નિ:સંદેહ, નરમાંથી નારાયણ, પુરુષમાંથી પુરુષોત્તમ, લઘુમાંથી મહાન અને આત્મામાંથી પરમાત્મા બની શકે છે.

ઉપનયન (જનોઇ) ધારણ કરવાની ગુરુદક્ષિણા સ્વરૂપે, પોતાના વર્તમાન શારીરિક, માનસિક તથા સામાજિક દોષ-દુર્ગુણોમાંથી અમુકનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરીને સંસ્કારની દક્ષિણા દેવી જોઈએ. માંસાહાર, નશાબાજી, વ્યભિચાર, જુગાર, બેઈમાની, વિશ્વાસઘાત, આળસ, ક્રોધ, અવિવેક, નાસ્તિકતા, જાતિ અને લિંગના આધારે ઊંચનીચનો ભેદભાવ, લગ્નોમાં ખૂબ ખર્ચ કરવો, મૃત્યુભોજન, કંજૂસાઈ વગેરે દોષ-દુર્ગુણોમાંથી કોઈને કોઈ પોતાનામાં જરૂર હશે. જે હોય તેનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા આ શુભ સંસ્કારના પવિત્ર અવસરે કરવી જોઈએ અને એ સિદ્ધ કરવું જોઈએ કે શિખા સૂત્ર ધારણ કરવાનું પુણ્ય પ્રયોજન તે જ દિવસથી શરૂ કરી દેવામાં આવે.

ગાયત્રી યજ્ઞોના અવસરે એક એક દિવસનું એક એક આયોજન રાખી શકાય છે. એક દિવસ સામૂહિક શિખાસ્થાપન અર્થાત્ વિચારક્રાંતિ સંમેલન, એક દિવસ સામૂહિક યજ્ઞોપવીત ધારણ નૈતિકક્રાંતિ સંમેલન, એક દિવસ સામૂહિક લગ્ન સંસ્કાર અર્થાત્



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સામાજિકક્રાંતિ સંમેલન. ત્રણ દિવસનાં ગાયત્રી યજ્ઞ આયોજનોની સાથે અગર જો આ ત્રણ વિશેષ સંમેલન રાખવામાં આવે, તેની ઠીક પ્રકારે વ્યાખ્યા વિવેચના કરવામાં આવે અને કર્મકાંડોને આકર્ષક રૂપે દર્શાવવામાં આવે, તો નિઃસંદેહ યુગનિર્માણ યોજનાના ઉદ્દેશોની પૂર્તિ માટે ભારે સહાયતા મળી શકે અને આપણાં આ ધર્મ-આયોજનો પોતાની ઉપયોગિતામાં ચાર ચાંદ લગાવી શકે તેમ છે.

## (૪૫) જ્ઞાનયજ્ઞનો પ્રકાશ ઘેર ઘેર પહોંચાડવામાં આવે

એ કહેવાની જરૂર નથી કે મનુષ્યની મહાનતા અને કનિષ્ઠતા તેની મનઃસ્થિતિ ઉપર આધારિત છે. જેના વિચારો છીછરા, સ્વાર્થી અને સંકીર્ણ છે, તેનાં કાર્યો પણ હલકા સ્તરનાં હશે. ફળ સ્વરૂપે તેનું સ્તર નરપશુઓ અને નરપિચાશો જેવું બની જશે. તેનાથી ઊલટું, જેના વિચાર ઊંચા, શ્રેષ્ઠ તથા ઉદાત્ત હશે, સદ્ભાવના અને સજ્જનતાના આદર્શ જે મગજમાં જામી ગયા હશે, તેનાં બધાં કાર્યોમાં શાલીનતા અને મહાનતાની ઝાંખી મળશે. તેનું દરેક કામ એવું હશે જેનાથી બીજાને સુખ મળે, તે પોતે આ કર્તવ્યથી સંતુષ્ટ રહી શકશે. એવી વ્યક્તિ પોતાને માટે આનંદ ઉત્પન્ન કરતી અને બીજા માટે ઉલ્લાસ વિખેરતી જ જોવામાં આવે છે.

વિચારોની શક્તિ અપાર છે. એમ પણ કહેવામાં આવે છે, કે આદમીના કલેવરમાં જે કંઈ વિભૂતિઓ અને વિશેષતાઓ જોવામાં આવે છે, તે તેની વિચારણાનું જ પરિણામ છે. જેની પાસે આદર્શવાદી વિચારોનો અભાવ હશે, તે સાધન-સુવિધાથી લદાયેલો હોવા છતાં જાનવર જેવું જીવન જીવતો હશે. કીડા-મંકોડા જેવી પ્રવૃત્તિઓ અપનાવશે અને સર્પ-વીંછી જેવો વિક્ષોભ ઉત્પન્ન કરશે. પ્રગતિ કે અવનતિનો આધાર પણ વ્યક્તિના વિચારો જ છે. વિચાર જ પ્રૌઢ અને પરિપક્વ થઈને, ગુણ કર્મ, સ્વભાવ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તથા સંસ્કારના રૂપમાં પરિણમે છે. મનુષ્ય જેવો પણ હોય, તે વસ્તુતઃ પોતાના વિચારોની પ્રતિક્રિયા કે પ્રતિધ્વનિ માત્ર છે. જીવનનો પ્રેરણાસ્રોત શોધવામાં આવે તો તે વ્યક્તિના વિચારપ્રવાહમાં જ છુપાયેલો જોવા મળશે.

વ્યક્તિનો ઉત્કર્ષ કરવો હોય કે સમાજનું ઉત્થાન, બન્ને પ્રયોજનો માટે પ્રથમ જરૂરિયાત એ વાતની છે કે આદર્શવાદી, શ્રેષ્ઠ અને વિવેકસંમત પરિશુદ્ધ વિચારણાને જનમાનસમાં પ્રતિષ્ઠાપિત કરવામાં આવે. તેના વિના ગાડી એક ડગલું પણ આગળ ચાલવાની નથી. કાર્યક્રમો ભલે એક કરતાં એક ચઢિયાતા રજૂ કરવામાં આવે, યોજનાઓ ભલે ગમે તેટલી ઉત્તમ બનાવવામાં આવે, પણ તે નબળું મગજ અને છીછરા વિચારોવાળી વ્યક્તિઓના હાથમાં પહોંચતાં તે નકામી થઈ જશે. આજકાલ પ્રગતિના વિવિધ પ્રયત્નો કરવામાં આવે છે, પણ તેમાંથી એક પણ ફળદાયી થઈ શક્યા નથી તેનું કારણ સ્પષ્ટ છે. અધૂરા વિચારોવાળા માણસો પોતાની રીતે જ વિચારે છે અને તેવું જ કરે છે. ફળ સ્વરૂપે રેતીમાંથી તેલ કાઢવાની જેમ પરિણામ શૂન્ય જ રહેશે. અવિવેકી અને હલકા વિચારોવાળા મનુષ્યો સંસારમાં ક્યારેય કોઈ મહત્ત્વપૂર્ણ કાર્ય કરવામાં સમર્થ નથી થયા.

તેથી જરૂરિયાત એ વાતની છે, કે આપણા દુર્બળ રાષ્ટ્રને સમર્થ અને સુસંપન્ન બનાવવા માટે લોકોની મનોભૂમિમાં વિવેકશીલતા અને આદર્શવાદિતાનાં બીજ વાવી પાક ઉગાડી શકાય, તો આશાભર્યા ઉમંગ ઉત્પન્ન કરનાર હરિયાળી ઉત્પન્ન થશે. હજાર વર્ષની ગુલામીથી પીડાયેલા હોવાને કારણે આપણા વિચારો દરેક દિશામાં પછાત રહ્યા છે. સભ્ય દેશોમાં સર્વત્ર જોવાતી નાગરિક કર્તવ્યનિષ્ઠાની હજુ આપણે ત્યાં શરૂઆત જ થઈ નથી. રૂઢિઓ અને અંધવિશ્વાસોને કારણે અપાર ક્ષતિ પહોંચી છે. તેના તરફ કોઈનું ધ્યાન ગયું નથી. વ્યક્તિગત સદ્‌ગુણ કઈ રીતે કોઈ માણસને સુખી, સમુન્નત અને સમર્થ બનાવે છે, તેની ચર્ચા પણ સાંભળવા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મળતી નથી. સામાજિક્તા અને સામૂહિક્તા પ્રત્યે નિષ્ઠા ઉત્પન્ન કર્યા વિના કોઈ રાષ્ટ્ર બળવાન બની શકતું નથી, આ તથ્યનો આપણામાંથી કેટલા લોકો અનુભવ કરે છે ? વિચારોનું આ પછાતપણું જ આપણી અવનતિ માટે જવાબદાર છે. તેણે જ આપણને હજાર વર્ષ સુધી ગુલામ રાખ્યા અને સ્વતંત્રતા પ્રાપ્તિ પછી, આટલી લાંબી અવધિ વીતી જવા છતાં, આપણી પ્રગતિના પથમાં પળે પળે અવરોધ ઉત્પન્ન કર્યાં છે.

આપણે વાસ્તવિક્તા સમજવી જોઈએ અને જનમાનસમાં વિવેકશીલતા, શ્રેષ્ઠતા અને આદર્શવાદિતાનાં બીજ રોપવા માટે પ્રબળ પ્રયત્નોની જરૂરિયાત અનુભવવી જોઈએ. રાજનૈતિક ક્રાંતિ પછી હવે સૌથી મોટી અને સૌથી પહેલી આવશ્યક્તા વિચારક્રાંતિની છે. તેના વિના પ્રગતિના સર્વ પ્રયત્નો દિવાસ્વપ્ન માત્ર બની રહેશે.

આ પ્રયોજનની પૂર્તિને માટે 'યુગનિર્માણ યોજના' એ એક અતિ સુવ્યવસ્થિત કાર્યપદ્ધતિ અપનાવીને 'જ્ઞાનયજ્ઞ'ના નામથી વિચારક્રાંતિનું અભિનવ આંદોલન શરૂ કર્યું છે. આ સમયની સૌથી મહત્ત્વપૂર્ણ જરૂરિયાત હતી, જેને પૂર્ણ કરવા ઘણા દિવસોથી સુસંગઠિત અભિયાન ચાલ્યું છે અને થોડા જ સમયમાં અણધારેલી સફળતા પ્રાપ્ત કરી છે. વ્યક્તિગત સમસ્યાઓમાંથી લગભગ દરેક ઉપર પ્રકાશ નાંખનાર અને સામાજિક, રાજનૈતિક મૂંઝવણોનો દૂરદર્શિતાપૂર્ણ ઉકેલ લાવનાર પ્રભાવપૂર્ણ અને સાર્થક સાહિત્ય આ પ્રયાસની અંતર્ગત પ્રકાશિત કરવામાં આવ્યું છે અને તેને આ યુગની અનુપમ ઘટના જ કહેવી જોઈએ. આ વિજ્ઞપ્તિ જે વાંચવામાં આવી રહી છે, તે પણ આ 'યોજના' અંતર્ગત જ છે. આવી લગભગ ૧૦૦ વિજ્ઞપ્તિઓ પ્રકાશિત થઈ ચૂકી છે. ૨૦૦થી વધુ વિવિધ 'ટ્રેક્ટ બુક', ૧૦૦ની આસપાસ જીવનકથાઓ તથા કથા-કવિતા અત્યાર સુધીમાં છપાઈ ચૂકી છે. ભવિષ્યમાં આ પ્રકાશન કેટલાય ગણું વધી જશે. પહેલાં આ સાહિત્ય માત્ર હિન્દીમાં જ છપાતું હતું. હવે તો અનુવાદ છાપવાની વ્યવસ્થા થઈ ગઈ છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આજ સુધીમાં આ પ્રયત્ન અંતર્ગત લાખો નહીં, કરોડો વ્યક્તિઓનો ઉત્કર્ષ થયો છે અને વાચકોની વિચારણા તથા કાર્યપદ્ધતિમાં ક્રાંતિકારી પરિવર્તન કર્યું છે. સંગઠનની બે માસિક પત્રિકાઓ "અખંડ જ્યોતિ" અને "યુગનિર્માણ યોજના" જાદૂ જેવું કામ કરી રહી છે અને લાગે છે કે આપણો આ પ્રયાસ જનમાનસના નવ નિર્માણની આવશ્યક્તાને આશ્ચર્યજનક રીતે પૂર્ણ કરવામાં સમર્થ બનશે.

આવશ્યક્તા એ વાતની છે, કે આ 'જ્ઞાનયજ્ઞ'ની પુણ્ય પ્રક્રિયાને વ્યાપક બનાવવામાં પ્રત્યેક જ્ઞાની દેશભક્તનો સમુચિત સહયોગ મળી રહે. આ પ્રેરણાપ્રવાહને દરેક જણ સુધી પહોંચાડવા માટે જરૂરિયાત એની છે, કે રોજના વીસ પૈસા અંશદાન અને બે કલાક સમયદાન આપવાની ઉદારતા અપનાવીએ અને આ સેવા-ભાવનાથી પોતાના ઘરમાં એક 'યુગનિર્માણ પુસ્તકાલય' ચલાવવામાં આવે. વીસ પૈસા રોજ કાઢવાથી યુગનિર્માણ યોજના દ્વારા પ્રકાશિત પત્રિકાઓ, પુસ્તિકાઓ, વિજ્ઞપ્તિઓ સર્વ ઉપલબ્ધ થઈ શકે છે. આ સાહિત્ય પોતાના ઘર, પરિવાર, પાડોશી, સંબંધી તથા સંપર્ક ક્ષેત્રમાં વંચાવવા કે સંભળાવવાનું અભિયાન ચલાવવામાં એક કલાકનો સમય રોજ કાઢી શકાય છે. આ સાહિત્ય અશિક્ષિતોને સંભળાવવા અને શિક્ષિતોને વંચાવવામાં જો નિયમિત રૂપથી એક કલાક કાઢવામાં આવે, તો એટલા માત્રથી વર્ષમાં સેંકડો લોકોને આ વિચારધારાથી પરિચિત અને પ્રભાવિત કરી શકાય છે. આપણા દેશમાં મોટાં પુસ્તકાલયો છે, પણ કાર્ય કંઈ થતું નથી કેમકે પહેલું કામ લોકરુચિ જગાવવાનું છે. ભણેલા માણસોને પણ મનોરંજક અને હળવું સાહિત્ય પસંદ છે. તેથી પુસ્તકાલયોમાં પણ એવી હલકી ચીજ વાંચવામાં આવે છે. પ્રેરક સાહિત્ય તો ત્યાં પણ સડતું રહે છે. તેથી વ્યક્તિ અને સમાજને નવનિર્માણની પ્રેરણા આપનાર સાહિત્યમાં અભિરુચિ પેદા કરવી એ પહેલું કામ છે. તે રીતે દરેક જણનો સંપર્ક સાધીને તેને વ્યક્તિગત રૂપથી પ્રેરિત અને પ્રભાવિત કરવા અને 'યુગનિર્માણ યોજના'ની સુવ્યવસ્થિત વિચારણા તેઓ સુધી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પહોંચાડવાથી જ પ્રયોજન પૂરું થઈ શકે છે. ''ઝોલા પુસ્તકાલય'' આ જ પ્રયોજનની પૂર્તિને માટે છે. દરેક જ્ઞાની દેશભક્તનો સહયોગ આ પ્રયોજનમાં મળવા લાગે, તો વ્યક્તિ અને સમાજના સંપર્કની મુખ્ય જરૂરિયાત આપણે સહેજે પૂરી કરી શકીએ છીએ અને ધરતી ઉપર સ્વર્ગના અવતરણનું સ્વપ્ન મૂર્તિમાન થતું જોઈ શકીએ.

## (૪૬) 'જ્ઞાનયજ્ઞ' નવનિર્માણનું મહાનતમ અભિયાન

આજે મનુષ્ય અનેક વ્યથા તથા વેદનાઓમાં ડૂબેલો અને સમાજ અનેક સમસ્યામાં ઘેરાયેલો માલૂમ પડે છે. સર્વત્ર અશાંતિ, આશંકા અને અસંતોષનું જે વાતાવરણ જોવામાં આવે છે તેનું એક જ કારણ છે  માનવીય દુર્બુદ્ધિનું વધી જવું અને તેનું દુષ્પ્રવૃત્તિઓ તરફ વળી જવું. જો આ પ્રવાહને રોકી દેવામાં આવે, લોકોને ઉચ્ચ નીતિરીતિ અપનાવવા માટે સમજાવી શકાય, તો પરિસ્થિતિ બિલકુલ સુધરી શકે છે. જે ક્ષમતા આજે વિનાશકારક અને અનીતિપરાયણ વિવિધ કૃત્યોમાં વપરાય છે, તેને જો સર્જનાત્મક અને સદ્ભાવ સંવર્ધનમાં વાળી દેવામાં આવે, તો જોતજોતામાં જાદૂની જેમ સર્વ પરિસ્થિતિનો કાયાકલ્પ થઈ શકે છે. વર્તમાન નારકીય વાતાવરણ જોતજોતામાં સ્વર્ગીય સુખમાં બદલાઈ જાય.

ધનસંપત્તિ અને સાધનસગવડો વધારીને માનવીય સુખશાંતિ વધારવાના પ્રયત્નોમાં બીજા લોકો લાગેલા છે તે પ્રશંસનીય છે પણ આપણે વિચારવાનું એ છે કે દુર્બુદ્ધિનો વર્તમાન ક્રમ, જો આ જ રીતે ચાલતો રહેશે તો કુબેર જેટલી સંપત્તિ અને ઇન્દ્ર જેટલાં સુખસાધનો વધવા છતાં પણ, દુર્બુદ્ધિની હાજરીમાં વિપત્તિઓ વધતી જ રહેશે. સદ્બુદ્ધિ જ અભાવગ્રસ્ત જીવનને પણ સુખશાંતિથી ભરપૂર રાખી શકે છે. જો કે આ મહત્ત્વપૂર્ણ તથ્યની તરફ બીજાઓનું ધ્યાન ગયું નથી. તેથી તેને આપણે હાથમાં લેવું જોઈએ અને દુર્બુદ્ધિનો ત્યાગ અને સદ્બુદ્ધિ-સંસ્થાપનના કાર્યમાં પ્રાણ રેડીને જોડાઈ જવું જોઈએ. આ પ્રયાસ આંખોથી જોઈ શકાતો નથી તેને કારણે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સસ્તી વાહવાહ ભલે ન મળી શકે, પણ પોતાની ઉપયોગિતાને કારણે તેનું મહત્ત્વ એટલું મોટું છે, કે તેની ઉપર પુણ્ય-પરમાર્થ કહેવાતાં સમસ્ત કાર્યો ન્યોછાવર કરી શકાય.

"યુગનિર્માણ યોજના"નું જ્ઞાનયજ્ઞ અભિયાન ઈતિહાસમાં જોવા મળતાં અત્યાર સુધીનાં સર્જનાત્મક કાર્યોમાં સૌથી મહાન છે. તેની કાર્યપદ્ધતિ એવી છે કે ઘરે-ઘરે દરેક વ્યક્તિનો સંપર્ક સ્થાપિત કરીને વ્યક્તિ અને સમાજની અગણિત સમસ્યાઓનું સ્વસ્થ અને સાચું સમાધાન સમજાવી શકાય. હજાર વર્ષની ગુલામી પછી ભારતીય જનતાની વિચારપદ્ધતિમાં ભારે વિકૃત્તિ આવી છે અને તેમાંથી અધિકાંશ માન્યતાઓ નિરર્થક જ નહીં, અનર્થમૂલક પણ બની ગઈ છે, પણ લોકો તેને પરંપરા માનીને છાતીએ વળગાડીને બેઠા છે અને જાતજાતનાં કષ્ટ સહન કરે છે. જ્ઞાનયજ્ઞનું પ્રયોજન વ્યક્તિની વિવેકશીલતાને જાગૃત કરવાનું છે, જે યોગ્ય-અયોગ્યનો ભેદ સમજી શકે અને જે અનિચ્છનીય છે તેને છોડવાનું તથા યોગ્યનો સ્વીકાર કરવાનું સાહસ જગાવી શકે.

ઔચિત્ય, ન્યાય અને વિવેક સાથે જોડાયેલી એક પ્રગતિશીલ વિચારધારાનું સર્જન યુગનિર્માણ યોજના દ્વારા કરવામાં આવ્યું છે. અત્યંત પ્રખર પ્રકાશથી પરિપૂર્ણ વ્યક્તિ અને સમાજની દરેક સમસ્યાનો મહત્ત્વપૂર્ણ ઉકેલ રજૂ કરતું અત્યંત સસ્તું સાહિત્ય વિપુલ માત્રામાં પ્રકાશિત કરવામાં આવે છે. એ સાહિત્ય જ્ઞાનયજ્ઞનો એકભાગ છે, જેને કેન્દ્ર દ્વારા દેશની દરેક ભાષામાં વિપુલ પ્રમાણમાં લખવામાં અને છાપવામાં આવી રહ્યું છે. બીજો ભાગ તેનો પ્રસાર છે. ભાવનાત્મક નવનિર્માણનું મહત્ત્વ સમજનાર દરેક વિચારશીલ વ્યક્તિને તેને માટે આમંત્રિત કરવામાં આવે છે. પ્રસન્નતાની વાત છે કે એવા પરમાર્થ પ્રેમીઓની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે અને તેઓ પોતાનાં સમય અને સાધનોનો એક અંશ નિયમિત રૂપથી લગાવી રહ્યા છે. ઘેર ઘેર જઈને જન સંપર્ક સ્થાપિત કરે અને તેઓની મનોભૂમિ તથા આવશ્યકતા જોઈને તેમને નવનિર્માણનું



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તે સર્જનાત્મક સાહિત્ય વાંચવા આપે છે, જે નાની નાની ''ટ્રેક્ટ બુક'', વિજ્ઞપ્તિઓ અને 'અખંડ જ્યોતિ', 'યુગ નિર્માણ યોજના' વગેરે પત્રિકાઓના રૂપમાં ઉપલબ્ધ છે. જે ભણ્યા નથી તેમને સંભળાવવાનું કાર્ય કરવું પડે છે. જો કે દેશમાં ૫૦ ટકા લોકો અશિક્ષિત છે. તેથી વાંચી સંભળાવવું પણ આ દેશમાં વિશેષ જરૂરી છે.

જ્ઞાનયજ્ઞના હોતા, ઉદ્ગાતા તેઓ છે, જેમણે જનમાનસમાં વિચારપરિવર્તનનું સર્વોપરી પરમાર્થનું મહત્ત્વ સમજી લીધું છે અને તેને માટે કંઈ સહાય નિયમિત રૂપથી આપતા રહેવાનું વ્રત ધારણ કર્યું છે. એ માટે સહાય રૂપે ન્યૂનતમ એક કલાક સમય અને વીસ પૈસા અંશદાન નિત્ય કરવું જોઈએ. વીસ પૈસા આપવામાં નિયમિતતા જળવાઈ રહે અને તેને દૈનિક નિત્યકર્મની જેમ યાદ રાખવામાં આવે અને તેને માટે જ્ઞાનયજ્ઞના ''જ્ઞાનઘટ'' (ડબ્બા) પૈસા જમા કરવા માટે બનાવવામાં આવ્યા છે. તેને પૂજાના કબાટમાં સ્થાપિત કરવાના હોય છે. તેમાં નિયમિત રોજ વીસ પૈસા નાંખવાના હોય છે. તેને જ્યારે જરૂરિયાત પડે, ત્યારે દર મહિને ખોલી શકાય. આ પૈસાથી આ સર્વ સાહિત્ય મંગાવી શકાય છે, જે વિચારક્રાંતિ અને સમાજક્રાંતિને માટે યુગ નિર્માણ યોજના અંતર્ગત મથુરાથી નિરંતર પ્રકાશિત કરવામાં આવે છે. આ રીતે ઘરમાં જ પુસ્તકાલય બની જાય છે, જેને દરેક ઘરની સાચી સંપત્તિ સમજવી જોઈએ.

એકાદ બે કલાકનું સમયદાન એટલા માટે છે, કે વીસ પૈસા રોજના બચાવીને જે સાહિત્ય ઉપલબ્ધ કરવામાં આવ્યું છે તેને ઘરના બધા સભ્યોને નિત્ય થોડું થોડું વંચાવી શકાય કે સંભળાવી શકાય તથા પાડોશી, મિત્ર, સંબંધી જે પણ આપણા પ્રભાવ ક્ષેત્રમાં આવે, તેને સદ્સાહિત્યનો પરિચય કરાવવો, મહત્ત્વ, માહાત્મ્ય સમજાવવું, રુચિ ઉત્પન્ન કરવી અને વંચાવવા માટે વારંવાર સંપર્ક સ્થાપિત કરવામાં આવે. જેનામાં થોડીઘણી પણ વિચારશીલતા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હોય, તેની સાથે કરેલો પરિશ્રમ સફળ પણ થાય છે. જે લોકો આ વાંચવા, સાંભળવા માટે રુચિ લે છે, તેઓમાંથી અધિકાંશને આ પ્રખર વિચારધારાથી પ્રભાવિત થવું પડે છે અને તેઓ તે પ્રકાશને જીવનમાં ઉતારવા તથા સંપર્ક ક્ષેત્રમાં ફેલાવવાનું સાહસ પણ કરે છે. આ પ્રકારે ભાવનાત્મક નવનિર્માણની, વિચારક્રાંતિની આ પુણ્યપ્રક્રિયા દિવસે દિવસે આગળ વધતી જાય છે.

બે કલાક સમયદાન અને વીસ પૈસા અંશદાન આપનારને 'યુગનિર્માણ યોજના'ના સભ્ય માનવામાં આવે છે અને તેઓનું સંગઠન આ રીતના અભિયાન ઉપરાંત શતસૂત્રી રચનાત્મક અને સંઘર્ષાત્મક કાર્યક્રમોને હાથમાં લઈને, ભાવનાત્મક નવનિર્માણના પુણ્ય પ્રયોજનને આગળ વધારે છે. દરેક સભ્યે બીજી દસ વ્યક્તિને આ વિચારધારાથી પરિચિત બનાવવા પ્રયત્ન કરવો પડે છે, જેથી દસ હજાર કર્મઠ સદસ્યો એક લાખ વ્યક્તિને નિરંતર પ્રભાવિત અને પ્રોત્સાહિત કરતા રહે. આ પ્રક્રિયા ચક્રવૃદ્ધિ વ્યાજના ક્રમથી વધતી વધતી, ચાર-પાંચ છલાંગોમાં માત્ર ભારતને જ નહીં, સમગ્ર વિશ્વને પોતાના પ્રભાવ ક્ષેત્રમાં લઈ રહી છે.

'ઝોલા પુસ્તકાલય' જ્ઞાનયજ્ઞનો મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ છે. કાર્યકર જ્યાં પણ જાય, ત્યારે એક થેલામાં યુગનિર્માણની ટ્રેક્ટબુક, પત્રિકાઓ, વિજ્ઞપ્તિઓ લઈને જાય અને જ્યાં પણ યોગ્ય અવસર લાગે ત્યાં પોતાના મિશનની ચર્ચા કરવામાં આવે. જેટલો પરિચય સાહિત્યના માધ્યમથી થઈ શકે તેટલો કરાવવો. લોકોને ઘેર જઈને પુસ્તકો આપવાં અને વંચાઈ જાય એટલે પરત લઈ આવવાં. જેનાથી કોઈને પણ પ્રભાવિત અને આકર્ષિત કરી શકાય છે. ''ઝોલા પુસ્તકાલય'' દ્વારા પોતાના નગરમાં, સમગ્ર શિક્ષિત સમાજને આ વિચારધારાથી પરિચિત અને પ્રભાવિત કરી શકાય છે. એટલું જ નહીં, આ 'ઝોલો' રેલવે કે બસના પ્રવાસમાં જ્યાં પણ જઈએ ત્યાં સાથે લઈ જઈ શકાય છે અને આ ચિનગારીઓને ક્યાંય પણ વિખેરતા રહી શકાય છે. આ પુસ્તકો અવસર મળતાં ગમે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ત્યાં, અનીતિ અને અવિવેકને હઠાવવા માટે પ્રચંડ દાવાનળની જેમ ભૂમિકા સંપાદિત કરી શકે છે. જ્યાં સંભવ હોય ત્યાં ફરતું પુસ્તકાલય (જ્ઞાનરથ) ધકેલ ગાડીના રૂપમાં ચલાવી શકાય છે. તે દ્વારા લોકોને પુસ્તકો વાંચવા આપી શકાય અને પસંદ પડે તો વેચી પણ શકાય છે. આ રીતે આ કામમાં પડેલ વ્યક્તિને થોડી આજીવિકા પણ મળી શકે છે અને તે આ અતિ ઉપયોગી કાર્યમાં જોડાઈ પણ જાય છે. સેવાભાવી લોકો સેવાભાવનાથી પણ આ ફરતું પુસ્તકાલય ચલાવવામાં પોતાનું યોગદાન આપી શકે છે.

જ્ઞાનયજ્ઞ આમ નાની વાત લાગે છે, પણ એની સંભાવનાઓ એટલી વિશાળ છે, કે જો બરાબર રીતે આ અભિયાનને ચલાવી શકાય, તો વિશ્વાસ છે કે લોકમાનસમાં વિવેકશીલતા અને સત્પ્રવૃત્તિઓની ઊંડી સ્થાપના સંભવિત થશે અને નવા યુગના અવતરણનું સ્વપ્ન સાકાર થઈ શકશે.

## (૪૭) વ્યક્તિ અને સમાજનું સમગ્ર નિર્માણ કરી શકે તેવી શિક્ષણપદ્ધતિ

શિક્ષણનો ઉદ્દેશ માત્ર કામચલાઉ વ્યવહાર, ગણિત વગેરે શીખવું અને રોજી કમાવાની ક્ષમતા ઉત્પન્ન કરવી, એટલો જ નથી, પરંતુ તેનાથી બહુ મોટો અને ગંભીર ઉદ્દેશ છે વ્યક્તિત્વનું નિર્માણ, પ્રતિભાનો વિકાસ અને સમાજને ઊંચે ઉઠાવવાની ક્ષમતાઓનો વિકાસ. આ ત્રણ બાબતોમાં શિક્ષણનો વાસ્તવિક ઉદ્દેશ સમાયેલો છે. આવી સમગ્ર શિક્ષણની વ્યવસ્થા કરવાથી જ વ્યક્તિ અને સમાજને પ્રશિક્ષણનો સમુચિત લાભ મળી શકે છે.

પ્રાચીનકાળમાં ''શિક્ષણક્ષેત્ર'' ઘણા શ્રેષ્ઠ સ્તરના મનઃશાસ્ત્રના નિષ્ણાત અને વ્યક્તિત્વ ઘડતરની ક્ષમતાવાળી વ્યક્તિઓના હાથમાં હતું. પાઠશાળાઓ, ગુરૂકુળો, આચાર્યપીઠો અને વિશ્વવિદ્યાલયોનું સંચાલન એવા જ મહામાનવ કરતા હતા. ફળ સ્વરૂપે આ ભારત વર્ષ દેવભૂમિ કહેવાતો હતો. અહીંના તેત્રીસ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરોડ રહેવાસી, તેત્રીસ કરોડ દેવતાઓની જેમ સમસ્ત વિશ્વમાં પ્રખ્યાત હતા. આ શિક્ષણપદ્ધતિનો જ ચમત્કાર હતો. આધુનિક યુગમાં પણ પ્રગતિશીલ રાષ્ટ્રોએ પોતાની સમર્થતા, સુયોગ્ય નાગરિકો દ્વારા જ પ્રાપ્ત કરી છે અને આ ઉપલબ્ધિને માટે તેઓએ ઉદ્દેશ સહિત, શિક્ષણને જ મુખ્ય માધ્યમ બનાવ્યું. હિટલરે વિશ્વવિજયનાં સ્વપ્નો જોયાં અને તે પ્રયોજનની પૂર્તિ માટે સમગ્ર રાષ્ટ્રને બે દશાબ્દીઓમાં ઢાળી દીધું. જર્મન નાગરિકોના મનમાં ઉત્સાહ અને મહત્ત્વાકાંક્ષાઓ હિલોળા લઈ રહી હતી અને જ્યારે બીજું વિશ્વયુદ્ધ થયું, તો આરંભમાં તેમણે જે શૌર્ય અને કૌશલ દેખાડ્યું, તેનાથી સમગ્ર દુનિયા કાંપવા લાગી. પછી મિત્રરાષ્ટ્રોની સંમિલિત શક્તિ અને વ્યૂહરચના આગળ હાર માનવી પડી તે જુદી વાત છે, પણ તેથી એ નિષ્કર્ષમાં કોઈ ફેર નથી પડતો, કે કોઈ પણ દેશના નાગરિકોને શિક્ષણપદ્ધતિના આધારે કોઈ પણ સ્તરના બનાવી શકાય છે. આધુનિક ચીન આજે જે કંઈ પણ છે તે છેલ્લાં વીસ વર્ષની શિક્ષણપ્રણાલીનાં ફળસ્વરૂપ છે. રશિયાની દૃઢતા એવા નાગરિકો ઉપર અવલંબિત છે, જેમનું મનોબળ ત્યાંની શિક્ષણપ્રણાલીએ વિકસાવ્યું છે અને સંભાળ્યું છે. જાપાન, સ્પેન, ઈઝરાઈલ, યુગોસ્લાવિયા વગેરે થોડા જ દિવસોમાં ખૂબ જ આગળ વધ્યા. આ દેશોની પ્રગતિનું મૂળ કારણ, તે દેશોની શિક્ષણપદ્ધતિમાં એવાં તત્ત્વોનો સમાવેશ છે, જે નાગરિકોના ચારિત્ર્યબળ, મનોબળ તથા ઉચ્ચ દૃષ્ટિકોણનું શુદ્ધિકરણ કરી શકવા સમર્થ હોય. વ્યક્તિઓની પ્રતિભા પ્રગટાવવા અને સમાજને સમર્થતા પ્રદાન કરવામાં હેતુલક્ષી શિક્ષણપદ્ધતિથી વધારે સારું બીજું કોઈ માધ્યમ ન હોઈ શકે.

દુર્ભાગ્યવશ આપણા દેશમાં એ તરફ ધ્યાન આપવામાં આવ્યું નથી. શાળાકોલેજો તો ઘણી ખૂલી, પણ તેમની સામે કોઈ સ્પષ્ટ લક્ષ્ય ન હોવાને કારણે, એવા બેકાર અને અસંતુષ્ટ શિક્ષિતોની સંખ્યા વધી, જે અશિક્ષિત રહેવા કરતાં, આ શિક્ષણને ખોટને સોદો અનુભવતા નથી. આપણા રાષ્ટ્રના કર્ણધારો આ દેશની આવશ્યકતા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અનુસાર કોઈ શિક્ષણતંત્ર સ્થાપી શકશે કે નહીં, તે તો ઈશ્વર જાણે. આ માટે જે મૌલિક શિક્ષણ અને સાહસિક ચિંતનની આવશ્યકતા છે તે ન હોય, તો લખવા-વાંચવાની જૂની પ્રણાલી જ ચાલુ રહેશે અને શિક્ષણ ઉપર થતા ખર્ચ અને શ્રમનો સદુપયોગ નહીં થઈ શકે.

સરકાર શું કરશે ? ક્યારે કરશે ? તેની પ્રતીક્ષામાં બેસી રહેવાથી અને કેવળ આલોચના તથા ફરિયાદ કરવાથી કંઈ જ કામ ચાલશે નહીં. આપણે આપણાં સ્વલ્પ સાધનોથી જનસ્તરે વર્તમાન શિક્ષણમાં જે કમી છે, તેની પૂર્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ. જન સ્તરે કરેલા પ્રયત્નોની શક્તિ નગણ્ય નથી. સરકારી સહાયતા વિના પણ જગતમાં મોટાં મોટાં આંદોલન થયાં, પ્રસર્યાં અને સફળ થયાં છે. આપણું સ્વરાજ્ય આંદોલન બિનસરકારી હતું. તે જનસ્તરે ચલાવવામાં આવ્યું હતું અને તેણે સરકારને ઝુકાવવા, સરકાર બદલવા મજબૂર કરી દીધી. તે ઉપરાંત અનેક આંદોલનોનો વખતો વખત બિનસરકારી સ્તરે જન્મ થયો છે અને તે સફળ થયાં છે. શિક્ષણમાં જે કમી છે તે પૂરી કરવા માટે આપણે આ જ પ્રકારનું અભિયાન જનસહયોગથી શરૂ કરવું જોઈએ.

તે માટે નાનકડો પ્રારંભ આજે કરી દેવામાં આવ્યો છે. વ્યક્તિ, સરકાર અને સમાજના નવનિર્માણનું અત્યંત પ્રખર સાહિત્ય, યુગનિર્માણ યોજના અંતર્ગત છપાઈ રહ્યું છે. તેમાં પસંદ કરેલા ભાગોને પાઠ્યક્રમના રૂપમાં નિર્ધારિત કરવામાં આવ્યા છે અને સોક્રેટિસની પ્રશ્નપ્રણાલીથી વિદ્યાર્થીઓના અંતઃકરણમાં ઊંડાણ સુધી આ વિચારધારાને ઊતારી દેવાનો કાર્યક્રમ બનાવવામાં આવ્યો છે. યુગનિર્માણ શાખાઓ અનેક જગાએ એવી રાત્રિ પાઠશાળાઓ પ્રૌઢશાળાઓ ખોલશે, જેમાં અશિક્ષિતોને સાક્ષર બનાવવાની પણ વ્યવસ્થા રહેશે, પણ સાથે સાથે જે ભાવનાત્મક નવનિર્માણની આ દેશના નાગરિકોને અનિવાર્ય આવશ્યકતા છે, તે શિક્ષિત-અશિક્ષિત સૌને અનિવાર્ય રૂપથી ભણાવવામાં આવશે. તે માટે સંક્ષિપ્ત



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પાઠ્યપુસ્તકો તૈયાર થઈ ગયાં છે. ભણાવવાની શૈલી પ્રાચીનકાળના ઋષિઓ જેવી હશે અથવા સોક્રેટિસ, એરિસ્ટોટલ વગેરે સર્વ તત્ત્વજ્ઞાનીઓ પ્રશ્નોત્તર ક્રમથી ભણાવતા હતા, તેમ ભણાવવામાં આવશે. આ પદ્ધતિથી પાઠ્યક્રમ ભલે નાનો હોય, છતાં તેનાથી વિદ્યાર્થી શીખવા, સમજવા અને હૃદયંગમ કરવામાં પૂર્ણતયા સફળ થાય છે. આ શિક્ષણને સેવાભાવી અવૈતનિક કાર્યકર્તા ગામેગામ ચલાવશે. છ-છ મહિનાનો પાઠ્યક્રમ રહેશે. વર્ષમાં બે વાર પરીક્ષાઓ લેવાશે અને તેમાં સફળ થનાર વિદ્યાર્થીઓને અતિ આકર્ષક પ્રમાણપત્ર દીક્ષાન્ત સમારોહ પ્રસંગે અર્પણ કરવામાં આવશે. વસંત પંચમી અને ગુરુપૂર્ણિમા આ બન્ને દિવસે, યુગનિર્માણ સંમેલન દરેક શાખામાં સંપન્ન થશે અને એ જ દિવસથી તે પાઠ્યક્રમનું સમાપન અને શુભારંભ ચાલ્યા કરશે. આ બહુ જ સરળ અને આરંભિક પાઠ્યક્રમ છે.

જ્યાં સુવિધા મળશે ત્યાં પૂર્ણ સમય માટે વિદ્યાલયો ચલાવવામાં આવશે. તેનો આધાર ગાયત્રી તપોભૂમિ દ્વારા સંચાલિત વર્તમાન યુગનિર્માણ વિદ્યાલય ઉપર રહેશે. વ્યક્તિનિર્માણ અને સમાજનિર્માણની શિક્ષણપદ્ધતિ અને તે છાત્રોને હૃદયંગમ કરાવવાની વ્યવસ્થા ચલાવવાનું સર્વાંગ સંપૂર્ણ શિક્ષણ અહીં ચલાવવામાં આવે છે. અહીંથી નીકળેલા વિદ્યાર્થી એક પ્રકારે 'ટ્રેઇન્ડ' શિક્ષક સિદ્ધ થાય છે અને પોતપોતાના સ્થાને રાત્રિશાળા તથા પૂર્ણકાલીન વિદ્યાલય ચલાવવામાં સમર્થ બને છે. હમણાં તો કિશોરવયના છાત્રો આવે છે, જરૂર લાગશે તો પ્રૌઢોને પણ આ પ્રકારની ત્રણ મહિનાની ટ્રેનિંગ લેવા માટે બોલાવવામાં આવશે. જેથી તેઓ પોતાના પ્રભાવક્ષેત્રમાં પૂર્ણ સમયનાં વિદ્યાલય ચલાવી શકે.

યુગનિર્માણ વિદ્યાલયમાં એવા ઉદ્યોગો પણ શીખવવામાં આવે છે જે શિક્ષિતોને પેટ પૂરતો રોટલો રળવા સમર્થ બનાવે છે. જાપાન ગૃહઉદ્યોગોના બળે જ આટલું સંપન્ન અને સુવિકસિત બન્યું છે. વીજળીશક્તિથી ચાલી શકે તેવા અને થોડી મૂડીથી ચલાવી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શકાય તેવા ઉદ્યોગોની અભિવૃદ્ધિથી જ આપણા દેશના શિક્ષિતોની બેકારી દૂર થશે. લાખો વિદ્યાર્થીઓ, જે ભણીને દર વર્ષે બહાર પડે છે, તે સર્વને નોકરી મળવી અશક્ય છે. ખેતીને માટે જમીન વર્તમાન ખેડૂતો માટે પણ અપૂરતી છે. એવી દશામાં ગૃહઉદ્યોગ એક માત્ર આધાર રહે છે, જે વીજળીથી ચાલવાને કારણે અધિક શારીરિક શ્રમ ન કરાવે અને ઉત્પાદન પણ કરી શકે તથા આજીવિકા પણ અધિક આપી શકે.

આજકાલ વીજળીનું ફિટીંગ, મરામત, મશીનોની મરામત, રેડિયો ટ્રાન્ઝિસ્ટરનું નિર્માણ તથા સુધારો, પ્રેસ ઉદ્યોગ, રબ્બર સ્ટેમ્પ, સાબુ બનાવવા, સુગંધિત તેલ, શાહી, વગેરે રાસાયણિક નિર્માણ - જેવા ઉદ્યોગો શીખવવામાં આવે છે. ભવિષ્યમાં ગોબરગેસ, પેઈન્ટ, મધમાખી પાલન, બિસ્કિટ, ડબલ રોટી બનાવવી, શાક ઉત્પાદન, હેન્ડપંપનું નિર્માણ, ચિનાઈમાટીનાં વાસણો, વિવિધ પ્રકારનાં ફલશ પાયખાનાં, રેશમી તથા સુતરાઉ કાપડ, કામળો, ચાદર વગેરે વણવું જેવા નાના ઉદ્યોગો પણ જીવન નિર્માણ કરનાર કલામાં સંમિલિત કરવામાં આવશે. તેમાંથી જે ઉદ્યોગ જ્યાં ઉપયોગી હોય ત્યાં ચલાવી શકાય છે અને પૂર્ણકાલીન વિદ્યાલયની વ્યવસ્થા કરી શકાય છે.

રાત્રિ પાઠશાળાઓ તથા પૂર્ણકાલીન વિદ્યાલયોમાં આપણી શિક્ષણપ્રચાર યોજના શરૂ થઈ ગઈ છે. તેનાં ભાવિ કદમ એટલાં વ્યાપક હશે, કે બિનસરકારી સ્તરે જન સહયોગથી આપણે નવનિર્માણની સર્વતોમુખી આવશ્યક્તા આ શિક્ષણપદ્ધતિ દ્વારા સંપન્ન કરી શકીશું. પ્રારંભની રૂપરેખા ઉપર પ્રમાણે છે. તેનો વિસ્તાર એવો મોટા પ્રમાણમાં થશે, જેને આવનાર દિવસો સારી રીતે સિદ્ધ કરી શકશે.

## (૪૮) કલા લોકરંજન જ નહીં, ભાવનાઓનું શુદ્ધિકરણ પણ કરે

ભાવનાઓના વિકાસ અને શુદ્ધિકરણમાં કલાનું અતિ મહત્ત્વ છે. સંગીત, ગાયન, વાદ્ય, અભિનય, નૃત્ય, ચિત્ર, સાહિત્ય વગેરે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કલાપક્ષ ભાવનાઓને વિકાસવવા માટે બહુ જ સહાયક હોય છે. આજકાલ આ પક્ષનો દુરુપયોગ પણ બહુ થાય છે. કામુક્તા ભડકાવવા અને લંપટતાને પ્રોત્સાહિત કરવામાં આજનો કલાકાર, કલાપ્રેમી અને સંચાલક કાર્યરત છે. ફળ સ્વરૂપે સમાજમાં આદર્શવાદી ઉમંગો ઊઠવાનું બંધ થઈ ગયું અને લોકોનાં મન માંસલ રૂપ-વિન્યાસ, શૃંગાર, યૌન આકર્ષણની અધોગામી ચેતનાઓને પોતાનું આકર્ષણ કેન્દ્ર બનાવી શારીરિક અને માનસિક સ્તરે, દિવસે દિવસે પતનોન્મુખ થતા જાય છે. કલાનો આ પ્રત્યક્ષ દુરુપયોગ જ છે. તેને સરસ્વતી માતાને વેશ્યાના સ્તરે લાવીને ઊભી કરવા જેવી દુષ્ટતા જ કહેવી જોઈએ.

કલાની શક્તિ મહાન છે. તે માનવીય અંતઃકરણને ભાવવિભોર કરવા અને તેમાં રહેલી ઉચ્ચ શ્રદ્ધાઓ અને માન્યતાઓને ઊર્ધ્વગામી બનાવી શકવા સમર્થ છે. પ્રાચીનકાળમાં કલાનો ઉપયોગ લોકમાનસમાં શ્રેષ્ઠતાનો સંચાર કરનારી કોમલ ભાવનાઓને તરંગિત કરવા માટે કરવામાં આવતો હતો. કલા ભક્તિરસની આજુબાજુ ઘૂમતી હતી. ઈશ્વપ્રેમ, ભગવાનને આત્મસમર્પણની લહેરો શ્રેષ્ઠતાના પુંજ પરબ્રહ્મની સાથે વ્યક્તિના અંતરાત્માને સદ્‌ભાવસંપન્ન બનાવવા માટે પ્રેરિત કરતી હતી. આત્મવિજ્ઞાનવેત્તા મનીષીઓએ આ પ્રયોજન માટે ભક્તિરસનું વિશાળ કલેવર સર્જ્યું અને તેની સાથે કલાનાં સમસ્ત અંગ-પ્રત્યંગોને જોડયાં. મૂર્તિકલા, ચિત્રકલા, કીર્તન, પ્રભુસ્તવન, વંદના, નૃત્ય, કથા, સાહિત્ય વગેરે પ્રાચીનકાળના સર્વ કલાપ્રયાસ, ભક્તિરસનું અભિવર્ધન કરવા માટે નિયોજિત કરવામાં આવતા. તેનાથી અંતઃકરણમાં આનંદની લહેરો ઊઠતી અને ભાવનાત્મક અભિવ્યક્તિનો આનંદ પણ મળતો. શ્રદ્ધા અને માન્યતાઓ પણ ઊર્ધ્વગામી બનતી હતી. વાસ્તવમાં આ પ્રકારના ઉદ્દેશ્યપૂર્ણ કલાપ્રયાસોને જ સાર્થક કહેવામાં આવે છે.

નારદથી લઈને મીરા સુધી લગભગ દરેક સંતોએ સ્વાન્તઃ સુખાય અને લોકમંગળને માટે કલાનો ઉપયોગ કર્યો. આ યોગ્ય



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પણ છે. કલાને વ્યભિચારિણી બનાવીને તેનાથી હલકું મનોરંજન અને નીચતા બહેકાવવાનું પ્રયોજન પૂરું કરવામાં આવે, તો તેનાથી મનુષ્ય ઊંચે ઊઠવાને બદલે તેની અધોગતિ થશે. આ તથ્યને ધ્યાનમાં રાખીને યુગનિર્માણ યોજનાનું એક મહત્ત્વપૂર્ણ કદમ કલાને શુદ્ધ સ્વરૂપ આપવા અને તેના માધ્યમથી લોકમાનસને શ્રેષ્ઠતા અને આદર્શવાદિતા તરફ ઉત્સુક કરવા માટે ઊઠાવી રહ્યા છીએ.

કામુક્તા ભડકાવનાર, કુરુચિપૂર્ણ ચિત્રોથી બજાર ભરપૂર છે અને તે જ ઘરોમાં ટાંગેલાં છે. તેમને હઠાવીને તેને સ્થાને ઈતિહાસની આદર્શવાદી ઘટનાઓનાં ચિત્ર તથા આદર્શ વાક્યોનાં રંગીન પોસ્ટર છાપવામાં આવ્યાં છે, જેને ઘરોની સુસજ્જતાને માટે પ્રયુક્ત કરી શકાય. પુસ્તકોના રૂપમાં ચિત્રાવલિઓ શરૂ કરવામાં આવી છે, જે અનિચ્છનીયતાની વિરુદ્ધ ઘૃણા અને સત્પ્રવૃત્તિઓ તરફ શ્રદ્ધાને વાળવામાં યોગદાન આપી શકે. ચિત્ર-પ્રદર્શનની વિશાળકાય યોજના છે અને તે પ્રયોજનને માટે મોટી સાઈઝમાં ચિત્રોનું નિર્માણ કરવાનું કાર્ય હાથ ઉપર લેવામાં આવ્યું છે. પ્રકાશ ચિત્રોની વ્યાપક શૃંખલા ચલાવવા માટે ''મેજિક ફાનસ'' એપિસ્કોપ, પ્રોજેક્ટર વગેરે પ્રકાશયંત્રોથી પ્રેરણાપ્રદ ચિત્રોને ગામેગામે, ગલી-ગલી પ્રદર્શિત કરવાની યોજના બનાવી છે.

સંગીત, નૃત્ય, નાટકનો પ્રભાવ સૌથી અધિક છે. સર્પ જેવો દુષ્ટ જીવ સંગીતની લહેરો ઉપર ડોલવા લાગે છે. તો પછી માનવીય અંતઃકરણને એ લહેરોથી ડોલાવી દેવું અને તે તરંગિત હૃદયને શ્રેષ્ઠતાની દિશામાં વાળી દેવું સહેજ પણ મુશ્કેલ નથી. આ પ્રયોજન માટે પ્રેરણાપ્રદ ગીત લખવામાં આવ્યાં છે અને તેમને વ્યાપક બનાવવા માટે સંગીત-વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી છે, જેમાં સીમિત તર્જોઉપર ભાવનાપૂર્ણ ગીત ગાઈ શકાય અને વાદ્યયંત્રોને વગાડવાનો અભ્યાસ સુગમતાપૂર્વક ખૂબ ઓછા સમયમાં થઈ શકે તેવી વ્યવસ્થા 'શાંતિકુંજ'માં કરવામાં આવી છે. આ ગીતો અને ધ્વનિને લોકપ્રિય બનાવવા માટે ગ્રામોફોન રેકર્ડ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બનાવવાનું કામ હાથ ઉપર લેવામાં આવ્યું છે. લાઉડસ્પીકરોના માધ્યમથી તેને થોડા સમયમાં દેશવ્યાપી બનાવવા અને લોકો ગણગણતા થાય ત્યાં સુધી તેમનો પ્રચાર કરવાની ઇચ્છા છે. કવિતા સંમેલનોની એક અલગ જ યોજના છે. જેમાં ઉચ્ચ કવિઓ ભલે પોતાની કવિતાનો સ્વયં પાઠ કરવા ન આવે, પણ તેની પ્રેરક ભાવનાઓને બહુ જ આકર્ષક ઢંગથી સાંભળીને જનતાને પ્રેરણાપ્રદ મનોરંજનનો લાભ આપી શકાય. ગામેગામ સંગીત સંમેલન પણ આ પ્રયોજન માટે જ થતાં રહેશે.

સંગીત, નૃત્ય, અભિનય અને નાટ્યનું આ યુગમાં યન્ત્રીકરણ સિનેમાના રૂપમાં થયું છે. વિજ્ઞાને કલાના આ પક્ષને સસ્તો અને સર્વસુલભ બનાવ્યો છે. શહેરો અને ગામડાંમાં નિત્ય નવીન સિનેમાઘર ખૂલી રહ્યાં છે અને લાખો દર્શકો તેને જુએ છે, પણ ખેદ એ વાતનો છે કે આપણા દેશમાં આ મહત્ત્વપૂર્ણ કલામંચનો ઉપયોગ જનતાની પશુપ્રવૃત્તિઓને ભડકાવાવમાં કરવામાં આવે છે. અધિકાંશ ફિલ્મો કામુક્તા ભડકાવનારી તથા ઉદ્ધતાઈ શીખવનાર બને છે. જો ફિલ્મ ઉદ્યોગનો ઉદ્દેશ્ય લોકશિક્ષણ રહ્યો હોત તો, હજાર વર્ષની ગુલામીમાંથી નીકળેલા આ દેશના પછાત માનસને શુદ્ધ કરવાની ભૂમિકા સંપાદિત કરી શક્યો હોત, પણ જેણે પશુપ્રવૃત્તિઓને ભડકાવનાર સસ્તા રસ્તા અપનાવીને ખિસ્સાં ભરવાનું નક્કી કર્યું છે, તેને કોણ શું કહે ? અને કહેવાથી શું પરિણામ આવે ?

એક ઉપાય એ હતો કે આદર્શવાદી ફિલ્મઉદ્યોગનું બંધારણ ઊભું કરવામાં આવે. લોકશિક્ષણનું પ્રયોજન પૂર્ણ કરતી ફિલ્મો બને, તો વિચારશીલ જનતા જરૂર પસંદ કરશે અને તે જરૂર સફળ થશે, પણ આ ઉદ્યોગ બહુ મોંઘો થઈ ગયો છે. તેમાં મોટું મૂડીરોકાણ કરવું પડે. આશા તો એ છે કે સન્માર્ગગામી પ્રતિભાઓ અને માનવતાના કામમાં આવનાર મૂડી આ પ્રયોજન માટે મળશે અને આગામી દિવસોમાં આદર્શવાદી ફિલ્મઉદ્યોગ સ્થાપિત થઈને, વર્તમાન



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કૂડા-કચરાને પાછળ ધકેલી દેશે, પણ અત્યારે 'યુગનિર્માણ યોજના' જે સ્વલ્પ સાધનોથી ચાલી રહી છે તેને ધ્યાનમાં રાખીને, સુલભ નાટ્યમંચને વિકસિત કરવાનું કામ હાથ ઉપર લીધું છે. 'રાસલીલા, રામલીલા, નૌટંકી, ભવાઈ વગેરે આજે પણ જીવંત છે અને ગ્રામપ્રદેશ કે કસબામાં જ નહીં, શહેરોમાં પણ તેમનું સ્વાગત થઈ રહ્યું છે. તેને આધુનિક સાધનોથી સુરુચિપૂર્ણ કરીને, અધિક કલાપૂર્ણ બનાવીને, એવાં નાટ્યદળ ઊભાં કરી શકાય છે, જે લોકરંજન સાથે, નૈતિક ક્રાંતિ, બૌદ્ધિક ક્રાંતિ અને સામાજિક ક્રાંતિની જરૂરિયાતને પૂર્ણ કરી શકે અને માનવતાના વિકાસ અને પરિવર્તનની મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે. સિનેમાના વર્તમાન સ્વરૂપને દૂર કરવું અને તેને સ્થાને આદર્શવાદી ફિલ્મો પ્રસ્તુત કરવી આજે આપણા માટે સંભવિત નથી, પણ ઉપરોક્ત નાટ્યમંચને થોડી પૂંજીમાં વિકસિત કરીને અને તેના પ્રસારનું ક્ષેત્ર વ્યાપક બનાવીને લોકરંજનને નવી દિશા આપવામાં આજે પણ આપણી ક્ષમતાને આધારે ઘણું બધું કામ થઈ શકે તેમ છે. તેથી તેવું જ કરવામાં આવે છે. ''યુગનિર્માણ યોજના''ના કલામંચે આજે આ પ્રકારના સર્જનાત્મક પ્રયત્નો અતિ ઉત્સાહપૂર્વક શરૂ કર્યા છે.

ઉપરોક્ત પંક્તિઓમાં ''યુગનિર્માણ યોજના'' મથુરા દ્વારા સંપાદિત કલાકારિતાના થોડા પ્રયત્નોની સંક્ષિપ્ત ચર્ચા છે. આ ચર્ચા એટલા માટે કરી છે કે આ ક્ષેત્રનું મહત્ત્વ સમજનાર અને અભિરુચિ રાખનાર લોકો દિશા પ્રાપ્ત કરે અને પોતપોતાનાં સાધનોથી કલાને માનવજાતિના ભાવનાત્મક ઉત્કર્ષ માટે નિયોજિત કરવા સાહસપૂર્ણ કદમ ઉઠાવે. એક કાર્ય એ પણ છે, કે મથુરાથી સંચાલિત કલા પ્રયત્નોની ખોટને દૂર કરીને, પોતાનું યોગદાન પ્રદાન કરીને, તેને તેવી યોગ્ય બનાવવી કે તે સંગઠિત પ્રયત્નોનો લાભ વિશેષ પ્રમાણમાં લઈ શકવાનું બધા લોકો માટે શક્ય બની શકે.

❖ ❖ ❖



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# (૪૯) રચનાત્મક કાર્યક્રમો દ્વારા જ દેશ સમર્થ બનશે

વિશેષ પ્રભાવ એવી ઘટનાઓનો જ પડે છે જે આંખોની સામેથી પસાર થાય છે અને પોતાનો દૃશ્ય અને પ્રત્યક્ષ પ્રભાવ મગજ ઉપર મૂકી જાય છે. આમ તો મનન, ચિંતન, પઠન અને સમજાવટથી પણ વિચારોનું શુદ્ધિકરણ થાય છે, પણ સાધારણ માણસની બૌદ્ધિક ક્ષમતા એટલી સંવેદનશીલ નથી હોતી, કે પોતાની જાતને વિવેકશીલતાના આધારે યોગ્યને ગ્રહણ અને અયોગ્યને ત્યજવા માટે તૈયાર થઈ જાય. તેથી કલમ અને વાણીના માધ્યમથી કરવામાં આવતા લોકશિક્ષણમાં એવી કડી પણ જોડવી પડે છે, જે ઉપયોગિતા અને લોકરુચિને જોડવામાં પ્રત્યક્ષ માર્ગદર્શન આપી શકે. કોઈ સંગઠન કે વ્યક્તિ શરૂઆતમાં રચનાત્મક કાર્યોને લોકો સામે રજૂ કરે છે અને તેનું મહત્ત્વ સમજાવે છે. આ શુભારંભ આગળ ચાલતાં જનતાનો પોતાનો વિષય બની જાય છે અને પછી આ પ્રવૃત્તિઓ આપોઆપ આગળ વધે છે અને લોકો સ્વયં ઉત્સાહપૂર્વક તેને કાર્યાન્વિત કરવા લાગે છે. શરૂઆતમાં જ લોકસેવી સંગઠનો કે કાર્યકર્તાઓને તેનો શુભારંભ કરવાની વ્યવસ્થા કરવી પડે છે. રચનાત્મક કાર્યક્રમોનું આ જ પ્રયોજન છે.

''યુગનિર્માણ યોજના''ના શતસૂત્રી કાર્યક્રમ પ્રખ્યાત છે. સમાજનું પછાતપણું દૂર કરવા માટે આપણામાંથી દરેક વ્યક્તિને પોતાની યોગ્યતા, ક્ષમતા અને પરિસ્થિતિને અનુરૂપ કંઈને કંઈ પ્રયત્ન કરવો જોઈએ. દેશ સર્વનો છે. તેના ઉત્થાન-પતનમાં સર્વનાં લાભહાનિ છે. દરેક નાગરિક ઉપર દેશભક્તિની પવિત્ર જવાબદારીઓ છે અને તેને પોતાનું અંગત કામ છોડીને પૂર્ણ કરવી જોઈએ. સરકારને ભરોસે બધું છોડી દેવાથી કોઈ કામ નહીં ચાલે. આપણે બધાએ આ પવિત્ર કર્તવ્યનું ધ્યાન રાખવું જોઈએ.

આપણા દેશનું પછાતપણું દૂર કરવા માટે આપણે કંઈ ને કંઈ રચનાત્મક કાર્ય કરવા પોતાનો સમય, શ્રમ અને ધનનો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એક અંશ ખર્ચવો જોઈએ. વિભિન્ન પરિસ્થિતિઓ અને યોગ્યતાવાળી વ્યક્તિ, વિભિન્ન પ્રકારનાં રચનાત્મક કાર્યો પોતાની રીતે કરી શકે છે. તેની વિસ્તૃત ચર્ચા 'શત સૂત્રી યોજના'' પુસ્તકમાં રજૂ કરી છે. તેમાંથી જ કેટલાક મુદ્દાની ચર્ચા નીચેની પંક્તિઓમાં કરવામાં આવી છે.

આપણા દેશમાં લગભગ અડધા લોકો અભણ છે. પ્રગતિને માટે શિક્ષણ અતિ આવશ્યક છે. તેથી નિરક્ષરતાને દૂર કરવી જોઈએ. સરકારી સ્કૂલ-કોલેજોમાં નાની ઉંમરનાં બાળકોને ભણાવવાની જ વ્યવસ્થા છે. વર્તમાન પ્રૌઢો અને મહિલાઓની સાક્ષરતાની આવશ્યક્તા છે. આ થોડાં જ વર્ષોમાં જગતના ભવિષ્યનું નિર્માણ થવાનું છે. તેથી વર્તમાન નિરક્ષરોની ઉપેક્ષા એ આશાએ ન કરવી જોઈએ, કે સ્કૂલોમાં ભણનાર છોકરા મોટા થઈને સર્વ કાર્ય સંભાળી લેશે. પ્રૌઢ શિક્ષણની જનસ્તરે વ્યાપક વ્યવસ્થા બનાવવી પડશે. તેને માટે શિક્ષિત લોકો વિદ્યાઋણ ચૂકવવા માટે ગામેગામ પ્રૌઢશાળાઓ, રાત્રિશાળાઓ ખોલે, જેમાં દિવસભર વ્યસ્ત રહેનારા લોકો, અવકાશને સમયે શિક્ષણ પ્રાપ્ત કરી શકે. મહિલાઓ માટે દિવસના ત્રીજા પહોરે પાઠશાળાઓ ચલાવવી. ખેડૂતો અને મજૂરોનાં બાળકો કે જેઓ દિવસભર કામમાં લાગેલાં રહે છે, તેઓ રાત્રિશાળાઓમાં જ ભણી શકે. સેવાભાવી શિક્ષિત વ્યક્તિ એવી પાઠશાળાઓ સરળતાથી ચલાવી શકે.

બેકારી દૂર કરવા માટે કુટિરઉદ્યોગોનું શિક્ષણ, પ્રચાર અને ઉત્પાદિત માલને ખપાવવાવાળું તંત્ર ખડું કરવું જોઈએ. જાપાને કુટિરઉદ્યોગોને વીજળીથી ચલાવવાની વ્યવસ્થા બનાવીને મોટાં કારખાનાં કરતાં અધિક સસ્તું ઉત્પાદન કર્યું છે અને દરેક નાગરિકને કામ આપ્યું છે. આપણે પણ એવા પ્રયત્નો કરવા જોઈએ તથા ઉદ્યોગશાળાઓ અને સંગઠિત ઉત્પાદન-વિક્રય વ્યવસ્થાઓ બનાવવી જોઈએ, જેથી શિક્ષિતો અને અશિક્ષિતોની બેકારી દૂર થાય અને આર્થિક સ્થિતિ સુધરે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અન્ન, શાક, ફળ, વૃક્ષ અને ફૂલ આ બધું આપણા દેશમાં ઓછું ઉત્પન્ન થાય છે. પૌષ્ટિક ખાદ્યવસ્તુઓ મળવાની સમસ્યા જટિલ થતી જવાથી ઉત્તરોત્તર દુર્બળતા અને અસ્વસ્થતા વધી રહી છે. તેને માટે ઘરોમાં શાકવાટિકા બનાવવી, ફૂલો ઉગાડવાનો સામાન્ય રિવાજ ચલાવવામાં આવે. ફૂલોના બગીચા બનાવવા જોઈએ. ખેતીમાં વિશેષ શ્રમ, સાધનો લગાવીને વિશેષ અન્ન ઉત્પાદન ઉપર ધ્યાન આપવું જોઈએ. ખાલી જગાએ જલાઉ લાકડાનાં વૃક્ષો રોપવામાં આવે અને છાણ જેવા મૂલ્યવાન ખાતરને ઈંધણ બનાવવાથી બચાવવું જોઈએ. ખેડૂતોને શાક ઉત્પાદનના લાભ તથા ઉપાય બતાવવા જોઈએ. થાળીમાં એઠું ન રાખવું, મોટી મિજબાની ન કરવી તથા સપ્તાહમાં એક સમય આહાર ન કરવાની પરિપાટી ચલાવીને પણ ખાદ્યસમસ્યા હલ કરી શકાય છે અને વિદેશોથી અન્ન મંગાવવાની શરમથી બચી શકાય છે.

સ્વાસ્થ્ય સંરક્ષણ અને મનોબળ વધારવા માટે, ગામે ગામ વ્યાયામશાળાઓ ખૂલવી જોઈએ. કસરત, ડ્રીલ, ખેલકૂદની સાથે સાથે લાઠી, તલવાર, બન્દૂક વગેરે ચલાવતાં શિખવવાની વ્યવસ્થા વ્યાયામશાળામાં થવી જોઈએ. સ્વાસ્થ્યગોષ્ઠિઓ અને સલાહ તથા પ્રાકૃતિક જીવન અને પ્રાકૃતિક ચિકિત્સાનો પ્રબંધ આ સ્વાસ્થ્ય કેન્દ્રમાં રાખવો. ખેલકૂદ સ્પર્ધાઓ તથા સારા સ્વાસ્થ્યવાળાને પુરસ્કાર આપવાનો સાર્વજનિક સમારંભ ગોઠવવાની યોજના હોવી જોઈએ.

લોકશિક્ષણને માટે સભા, સંમેલન, વિચાર વિનિમય, કલા, પ્રવચન વગેરેની વ્યવસ્થા સમયોચિત થવી જોઈએ. વક્તૃત્વ સ્પર્ધા, કવિતા સંમેલન, સંગીત સંમેલન વગેરે દ્વારા વિચારોત્તેજક સાધનો ભેગાં કરવાં જોઈએ. ભારતીય સમાજનાં પર્વ અને તહેવાર આ દૃષ્ટિએ બહુ જ ઉપયોગી અને પ્રેરણાપ્રદ છે. સોળ સંસ્કારોના માધ્યમથી પરિવારોને શિક્ષણ આપી શકાય છે. આપણી 'સત્ય નારાયણ કથા' આ દૃષ્ટિએ બહુ સારગર્ભિત છે. લગ્ન દિવસ અને જન્મદિવસ ઊજવવાનો રિવાજ બની જાય તો જીવનોદ્દેશ્યની પૂર્તિ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તથા પારિવારિક જીવનની સફળતા માટે લોકોને નિરંતર સ્વચ્છ માર્ગદર્શન મળતું રહે. ઉપરોક્ત કે અન્ય પ્રકારનાં લોક સંમેલનોની આજે મોટી જરૂરિયાત છે, જે વિચારક્રાંતિની જરૂરિયાત પૂરી કરી શકવામાં સમર્થ હોય. ગાયત્રી યજ્ઞો સાથે જોડાયેલાં યુગનિર્માણ સંમેલન આ જ શૃંખલામાં જોડી શકાય. સત્કર્મ કરનાર આદર્શવાદીઓનું સાર્વજનિક અભિવાદન, અભિનંદન કરવાની તથા મહાપુરુષોની જયંતીઓ ઊજવવાની વાત પણ આજ ક્ષેત્રમાં આવે છે.

સેવાદળોનું સંગઠન ઘણા ઉદ્દેશ્યો માટે જરૂરી છે. વધતી જતી ગુંડાગીરીનો સામનો કરવા અને સુરક્ષાની ભાવના ઉત્પન્ન કરવા સાહસિક યુવકોનું સંગઠિત દળ ઘણું જ કામ કરી શકે છે. ગંદકીની આપણી આદતોએ ગામડાં અને શહેરને ખૂબ ગંદાં બનાવી દીધાં છે. આ સેવાદળ લોકોનો સાથ લઈને સફાઈ અભિયાન ચલાવે, સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવે અને ગંદકી ફેલાવનારને રોકે. સામૂહિક શ્રમદાન કરીને ગામ અને નગરોમાં રસ્તા અને તળાવ સાફ રાખવાનું, કૂવા અને શાળાઓ બનાવવાનું ઘણું કામ વિના ખર્ચે થઈ શકે છે. સહકારી ભંડારો દ્વારા ઉપયોગી વસ્તુઓ સસ્તી અને સારી વેચી શકે છે. આ પ્રકારની સત્પ્રવૃત્તિઓનું સંચાલન કરવા માટે સેવાભાવી સજ્જનોને સંગઠિત કરી પ્રયાસો કરવાની સર્વત્ર મોટી જરૂરિયાત છે અને તે પૂરી કરવી જોઈએ.

પુસ્તકાલયો અને વાચનાલયોની આ દેશમાં ઘણી જરૂરિયાત છે. તેમને સાચાં દેવમંદિર કે જ્ઞાનમંદિર કહેવાં જોઈએ. કૂડા-કચરાની જેમ આજે સાહિત્ય તો ખૂબ જ છપાય છે, વેચાય છે, પણ વ્યક્તિ અને સમાજનું નિર્માણ કરનાર સાહિત્ય શોધ્યું પણ મળતું નથી. લોકોને તેવું સાહિત્ય વાંચવામાં રુચિ નથી. જ્યારે આવા સાહિત્યના પ્રચાર કે ઊંડા ચિંતન ઉપર જ સમાજનું ભવિષ્ય નિર્ભર છે. ગરીબ દેશના લોકો હજુ બૌદ્ધિક ભૂખ સંતોષી શકવા યોગ્ય સાહિત્ય ખરીદી પણ શકતા નથી. આ મોટી જરૂરિયાતો આવાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પુસ્તકાલયો પૂરી કરી શકે, જેમાં માત્ર પ્રેરણાપ્રદ સાહિત્યની પસંદ કરેલી પુસ્તિકાઓ જ રાખવાનો નિયમ હોય. ઘેરઘેર પુસ્તકો પહોંચાડવાં તથા પરત લેવાનો પ્રબંધ હોવો જોઈએ અશિક્ષિતોને સંભળાવવાની વ્યવસ્થા પણ કરવી જોઇએ. એવાં પુસ્તકાલયોની શૃંખલા ગલી ગલી, ગામે ગામ ફેલાવી દેવાની જરૂરિયાત છે.

ઉપર કેવળ થોડાક રચનાત્મક કાર્યક્રમોની ચર્ચા કરી છે. એવા ૧૦૮ કાર્યક્રમો આપણી શતસૂત્રી યોજના અંતર્ગત આવે છે. તેમાંથી જ્યાં જેવી સુવિધા હોય, ત્યાં તેવા સ્તરના કાર્યક્રમો શરૂ કરવા જોઈએ, જેથી લોકોને આ પ્રવૃત્તિઓનું મહત્ત્વ સમજવા અને અપનાવવાનો અવસર મળે. વિનાશ સરળ છે, નિર્માણ મુશ્કેલ, સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે સંઘર્ષ કરવો સરળ હતો. હવે માત્ર આલોચના-નિંદાથી કંઈ કામ નહીં ચાલે. દેશની સર્વતોમુખી પ્રગતિને માટે આપણું ધ્યાન રચનાત્મક કાર્યક્રમો તરફ જવું જોઈએ અને તેમને પૂરા ઉત્સાહ, સાહસ ત્યાગ તથા બલિદાનની ભાવનાથી ચલાવવું જોઈએ.

## (૫૦) અનીતિ-અસુરતાની વિરુદ્ધ પ્રબળ સંઘર્ષ કરવામાં આવશે

કોમળ અને સૌમ્ય તત્ત્વોને ઈશારાથી સમજાવીને, વિવેક અને તર્ક દ્વારા યોગ્ય રીતે દર્શાવીને સન્માર્ગગામી બનાવી શકાય છે, પણ કઠોર અને દુષ્ટ તત્ત્વોને બદલવા માટે લોઢાને આગમાં તપાવીને ઘણના ઘા મારવાની લુહારની નીતિ અપનાવવી પડે છે. દુર્યોધનને સમજાવવા-પટાવવામાં જ્યારે શ્રીકૃષ્ણ સફળ ન થઈ શક્યા ત્યારે અર્જુનનાં બાણો દ્વારા સીધા રસ્તે લાવવાનો પ્રબંધ કરવો પડ્યો. હિંસક પશુ નમ્રતા અને ઔચિત્યની ભાષા સમજતાં નથી. તેમને તો શસ્ત્ર જ કાબૂમાં લાવી શકે. ભગવાને વારંવાર ધર્મની સ્થાપના માટે અવતાર લેવો પડે છે. સાથે જ તેઓ અસુરતાને હઠાવવાનું રુદ્ર કૃત્ય પણ કરે છે.

વ્યક્તિગત જીવનમાં દેવશક્તિનું અવતરણ નિસ્સંદેહ એક સર્જનાત્મક કૃત્ય છે. તેને માટે સદ્ગુણોના અભિવર્ધનની સાધના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

નિરંતર કરવી પડે છે, પણ સાથે જ અંતરંગમાં છુપાયેલા દોષ-દુર્ગુણો સામે ઝઝૂમવું પડે છે. જો આ કુસંસ્કારોને હઠાવવામાં ન આવે તો સદ્‌ગુણોની વૃદ્ધિ થઈ શકે નહીં અને સમગ્ર શક્તિ આ દોષ-દુર્ગુણોમાં જ નષ્ટ થતી રહેશે. આળસ, પ્રમાદ, આવેશ, અસંયમ વગેરે દુર્ગુણોની વિરુદ્ધ મોટો મોરચો ઊભો કરવો પડે છે અને ડગલેને પગલે તેમની સામે ઝઝૂમવા માટે તત્પર રહેવું પડે છે. ગીતાનો રહસ્યવાદ, અંતરંગના આ જ શત્રુઓને કૌરવ માનીને અર્જુન રૂપી જીવને, તેની સાથે લડવા માટે પ્રોત્સાહિત કરે છે. જેણે પોતાની જાત સાથે યુદ્ધ કરીને વિજય મેળવ્યો હોય, તેને જ સાચો વિજેતા કહેવો જોઈએ.

સામૂહિક જીવનમાં સમય સમય પર અનેક અનાચાર થતા રહે છે અને તેમને રોકવા માટે સરકારી તથા બિન સરકારી સ્તરે પ્રબળ પ્રયત્નો કરવા પડે છે. પોલીસ, જેલ, અદાલત, કાયદો, સૈન્ય વગેરેના માધ્યમથી સરકારી દંડસંહિતા અનાચારને રોકવા માટે યથાસંભવ પ્રયત્ન કરે છે. જનસ્તરે પણ અનિચ્છનીય અને અસામાજિક તત્ત્વોનો સામનો અવશ્ય થાય છે. જો આ રોકટોક ન થાય, ઉદ્દંડતા અને દુષ્ટતાનો વિરોધ ન કરવામાં આવે, તો તે જોતજોતામાં આકાશપાતાળ સુધી ફેલાઇ જશે અને પોતાના સર્વભક્ષી મુખમાં શાલીનતા અને શાંતિને જોત-જોતામાં ગળી જાય.

આજે નૈતિક, બૌદ્ધિક અને સામાજિક ક્ષેત્રમાં અનિચ્છનીય તત્ત્વો એટલાં બધાં વધી ગયાં છે, કે શાંતિ અને સુવ્યવસ્થા માટે એક પ્રકારનું સંકટ જ ઉત્પન્ન થઈ ગયું છે. છલ, અસત્ય, બનાવટ અને વિશ્વાસઘાતનો એટલો પ્રચાર-પ્રસાર થઈ ગયો છે, કે કોઈ પણ વ્યક્તિ ઉપર વિશ્વાસ મૂકવો એ જોખમ ગણાય છે. વિચારોની દૃષ્ટિએ મનુષ્ય બહુ જ સંકીર્ણ, સ્વાર્થી, અધૂરો અને નીચ થતો જાય છે. પેટ અને પ્રજનન સિવાય તેની પાસે કોઈ લક્ષ્ય નથી. આદર્શવાદિતા અને શ્રેષ્ઠતા હવે કહેવા-સાંભળવાની જ વાત રહી ગઈ છે. વ્યવહારમાં તો કોઈ વીરલા જ તે અજમાવી શકે છે. સામાજિક કુરિવાજોનું તો કહેવું જ શું ? લગ્નોમાં ધામધૂમ,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મૃત્યુભોજન, ઊંચનીચના ભેદ, નારી-તિરસ્કાર, બાળલગ્ન, વૃદ્ધ વિવાહ વગેરે કેટલાયે કુરિવાજો આપણા સમાજમાં ઘૂસી ગયા છે. જો આ કુરિવાજોને ચાલુ રહેવા દેવામાં આવશે તો આપણે જગતના સભ્ય દેશોમાં પછાત રહીશું અને હાસ્યાસ્પદ ગણાઈશું. વધુમાં આપણી દુર્બળતાઓનો શિકાર બનીને આપણે આપણું અસ્તિત્વ જ ખોઈ નાંખીશું.

આગામી દિવસોમાં એ વાતની જરૂરિયાત પડશે, કે વ્યક્તિગત, સામાજિક અને રાજનૈતિક ક્ષેત્રમાં વ્યાપેલી અગણિત દુષ્પ્રવૃત્તિઓની વિરુદ્ધ વ્યાપક પરિમાણમાં સંઘર્ષ શરૂ કરવો પડશે. તે માટે દરેક નાગરિકને અનાચારની વિરુદ્ધ શરૂ કરેલા ધર્મ-યુદ્ધમાં ભાગ લેવા માટે આહ્વાન કરવું પડશે. જૂના વખતમાં તલવાર ચલાવનાર અને માથું કાપનારને અગ્રણી યોદ્ધો કહેવામાં આવતો હતો. હવે માપદંડ બદલાઈ ગયો છે. ચારે તરફ વ્યાપેલા આતંક અને અનાચારની સામેના સંઘર્ષમાં જે જેટલું સાહસ દર્શાવી શકે અને ચોટ ખાઈ શકે, તેને તેટલો જ બહાદુર માનવામાં આવશે. આ બહાદુરીની ઉપર જ શોષણવિહિન સમાજની સ્થાપના શક્ય બનશે. દુર્બુદ્ધિ સાથે, નીચતા અને મૂર્ખતા સાથે લડી શકવામાં જે લોકો સમર્થ બનશે, તેઓનો જ પુરુષાર્થ પીડિત માનવતાને રક્ષણ આપવાનો યશ મેળવી શકશે.

ભારતીય સમાજને બેઈમાન અને ગરીબ બનવાને માટે વિવશ કરનાર સત્યાનાશી ધામધૂમવાળાં લગ્નો રૂપી અસુર સાથે પૂરી શક્તિથી લડવું પડશે. હાલમાં પ્રચાર, વિરોધ, પ્રતિજ્ઞાપત્ર વગેરેનાં હલકાં કદમ ઉઠાવવામાં આવ્યાં છે. આગળ જતાં અસહયોગ, સત્યાગ્રહ અને ઘેરાવ જેવાં મોટાં કદમં ઉઠાવીને આ કુપ્રથાને દૂર કરવા માટે, તિરસ્કારપાત્ર, ઘૃણિત તથા દુષ્ટ સમજવા માટે વિવશ કરીશું. ભવિષ્યમાં એવો પ્રબળ લોકમત જાગૃત કરીશું, જેમાં લગ્નોના નામ ઉપર પ્રચલિત ઉન્માદને જીવંત રહેવું અશક્ય બની જશે. પૂર્ણ સાદગી અને ખૂબ ઓછા ખર્ચવાળાં લગ્નોનું પ્રચલન નહીં થાય ત્યાં સુધી આપણો સંઘર્ષ ચાલું રહેશે. અમે ત્યાં સુધી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ચેન લઇશું નહીં, ચેન લેવા દઈશું નહીં. જ્યાં સુધી આ અનૈતિક અને અનિચ્છનીય પ્રથા દેશમાંથી કાળું મોં લઇને દૂર નહીં થાય ત્યાં સુધી જંપીને બેસીશું નહીં.

મૃત્યુભોજનના નામે ઘૃણિત મહેફિલ, મિજબાની ખાવાની નિષ્ઠુરતા, પશુબલિની અમાનવીયતા, ઊંચનીચના નામે માનવ અધિકારોનું અપહરણ તથા નારીને કચડાયેલી અને પીડાયુક્ત કરવાની ક્રૂરતા આપણા સમાજ ઉપર લાગેલાં કલંક છે, જેનું સમર્થન કોઈ પણ વિવેકશીલ અને સહૃદય વ્યક્તિ ન કરી શકે. મૂઢ પરંપરાઓએ આ કુરિવાજોને ધાર્મિક્તા સાથે જોડી દીધા છે. આ સ્થિતિને ક્યાં સુધી સહન કરતા રહીશું ? આ મૂર્ખતાની વિરુદ્ધ પ્રચાર-મોરચાથી આગળ વધીને આપણે એવાં કેટલાંક સક્રિય કદમ ઉઠાવવાં પડશે, જેને ભલેને અશાંતિ ઉત્પન્ન કરનારાં કહેવામાં આવે, પણ રોકાશે ત્યારે કે જ્યારે માનવતાના મૂળભૂત આધારોને સ્વીકાર કરવા તત્પર થઈ જાય. આપણે લોકોને કહીશું, કે ઘૃણા ફેલાવનાર ઝઘડાળુ કહેવડાવવાનો ખતરો વહોરીને પણ અનીતિ સામે દરેક મોરચા ઉપર ઝઝૂમવા માટે કમર કસી લઈએ. આ સંદર્ભે ભલે ગમે તેટલું ભયંકર જોખમ કેમ ન ઉઠાવવું પડે ?

વ્યક્તિગત દોષદુર્ગુણો સામે લડવા અને જીવનને સ્વચ્છ, પવિત્ર અને નિર્મળ બનાવવા માટે જો કુસંસ્કારોસામે લડવું પડે તો તે લડાઈ લડી જ લેવી જોઈએ. પરિવારમાં કોઈ સભ્યને દાસ-દાસીની જેમ અને કોઈને રાજા-રાણીની જેમ રહેવા માટે જો પરંપરાનું પાલન માનવામાં આવતું હોય, તો તેને બદલીને એવા પરિવારો સ્થાપિત કરવા જોઈએ, જેમાં સર્વને ન્યાયી અધિકાર, લાભ તથા શ્રમ, સહયોગ કરવાની વ્યવસ્થા બને. આર્થિક ક્ષેત્રમાં બેઇમાનીને આશ્રય ન મળે. વ્યક્તિગત વ્યવહારમાં છળકપટ કરવા અને ધોખાબાજી કે છેતરપિંડી કરવાની ગુંજાઈશ ન રહે. એવી પરિસ્થિતિઓ ઉત્પન્ન કરવા માટે પ્રબળ લોકમત તૈયાર કરવો પડશે અને અનિચ્છનીય તત્ત્વોના ઉગ્ર વિરોધને એટલો સક્રિય બનાવવો પડશે કે અપરાધ, ઉદ્દંડતા અને ગુંડાગીરી કરવાની હિંમત પણ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કોઈ કરી ન શકે. હરામની કમાણી ખાનારા, ભ્રષ્ટાચારી તથા બેઈમાન લોકોની વિરુદ્ધ એટલી તીવ્ર પ્રતિક્રિયા કરવી પડશે, જેને કારણે તેમને સડક ઉપર ચાલવું અને મોં દેખાડવું પણ મુશ્કેલ થઈ જાય ! જ્યાંથી તે નીકળે ત્યાંથી ધિક્કારના અવાજો જ તેને સાંભળવા પડે. સમાજમાં બેસવું-ઊઠવું પણ બંધ થઈ જાય અને વાળંદ, ધોબી, દરજી કોઈ તેને કોઈ પણ પ્રકારનો સહયોગ આપવા તૈયાર ન થાય.

સાર્વજનિક સંસ્થાઓમાં સ્વાર્થ હેતુ અને નેતાગીરી લૂંટવા માટે જે દુષ્ટાત્માઓએ અડ્ડો જમાવી દીધો છે, તેમને દૂધમાંથી માખી કાઢીએ તેમ કાઢીને બહાર ફેંકી દેવા જોઈએ.ધર્મ અને અધ્યાત્મનો અંચળો ઓઢીને જે શિયાળ વૃત્તિના લોકો કપડાં રંગીને પોતાનો હેતુ સાધે છે, તેમની અસલિયત ભર્યાચોકમાં છતી કરવામાં આવે, જેથી લોકો તેમને ભરપૂર રીતે ધિક્કારે. ભોળા લોકોને અનેક હાથોથી લૂંટાતા બચાવીને એક શ્રેષ્ઠ સેવા બજાવી શકાય છે. ૫૬ લાખ ભિખારીઓ વિવિધ પ્રકારના ઢોંગ કરીને, જે રીતે છેતરપિંડી અને હરામખોરી કરવામાં જોડાયેલા છે, આખરે તેમને ક્યાં સુધી સહન કરવામાં આવશે ? સ્વચ્છ શાસન પ્રદાન કરવા માટે, રાજનૈતિક નેતા, શાસકો અને અધિકારીઓને એ વિચારવા માટે વિવશ કરવામાં આવશે, કે તેઓ પોતાના અંગત લાભને માટે નહીં, લોકમંગળને માટે શાસનતંત્રનો ઉપયોગ કરે.

આ રીતે સંઘર્ષની બહુમુખી પ્રચંડ પ્રક્રિયા હવે પછીના દિવસોમાં ''યુગનિર્માણ યોજના'' દ્વારા શરૂ થશે. તેનાં સાધનો જેમ જેમ વિકસિત થતાં જશે, સંઘશક્તિ જેટલી માત્રામાં તેને પ્રાપ્ત થશે, તેના પ્રમાણમાં તે શાંત, અહિંસક, સજ્જનોચિત સાંસ્કૃતિક કાર્યના અથાક સંપાદનમાં લાગી જશે અને ડગલે - પગલે અન્યાયની સાથે લડવાનું આ ધર્મયુદ્ધ ત્યારે સમાપ્ત થશે જ્યારે માનવતાના આદર્શોની વિજયપતાકા સમગ્ર વિશ્વમાં ફરકવા લાગશે.


મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org